~~૩૯૦૮~~
736



ગુજરાતમાં આવેલાં પાનંસર તીર્થનાં જલમંદિરનું એક સુંદર દૃશ્ય
[ શ્રી ડાહ્યાલાલ એસ. દોશી બી. એ. મહેસાણાના સૌજન્યથી ]

: સંપાદક :

# કલ્યાણ

૧૫;
૧-૨
સંવત
૮૪

ફાગણ-ચૈત્ર
૨૦૧૪
માર્ચ-એપ્રીલ
૧૯૫૮

3135

5516


# વરસીતપના પારણા ઉપર સમ્યગ્જ્ઞાનના

## સુંદર પુસ્તકોની પ્રભાવના કરી સુંદર લાભ ઉઠાવો

**સામાયિક સૂત્ર-ગુજરાતી**
૧૦૦ ના રૂ. ૧૨-૦

**સામાયિક સૂત્ર મૂળ-હિન્દી**
૧૦૦ ના રૂ. ૧૫-૦

**બે પ્રતિક્રમણ મૂળ-ગુજરાતી**
૧૦૦ ના રૂ. ૩૫-૦

**બે પ્રતિક્રમણ-વિધિસહિત**
૧૦૦ ના રૂ. ૭૦-૦

**બે પ્રતિક્રમણ મૂળ-હિન્દી**
૧૦૦ ના રૂ. ૫૦-૦

**નવાણુ યાત્રાની વિધિ**
૧૦૦ ના રૂ. ૧૨-૦

**સ્થાપનાજી-આત્મભાવના**
૧૦૦ ના રૂ. ૮-૦

**રત્નાકર પચ્ચીસી**
૧૦૦ ના રૂ. ૧૨-૦

**સુધારસ સ્તવન સંગ્રહ**
૧૦૦ ના રૂ. ૩૦-૦

**નૂતન સ્તવનાવલિ-ગુજરાતી**
૧૦૦ ના રૂ. ૧૫-૦

**નૂતન સ્તવનાવલિ-હિન્દી**
૧૦૦ ના રૂ. ૨૦-૦

**સ્નાત્રપૂજા-વિધિસહિત**
૧૦૦ ના રૂ. ૧૫-૦

**બાર વ્રતની ટીપ-ગુજરાતી**
૧૦૦ ના રૂ. ૧૫-૦

**નેમનાથનો શ્લોકો**
૧૦૦ ના રૂ. ૧૦-૦

**શત્રુંજય ઉદ્ધાર રાસ-હિન્દી**
૧૦૦ ના રૂ. ૧૫-૦

**નવ સ્મરણ-ગુજરાતી**
૧૦૦ ના રૂ. ૫૦-૦

**દર્શનચોવીસી-અનાનુપૂર્વિ**
૧૦૦ ના રૂ. ૬૫-૦

—: વિશેષ માટે પૂછાવો :—

પુસ્તક પર આપનું નામ વગેરે છાપવું હશે તો વ્યાજબી ભાવે છાપી આપીશું.

**સોમચંદ ડી. શાહ** ઠે૦ જીવનનિવાસ સામે **પાલીતાણા** [સૌરાષ્ટ્ર]

# વિષય દર્શન


નિવેદન — સંપાદક — ૨
વિષ અને અમૃત — શ્રી મોહનલાલ ધામી — ૩
નમો અરિહંતાણું ની તાત્વિક વિચારણા
પૂ૦ પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર — ૯
આતમનાં અજવાળાં
શ્રી ધીરજલાલ ટો. શાહ — ૧૩
પુણ્યાઈની અપાર લીલા
મુનિરાજ મહાપ્રભવિજયજી મ. — ૧૭
નવખંડા પાર્શ્વનાથ — શ્રી કાંતિલાલ વૈદ્ય — ૨૧
અમીઝરણાં
પૂ૦ આ૦ શ્રી વિજયરામચંદ્રસૂરિજી — ૨૩
ગાંગાણી તીર્થ — સિરીમલ ભંડારી — ૨૫
નિરંજનોની નગરી ભણી
પૂ૦ આ૦ શ્રી વિજયભુવનતિલકસૂરિજી મ૦ — ૩૨
અરિહંતની ઓળખાણ
પૂ૦ મુ૦ શ્રી માનતુંગવિજયજી મ૦ — ૩૫
બાલકોના સંસ્કારો — મુ૦ કરૂણાવિજયજી — ૩૮
નવપદ ઓળી — શ્રી ધીરજલાલ શાહ — ૪૧
સાચું સુખ — મુનિરાજ હિરણ્યપ્રભવિજયજી — ૪૩
જ્ઞાન ગોચરી — શ્રી ગવેષક — ૪૬
મનન માધુરી — શ્રી વિમર્શ — ૫૨
પંદરમા વર્ષે — શ્રી — ૫૬
જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા — શ્રી કિરણ — ૫૭
સાધનામાર્ગની કેડી — શ્રી પથિક — ૬૪
પરિમલ — શ્રી શિશિર — ૭૧
ભાગ્યની વાત — શ્રી એન. બી. શાહ — ૭૩
દ્રવ્યાનુયોગની મહત્તા
પં૦ શ્રી ધુરંધરવિજયજી મ૦ — ૭૫
રાજદુલારી — શ્રી મોહનલાલ ધામી — ૭૮
મધપૂડો — શ્રી મધુકર — ૮૫
શંકાસમાધાન
પૂ૦ આ૦ શ્રી વિજયલબ્ધિસૂરિજી મ૦ — ૮૯
નવકાર-મંત્રની આરાધના
શ્રી હરિલાલ ડી. શાહ — ૯૧
રતલામનો ચૂકાદો — સંકલિત — ૯૬
જૈનદર્શનનો કર્મવાદ
શ્રી ખુબચંદ કેશવલાલ શાહ — ૧૦૨
ઐક્ય આંગણે છે
શ્રી સુંદરલાલ ચુ૦ કાપડીઆ — ૧૦૫
પ્રભુના પુનિત પગલે — શ્રી સૂર્યશિશુ — ૧૦૭
આત્મા પરમાત્માકા પ્રતિબિંબ હૈ
શ્રી મંગલચંદ્ર એસ. સિંઘિ — ૧૦૯
સર્જન-સમાલોચના — શ્રી અભ્યાસી — ૧૧૧
યોજના ચિરંજીવો — શ્રી ૨ પ્ર. — ૧૨૦
મંગલયાત્રા — શ્રી યાત્રિક — ૧૨૧
જીવન શિલ્પ — શ્રી શિલ્પી — ૧૨૬
દેશ અને દુનિયા — સંકલિત — ૧૨૯
સમાચાર સાર — સંકલિત — ૧૩૩



## આત્મસાધના માટે પધારો !

ગિરિરાજ શ્રી શત્રુંજયની શીતળ અને પવિત્ર છાયામાં આવેલ તળેટી જૈન સોસાયટીના ગિરિવિહાર બંગલામાં શ્રી જૈન શ્વે૦ મૂ૦ મુ૦ શાંતિનિકેતનમાં આરાધના માટેની સુંદર વ્યવસ્થા છે.


એકાંત, શાંત અને પવિત્ર વાતાવરણમાં ધર્મારાધના સુંદર રીતે થઈ શકશે.

આ સંસ્થાનો લાભ લ્યો અને બીજાને લેવાની ભલામણ કરો.

વિશેષ વિગત માટે નીચેના સ્થળે લખો

**શ્રી જૈન શ્વે. મૂ. મુમુક્ષુ શાંતિનિકેતન**

તળેટીમાં, ગિરિવિહાર **પાલીતાણા**



શ્રી સિદ્ધક્ષેત્ર [પાલીતાણા]ની પવિત્ર છાયામાં ચાલતી શ્રી સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમ તરફથી તા. ૧૭-૨-૫૮ ના રોજ એક સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો તે પ્રસંગે **શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ, શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશીભાઈ, શેઠ શ્રી મણીલાલ મોહનલાલ, શેઠ શ્રી ભોગીલાલ લહેરચંદ**, તથા **શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઈ** વગેરે સદ્ગૃહસ્થો પધાર્યા હતા, અને સંસ્થાની કાર્યવાહી જોઈ સંતોષ વ્યક્ત કર્યો હતો. આ તસ્વીરમાં મોંઘેરા મહેમાનો નજરે પડે છે.

શ્રી
સેવંતિલાલ
વી૦
જૈન
મુંબઈ



જેઓનો
'કલ્યાણ'ના
ઉત્કર્ષમાં
નોંધપાત્ર
ફાળો છે.

અને નમસ્કાર કરતા બોલ્યાઃ "મહારાજ ધોમ તડકો તપે છે....આપની કાયા કોમળ છે.... જરા વિસામો લો."

મુનિએ કશો ઉત્તર ન આપ્યો. પરંતુ પ્રસન્ન નજરે દૃષ્ટિ કરી.

બધા ગોવાળીયા જાણે ધન્ય ધન્ય બની ગયા અને એક પ્રશ્ન કર્યોઃ "મહારાજ, આપને કઇ બાજુએ જવું છે?"

"ઉત્તર વાચાલા" મુનિ બહુજ ઓછું બોલતા હતા....મોટે ભાગે મૌન જ રહેતા હતા.

તરત એક વૃદ્ધ ગોવાળીયાએ કહ્યુંઃ "તો બાપજી, આ રસ્તેથી ન જશો....સામેના રસ્તેથી જજો. સામેનો રસ્તો જરા લાંબો છે પણ નિર્ભય છે....આ રસ્તો ઘણો ટૂંકો છે પણ ભયંકર છે. આ માર્ગેથી જનારનું માર્ગમાં જ એક ઉજ્જડ બનેલા ઉપવનવાળા આશ્રમ પાસે મોત થાય છે."

મુનિએ પ્રસન્ન મધુર સ્વરે પુછ્યુંઃ "કેમ?"

વૃધ્ધ ગોવાળીયાએ કહ્યુંઃ "શું આપને કશી ખબર નથી બાપજી? અરે એ ઉપવનમાં તો એક દૃષ્ટિવિષ સર્પ રહે છે, એનું નામ ચંડકૌશિક છે! એની નજર પડતાં જ માનવી ત્યાં ને ત્યાં જ ભસ્મું થઇને પ્રાણ ગુમાવી દે છે."

મુનિ સર્વ ગોપાલકો સામે પ્રસન્ન મુદ્રાએ જોઇને ટૂંકા માર્ગ તરફ ચાલવા લાગ્યા.

તરત એક ગોપાલકે કહ્યુંઃ "મહારાજ! એ તરફ નહિં, પેલી તરફ...એ તો મોતનો માર્ગ છે."

પરંતુ મુનિ જરાય ભયભીત થયા વગર આગળ ચાલવા માંડયા.

ગોવાળીયાઓ મુનિને પાછા વાળવા માટે બુમો મારવા લાગ્યા....પરંતુ નિરંતર નિજમાં રમણ કરતા જ્ઞાતપુત્ર શ્રી વર્ધમાનસ્વામી કોઇ પ્રકારના ભય વગર ઉત્તર વાચાલાના ટૂંકા માર્ગ તરફ જવા માંડયા.

વૃધ્ધ ગોપાલક બોલી ઉઠયોઃ "અરેરે, રૂપરૂપના અવતાર જેવા આ સાધુનો કાળ જ આવ્યો લાગે છે!"

અને જ્ઞાતપુત્ર શ્રી વર્ધમાનસ્વામી તો થોડીજ વારમાં દૂર નિકળી ગયા.... ગોપાલકોની દૃષ્ટિ—મર્યાદાથી અદૃશ્ય થઇ ગયા.

બે કોશ ચાલતાં ચંડકૌશિક-નાગનું ભયંકર અને મોતની મસ્તી જેવું ઉજ્જડ ઉપવન આવ્યું.

મુનિ ઉજ્જડ ઉપવનમાં જ દાખલ થયા.

ઉપવનનું સૌન્દર્ય વિષના પ્રભાવથી નષ્ટ થઇ ગયું હતું. પશુ, પંખી ને માનવોના

હાડપિંજરો ચારે તરફ પડયાં હતાં. વિશાળ વૃક્ષો પણ શ્રી હીન અને શુષ્ક જણાતાં હતાં.

મુનિની દૃષ્ટિ એક શ્યામ અને ભયંકર રાફડા પર ગઈ....એ રાફડાથી થોડે જ દૂર યક્ષનું મંદિર હતું. લોકોનું આગમન થંભી ગયું હોવાથી મંદિર પણ જીર્ણદશામાં આવી ગયું હતું.

મુનિ તે મંદિર પાસે ગયા અને તેઓએ ત્યાં જ ધ્યાનસ્થ રહેવાનો નિર્ણય કર્યો.

જ્ઞાતપુત્ર ભગવંત શ્રી વર્ધમાનસ્વામી પાસે કોઈ પ્રકારનો પરિગ્રહ હતો નહિ. તેઓ સર્વત્યાગી હતા....પાત્ર નહોતાં. વસ્ત્રો નહોતાં....કશું નહોતું....હા એમની પાસે જ્ઞાન હતું અને જ્ઞાનનો વિકાસ કરવાની શક્તિ હતી.

આ તરફ શિકારની શોધમાં ગયેલો ચંડકૌશિક કેટલાક પ્રાણિઓના પ્રાણ હરીને પાછો ફરી રહ્યો હતો.

અને પોતાના રાફડા પાસે આવતાં જ તેને માનવીની ગંધ આવી તે ખૂબ ખુશ થયો. ઘણા દિવસો પછી માનવીનો શિકાર મળ્યો હતો.

તેણે પોતાની વિષદૃષ્ટિ વડે આસપાસ નજર કરી. યક્ષના મંદિરના પ્રાંગણમાં જ એક મુનિ ધ્યાનસ્થ દશામાં ઉભા હતા.

ચંડકૌશિક હર્ષપ્રફુલ્લ બની ગયો. એના તીવ્ર નેત્રોમાંથી વિષની જ્વાળા નિકળી પડી અને ભગવંત પર સ્થિર થઈ.

પણ આ શું ? વિષની જ્વાળાનો સ્પર્શ થવા છતાં સામે ઉભેલો માનવી શા માટે વિચલિત નથી બન્યો ! શું મારી દૃષ્ટિમાં વિષ નથી રહ્યું ?

દૃષ્ટિમાં રહેલા વિષની ખાત્રી કરવા ક્રોધમૂર્તિ ચંડકૌશિકે એક વૃક્ષ પર નજર નોંધી....અને વળતી જ પળે વૃક્ષ બળીને કાળું ભઠ થઇ ગયું.

પોતાની દૃષ્ટિમાં વિષની સંપત્તિ જરાયે ઉણી નથી થઈ તેની ખાત્રી થતાં તેણે ફરીવાર મુનિ સામે વિષની જ્વાળા વેરી.

પરંતુ જેના રોમેરોમમાં સર્વ કલ્યાણનું અમૃત ભર્યું છે, તે મહામુનિ શ્રી વર્ધમાન સ્વામીની કાયાને એ જ્વાળા કશી અસર કરી શકી નહિ....મુનિ સ્થિર, અચલ અને એવા ને એવા પ્રસન્ન મુદ્રામાં ઉભા રહ્યા.

ચંડકૌશિકનો ક્રોધ સાતમા ગગને પહોંચ્યો. શું મારા પ્રભાવની અસર ન થાય ? તેણે એક ભયંકર ફુત્કાર કર્યો અને મંદિર તરફ દોટ મૂકી.

દોટ મૂકતી વખતે ક્રોધના આવેશથી અને પોતાના ગર્વ પર ફટકો પડયો હોવાના ખ્યાલથી તે કંપાયમાન બની ગયો હતો.

તેણે કશો વિચાર કર્યા વિના ભગવાનના સ્થિર ચરણ પર કાળજાળ કાતિલ ડંખ માર્યો અને હમણાંજ આ માનવી નીચે ઢળી પડશે અને પોતે કદાચ ચગદાઇ જશે એ ભય જણાતાં ચાર હાથ પાછો ખસી ગયો.

વિષનું વમન કરનારાઓ હંમેશાં પાછાજ પડતા હોય છે....

ચંડકૌશિકે મુનિના સ્થિર અને પ્રસન્ન વદન સામે જોયું....ઓહ્ આ શું ! આ માનવી ધરતી પર ઢળી પડયો નહિ ? આઠ આઠ દંડ સુધી દૂર રહેલા માણસો માત્ર મારી દૃષ્ટિથી ધરતી ભેગા થઇ ગયા છે....આ માનવી કેમ અડોલ રહ્યો ?

ક્રોધનો એક ભયંકર ઉભરો આવ્યો....અને ચંડકૌશિકે દાંત કચ-કચાવી બીજીવાર ડંખ માર્યો.

મુનિના ચરણ જરાયે ડગ્યા નહિં, મુનિની કાયા જરાયે ધ્રૂજી નહિં, મુનિની ધ્યાનસ્થ દશામાં કોઇ કંપ જણાયો નહિ.

અને ચંડકૌશિક એકદમ ચમકી ઉઠયો ! મુનિના ચરણ પર જ્યાં ડંખ માર્યો હતો, તે સ્થળેથી શ્વેત દૂધ જેવા પ્રવાહની ધારા વહી રહી હતી....આ શું ! આ માનવીનું રક્ત શું શ્વેત હશે ?

ચંડકૌશિકે મુનિના વદન સામે નજર કરી....ક્રોધ નહોતો, વેદના નહોતી....સમભાવના અમૃતનો પ્રકાશ એમના વદનની પ્રસન્નતાને જાણયે વધુ ને વધુ તેજોમય બનાવી રહ્યો હતો.

અને વળતી પળે મુનિ પ્રસન્ન મધુર સ્વરે બોલ્યા: " હે ભદ્ર ! હે કૌશિક ! તારામાં રહેલા જ્ઞાનનો ઉપયોગ કર. "

ચંડકૌશિક અવાક્ બની ગયો.

મુનિએ કહેલા શબ્દો એના પ્રાણ માટે મંત્રરૂપ બની ગયા. નાગના પ્રાણને ચેતનાનો સ્પર્શ થયો....ક્રોધ....વિષ....ગર્વ....અજ્ઞાન જાણયે ધરાશાયી થવા કંપી ઉઠયું.

ક્રોધ હોય કે વિષ હોય, માનવી હોય કે વિષધર હોય....પરંતુ એના અંતરમાં એક ખૂણે નાનીશી વીણા પડેલી હોય છે....એ જ્ઞાનની વીણા છે....!

ચંડકૌશિકના અંતરની જ્વાળાઓ વચ્ચે અખંડ રહેલી વીણા એકાએક ઝણઝણી ઉઠી.

ચંડકૌશિકને થયું, શું મેં કદી મારામાં રહેલા જ્ઞાનનો ઉપયોગ કર્યો જ નથી ? ના....ના....ના. મારૂં મર્યાદિત જ્ઞાન તો અમર્યાદિત અજ્ઞાન તળે દટાઇ ગયું હતું !

આ વિચાર આવતાં જ ચંડકૌશિક મુનિના ચરણમાં લેટી પડયો....

વીણાએ પશ્ચાત્તાપની રાગિણી શરૂ કરી દીધી હતી.

ભગવાને કરુણાભરપુર નજરે પગમાં લળી પડેલા ચંડકૌશિક સામે જોઇને કહ્યું:

" હે ચંડકૌશિક, લોકો તારાથી નથી ધ્રૂજતા, ધ્રૂજે છે તારા વિષથી—ક્રોધથી. તું યાદ કર....એક દિવસે તું ગોભદ્ર નામનો તાપસ હતો...."

ગોભદ્ર તાપસ !

ચંડકૌશિકના પ્રાણુને આવરી રહેલા અજ્ઞાનરૂપી અંધારા આ મહાપુરુષની દયાથી જાણુચે ઉલેચાઇ રહ્યાં હતાં. ચંડકૌશિકને ગોભદ્ર નામનું સ્મરણુ થયું....અને સ્મરણુની સંહિતા જ્યારે સાકાર બને છે ત્યારે પ્રાણુની મસ્તી અનેરો રંગ ધારણુ કરે છે. ચંડકૌશિકને યાદ આવ્યું....

મુનિએ એના જ્ઞાનને જાગ્રૃત કરવા ગોભદ્રનો ભવ કહ્યો....ગોભદ્રમાંથી કૌશિકનો જન્મ થયો....અને કૌશિકમાંથી ચંડકૌશિક....!

આ વાત સાંભળતાં જ ચંડકૌશિકનું સર્વ વિષ અમૃતરૂપ બની ગયું. મુનિએ કહ્યું: " હે મહાનુભાવ ! તારી સામે વિજયની પળ પડી છે....એને વધાવી લે....પશ્ચાત્તાપના અગ્નિ વડે તારા સર્વ મળને સ્વચ્છ કરી લે. "

ચંડકૌશિકે ભાવભરી નજરે ભગવંત સામે જોયું....

તે જરા ગતિમાન થયો....અને....

અને મહાન ઉપકારી મુનિ ફરતી ત્રણુ પ્રદક્ષિણા ફરી ત્યાં ને ત્યાં પ્રાયશ્ચિતની પાવકજ્વાળા ઝીલી લીધી....ચંડકૌશિકે અનશનની આરાધના શરૂ કરી દીધી....

અને કૂતુહલવશ થયેલા ગોવાળીયાઓ મુનિના શું હાલહવાલ થાય છે, તે જોવા માટે ડરતા થડકતા આવી પહોંચ્યા હતા.

તેઓ જોઇ શકયા....મુનિ સ્થિર ઉભા છે....ચંડકૌશિક ત્યાં નિષ્પંદભાવે પડયો છે !

આ શો ચમત્કાર !

પણુ આ ચમત્કાર નહોતો....આ તો વિષ અને અમૃતનો મુકાબલો થઈ ગયો હતો.

મુકાબલામાં વિષનો વિજય થયો હતો....કારણુ કે વિષ પોતેજ અમૃત બની ગયું હતું.

અમૃત આપનારાં મહાસત્ત્વો સંસારના વિષને પણુ અમૃતમય બનાવતા રહે છે.....

ભગવાન મહાવીરે જગતને અમૃતમય કરવાનો પુરુષાર્થ નિરંતર કર્યો છે !

આજ ભગવાન મહાવીર નથી....વિષધર ચંડકૌશિક પણુ નથી.

પરંતુ ભગવાને બિછાવેલું અમૃત સંસારમાં પ્રસન્નચિત્તે છલકાતું હોય છે....!

卐

# 'નમો અરિહંતાણં' પદની તાત્ત્વિક વિચારણા

પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર

★

'મંગલમય મંત્રાધિરાજ શ્રી નવકાર વિષેની તાત્ત્વિક શાસ્ત્રીય વિચારણા પૂ૦ મહારાજશ્રી આલેખી રહ્યા છે, 'કલ્યાણ' ના ઓકટોબર-૫૭ ના અંકમાં પેજ ૫૫૬ ઉપર તેઓશ્રીએ નમસ્કાર મહામંત્રનો આ લેખમાળાના પ્રથમ લેખાંકમાં મંત્રાધિરાજના સૂત્ર તથા અર્થની વિચારણા બાદ 'નમો' વિષે વિવેચન કર્યું હતું. પ્રસ્તુત લેખાંકમાં તેઓશ્રી 'નમો અરિહંતાણં' માં અરિહંત શબ્દની સૂક્ષ્મ તથા તલસ્પર્શી વિચારણા રજૂ કરવા પૂર્વક અનેકદૃષ્ટિથી તેઓશ્રી પ્રથમ પદ પર શાસ્ત્રીય પ્રકાશ પાથરે છે. પૂ૦ મહારાજશ્રીની લેખિની શાંત સરળ તથા સ્વચ્છ શૈલીયે નવકારમંત્ર પર વિવેચન કરી રહી છે. 'કલ્યાણ' ના આગામી અંકોમાં આ લેખમાળા ચાલુ રહેશે.

**સર્વ કોઇ શ્રદ્ધાભાવિત આત્માઓને આ લેખમાળા વાંચવા-વિચારવા અમારો આગ્રહ છે!**

નમસ્કાર મહામંત્રનું પદ 'नमो अरिहंताणं' છે. તેમાં ત્રણ શબ્દો આવેલા છે. 'नमो, अरि, અને हंताणं' તેમાં પ્રથમ 'नमो' નો શબ્દાર્થ 'નમસ્કાર છે. પણ ભાવાર્થ શું છે, એ સમજવું જોઇએ.

નમસ્કારનો ભાવાર્થ સમજવા માટે ઓછામાં ઓછા તેના ચાર વિભાગ કરવા જોઇએ, નામ નમસ્કાર, સ્થાપના નમસ્કાર, દ્રવ્ય નમસ્કાર અને ભાવ નમસ્કાર; અથવા ક્રિયા રૂપ નમસ્કાર, જ્ઞાનરૂપ નમસ્કાર અને શબ્દ રૂપ નમસ્કાર, એમ નમસ્કારની ત્રણ અવસ્થાઓ વિચારવી જોઈએ. નમસ્કાર એવું નામ, તે નામ નમસ્કાર અથવા શબ્દ રૂપ નમસ્કાર છે. નમસ્કાર કરનારના શરીરની કે બુદ્ધિની આકૃતિ, તે સ્થાપના નમસ્કાર છે. નમસ્કાર કરનારનાં શરીરની નમાવવા રૂપ ક્રિયા, તે ક્રિયા રૂપ નમસ્કાર કે દ્રવ્ય નમસ્કાર છે અને નમસ્કાર કરનારના મનમાં રહેલો નમ્રભાવ કે એ નમ્ર ભાવને લાવનાર પોતાની લઘુતાનું અને નમસ્કાર્યની ગુરુતાનું ભાન એ ભાવરૂપ નમસ્કાર અથવા જ્ઞાનરૂપ નમસ્કાર છે. નમસ્કારની આ ચારે બાજુનું કે ત્રણે અવસ્થાનું જ્ઞાન થવું, તે 'नमो' પદના ભાવાર્થની સમજણ છે.

નમસ્કારનો એક ઐદંપર્યાર્થ છે. ઐદંપર્યાર્થ એટલે રહસ્યભૂત અર્થ-**इदं परं प्रधानं यस्मिन्, तत्तथा, तस्य भावः, ऐदंपर्यम्!** અર્થાત્ આ જેમાં પ્રધાન અર્થ છે, તે ઇદંપરં, તેનો ભાવ અર્થાત્ પ્રધાનભૂત અર્થ તે ઐદંપર્યાર્થ. નમસ્કારનો પ્રધાનભૂત અર્થ અથવા રહસ્યભૂત અર્થ, તે માન કષાયનો અભાવ છે. અથવા માન કષાય જેમાંથી ઉત્પન્ન થાય છે તે મિથ્યાત્વ અને અજ્ઞાનને નાશ છે. બીજી રીતે પણ ઐદંપર્યાર્થ છે. અને તે રાગ-દ્વેષનો નાશ અથવા રાગ-દ્વેષનો નાશ કરનાર તીર્થંકર દેવોની પ્રકૃષ્ટ આજ્ઞાના પાલન સ્વરૂપ છે. તીર્થંકરોની આજ્ઞાનું પાલન, તેના પરિણામે રાગ, દ્વેષ, અજ્ઞાન અને મિથ્યાત્વનો નાશ અથવા માન કષાયનો અભાવ, એ નમસ્કારનો પ્રધાન અર્થાત્ રહસ્યભૂત અર્થ છે. સામર્થ્ય યોગના નમસ્કારનું એ અંતિમ ફળ છે. શાસ્ત્રાજ્ઞાના પાલન મુજબ યથાશક્તિ નમસ્કાર, તે ઇચ્છાયોગનો નમસ્કાર છે. શાસ્ત્રાજ્ઞાના પાલન મુજબ યથાસ્થિત નમસ્કાર, તે શાસ્ત્રયોગનો નમસ્કાર છે. અને નમસ્કારનું અંતિમફળ કેવળજ્ઞાન અથવા વીતરાગભાવની પ્રાપ્તિ તે સામર્થ્ય યોગનો નમસ્કાર છે.

'नमो' પદનો શબ્દાર્થ, ભાવાર્થ અને રહસ્યાર્થ તથા પૂર્વના લેખાંકમાં જણાવ્યા મુજબ નમસ્કારના હેતુ, સ્વરૂપ અને અનુબંધ સમજ્યા પછી હવે નમસ્કાર જેને કરવામાં આવે છે, તે નમસ્કાર્યનું સ્વરૂપ શું છે? તે સમજવું જોઇએ. મહામંત્ર નવકારના નવ પદ છે, તેમાં પ્રથમ પદે અરિહંત પરમાત્માઓને નમસ્કાર છે. અહિં પદ એટલે **'विभक्त्यतं पदम्'** વિભક્તિ જેને અંતે છે તે પદ એમ નહિ, પણ અર્થની સમાપ્તિ જ્યાં થાય છે, તેવું પદ સમજવું. એ અર્થમાં નમસ્કાર મહામંત્રનું પ્રથમ પદ **'नमो अरिहंताणं'** છે, બીજું પદ **'नमो सिद्धाणं'**, છે, વગેરે. પ્રથમ પદ **'नमो अरिहंताणं'** ના **'नमो'**

શબ્દની વ્યાખ્યા થઈ ગઈ, હવે 'अरिहंताणं' માં રહેલા अरि અને हंताणं એ બે શબ્દોની વ્યાખ્યા કરવી જોઈએ. તેમાં 'अरि' એટલે શત્રુ અને हंताणं' એટલે હણનારાઓને–શત્રુને હણનારાઓને નમસ્કાર થાઓ, એ તેનો પુરો અર્થ થયો.

અહિં ભાવપ્રધાન નિર્દેશ હોવાથી 'શત્રુ' શબ્દનો અર્થ 'શત્રુતા' લેવો જોઈએ. અર્થાત્ શત્રુતાને હણનારા. બાહ્ય શત્રુઓને નહિ પણ અંતરમાં રહેલી 'શત્રુતા' અર્થાત્ બીજા જીવો ઉપર પોતાના આત્મામાં રહેલો 'શત્રુભાવ', તેનો નાશ કરનારા. ઉપલક્ષણથી બીજા પણ અંતરંગ શત્રુઓનો સ્વપુરૂષાર્થ વડે ક્ષય કરનારા. વૈરભાવ એ જેમ અંતરંગ શત્રુ છે, તેમ મમત્વ–પરિણામરૂપ સ્નેહભાવ પણ શત્રુ જ છે. અર્થાત્ કર્મબંધના હેતુભૂત રાગ–દ્વેષ આદિ વિકારોનો સર્વથા નાશ કરનારા અને સર્વ પ્રાણી–પદાર્થો પ્રત્યે નિર્વૈર અને નિઃસ્નેહવૃત્તિને ધારણ કરનારા. શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો રાગદ્વેષાદિ આંતર રિપુઓનો અને તેના કારણભૂત જ્ઞાનાવરણાદિ ઘાતી કર્મોનો સર્વથા અંત લાવનારા, એવા અરિહંતોને. એ 'अरि' અને 'हंताणं' એ બે શબ્દોનો શબ્દાર્થ થયો.

શબ્દાર્થને જાણ્યા પછી એ બે શબ્દોનો ભાવાર્થ શું છે? તે વિચારવું જોઈએ. અહિં એક શંકા જરૂર થાય તેમ છે. રાગાદિ આંતર શત્રુઓ કે જ્ઞાનાવરણાદિ ઘાતી કર્મોનો સર્વથા નાશ કરનારાઓને નમસ્કાર કરવો, એ જ જો પ્રથમ પદનો અભિપ્રોતર્થ હોય, તો તે 'नमो सिद्धाणं' પદથી પણ થઈ શકે છે અથવા પાંચમા 'नमो लोए सव्वसाहूणं' પદમાં પણ આવી જાય છે. કારણ કે લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર કરવાથી છદ્મસ્થ મુનિઓની સાથે કેવળજ્ઞાની મુનિઓને પણ નમસ્કાર થઈ જ જાય છે. તો પછી પ્રથમ પદમાં વિશેષ શું રહ્યું? આ શંકાનું સમાધાન કેવળ શબ્દાર્થને જાણનાર નહિ કરી શકે, ભાવાર્થને જાણવાથી જ તેનું સ્પષ્ટ સમાધાન થઈ શકે છે.

કહ્યું છે કે– 'व्याख्यानतो विशेषप्रतिपत्तिः' ! સૂત્રનાં વિશેષ અર્થનું જ્ઞાન વ્યાખ્યાનથી અર્થાત્– પૂર્વાપરના સંબંધ યુક્ત વિશેષ વિવેચનથી જ થઈ શકે છે. જેઓ વિશેષ વિવેચન જેમાં રહેલું છે, એવા નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકા વગેરેનો આશ્રય લેવાની ના પાડે છે, તેઓ સૂત્રના શબ્દાર્થને જાણવા છતાં તેના મર્મને જાણી શકતા નથી.

અરિહંતો એટલે રાગાદિ કે કર્માદિ ભાવ શત્રુઓનો નાશ કરનારા એટલો જ અર્થ અહીં અભિપ્રેત નથી. પ્રથમ પદની સાર્થકતા ભાવશત્રુઓનો નાશ કરવા ઉપરાંત તેના વિશેષ અર્થમાં રહેલી છે અને તે વિશેષ અર્થ એ છે કે તેઓ વીતરાગ અને સર્વજ્ઞ થયા છે, એટલું જ નહિ પણ તીર્થંકર નામકર્મ નામની ઉત્કૃષ્ટ પુણ્ય–પ્રકૃતિને વિપાકોદયથી ભોગવનારા છે, તેમને નમસ્કાર થાઓ. પ્રથમ પદે રહેલા અરિહંતો ભાવશત્રુઓનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામે છે અને તે વખતે જ તેમને અષ્ટ મહાપ્રાતિહાર્યોની પૂજા પ્રાપ્ત થાય છે. તથા ચોત્રીસ અતીશયો અને વાણીના પાંત્રીસ ગુણો વડે અલંકૃત બની ધર્મતીર્થની સ્થાપના કરે છે. પ્રથમ પદે રહેલા અરિહંતોની આ વિશેષતા સકલ શત્રુનો ક્ષય કરનારા અને સકલ વ્યાધિનો વિલય કરનારા બીજા પદે રહેલા સિદ્ધ ભગવંતો કે પાંચમા પદે રહેલા કેવળજ્ઞાની સાધુ ભગવંતોમાં નથી અને એ ન હોવામાં કારણભૂત તથાભવ્યત્વ છે; મોક્ષે જનારા સર્વ જીવોનું 'ભવ્યત્વ' સરખું છે, પણ 'તથાભવ્યત્વ' સરખું નથી. પ્રથમ પદે રહેતા અરિહંત ભગવંતોનું તથાભવ્યત્વ મોક્ષે જનારા બીજા ભવ્ય જીવોથી વિશિષ્ટ હોય છે, તેથી તેમના બોધિને પણ વરબોધિ કહેવાય છે. યોગદૃષ્ટિ સમુચ્ચય નામના પ્રસિદ્ધ ગ્રન્થરત્નના મંગલાચરણમાં સુવિહિતશિરોમણિ આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે—

किं विशिष्टं वीरम् इत्याह जिनोत्तमम्, इति वस्तु विशेषणम्। इह रागादिजेतृत्वात्सर्व एव विशिष्टश्रुतधरादयो जिना उच्यन्ते। तद्यथा श्रुतजिनाः, अवधिजिनाः, मनःपर्यायजिनाः, केवलिजिनाश्च। अनेन भगवतस्तथाभव्यत्वाक्षिप्तवरबोधिलाभगर्भ———अर्हद्वात्सल्योपात्त-

अनुत्तरपुण्यस्वरूप——तीर्थकरनामकर्मविपाकफल-रूपां, परंपरार्थसंपादनीं, कर्मकायावस्थामाह—

અર્થ— 'ભગવાન વીર કેવા છે? તો કહે છે કે-જિનોત્તમ, આ વસ્તુનું વિશેષણ છે. અહીં રાગાદિ દોષોને જીતનારા હોવાથી વિશિષ્ટ શ્રુત વગેરેને ધારણ કરનારા સઘળા ય જિન કહેવાય છે, કેમ કે-શ્રુત જિન, અવધિ જિન, મનઃપર્યાય જિન, કેવલી જિન તેઓમાં ઉત્તમ કેવલી અને તીર્થંકર હોવાથી; આથી ભગવાનના તથાભવ્યત્વવડે ખેંચાયેલી, વર-બોધિના લાભથી ગર્ભિત, અર્હદ્વાત્સલ્ય આદિ વડે ઉપાર્જન કરાયેલી, અનુત્તર પુણ્ય સ્વરૂપ તીર્થંકર નામકર્મની પ્રકૃતિના વિપાકોદય રૂપ શ્રેષ્ઠ પરોપકારને સંપાદન કરવાવાળી કર્મકાય અવસ્થાને બતાવી.

આ ઉપરથી સમજાશે કે વિશિષ્ટ 'તથાભવ્યત્વ'ના કારણે તીર્થંકર-નામકર્મનો વિપાકોદય ભોગવનારા અરિહંત પરમાત્માઓ ઉપકારની દૃષ્ટિએ સર્વ શ્રેષ્ઠ છે, અને તે દૃષ્ટિએ જ તેમને પ્રથમ નમસ્કાર કરવામાં આવ્યો. ગુણની દૃષ્ટિએ સિદ્ધ ભગવંતો અધિક છે તથા કેવળજ્ઞાની સાધુ ભગવંતો સમાન છે, તો પણ પરોપકારની દૃષ્ટિએ અરિહંતોના આત્મા સર્વાધિક છે. તેથી જો તેમને પ્રથમ નમસ્કાર કરવામાં ન આવે તો કૃતજ્ઞતા ગુણ નાશ પામે છે, અને તે ગુણના નાશની સાથે સર્વ પ્રકારના સદ્વ્યવહારોનો વિલોપ થાય છે. વ્યવહારના વિલોપની સાથે તીર્થનો, અને તીર્થના વિલોપની સાથે તત્ત્વનો પણ નાશ થાય છે. સર્વ સદ્વ્યવહારના આધારભૂત કૃતજ્ઞતાગુણનું ઉત્કૃષ્ટ પાલન કરવા માટે અને તે દ્વારા તીર્થ અને તત્ત્વની રક્ષા કરવા માટે મંત્રાધિરાજ શ્રી નમસ્કાર મહામંત્રના પ્રથમ પદે 'અરિહંત' શબ્દથી સર્વ ક્ષેત્ર અને સર્વકાળના તીર્થંકર પરમાત્માઓને નમસ્કાર કરવામાં આવ્યો છે

'अरि' અને 'हंताणं' એ બે પદોનો ભાવાર્થ વિચાર્યા પછી તેનો ઐદંપર્યાર્થ પણ સમજવો જોઈએ. શાસ્ત્રના કોઈ પણ પદનો ઐદંપર્યાર્થ રાગ-દ્વેષનો ક્ષય અને તીર્થંકર ભગવંતોની આજ્ઞાનું પાલન છે. ત્રિભુવનપૂજ્યતાને અપાવનાર તીર્થંકર નામકર્મરૂપી પરમપાવની પુણ્ય પ્રકૃતિનો વિપાકોદય અનુભવનાર તીર્થંકર પરમાત્માઓને પ્રથમ નમસ્કાર કરવાથી તેમની મોક્ષમાર્ગને ફરમાવનારી, સર્વનયોથી યુક્ત એવી,

> હરદમ વિચારી જોય તું,
> તારા છે શા હાલ?
> મ કરીશ ચિંતા પારકી,
> તું તારૂં સંભાળ.

પ્રકૃષ્ટ આજ્ઞા પ્રત્યે પરમ પ્રીતિ અને અંતરંગ ભક્તિ જાગે છે અને તેના પરિણામે આજ્ઞાનું નિરતિચાર પાલન કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. આજ્ઞાના નિરતિચાર પાલનથી અનુક્રમે અસંગ અનુષ્ઠાનની પ્રાપ્તિ, ઘાતી કર્મોનો ક્ષય, કેવળજ્ઞાન-કેવળદર્શન વગેરે અસામાન્ય ગુણોને જીવ પામે છે તથા આયુષ્યને અંતે અઘાતિ કર્મોનો પણ ક્ષય કરી પરમ નિર્વાણની પ્રાપ્તિ કરે છે.

અહીં કેટલાક ચિંતકો 'अरिहंताणं' ના બદલે 'अरहंताणं,' પદને વિશેષ પસંદગી આપે છે, પણ તે શાસ્ત્રોક્ત નથી. નવપદોથી યુક્ત એવા શાશ્વત શ્રી સિદ્ધચક્ર યંત્રાધિરાજના આદ્ય પદે પણ 'नमो अरिहंताणं' નું જ આલેખન છે. તેથી મંત્રાધિરાજના આદ્ય પદે પણ તેજ યુક્ત છે. શ્રી મહાનિશીથાદિ ગંભીર સૂત્રોમાં જ્યાં ઉપધાનાદિ જ્ઞાનાચારોનો ઉલ્લેખ છે, ત્યાં શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનનું વર્ણન 'नमो अरिहंताणं' પદથી જ કરવામાં આવ્યું છે. શ્રી મહાનિશીથસૂત્રના પંચમ અધ્યયનમાં કહ્યું છે કે—

'नमो अरिहंताणं'। सत्तक्खरपरिमाणं, अणंतगमपज्जवत्थपसाहगं, सव्वमहामंतपवर-विज्जाणं परमबीअभूअं।'

અર્થ—પહેલું અધ્યયન, 'नमो अरिहंताणं' સાત અક્ષર પ્રમાણ, અનંત ગમ પર્યવ યુક્ત અર્થનું પ્રસાધક તથા સર્વ મહામંત્ર અને પ્રવર વિદ્યાઓનું પરમબીજભૂત છે.

શાસ્ત્રાનુસારી તર્કથી, પણ એ જ વાત સંગત થાય છે. 'अरिहंताण' ના બદલે 'अरहंताण' મૂકવાથી તેનો અર્થ અર્હંતોને નમસ્કાર થાઓ, એવો થાય છે. અર્હંતો એટલે પૂજ્યો, એ અર્થ માન્ય રાખવાથી આ નમસ્કાર સિદ્ધાદિ પદોમાં અતિવ્યાપ્ત ન થવા છતાં, સર્વ દર્શનોને માન્ય પોતપોતાના પૂજ્યતમ પુરુષોમાં અતિ વ્યાપ્ત થાય છે. બૌદ્ધાદિ અન્ય દર્શનકારો પોતપોતાના દર્શનના પ્રણેતાઓને 'અર્હંત' અર્થાત્ પૂજ્યતમ માને જ છે. જૈનદર્શન સમ્મત પૂજ્યતમત્વ તીર્થંકરોમાં જ ઘટે છે, અન્યત્ર નહિ. તેનું કારણ એ છે કે–અન્ય દર્શનકારો પૂજ્યતમત્વનું લક્ષણ વીતરાગત્વ કરતા નથી, અને જ્યાં વીતરાગત્વ ન હોય ત્યાં સર્વજ્ઞત્વ સંભવતું નથી. જૈનદર્શનમાન્ય પૂજ્યતાનું પ્રયોજક સર્વજ્ઞત્વ અને વીતરાગત્વ તીર્થંકરોમાં જ ઘટે છે. બૌદ્ધદર્શનના પ્રણેતાઓ જૈનદર્શન માન્ય સર્વજ્ઞત્વનો સ્વીકાર કરતા નથી. સાંખ્યવેદાંતાદિ દર્શનો જૈનદર્શનસમ્મત વીતરાગત્વનો સ્વીકાર કરતા નથી, છતાં પોતાના ઈષ્ટને પૂજ્યતમ તો સૌ કોઇ માને જ છે. તેથી નિત્યમુક્તત્વ, જગત્ કર્તૃત્વ અને અસર્વજ્ઞત્વાદિ વિશેષણોવાળા પૂજ્યતમ પદોમાં અતિવ્યાપ્તિ ન થવા માટે अरहंताणं ના સ્થાને अरिहंताणं પદ એ જ યોગ્ય છે.

સિદ્ધાદિ પદોમાં અતિવ્યાપ્તિના વારણ માટે પાંચ પરમેષ્ઠિ પદોમાં 'પ્રથમત્વ' અર્થાત્ 'પ્રથમ પદે નમસ્કરણીયત્વ' અરિહંતોને આપેલું જ છે. પ્રથમ પદ જ એ સૂચવે છે કે તેઓમાં કેવળ અરિહંતત્વ જ નહિ પણ તીર્થંકરત્વ આદિ પણ છે, એ વાત કેવળ શબ્દાર્થની ચર્ચાથી નહિ, પણ ભાવાર્થની વિચારણાથી જ સમજાય તેવી છે.

પ્રથમ પદે 'अरहंताणं' ને બદલે 'अरिहंताणं' મૂકવાથી બીજી એક વાત એ ધ્વનિત થાય છે કે જૈનદર્શન પૂજ્યત્વની પ્રાપ્તિ માટે અરિહંતૃત્વ અર્થાત્ ભાવશત્રુનાશકત્વ ગુણને અનિવાર્ય ગણે છે. ભાવશત્રુઓનો વિનાશ કર્યા વિના જેમ સિદ્ધત્વની પ્રાપ્તિ થઈ શકતી નથી, તેમ અર્હત્ત્વ અર્થાત્ પૂજ્યત્વની પ્રાપ્તિ પણ અસંભવિત છે. આ કારણે જૈનદર્શનનો પ્રધાન સૂર ગુણોની પ્રાપ્તિ નહિ પણ દોષોનો વિજય છે. દોષોનો વિજય થવાથી ગુણોની પ્રાપ્તિ આપોઆપ થાય છે. સુંદર ચિત્ર માટે પ્રથમ ભીંતને સ્વચ્છ કરવી પડે છે, મોટો પ્રાસાદ ચણવા માટે પ્રથમ ભૂમિને શુદ્ધ કરવી પડે છે, તે ન્યાયે ગુણોની પ્રાપ્તિ માટે પ્રથમ દોષોને દૂર કરવા પડે છે. જૈનદર્શનમાં દેવનું લક્ષણ 'વીતરાગત્વ' અને ગુરુનું લક્ષણ 'નિર્ગ્રન્થત્વ' કહ્યું છે. દેવનું 'સર્વજ્ઞત્વ' કે ગુરુનું 'ધર્મોપદેશકત્વ' વગેરે વર્ણન લક્ષણ રૂપે નહિ પણ ઉપલક્ષણ રૂપે છે–અર્થાત્ સ્વરૂપદર્શક છે આ રીતે ભાવાર્થનો વિચાર કરતા મંત્રાધિરાજ શ્રી નવકાર અને યંત્રાધિરાજ શ્રી નવપદના શાશ્વત પાઠોમાં પ્રથમ પદે 'नमो अरिहंताणं' નો પાઠ એ યુક્તિ અને આગમ ઉભયથી સિદ્ધ છે.

હવે 'नमो सिद्धाणं' એ બીજા પદનો શબ્દાર્થ, ભાવાર્થ અને ઐદંપર્યાર્થ શું છે, તે જોઈએ.

ક્રમશઃ

ધર્મની આરાધના કરતાં દુઃખ આવી પડે એ તો ખરેખર જીવનમાં ધર્મ પરિણમ્યાની કસોટીનું સૂચક ચિહ્ન છે. છે. કેમકે ધર્મનો અર્થ સ્વભાવ થાય છે. તેથી આત્માના સ્વભાવનું ઘડતર ધર્મની આરાધનાથી કેવું અને કેટલું થયું છે? તે દુઃખી અવસ્થામાં આત્મા પોતાની અવસ્થામાં કેટલો ટકે છે, તે ઉપરથી નક્કી થાય છે, માટે ધર્મારાધકોએ આવી પડતાં દુઃખમાં સમભાવ રાખવો.

—સાગરનાં મોતી

# આ ત મ નાં  અ જ વા ળાં

હમણાં મુંબઈ–દાદર ખાતે ભવ્ય મહોત્સવ પૂર્વક જે અમૂલ્ય ગ્રંથરત્નનો ઉદ્ઘાટન સમારંભ ઉજવાયો, તે 'દક્ષિણમાં દિવ્ય પ્રકાશ' ગ્રંથ, દક્ષિણના પ્રદેશમાં જૈનધર્મની પ્રભાવનાનો કડીબદ્ધ ઇતિહાસ છે. તદુપરાંત પૂ૦ આ૦ મ૦ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજશ્રી તથા પૂ૦ મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજશ્રીના ધર્મપ્રચારનું યશસ્વી પ્રતીક છે, આ ગ્રંથનું સંપૂર્ણ સંયોજન–સંપાદન પ્રસિદ્ધ લેખક ભાઇ શ્રી ધીરજલાલ ટોકરશી શાહે પરિશ્રમપૂર્વક કર્યું છે. આ ગ્રંથમાં પ્રાસંગિક અનેક ઉપયોગી તાત્ત્વિક, સાત્ત્વિક તથા ચિંતન–મનન પ્રધાન વિચાર સામગ્રી રજુ થઇ છે, જે ખુબ જ ઉપકારક તથા વર્તમાનકાલના વાતાવરણમાં સર્વ કોઇને ઉદ્બોધક છે.

તેવી જ આત્માનાં અસ્તિત્વ તથા ચૈતન્યશક્તિની વિશિષ્ટતા ઉપર વેધક પ્રકાશ પાથરતી મનનીય સાહિત્ય સામગ્રી 'દિવ્યપ્રકાશ' ગ્રંથમાંથી ઉદ્ધૃત કરીને 'કલ્યાણ'ના વાચકો માટે રજુ કરી છે.

સર્વ કોઇ આ વિચારધારાને મનનપૂર્વક વાંચે !

મનુષ્યને પ્રકાશ પ્રિય છે. અંધકાર ગમતો નથી, જરાયે પસંદ પડતો નથી. તેમાં પણ અંધકારપટ અતિ ઘેરો હોય અને સમીપમાં સમીપ રહેલી વસ્તુઓ પણ દૃષ્ટિગોચર ન થતી હોય તો એ ત્રાસી ઉઠે છે. અને તેમાંથી મુક્ત થવાની ઝંખના કરે છે. જો કે આ પૃથ્વીના પટ પર એવા મનુષ્યો પણ મળી આવે છે કે જેમને અંધકાર અમુક અંશે પ્રિય હોય, કારણ કે એ વખતે તેમને ઘર ફાડવાની, દુકાનો તોડવાની, વસ્તુઓ તફડાવવાની, જારકર્મ કરવાની અને ખૂન કે બીજાં તોફાનો કરવાની વિશેષ અનુકૂળતા મળી રહે છે. પણ એ જ મનુષ્યોને જ્યારે અંધારા ઓરડામાં પૂરવામાં આવે છે, અને તેઓ પ્રકાશની કોઇ રેખા જોઇ શકતા નથી, ત્યારે તેમની સ્થિતિ કેવી કઢંગી થાય છે? તેમાંના કેટલાક બેહોશ બની જાય છે, તેઓ આ પ્રકારનાં જીવન કરતાં મૃત્યુને વધારે સારૂં ગણે છે. તાત્પર્ય કે તેમને પણ જીવનના આનંદ માટે તો પ્રકાશ જ જોઇએ છે.

## પ્રાયોગિક પ્રકાશ

પ્રકાશની પ્રાપ્તિ અનેક રીતે થાય છે. ચકમકના બે પત્થરો કે પત્થર અને લોખંડનો ટુકડો સામસામો અફળાય તો તેમાંથી તણખા ઝરે છે. અને પ્રકાશના થોડા ઝબકારા થાય છે. આ ઝબકારા કેટલાક માર્ગ ભૂલેલા મુસાફરોને ઉપકારક થઇ પડે છે. કારણ કે તેમના આધારે તેઓ સાચો માર્ગ શોધી કાઢે છે. અને પોતાનાં ગંતવ્ય સ્થાને પહોંચી જાય છે.

દીવામાં દીવેલ, તેલ કે ઘી પૂરેલું હોય, વાટ મૂકેલી હોય તેને કાંડીથી પેટાવ્યો હોય તો ઠીક ઠીક પ્રકાશ થાય છે. આ પ્રકાશમાં ઘરની વસ્તુઓ ઝાંખી ઝાંખી જોઈ શકાય છે અને કંઈ પણ કામ કરવું હોય તે ખુશીથી કરી શકાય છે.

રાડાં, સાંઠી કે લાકડાં સળગે તો તેમાંથી પણ પ્રકાશ થાય છે અને તેના આધારે ઘણી વસ્તુઓ જોઈ શકાય છે. પેશ્વાઓના સમયમાં રાત્રિના સમયે અગત્યના કિલ્લાઓ પર અમુક પ્રકારનું તાપણું કરવામાં આવતું, જેથી દૂર રહેલા કિલ્લા પરના મનુષ્યોને ખબર પડી જતી કે સ્થિતિ રાબેતા મુજબની છે કે લડાઈનો ભય સૂચવનારી છે.

વિજળીના ઉપયોગથી જ્વલંત પ્રકાશ થાય છે. તેથી રહેવાના મકાનમાં, પેઢીઓમાં, કોર્ટ–

કચેરીઓમાં, કારખાનામાં અને ટ્રામ, મોટર રેલ્વે, વિમાન વગેરે વાહનોમાં તેનો છુટથી ઉપયોગ થાય છે. વહાણો, ફત્તેમારીઓ, સ્ટીમરો વગેરે જળયાનોને ખડકની સાથે ટકરાઇ જતા અટકાવવા માટે તેના પર જે દીવાદાંડી ઊભી કરવામાં આવે છે, તેમાં એવી સર્ચ-લાઇટો મૂકવામાં આવે છે કે, જે ફરતી રહીને માઇલો સુધી પોતાનો પ્રકાશ પહોંચાડી શકે અને તેમને સંભવીત નાશમાંથી ઉગારી લે.

પ્રકાશની બાબતમાં નવા નવા આવિષ્કારો થતા જાય છે. જે પ્રકાશનું પ્રમાણ તથા તેની ઉપયોગિતા ઘણી વધારી દેશે, એમાં જરાએ શંકા નથી. પરંતુ જયારે કુદરતની અગાધ શક્તિનો વિચાર કરીએ છીએ ત્યારે લાગે છે કે આ પ્રયત્નો કંઇ જ વિસાતમાં નથી. પૂર્ણિમાનો ચંદ્ર એકરાત્રીમાં જેટલે પ્રકાશ ફેલાવે છે તેટલો પ્રકાશ ફેલાવવા માટે કેટલા કેન્ડલ-પાવરનો ગ્લોબ બનાવવો જોઇએ? અથવા સૂર્ય એક દિવસમાં પોતાની તેજોરાશિ દ્વારા ભૂમંડળ પર જેટલો પ્રકાશ પાથરે છે, તેટલો પ્રકાશ પાથરવા માટે કેટલી શક્તિવાળી બત્તી બનાવવી જોઇએ?

## દિવ્ય-પ્રકાશ

ચંદ્ર-સૂર્યનો પ્રકાશ પણ એક રીતે સામાન્યજ છે, કારણ કે આપણી હ્રદયગુહામાં આપણા અંતઃકરણમાં ભરાઇ બેઠેલા અંધકારનો નાશ કરી શકતો નથી તે માટે તો દિવ્યપ્રકાશ જ જોઇએ કે જે આપણી વિવેચનાનો મુખ્ય વિષય છે.

## વિજ્ઞાનવાદીનું દૃષ્ટિબિન્દુ

એકવાર અમે એક વિદ્વાન મિત્રને પુછ્યું હતું કે, 'આપણી હૃદયગુહામાં—આપણાં અંતઃકરણમાં જે અંધકાર ભરાઈ પેઠો છે, તે કેવા પ્રકાશથી દૂર થાય? આ મિત્રે આધુનિક શિક્ષણ સારી રીતે લીધેલું હતું અને વિજ્ઞાનના અભ્યાસમાં ભારે દિલચસ્પી દાખવી હતી. તેમણે કહ્યું. 'કોઇ વસ્તુ લાકડા કે લોઢા જેવા અપારદર્શક પદાર્થની પેટીમાં પૂરાયેલી હોય તો તેની અંદર સ્વાભાવિક રીતે જ અંધકાર હોય છે, તેમ આપણું હૃદય શરીરરૂપી પેટીમાં રહેલું હોવાથી તેમાં અંધકાર હોય તે સ્વાભાવિક છે, તે કઇ રીતે દૂર થઇ શકે! આમ કહીને તેમણે ફરી પાછું આગળ ચલાવ્યું; 'તે તો તમે સારી રીતે જાણતા હશો કે આપણું હૃદય છાતીના ડાબા ભાગમાં પાંસળી નીચે આવેલું છે, અને લાંબું જમરૂખ ઉંધું વાળ્યું હોય તેવા આકારનું છે. તે નિરંતર ધબકતું રહીને લોહીને દબાણ કરે છે, તેના લીધે આપણા શરીરમાં લોહી ફરતું રહે છે અને આપણે જીવી શકીએ છીએ. અને એ પણ તમે જાણતા હશો કે પ્રકાશ તો ઉષ્ણતાનું રૂપાંતર માત્ર છે. એક લોખંડના સળીયાને આપણે અગ્નિવડે તપાવીએ તો તે લાલચોળ બનીને પ્રકાશ આપે છે, અને તેથી વધારે તપાવીએ તો સળગીને પ્રકાશ આપે છે તેજ રીતે ગ્લોબમાં રહેલા સૂક્ષ્મ તાર વીજળીના પ્રવાહથી ખૂબ જ ઉષ્ણ થાય છે, ત્યારે પ્રકાશવંત બને છે. એટલે હૃદયગુહામાં પ્રકાશ કરવો હોય તો તેમાંનો કોઇપણ ભાગ અત્યંત ઉષ્ણ બનવો જોઇએ અને હું માનું છું કે તેમ થાય તો પ્રકાશની પ્રાપ્તિ પહેલાં પંચત્વની જ પ્રાપ્તિ થાય માટે હૃદયગુહામાં રહેલા અંધકારનો વિચાર છોડી બીજા કોઈ ઉપયોગી કાર્યમાં લાગો.

આ શબ્દોથી તેમણે પોતાનું વક્તવ્ય પુરૂં કર્યું ન હતું એટલે હું શાંતિથી સાંભળી જ રહ્યો.

તેમણે કહ્યું; ' તમે અંતઃકરણથી શરીરનો કોઇ અવયવ સૂચિત કરવા માગતા હો તો તેવા કોઈ અવયવનું વર્ણન આધુનિક શરીર-વિજ્ઞાનમાં આવતું નથી. પરંતુ તમે અંતઃકરણનો અર્થ અંદરની ઇંદ્રિય અર્થાત્ મન કરતા હોતો તે સંબંધી કેટલુંક વર્ણન માનસશાસ્ત્રમાં પ્રાપ્ત થાય છે. આપણા શરીરમાં અનેક પ્રકારના મનોવ્યાપારો ચાલે છે, એ નિશ્ચિત છે. આ મનોવ્યાપારોનો મુખ્ય આધાર જ્ઞાનતંતુઓ ઉપર છે. જેમકે આપણે કોઇ વસ્તુને અડીએ, ચાખીએ, સૂંઘીએ કે જોઇએ તો પ્રથમ તેની અસર જ્ઞાનતંતુઓ ઉપર થાય છે, . તેના દ્વારા સંદેશો મગજમાં પહોંચે છે, અને ત્યાં નિર્ણય થાય છે, કે વસ્તુને અડકયા, ચાખી, સૂંઘી કે જોઇ તે અમુક છે, આ ક્રિયાને સામાન્ય રીતે વિચાર કહેવામાં આવે છે, પછી લાગણીનું સંવેદન થાય છે. ' જેમકે આ કેરી બહુ સરસ છે.! તેના રૂપ રંગ કેવા સુંદર છે! તેની તેની વાસ કેવી મધુર છે! પછી ઇચ્છા થાય છે. જેમકે 'હું આ કેરી ખાઇને તૃપ્ત થાઉં', એટલે હાથ લંબાય છે, કેરીને ઉપાડી લે છે, ચાકુ કે છરીથી છોલે છે, અને તેના કકડા કરી મોંમાં મૂકે છે, તેથી જીભને સ્વાદ આપે છે અને એક પ્રકારની તૃપ્તિ અનુભવાય છે. આ પરથી તમે સ્પષ્ટ જોઇ શકશો, કે-જેને આપણે અંતઃકરણ અથવા મન કહીએ છીએ, તે એક પ્રકારની યાંત્રિક ક્રિયા જેવી ક્રિયા છે, આમાં અંધકાર અને પ્રકાશની કલ્પનાને અવકાશ જ કયાં છે? માટે મહેરબાન! જરા પ્રેક્ટીકલ (વ્યવહારૂ) થાઓ અને કોઈ હુન્નર-ઉદ્યોગનો વિચાર કરો, જેથી બે પૈસાની પ્રાપ્તિ થાય અને જીવન સુખી બને.

આટલું બોલી મારા વિદ્વાન મિત્રે તેમનું વકતવ્ય પૂરૂં કર્યું અને મારી સામે કુતૂહલ દૃષ્ટિથી જોઈ રહ્યા.


વર્ષ દરમીયાન ૮૫૦ પેજનું વાંચન આપવા છતાં વાર્ષિક લવાજમ

હિંદ માટે

રૂા. ૫-૫૦

પરદેશ માટે રૂા. ૬-૦૦


મને લાગ્યું કે હું ખોટા સ્થાને આવી ચડયો છું. જો મારે પ્રકાશની ઈચ્છા હતી તો એવાં સ્થાને જવું જોઈતું હતું કે જ્યાંથી થોડો ઘણો પણ પ્રકાશ મળી શકે; પરંતુ અહીં તો અમારા કરતાં યે વધારે અંધારૂં છે. આધુનિક શિક્ષણ પામેલા ઘણા ખરા ગ્રેજ્યુએટો અને કોલેજિયનોની આજ સ્થિતિ છે? તેઓ શરીર-શાસ્ત્ર, પદાર્થ વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર તથા બીજા જે વિષયો શીખે છે, તેમાં કોઈ સ્થળે આત્મ-તત્ત્વની સિદ્ધિ આવતી નથી, એટલે તેનાં અનુસંધાનમાં થતી પુણ્ય-પાપની વિવેચના કે પૂજા-પ્રાર્થનાની વાત તો હોય જ કયાંથી? આ સંયોગોમાં અંતરને અજવાળવાની વાત તેમને હમ્બક લાગે-નિરર્થક જણાય તેમાં કોઈ નવાઇ નથી, હું આ પરિસ્થિતિથી ઘણા અંશે પરિચિત હતો, એટલે મારા વિદ્વાન મિત્રના ખુલાસાથી મને ન તો અધિક આશ્ચર્ય થયું કે ન તો વિશેષ ખેદ થયો.

મેં સ્વસ્થ અને શાંત ચિત્તે તેમને પૂછયું: 'તમે શરીરને શું માનો છો?'

તેમણે તરતજ જવાબ આપ્યો: 'અલબત્ત, એક પ્રકારનું યંત્ર' જેમ વરાળયંત્ર વરાળના જોરે કામ કરે છે, ડીઝલ એંજિન તેલની શક્તિથી કામ કરે છે અને પેટ્રોલ મશીન પેટ્રોલના પાવરથી ગતિમાન થાય તેમ આ યંત્ર કાર્બન વગેરે દ્વારા થતી દહન ક્રિયા વડે ચાલતું રહે છે, એટલે એક પ્રકારનું દહન યંત્ર છે.'

મેં કહ્યું: 'વરાળયંત્ર, ડીઝન એંજિન કે પેટ્રોલ-મશીન વચ્ચે અને મનુષ્યના શરીર રૂપી યંત્ર વચ્ચે કંઇ ફેર ખરો?

તેમણે કહ્યું: 'એ પણ એક જાતનાં યંત્રો છે, અને આ પણ એક જાતનું યંત્ર છે; એમાં ફેર શો ?'

મેં કહ્યું; વારૂ, આપણે વરાળ યંત્ર, ડીઝલ એંજિન કે પેટ્રોલ મશીનને કહીએ કે તમે અમુક સ્થળે જઇ આવો, તો તે જઇ-આવી શકે ખરાં ?'

તેમણે કહ્યું: 'એ પોતાની મેળે અમુક સ્થળે જઇ કે આવી શકે નહિ.'

મેં કહ્યું: તેમને આપણે કોઇ સવાલ પૂછીએ તો તેનો જવાબ આપે ખરાં ?'

તેમણે કહ્યું: 'એ પ્રશ્નનો ઉત્તર કયાંથી આપી શકે ? એમને જીભ થોડી જ હોય છે ?'

મેં કહ્યું: 'તો એ યંત્રો શું કોઇ વસ્તુ સંબંધી વિચાર કરી શકે ખરાં ?

તેમણે કહ્યું: ના, ભાઇ ના.' એ કંઈ વિચાર કરી શકે નહિ. વિચાર કરવા માટે તો મગજ જોઇએ અને તેને સંદેશો પહોંચાડવા માટે જ્ઞાનતંતુઓનું જબ્બર જૂથ જોઈએ.

મેં કહ્યું: 'સાથે સાથે એ પણ જણાવી દો કે એ યંત્રો શ્વાસ લઈ શકે કે નહિ?'

તેમણે કહ્યું: 'એ યંત્રો શ્વાસ કયાંથી લે? એને ફેફસાં થોડાં હોય છે?

## જડયંત્રમાં અને મનુષ્યના શરીરરૂપી યંત્રમાં મોટો ફેરફાર:

મેં કહ્યું: આપના ઉત્તરથી તો એમ જણાય છે કે, વરાળયંત્ર વગેરેમાં અને મનુષ્યના શરીરરૂપી યંત્રમાં ઘણી બાબતનો ફેર છે. અને તે બહુ મોટો છે. એક યંત્ર પોતાની મેળે બિલકુલ હાલી ચાલી શકતું નથી. અને બીજું યંત્ર પોતાની મેળે હાલી ચાલી શકે છે. તથા સેંકડો-સહસ્ર ગાઉનો પ્રવાસ કરી ધારેલા સ્થળે પહોંચી જાય છે. એક યંત્ર જરાયે બોલી શકતું નથી. અને બીજું યંત્ર પોતાની મેળે જેટલું બોલવું હોય તેટલું બોલી શકે છે. વિવિધ પ્રકારનો વાર્તા-વિનોદ કરી શકે છે. ગાવાની ઇચ્છા થાય તો જરૂર જુદા જુદા સ્વરે અનેક પ્રકારનાં ગીતો-ગાયનો ગાઈ શકે છે, અને રોવાનું મન થાય તો ભેંકડો તાણીને મોટી પોક મૂકીને કલાકો સુધી રોઇ પણ શકે છે. વળી એક યંત્ર કોઇ પણ વસ્તુનો વિચાર કરી શકતું નથી, જ્યારે બીજું યંત્ર નાની કે મોટી, સુંદર કે અસુંદર, સમીપમાં રહેલી કે દૂર રહેલી અથવા દૃશ્ય કે અદૃશ્ય એવી સર્વ વસ્તુઓનો વિચાર કરી શકે છે, સારી-ખોટી લાગણીઓનો અનુભવ કરી શકે છે, અને અનેક પ્રકારની ઇચ્છાઓ કરી તેને અમલમાં પણ મૂકી શકે છે, એ કંઇ જેવો તેવો ફેર નથી. તેજ રીતે એક યંત્રમાં શ્વાસ લેવાની કે મૂકવાની જરાયે શક્તિ નથી, ત્યારે બીજું ગમે તેટલો દીર્ઘ શ્વાસ લઇ શકે છે, તેને રોકી પણ શકે છે. અને મૂકી શકે છે એટલે બંને યંત્રો વચ્ચે અતિ મોટો અને અસાધારણ ફેર છે. હવે મારા વિદ્વાન મિત્ર! મને એટલું જ કહો કે આ અસાધારણ ફેર શેને આભારી છે?'

(ક્રમશ)



# પુણ્યાઈની અપાર લીલા

## પૂ૦ મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મહારાજ

**પુણ્યની લીલા અપાર છે. ભવાંતરમાં આરાધેલ સુકૃતના પ્રભાવે પુણ્યોદય જ્યારે વર્તી રહ્યો હોય છે. ત્યારે તેનું અનિષ્ટ કરવામાં આવે છતાં ઇષ્ટ જ બને છે, આવી પુણ્યની મહત્તા તથા સજ્જન તથા દુર્જન હૃદયની પિછાણુ કરાવતી આ કથા વાંચવા જેવી છે.**

કૃપણતાથી આત્મામાં તુચ્છવૃત્તિ, મારાતારાપણાનો અતિ આગ્રહ, લોભબુદ્ધિ જડતા, અવિનીતપણું વગેરે દોષો પ્રવેશ પામે છે. એ કૃપણતાના વિલયથી (હઠાવવાથી) તે દુર્ગુણોનો લોપ થવા સાથે વિશાલ વિચારદષ્ટિ, ઔચિત્ય અને ઉત્તમ સદ્ભાવનું પ્રકટીકરણ સંભવે. હૃદયની વિશાળતાથી ધર્મને જ ઉપાદેય અને સંસારને હેય માની પોતાની સઘળી શક્તિઓ અને સામગ્રીઓનો ધર્મકાર્યોમાં વ્યય કરે છે. આ કાર્યવાહીને જ્ઞાનીઓ ઉદારતા તરીકે સંબોધે છે. એ ઉદારતા નિસ્પૃહતા પરોપકારરસિકતા આદિ અનેક ગુણો પ્રગટાવી અનેક અધમ જીવોને પણ ધર્મમાર્ગમાં સ્થાપિત કરી ઉન્નત બનાવી દેવા દ્વારા અજબ પલટો લાવે છે.

પ્રાચીન સમયમાં વિશાલ અને મનોહર સજ્જનપુર નામના નગરમાં પ્રજાવત્સલ અને ધર્મપ્રેમી મહીપાલ નામે રાજા રાજ્ય કરતો હતો. પ્રજા અલ્પકષાયી અને અલ્પપાપી હતી રાજા નીતિમાન તેમજ પ્રજારક્ષણમાં તત્પર હોવાથી પ્રજા પણ આનંદપ્રમોદમાં દિવસો વ્યતીત કરતી હતી.

તે નગરમાં સુખી તેમજ સંતોષી ધનજી નામે ખેડૂત નિવાસ કરતો હતો. તેનું કુટુંબ વિનીત, ધર્મિષ્ઠ અને સરળ હતું. તે જ નગરમાં શામજી નામે બીજો ખેડૂત વસતો હતો. તે કપટી તેજોદ્વેષી અને અસંતોષી હતો. નામ પ્રમાણે જ તેમને સઘળું હતું એટલે શરીર શ્યામ, હૃદય શ્યામ અને કામો પણ શ્યામ. જ્યારે ધનજીને એનાથી સઘળું ઉલટું તે બન્નેને મિત્રાચારી હતી.

ધનજીને ત્યાં પુણ્યોદયે ખાવાપીવાની, પહેરવાઓઢવાની પાથરવાની અને મકાન વગેરેની બધીએ અનુકૂળતા છે. ખેતરમાં મોં માગ્યા પાક પાકે, દીનદુઃખી આવે તે સંતોષ પામી જાય. એટલે ધનજીને સઘળું સુખ અને શામજીને સઘળું દુઃખ.

પ્રાણીને પાપોદયે નવા બીજા પાપ બંધાઇ જાય એ સ્વાભાવિક છે. બીજાની આબાદી દેખી રાજી થનારા તો વિરલાજ. જે બિચારો શામજી, ધનજીની ખ્યાતિ અને આબાદિ શી રીતે સહન કરી શકે? એટલે તે વિચારે છે કે ધનજી મારા જેવો દુઃખી ક્યારે બને? જ્યારે ધનજી વિચારી રહ્યો હતો કે શામજી મારા જેવો સુખી ક્યારે બને?

એકદા શામજીને વિચાર આવ્યો કે, હમણાં હમણાં ધનજીએ ઠીક ઠીક ખ્યાતિ અને આબાદિ પ્રાપ્ત કરી છે તો તેને કોઇ રીતે ફજેત કરવો કે જેથી ઉંચું મુખ કરી ન શકે. એમ વિચારી તેના નાના મોટા દૂષણો જોવા લાગ્યો. પણ ખાસ દૂષણ ન જણાતા તેણે એક ષડ્યંત્ર રચ્યું.

ધનજીનો દીકરો મધ્ય રાત્રે ગાડુ લઈ ખેતરમાં જવાનો છે એમ જાણુ થતાં શામજીએ ધનજીના ખેતરમાં પેસવાની ગાડાવાટમાં રાત્રે મોટો ખાડો કર્યો કે રાત્રે ગાડું આવતાં છોકરો અને બળદો ખાડામાં પડે અને મરે. રાત્રે છોકરો ગાડું લઇ આવ્યો, પણ ડાહ્યા બળદો આગળ ખાડો દેખતાં જ ચાલતા અટકી

ગયા. ઘણા ધીંચ-પરોણા કરતાં પણ બળદો જરાએ ખસતા નથી ત્યારે કારણ જાણવા ચકમક કાઢી પ્રકાશ કર્યો તો સામે એક ઉંડો ખાડો દેખાયો. છોકરાએ બળદનો આભાર માની ઘેર પાછા જઇ બાપને વાત કરી, બાપ કહે, જે બને છે તે સારા માટે. બીજે દિવસે ધનજીએ ખાડા તરફ નજર કરતાં તાંબાના ચરૂનો કાંઠો દેખાયો, જેને ખોદી કાઢતાં લાખોની કિંમતનું ઝવેરાત નીકળ્યું. ઘેર લાવી દાનશાળા ખોલી.

આ બાજી નિષ્ફળ જતાં શામજીને કાળો ધા લાગ્યો અને ધનજીએ દાનશાળા શરૂ કરી છે તે દેખી ઇર્ષ્યાગ્નિ ભભૂકી ઉઠતાં બીજી તરકીબ રચી

ધનજીની ભેંશોને એક દિવસ તેના ઈર્ષ્યાવાળાનાં ખેતરમાં, તેને ડબામાં પૂરાવે કે પગ ભાંગી નાખે એવા બદઇરાદે તેનું અનિષ્ટ કરવા પેસાડી દીધી. ભેંશો તો ખેતરમાં જઇ એક પાણી ભરેલા ખાડામાં આળોટવા લાગી અને તોફાને ચડી ખાડાને ખૂબ ખુંદ્યો અને માથા પર ખૂબ માટી ચઢાવી. ભેંસનો આ સ્વભાવ છે. દૈવયોગે માટીને ઉઠામતી ભેંસના માથા પર શીંગડે એક હાર ભરાયો, તે તેજ નગરની રાજપુત્રીનો એક કરોડ રૂપીઆની કિંમતનો હતો કે જે વર્ષો ઉપર સમળી ઉપાડીને ઉડી ગઈ હતી અને જેને માટે ઢંઢેરો પણ પીટાવેલ કે જે શોધી લાવશે તેને રાજા એક લાખ રૂપીઆ ઇનામ આપશે.

આ પ્રતિસ્પર્ધી પટેલે ધનજીની ભેંશો ધારી વૈર વાળવા વિચાર કર્યો. પણ તેની ઉપર હાર દેખી ધનજી ઉપરનો રોષ તો ઓગળી ગયો, ઉલટો પ્રેમનો મહાસાગર ઉછળ્યો. કારણ રાજાને તે આપતા ઓછામાં ઓછા એક લાખ રૂપીઆ ઇનામ મળશે, જેથી ઋણમુક્ત થઇશ અને ભયંકર દેવાનો સાગર તરીશ. ભલું થજો આ ભેંશને ! ભેંશમાતાને પગે પડી હાર લઈ રાજા પાસે સીધો તે પટેલ પહોંચી ગયો. રાજાને પગે પડી વિનવે છે 'નામદાર સાહેબ ! આપનો આ હાર લો ! રાજાને તો હારની વાત વિસ્મૃત થએલી હતી પટેલે ઢંઢેરો યાદ કરાવી જણાવ્યું કે, 'સમળીએ તે વખતે તે હાર મારા ખેતરનાં ખાબોચીઆમાં નાખ્યો હશે. તેમાં બારે માસ અમે પાણી ભરેલું રાખીએ છીએ. એટલે તે હાર અમારા દેખવામાં નહિ આવેલ. પણ ગઇ કાલે ધનજી પટેલની ભેંશો મારા ખેતરમાં પેસી જઇ ખાડામાં પડી ભારે તોફાન મચાવ્યું અને આખો ખાડો વલોવી નાખ્યો, ને ભેંસને શીંગડે હાર લાગ્યો. તે મારા દેખવામાં આવ્યો એટલે આપને આપવા આવ્યો છું. રાજા પણ આ ગરીબ ખેડૂતની પ્રામાણિકતા ઉપર પ્રસન્ન થઇ કહેવા લાગ્યો કે 'મહાનુભાવ ! તમે ન આવ્યા હોત તો કોણ જાણવાનું હતું ! તમારી સચ્ચાઇથી ખુશ થઈ એ હારની હું તમને બક્ષિસ કરૂં છું. ખેડૂતને હારની કંઈ જરૂર ન હતી. મહામુશિબતે રાજાએ બે લાખ રૂપીઆનું ઇનામ આપી રાખ્યો.

બે લાખ રૂા. લઇ પટેલ ઘેર આવ્યા. આનંદ માતો નથી. લેણદાર શેઠના મેણાં, ટોણા, અપમાન, તિરસ્કાર સાંભળવાની આ છેલ્લી જ પળ છે. એના અંતરનો આનંદ તો જેણે દેવાનું દુઃખ અનુભવ્યું હોય તે જ જાણી શકે. લેણદાર ઘેર આવી પહોંચ્યો અને ગાળો અને તિરસ્કારનો વરસાદ વરસાવવા માંડયો. ગરીબના હૈયાની વેદના શ્રીમંતો શું જાણી શકે ? શેઠની ગાળો સાંભળતો જાય છે અને પટેલ આનંદમાં ગરકાવ થતા જાય છે. શેઠને ગાદલા ઉપર બેસાડી બદામપીસ્તાવાળું કઢાયું કેસરી દૂધ પાઇ પોતાનું તેમજ અન્ય દેણદારનું નાણું (દેવું) ચૂકતે લઇ લેવા વિનવી બે લાખ રૂા. ના સિક્કા ખડા કરી દીધા. શેઠની તો છાતી બેસી ગઈ. પોતાના કરેલા અપરાધોનો અને આ અભણ ખેડૂતની પરોપકારની ભાવનાનો વિચાર કરતાં પટેલ દેવ દેખાયા અને પોતે દાનવ દેખાવા લાગ્યા. શેઠજીએ ત્યાં જ ચોપડા ચીરી નાખ્યા અને પટેલને પ્રણામ કરી પોતે કરેલા પાપના પ્રક્ષાલન માટે સંયમના પુનીત પંથે પ્રયાણ આદર્યું.

પછી પટેલ પોતાન વૈરી જેવા ધનજીને ત્યાં જઈ વિનીત ભાવે તેના ચરણે મસ્તક નમાવી પોતાના અપરાધની માફી માગવા લાગ્યો. સાથે જ ધનના ઢગલા કર્યા. ધનજીને આ બધી નવાઇ લાગી. બધી વાત વિસ્તારથી કરી. ધનજીએ રૂપીઆ લેવાની ના પાડી તો પણ પટેલે આગ્રહથી જણાવ્યું કે એનો સદુપયોગ અમને ન આવડે, તમે કરશો તે અમે જ કર્યો છે. પરસ્પર પ્રેમથી ભેટયા, વૈર ભૂલાયા અને

એક કુટુંબી બની ગયા. જેનું હૈયુ ઉદાર છે, અને રોમરોમમાં પણ અન્યનું ભૂંડું કરવાની ભાવના નથી તેને દુર્જનના દાવ લાભદાયી નીવડે છે. શામજી આ બધું નીહાળી ખૂબ બળવા લાગ્યો. આ બન્નેને લડાવવા કરેલી યુક્તિ તેમના ગાઢ પ્રેમનું કારણ બની તે આ દુર્જનને કેમ ન ખટકે ?

શામજીએ પોતાના સ્વભાવમાં ક્રૂરતા વધારી ધનજીનું બૂરૂ કરવા આ જ નગરના રાજાના છોકરાને ફોસલાવી છૂપી રીતે ધનજીના ખેતરના ઝુંપડામાં સંતાડી દીધો. તે છોકરાને કારમુ ગુમડું થએલ કે *જેની વ્યથા એટલી બધી પ્રસંગે વધી જતી કે આપ*ઘાત કરવાનું મન થતું. આવી વ્યવસ્થા કરી ધનજીના ઘરબાર લુંટાવવાની પેરવીમાં શામજી પડયા. રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે મારો એકનો એક દીકરો કોઈ ઉઠાવી ગયું છે, શોધી લાવનારને રૂા. ૧૦૦૦) ઈનામ આપીશ. આ ઢંઢેરો સાંભળી શામજી આનંદમાં આવી ગયો. એક પંથને દો કાજ થયા. હજાર રૂા. ઇનામ મળશે અને ધનજીને મૂળમાંથી ઉખેડી નખાશે. આવી હોંશમાં શામજી રાજા પાસે ગયો અને હકીકત જણાવી.

ઝુંપડીમાં રાજાના છોકરાનું ત્યાંની ઉંદર અને સર્પની લાળથી વાસિત માટીથી ગુમડું તત્કાળ ફાટી જતાં તેને સ્વર્ગીય આનંદ થયો. અને આ ખેતરના માલિકનું ભલું કરવા તત્પર બન્યો. બહાર નીકળી ખેતરના માલિકનું નામ ઠામ લઇ પોતાને ઘેર આવ્યો. ત્યાં શામજી પટેલ કાળું કામ કરવાની તૈયારીમાં જ હતા. ત્યાં કુંવરે આખી બાજી ઉથલાવી નાખી. જીવનદાતા ધનજીના ઉપકારનો બદલો રાજ્ય અર્પણ કરતાં પણ વળે તેમ નથી એમ બાપને ઠસાવ્યું. બાજી પલટાતી દેખી શામજી પોબારા ગણી ગયો. રાજાએ ધનજીને મોટા આડંબરથી આમંત્રી સત્કાર કર્યો. ધનજી કંઇ સમજી શકતો નથી. રાજાએ ખુલાસો કર્યો. તમારા ઉપકારનો બદલો વાળી શકાય તેમ નથી. તમારા ખેતરની દવાથી મારો દીકરો નીરોગી બન્યો, ધનજીને આમાં પુણ્યના ચમત્કાર સિવાય કશુંએ માલમ પડયું નહિ. પુણ્યના પ્રભાવની બલીહારી છે. શી દવા અને શો ઉપકાર ? દુર્જને સળગાવેલ દાવાનલ સજ્જનને અમૃતનો મેઘ બની જાય છે, તે આપણે અહીં જોયું.

❀

કલ્યાણ માસિક

એટલે

સંસ્કાર ધન

આપના ઘરમાં વસાવો.
બાઈન્ડીંગ કરેલી ફાઇલના
રૂા. ૫-૫૦

પોસ્ટેજ ખર્ચ અલગ

❀

ઇજ્જત આબરૂ ધનસંપત્તિ આદિથી ધનજીનો વૈભવ શામજીને કલેશનું કારણ બને છે. શામજીએ ધનજીની સ્પર્ધા કરવા બે હજાર વીઘા જમીન દાણે ખેડવા રાખી વાવેતર કર્યું. પાક સારો થયો. શામજી રાજી રાજી થઇ ગયો છે. સઘળો પાક એક સ્થળે એકત્ર કરી રાત્રે ત્યાં વાસો રહ્યો છે. મોટી ગંજાવર ગંજી છે, પાસે જ તાપણીથી તાપતો બેઠો છે. અચાનક પાપના ઉદયને પ્રગટ કરનાર કારમો વંટોળીઓ આવ્યો. આખીએ ગંજી સળગી અને કારમી પોકો પાડવા લાગ્યો. ધનજીના છોકરા બહારે દોડી આવ્યા, પણ કારમા દાવની આગળ કોઈનું કશુંએ ચાલ્યું નહિ. ગંજી બળી ગઇ. શામજીના હોશકોશ ઉડી ગયા. સવારે વાત વિદિત થતાં લોકો દાણા વગેરે માટે ઉભરાવા લાગ્યા. ઘરબાર જપ્ત થઇ ગયા. પોતાની જમીન પણ જપ્ત થઈ ગઈ. અંગના અલંકાર ઉતર્યા. પહેરેલ કપડે કુટુંબને હાંકી કાઢયું અને બાકીના પૈસા લેવા સળીયા પાછળ ધકેલ્યા.

કાળી કીકીઆરી પાડતું ભૂખ્યું-તરસ્યું અને ચિંતાની આગમાં સળગતું શામજીનું કુટુંબ બની ગયું. ઉપર આભ અને નીચે ધરતી સિવાય આમને કોઈ આધાર ન હતો. બધાની જોડે પૂરી દુશ્મનાવટ કરેલી. એટલે કોઇ વ્હારે દોડયું નહિ. આ પ્રસંગે ધનજીને

બહારગામ જવાનું થયેલું એટલે શામજીને ૧૦–૧૫ દિન નરકની વેદના ભોગવવી પડી. ગાળો, ફટકા, કારમી મજુરી અને ખાવાને સડેલ જવારનું ભડકું–આ દેખી શામજીનું કુટુંબ મરણતોલ થઈ આપઘાત કરવા તૈયારીમાં હતું. એવામાં ધનજી ઘેર આવ્યો. બીના જાણી સીધો જ જેલમાં ગયો અને તેવી ભૂંડી હાલતમાં તેમને દેખ્યા.

શામજી અને તેનું કુટુંબ 'ધનજી દાઝયા ઉપર ડામ દવા આવ્યો છે' એમ સમજી ધ્રુસકવા લાગ્યું. પણ સજ્જનનું હૈયું જુદું જ હતું. ધનજીએ રાજ્યમાં જઇ એમનું દેવું ચૂકવી આપી કેદમાંથી મુક્ત કરાવ્યા. ઘણા પ્રેમપૂર્વક પોતાને ઘેર લાવી સારવાર કરવા માંડી. જ્યારે ધનજીનું હૈયું આ લોકોના સમજવામાં આવ્યું ત્યારે તેમના હૃદય સંતાપથી બળવા લાગ્યા, "આવા દેવ જેવા માનવને સંતાપવામાં આપણે કશીએ કમીના રાખી નથી. હવે આપણા પાપનો છૂટકારો શી રીતે થશે?" આ બધી વ્યથા ધનજીના જાણવામાં આવી. સાગર જેવા ઉદાર ધનજીએ કહ્યું, 'ભાઇ! આમાં કોઇનો અપરાધ નથી. દોષ આપણા કર્મનો જ છે. માટે કલેશ કરવો છોડી દો. કર્મને જ હઠાવવા પ્રયત્ન કરવો જોઇએ.

બન્ને કુટુંબ દૂધસાકરની જેમ મળી ગયા. દ્વૈષની જગ્યાએ પ્રેમે સ્થાન જમાવ્યું. શામજી પશ્ચાત્તાપના પાવકમાં અને ધનજી ઉદારતામાં, થઈ ગએલા પોતાના પાપને બાળી ઉજળા હૈયાવાળા થયા. કુટુંબના પુખ્ત ઉમરના માણસોએ આત્મોદ્ધારના પંથે પ્રયાણ કર્યું, અને તે માર્ગ માટે જે અશક્ત તે ઘરમાં રહ્યા છતાં સાધુજીવન જીવવા લાગ્યા.

ઉદારતાના સાગર એવા ધનજી પટેલે આખા નગરમાં અને આખા રાજ્યમાં ધર્મની જ્યોત ફેલાવી. અત્તરનું એક પણ બિંદુ પ્રચ્છન્ન પણ આખા મકાનને મઘમઘાયમાન કરી મૂકે છે તેમ આ એક ઉદાર સજ્જને અનેકના જીવનને ધર્મના ઉન્નત માર્ગે ચઢાવી, પલટાવી નાખ્યા.

કલ્યાણ માસિક વાર્ષિક લવાજમ રૂા. ૫–૮–૦ પોસ્ટેજ સાથે

## –: પરદેશના ગ્રાહક બંધુઓને :–

પરદેશમાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયે મનીઓર્ડર, ક્રોસ સિવાયનો પોસ્ટલ ઓર્ડર કે નીચેના કોઈ પણ સ્થળે લવાજમ ભરવા વિનંતિ છે.

| | | |
|---|---|---|
| શ્રી દામોદર આશકરણ | પોષ્ટ બોક્ષ નં. ૯૪૮ | દારેસલામ |
| શ્રી તારાચંદ ડી. શાહ | પોષ્ટ બોક્ષ નં. ૨૦૭૦ | નૈરોબી |
| શ્રી મેઘજી ખીમજી ગુઢકા | પોષ્ટ બોક્ષ નં. ૧૧૨૮ | મોમ્બાસા |
| શ્રી રતિલાલ ઓત્તમચંદ સંઘવી | પોષ્ટ બોક્ષ નં. ૪૪૮ | જંગબાર |
| શ્રી મેઘજી ખીમજી ગુઢકા | પોષ્ટ બોક્ષ નં. ૨૧૯ | કીસુમુ |
| શ્રી મેઘજીભાઇ રૂપશી એન્ડ કું. | પોષ્ટ બોક્ષ નં. ૭ | ન્યેરી |
| શ્રી દેવશીભાઈ જીવરાજ | પોષ્ટ બોક્ષ નં. ૯૬ | થીકા |
| શ્રી મૂલચંદ એલ. મહેતા | પોષ્ટ બોક્ષ નં. ૧૨૭ | મોગાડીસ્કીઓ |

# અમીઝરણાં:

## પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

મુનિએ તો સર્વસાવદ્ય યોગના પચ્ચક્ખાણ કરી, પાપની પ્રવૃત્તિમાત્રનો ત્યાગ કર્યો છે. મુનિના પાંચ વ્રતો એ મહાવ્રતો છે, પણ અણુવ્રતો નથી.

સમ્યક્ત્વ એટલે એ જ કે હેયના ત્યાગની ઉપાદેયને આદરવાની ઉત્કટ ઇચ્છા. કરણીય કરવાની અને અકરણીય નહિ કરવાની ઇચ્છા.

મુનિવરની અપેક્ષાએ ગૃહસ્થ પાસે ધર્મ ઘણો જ ઓછો છે.

શ્રી જિનેશ્વરદેવનાં શાસનમાં આવેલા આત્માએ આટલો નિર્ણય તો કરવો જ પડશે કે અશુભ તો છોડવું જ જોઇએ. ન છૂટે તો છોડવાના મનોરથો હોય જ.

ગૃહસ્થ ધર્મ થોડો કરે, પણ ઇરાદો તો પૂરો કરવાનો રાખે. પૂરો ધર્મ નથી થતો એટલી કમ તાકાત છે, એમ માને, અને એમ ન માને કે જેમ ધર્મ રાજીથી, પ્રેમથી, આનંદથી કરીએ, તેમ અધર્મ પણ રાજીથી, પ્રેમથી, આનંદથી કરીએ.

સમ્યગ્દૃષ્ટિ આત્મા દુનીયાની ક્રિયા અવિરતિ આદિ પાપમય પ્રવૃત્તિ રસપૂર્વક કરે નહિ. કદાચ કરવી પડે તો દુઃખતે હૃદયે કંપતે હૃદયે કરે.

શાસ્ત્રો દ્વેષના કરતાએ રાગને ભૂંડો કહે છે. રાગ ગયો એટલે દ્વેષ તો ગયો જ છે, દ્વેષની જડ રાગમાં છે.

આ શાસનમાં કૃપણ નભે, પણ દાનને ધર્મ નહિ માનનારો નહિ નભે.

સમ્યગ્દૃષ્ટિ આત્મા કદાચ સંસારમાં વસવું પડે તો વસે પણ રમે નહિ.

સંસારથી ભય પામવો એ બાયલાનું કામ નથી, નામર્દોનું કામ નથી, એતો સાચા તત્ત્વજ્ઞાનીનું કામ છે.

જેને સંસારનો ભય નથી લાગતો તે બહાદુર નથી, પુરુષાર્થવાળો નથી, પણ નિર્માલ્ય અને અજ્ઞાનીનો શિરોમણિ છે.

સાચો તત્ત્વજ્ઞાની તે જ કે જે ભવને ભયંકર માની ધર્મને ભદ્રંકર માને.

અવિધિએ કરવા કરતાં ન કરવું એ કથન કેવળ ઉત્સૂત્ર છે.

જે જ્ઞાની નથી, જ્ઞાનીની નિશ્રામાં પણ નથી તેને કોઇ પણ કાળે શ્રી જિનેશ્વરદેવના શાસનમાં સ્થાન મળ્યું નથી, મળતું નથી અને મળવાનું પણ નથી.

શાસનમાં મૂળભૂત સિદ્ધાન્તો ઉપર પ્રહારો થતાં હોય એ વખતે આડંબરી શાંતિ એ ચેતનવંતી શાંતિ નથી.

---

તથા બીજા અનેક પ્રભુબિંબોની ભાવપૂર્વક સ્તવના કરી ક્ષણભંગુર જીવનનો યત્કિંચિત્ સફળ આનંદ પ્રાપ્ત કર્યો.

પૂ૦ પં૦ શ્રી વીરવિજયજી મહારાજે સાચું જ ગાયું છે કે,—

વિષમ કાળ જિનબિંબ જિનાગમ,
ભવિયણકું આધારા.

જે દર્શન જૈનશાસનનો પાયો છે, જેના પર જૈનશાસન ટકેલું છે, જેની રક્ષામાં સારાએ માર્ગની રક્ષા છે, જેના સંરક્ષણમાં જ સંઘની હયાતી છે, તે સમ્યગ્ દર્શનના આઠે આચારો બહુજ ધ્યાનપૂર્વક જોવા, વિચારવા, મનન કરવા તથા તદનુસાર યથાશક્તિ અમલ કરવા પ્રયત્ન કરવો જોઇએ.

જેના આધારે તરવું છે, જેના વિના આખી સ્ટીમર ડૂબી જાય તેવું છે, તેના નાશ વખતે તેના પરના પ્રહાર વખતે પણ પોતાની શક્તિનો સદુપયોગ ન કરતાં કેવળ દાંભિક શાંતિ, દાંભિક ક્ષમા, દાંભિક સમતા અને દાંભિક રીતે કષાયના અભાવની વાતો કરીએ તો કહેવું જોઈએ કે આપણે હજી વસ્તુના સ્વરૂપને સમજ્યા નથી.

આપણે કાંઇ શાસનને જીવાડનાર નથી, પણ જો આપણે આપણી શક્તિનો સદુપયોગ ન કરીએ તો શાસનમાં જીવતાં છતાં આપણે શાસનના ખૂની ગણાઈએ.

સામાને સંતોષ થાય કે રોષ થાય તેની દરકાર રાખ્યા વિના હિતકારિણી ભાષા અવશ્યમેવ કહેવી જોઈએ.

શાસનની રક્ષા માટે મર્યાદા ન જ છુટવી જોઇએ. શીલપાલનની સામગ્રી તો જીવતી રાખવી જ જોઇએ.

પચીસમા તીર્થંકર સ્વરૂપ શ્રી સંઘની આશાતના થઈ હોય તો તેની વારંવાર માફી માગવાની હોય.

આજ્ઞા યુક્ત હોય તે સંઘ, આજ્ઞાથી બહારનો સંઘ તો સાપ જેવો ભયંકર. એનો તો સહવાસ પણ ન થાય.

એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક, એક શ્રાવિકા પણ આજ્ઞામાં છે તે સંઘ છે અને મોટો સમુદાય પણ જો તે આજ્ઞા બહાર છે, તો તે હાડકાનો ઢગલો છે.

સત્ય માર્ગમાં સ્થિર રહીએ, અને અખંડપણે પ્રભુમાર્ગની ઉપાસના કરતા હોઇએ, છતાં સહેવું પણ પડે અને મૂર્ખાઓમાં કિંમત પણ ઘટે, તેથી જરાપણ મૂંઝાવાનું નથી કે ખિન્ન થવાનું કારણ નથી. એ તો સજ્જનતાની તથા સાધુતાઈની અને માર્ગાનુસારિતાની સુંદરમાં સુંદર કસોટી છે.

શ્રી જિનેશ્વરદેવના શાસનમાં આગમની આજ્ઞાને પ્રાધાન્ય છે, મતિ કલ્પનાને નહિ.

પોતાના સંતાનને સંયમના માર્ગે યોજનાર વાલી જેવો, સંતાનનો અથવા જગતનો બીજો કોઇ ઉપકારી નથી.

શ્રી જિનમૂર્તિ, જિનમંદિર, જિનાગમ, અને એ ત્રણના ઉપાસક સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા એ સાત ભક્તિનાં ક્ષેત્રો છે, જ્યારે દીન અનાથ વગેરે અનુકંપા–દયાના પાત્રો છે.

કૃપણોથી ધર્મભાવના નથી થતી. ઉડાઉપણું નહિ પણ ઉદારતા જોઇએ. ઉડાઉપણું એ દુર્ગુણ છે અને ઉદારતા સદ્‌ગુણ છે. ઉદારતા ઉડાઉપણામાં પરિણમવી ન જોઇએ.

ધર્મી માણસ હજારોને ધર્મ સન્મુખ કરી શકે છે.

નીતિમાન પાપભીરૂ અને જીતેન્દ્રિય આ ત્રણ ગુણ માર્ગાનુસારીના પાંત્રીસ ગુણમાંથી ચૂંટેલા છે. આ ત્રણ ગુણની પુષ્ટિ માટે જો ધર્મ સ્વીકારાય તો બધો ગોટાળો દૂર થઈ જાય.

પાપભીરૂ થાય એ અનીતિથી તો કંપે, એ ઈન્દ્રિયોને આધીન ન થાય. પાપનું ઘર તો ઈન્દ્રિયો છે.

## २२०० वर्षका प्राचीन जैन श्वेताम्बर तीर्थ


# गांगांणी तीर्थ

इस तीर्थका जिनालय सम्राट् संप्रतिने बनवाया हैं. पहिले इस ग्रामका नाम अर्जुनपुरी था. जहां हजारो घरोंकी वसती थी. यह प्राचीन मंदिर दो मंजिल तथा भूमिसे ७२ फीट ऊंचा है. शिल्पकलाका आदर्श दृष्टांतरूप है. इस प्राचीन तीर्थका संक्षिप्त इतिहास मुद्रण होता है. यह पाठकोके लीये अति आवश्यक है. सं०

❀

राजस्थानमें जोधपुरसे दक्षिण दिशामें करीब २० मीलकी दूरी पर गांगांणी नामक स्थान है। इतिहासके अनुसन्धानसे पाया जाता है कि इस नगरीका प्राचीन नाम अर्जुनपुरी था, जिसे धर्मपुत्र अर्जुनने बसाई थी। उपकेशगच्छ चारित्र नामक संस्कृत साहित्यमें जो काव्य ग्रन्थ विक्रम की १४ वीं शताब्दिके लेखमें लिखा हुआ है उसके अन्तमें गांगांणीके आदर्श मन्दिरका भी उल्लेख है।

इतिहास इस बातका साक्षी हैं कि अेक समय वह था जब इस नगरीमें हजारों जैनी निवास करते थे, और जिनशासनकी शोभा बढाते थे। कालचक्रके कुप्रभावसे आज वहां अेक भी जैनी निवास नहीं करता है। यह असत्य नहीं है कि प्राणियोंके आत्मकल्याणके साधन दो हैं– जैनागम व जैनमन्दिर। अत: इस नगरीमें जैनियोकी अधिक आबादी होनेकी दशामें अेक भीमकाय, भारतकी प्राचीन शिल्पकलाका द्योतक, जमीनसे ७२ फीट ऊंचा दुमंजिला मन्दिर हो तो कोई आश्चर्य नहीं।



यह मन्दिर विक्रमसे पूर्व २ शताब्दिमें सम्राट् सम्प्रतिने बनवाया था और इसकी प्रतिष्ठा सुप्रसिद्ध जैनाचार्य श्री सुहस्तिसूरिजीके करकमलोंसे कराई गई थी।

(१) सम्वत् १६६२में प्रकाण्ड विद्वान् एवम् प्रसिद्ध कविवर गणी श्री समयसुन्दरजीने इस प्राचीन तीर्थकी यात्रा की थी और अेक स्तवन रचा था जिसमें उन्होने इस तीर्थकी

प्राचीनताका उल्लेख किया था। पाठकोंके अवलोकनार्थ यह स्तवन मुद्रित किया जाता है।

(२) तपागच्छकी प्राचीन पट्टावली जो जैन श्वेताम्बर कान्फरेन्स हेरल्ड पत्रके पृष्ट ३३५ में मुद्रित हो चुकी है, उसमें लिखा है :-

" सम्प्रति उत्तर दिशामां मरूधरमां गांगांणी नगरें श्री पद्मप्रभस्वामिनो प्रासाद बिम्ब निपजाव्यो "—

—: ॐ :—

## श्री गांगांणीमंडन

### पद्मप्रभ एवं पार्श्वनाथ स्तवन

(रचयिता कविवर समयसुन्दर गणि वि० सं० १६६२)

—०—

॥ ढाल पहिली ॥

पाय प्रणमुं रे श्री पद्मप्रभ पासना।
गुण गाऊं रे आणि मन शुद्ध भावना।
गांगांणी[1] रे प्रतिमा प्रगट थई घणी।
तस उत्पत्ति रे सुणजो भविक सुहामणी।

॥ त्रुटक ॥

सुहामणी ये बात सुणता,
कुमति[2] शंका भाजसे ॥
निर्मलो थाशे शुद्ध समकित,
श्री जिनशासन गाजसे ॥१॥
ध्रुव देश मंडोवर महाबल,
बलि शूर[3] राजा सोहए ॥
तिहां गांव एक अनेक घाणिका,[4]
गांगांणी मन मोहए ॥२॥

१—यह वही गांगांणी है जिसके विषयमें हम यह हिस्ट्री लिख रहे हैं।

२—कविवरके समय कुमति लोग कहा करते थे कि मन्दिर मूर्तियां बारहवर्षीय दुष्कालमें बनी हैं उन लोगोंकी शंका इन प्राचीन मूर्तियोंसे दूर हो सकती है। क्योंकि ये मूर्तियाँ बारह वर्षीय दुष्कालके ४०० वर्ष पूर्व बनी हैं।

३—महाराजा शूरसिंहके राजत्वकालका समय वि० सं० १६५२ से १६७५ तक का है।

४—घाणिका—इस शब्दसे पाया जाता है कि अर्जुनपुरीमें किसी जमानामें घाँणियां अधिक चलती हों और लोग उस नगरीको गांगांणी के नामसे कहने लगे हों तो यह युक्ति युक्त भी हैं।

ढाल

दुधेला[1] रे नाम तलाव छे जेहनो।
तस्स पासेरे खोखर नाम छे देहरो ॥
तिण पुठेरे खणता प्रकट्यो भूंहरो।
परियागत रे जाणि निधान लाधो खरो ॥३॥

त्रुटक

लाधो खरो वलि भूंहरो[2] एक,
मांहे प्रतिमा अतिवली ॥
ज्येष्ट[3] शुद्ध इग्यारस, सोलह बासटी,
बिंब प्रगट्या मनरली ॥४॥

१—दूधेला तालाब और खोखर नामकका मन्दिर आज भी गांगांणीमें विद्यमान है।

२—भूंहारा-तलघर-मुसलमानोंके अत्याचारके समय मूर्तियोंका रक्षण इसी प्रकार किया जाता था कि उनको तलघर-भूंहारोंमें रख दिया करते थे।

३—वि० सं० १६६२ ज्येष्ठ शुक्ल अेकादशीके दिन भूंहारामें मूर्तियें मिली थी और उनकी जाँच करके ही कविवरने सब हाल लिखा है।

केटली प्रतिमा ? केनी वली ?,
कौण भरावी भाव सूं ? ॥
ए कोण नयरी कोण प्रतिष्टि ?,
ते कहुं प्रस्ताव सूं ॥५॥

**ढाल**

ते सगली रे पैंसट[1] प्रतिमा जाणिये,
तिण सहुनी रे सगली विगत वखाणिये ॥
मूलनायक रे पद्मप्रभुने पास जी,
एक चौमुख रे चौवीसी सुविलास जी ॥६॥

१—कविवरजीने स्तवनमें सब ६५ प्रतिमाएँ कही हैं जैसे कि :—

२-मूलनायक श्री पद्मप्रभ और पार्श्वनाथ भगवानकी ।
१-चौमुखजी-समवसरणस्थित चार मुंहवाले।
१-चौवीसी-अेकही परीकरमें २४ तीर्थङ्करोंकी मूर्तिएँ ।
२३-अन्यान्य तीर्थंकरोंकी प्रतिमा जिनमें दो काउस्सगिया भी है ।
१९-और भी तीर्थंकरोंकीं मूर्तिएँ सब मिला कर ४६ मूर्तिएँ हुई ।
१९-तीर्थंकरोंके अलावा अन्य देवी देवता एवं शासन देवताओंकी मूर्तियां भी कविवरने त्रूटकमें लिखा है कि :—

६५ कुल

**त्रुटक**

सुविलास प्रतिमा पास केरी,
बीजी पण तेवीसए ॥
ते मांही काउस्सगिया बिहु
दिसी बहु सुन्दर दीसए ॥७॥

वीतरागनी[1] उगणीस प्रतिमा,
वली ए बीजी सुन्दरु ॥
सकल मिली ने जिनप्रतिमा,
छियालीस मनोहरु ॥८॥

१—"वीतरागनी उगणीस प्रतिमा वली अे बीजी सुन्दरू" बीजीसे मतलब १९ मूर्तियां अन्य देवोकी ही है। और कई नाम तो आपने लिख ही दिये हैं जैसे इन्द्र, ब्रह्मा, ईश्वर, चक्रेश्वरी, अंबिका, अर्ध नाटेश्वरी, विनायक, योगनी, और शासनदेवता इसमें शासनदेव तथा योगिनी की अधिक संख्या होनेसे सबकी १९ लिखे हैं जिससे ६५ की संख्या पूर्ण हो जाती हैं ।

**ढाल**

इन्द्र ब्रह्मा रे ईश्वर रूप चक्रेश्वरी,
एक अंबिकारे कालिका अर्ध नाटेश्वरी ॥
विनायक रे योगणि शासनदेवता,
पासे रहेरे श्री जिनवर पाय सेवता ॥९॥

**त्रुटक**

सेवता प्रतिमा जिण करावी,
पांच ते पृथ्वीपाल[1] ए ॥
चंद्रगुप्त बिन्दुसार अशोक,
संप्रति पुत्र कुणाल ए ॥१०॥
कनसार जोडा धूप धाणो,
घंटा शंक भृंगार ए ॥
त्रिसिटा मोटा तद कालना,
वली ते परकर सार ए ॥११॥

१—मूलनायक श्री पद्मप्रभकी प्रतिमा करानेवालेका नाम कविवरने सम्राट सम्प्रति सूचित किया है, और चन्द्रगुप्त, बिन्दुसार, अशोक और कुणालका नाम संप्रतिकी वंश परम्परा बतलानेको दिया है। संप्रतिको कुणालका पुत्र बतलाते हुअे कविताकी संकलनाके कारण "संप्रति पुत्र, कुणालअे" कहा है ।

॥ ढाल दूसरी ॥

मूलनायक प्रतिमा वाली,
परिकर अति अभिराम ॥
सुन्दर रूप सुहामणि,
श्री पद्मप्रभु तसु नाम ॥१॥
श्री पदमप्रभ पूजियां,
पातिक दूर पलाय ॥
नयणे मूर्ति निरखतां,
समकित निर्मल थाय ॥२॥
आर्यसुहस्ती सूरीश्वरो,
आगम श्रुत व्यवहार ॥
संयम[१] रांकवणी दियो,
भोजन विविध प्रकार ॥३॥
उज्जैनी नगरी धणी,
ते थयो सम्प्रति राय ॥
जातिस्मरण जाणियो,
ये ऋद्धि गुरु पसाय ॥४॥
वली तिण गुरु प्रतिबोधियो,
थयो श्रावक सुविचार ॥
मुनिवर रूप कराविया,
अनार्य देश विहार ॥५॥
पुण्य उदय प्रगट्यो घणो,
साध्या भरत त्रिखण्ड ॥
जिण पृथ्वी जिनमंदिरे,
मण्डित करी अखण्ड ॥६॥
बी सय तीडोत्तर वीर थी,
संवत सबल पंडूर ॥
पद्मप्रभ प्रतिष्ठिया,
आर्यसुहस्ती सूर ॥७॥
महा तणी शुक्ल अष्टमी,
शुभ मुहूर्त रविवार ॥
लिपि प्रतिमा पूठे लिखी,
ते वाची सुविचार ॥८॥

१—सम्राट् संप्रतिका होना और प्रतिष्ठाका समय बतलाते हुअे कविवरने कहा है कि आचार्य सुहस्तसूरिने दुष्कालमें अेक भिक्षुकको दीक्षा देके इच्छित आहार करवाया था, समयान्तरमें वह काल कर कुणालकी राणी कांचनमालाकी कुक्षिसे सम्राट् सम्प्रति हुआ और जब वह उज्जैनमें राज करता था तब रथयात्राकी सवारीके साथ आचार्य सुहस्ती उनकी नजरमें आये । विचार करते ही राजाको जातिस्मरण ज्ञान हो आया और सब राजऋद्धि गुरुकृपासे मिली जान गुरु महाराजके चरणोंमें आकर राज ले लेनेकी अर्ज की, पर वे निस्पृही गुरुराजको लेकर क्या करते? उन्होने यथोचित धर्मवृद्धिका उपदेश दे उसको जैन एवं श्रावक बनाया । उज्जैनमें जैनोंकी अेक विराट सभा की, आचार्य सुहस्ती आदि बहुतसे जैन श्रमण वहां अेकत्र हुअे । अन्यान्य कार्योंके साथ यह भी निश्चय किया कि भारतके अतिरिक्त अन्य देशोंमें भी जैनधर्मका प्रचार बढाना चाहिअे । राजा संप्रतिने इस बातका बीडा उठाया और अपने सुभटोंको चीन, जापान, अरबिस्तान, तुर्किस्तान, मिश्र तिब्बत, अमेरिका मंगोलिया, जर्मन, फरान्स, आष्ट्रिया, इटली आदि प्रान्तोंमें भेज कर साधुत्वके योग क्षेत्र तैयार करवाया । बादमें जैन श्रमण भी उन प्रदेशोंमें विहार कर जैनधर्मका जोरोंसे प्रचार करने लगे । यही कारण है कि आज भी पाश्चात्य प्रदेशोंमें जैन मूर्तियों और उनके भग्न खण्डहर प्रचुरतासे मिलते है । भारतवर्षमें तो सम्राट्ने मेदिनी ही मंदिरोंसे मण्डित करवा दी थी । गांगांणीके मन्दिरकी प्रतिष्ठाके विषयमें कविवर लिखते हैं कि वीर संवत् २७३ माघ शुक्ल अष्टमी रविवारके शुभ दिन सम्राट् संप्रतिने अपने गुरु आचार्य सुहस्तीसूरिके कर कमलोंसे प्रतिष्ठा करवाई, जिसका लेख उस मूर्तिके पृष्ठ भागमें खुदा हुआ है । कविवर समयसुन्दरजी महाराजने उस लेखको अच्छी तरहसे पढ कर ही अपने स्तवनमें प्रतिष्ठाके शुभ मुहूर्तका उल्लेख किया है ।

॥ ढाल तीसरी ॥

( चाल—शत्रुंजय गयो पाप छूटिये )

मुलनायक बीजो वली,
सकल सुकोमल देहो जी ॥
प्रतिमा श्वेत सोना तणी,
मोटो अचरज येहो जी ॥१॥
अरजन पास जुहारिये,
अरजुनपुरी शृंगारो जी ॥
तीर्थंकर तेवीसमो,
मुक्ति तणो दातारो जी ॥२॥
चंद्रगुप्त राजा हुओ,
चाणक्य दिरायो राजो जी ॥
तिण यह बिंब भराविये,
सार्या आतम काजो जी ॥३॥

१—दूसरे मूलनायक श्री पार्श्वनाथजीकी प्रतिमा सफेद सुवर्णमय देख कविवर बडा भारी आश्चर्य प्रगट करते है। शायद रत्न, हीरा, स्फटिक, माणिक्य, नीलम, पन्ना आदिकी मूर्तियां तों आपके समयमें विद्यमान थी परन्तु सफेद सोनाकी मूर्ति गांगांणीमें ही देख कर आपने आश्चर्य माना हो। सम्राट् चन्द्रगुप्तने इस प्रतिमाको बनवा कर वास्तवमें मूर्तिके प्रति अपनी अटूट श्रद्धा और भक्तिका परिचय दिया है। कौटिल्यके अर्थशास्त्रमें अेक उल्लेख मिलता है कि सम्राट् चन्द्रगुप्तने अपने शासनमें अेक यह भी नियम बनाया था कि

"अक्रोशादेव चैत्याना मुत्तमं दंडमर्हति"

अर्थात्—जो कोई यदि चैत्य एवं देवस्थानके विषयमें यद्वा-तद्वा अपशब्द कहेगा अथवा इनकी आशातना करेगा वह महान् दंडका भागी समझा जायगा, अैसा जिनशासनका सच्चा भक्त यदि सफेद सोनेकी मूर्ति बनावे तो इसमें आश्चर्य ही क्या है।

सम्राट् चन्द्रगुप्तने उस मूर्तिकी प्रतिष्ठा चौदह पूर्वधर श्रुतकेवली आचार्य भद्रबाहुसे करवाई थी, उनका समय कवीश्वरने वीर निर्माणके पश्चात् १७० वर्षका बतलाया है और उस समय यह दोनों महापुरुष विद्यमान भी थे। इतना ही क्यों पर इनके पूर्व भी जैनोमें मूर्तियोंके अस्तित्वका पता मिल सकता है जैसे कि :—

॥ ढाल चौथी ॥

( तर्ज—वीर सुणो मोरी विनति )

मारो मन तीर्थ मोहियो,
मइ भेट्या हो पद्मप्रभु पास ॥
मुलनायक बहु अति भला,
प्रणमतां हो पूरे मननी आस ॥१॥
संघ आवे ठाम ठामना,
वलि आवे हो यहां वर्ण अढार ॥
यात्रा करे जिनवरतणी,
तिणे प्रगटयो हो ये तीर्थ सार ॥२॥
जूनो बिंब तीर्थ नवो,
जंगी प्रगट्यो हो मारवाड मझार ॥
गांगांणी अरजुनपुरी,
नाम जाणे हो सगलो संसार ॥३॥
श्री पद्मप्रभ ने पासजी,
ए बेहु मुर्ति हो सकलाप ॥
सुपना दिखावे समरतां,
तसु वाध्यो हो यश: तेज प्रताप ॥४॥
महावीर भोंहरा तणी,
ए प्रगटी हो मुर्ति अति सार ॥
जिनप्रतिमा जिन सारखी,
कोई शङ्का हो मत करजो लगार ॥५॥
संवत् सोला बासटी सुमइ,
यात्रा किधी हो मइ महा मझार ॥

जन्म सफल थयो माहरो,
हवे मुझने हो स्वामि पार उतार ॥६॥

**कलश**

इम श्री पद्मप्रभ प्रभु पास स्वामि,
पुन्य सुगुरु प्रसाद ए ॥
मुलगी अरजुनपुरी नगरी,
वर्धमान सुप्रसाद ए ॥
गच्छराज जिनचंदसूरिं,
गुरु जिन हंस सूरीश्वरो ।
गणि साकलचंद विनय वाचक,
समयसुन्दर सुख करो ॥१॥

१—भगवान् महावीरदेव अपने दीक्षाके सातवे वर्ष मुडस्थलमें पदार्पण किया उस समय राजा नन्दीवर्धन आपके दर्शनार्थ आया जिसकी स्मृतिमें राजाने अेक मन्दिर बनाया उसके खण्डहर आज भी मिल सकते है ।

२—महाराजा उदाईकी पट्टरानी प्रभावतीके अन्तैवर गृहमें भगवान् महावीरदेवकी मूर्ति थी राजा बीना बजाता और रानी त्रिकाल पूजा कर नृत्य करती थी ।

३—कच्छ भद्रेश्वरके मन्दिरकी प्रतिष्ठा वीरात् २३ वर्ष सौधर्म्माचार्यके करकमलोंसे हुई, वह मूर्ति और इसका शिलालेख आज भी विद्यमान हैं ।

४—नागोरके बडा मन्दिरमें बहुत सी सर्वधातुमय मूर्तियां है । जिसमें अेक मूर्ति पर वी. सं. ३२ का शिलालेख खुदा हुआ आज भी दृष्टिगोचर होता है ।

५—आचार्य रत्नप्रभसूरिके करकमलोंसे वी. सं. ७० वर्षोमें उपकेशपुरमें कराई प्रतिष्ठाका मन्दिर मूर्ति इस समय भी विद्यमान है ।

६—कोरंटा नगरका महावीर मन्दिर भी आचार्य रत्नप्रभसूरिके समयका है ।

७—महामेघवाहन महाराजा खारवेलका विशाल शिलालेख इन सबकी पुष्टि कर रहा है. 'क्योंकि इस शिलालेख और हेमवंत पट्टावलिसे पाया जाता हैं कि भगवान् महावीरके समय सम्राट श्रेणीकने खण्डगिरी पर भगवान ऋषभदेवका मन्दिर बनवाया था ।

८—मथुराके कंकालि टीलासे कई मूर्तियां स्तुप मिला है, वह भी इतना ही प्राचीन हैं कि जितना खारवेलका शिलालेख हैं इत्यादि ।

९—खास कर स्थानकवासी समाजके अग्रगण्य नेता साधु सन्तबालजीने धर्मप्राण लोंकाशाहकी लेखमालामें सम्राट् अशोकके समय तथा साधु मणिलालजीने वीरकी दूसरी शताब्दीमें मूर्तिपूजा स्वीकार करली है ।

इसी प्रकार चन्द्रगुप्त और भद्रबाहु आचार्यके समयकी मूर्ति कविवरके समय मिली हो तो इसमें संदेह ही क्या हो सकता है ?

अति हर्षका विषय था जब इस प्राचीन मंदिरका पाटोत्सव एवं ध्वजाभिषेक प्रति वर्ष महा सुद ६ को होता था और जैन एवम् जैनेतर हजारोंकी संख्यामें इस शुभ दिन पर यहां अेकत्रित होते थे । खेद है कि कुछ वर्षोंसे यह उत्सव बन्द हो गया हैं । मन्दिरजीकी पूजाकी व्यवस्था इसी गांवके निवासी श्रीयुत् घेवरचन्दजी साहबके पुत्र श्रीयुत् फकीरचन्दजी साहब करते रहे है । (आज कल दारजीलिंग जिलाका अधिकारी गांवमें रहते है )

इधर हाल ही में दिल्लीमें होनेवाले जैन गोष्टीमें इस मन्दिरने अेक अद्वितीय स्थान प्राप्त किया था जिसका विवरण "धर्मयुग" वर्ष ७ अंक ४८ रविवार २५-११-५६ में वो दैनिक नवभारत·टाइम्स वो गौरखपुरके प्रकाशित "कल्याण" तीर्थांकमें दिया हुआ है ।

श्री समयसुन्दरजी गणी कृत स्तवनसे अैसा मालूम होता हैं कि इस मन्दिरमें किसी समयमें ६५ प्रतिमाअें थी । समय परिवर्तनशील है

उत्थान व पतनका चक्र घूमता रहता है । मुगलोंके अत्याचारसे इन प्रतिमाओंमे से अधिकांश काफी प्रतिमाअें खेतोंमें गाड दी गई और जिनका अभी तक कोई पता नहीं मिल सका । अब मन्दिरमें सिर्फ ४ प्रतिमाअें रह गई है । अेक मूलनायक श्री धर्मनाथ प्रभु, अेक सर्व धातुकी वो दूसरी मंजिल पर भगवान श्री पार्श्वनाथकी, चौथी प्रतिमा अेक खेतमें मिली जो गत महा सुद ६ सं. २०१३ के उत्सवके दिन अभिषेक करवाकर मेहमानरूपमें बिराजमान कर दी गई है ।

इस मन्दिरका समय २ पर जीर्णोद्धार होना पुरानी ख्यातोंसे पाया जाता है, जैसे कि :-

१—विक्रमकी नौवीं शताब्दीमें उपकेशपुरके श्रेष्ठिवर्य बोसटने इस मन्दिरका जीर्णोद्धार करवाया था ।

२—विक्रमकी बारहवीं शताब्दीमें नागपुरके भूरंटोंने इस मन्दिरका स्मरणकाम करवा कर पुण्य उपार्जन किया था ।

३—विक्रमकी चौदहवी शताब्दीमें ओसियांके आदित्य गान गोत्रीय शाह सारंग सोनपालने इस मन्दिरका जीर्णोद्धार करा कर इसकी स्थिति बढाई थी ।

४—विक्रमकी सोलहवीं शताब्दीके अन्तमें बीकानेरके लोग यहां बरातमें आअे थे उस समय इस मन्दिरकी जीर्ण हालत देख कर इसका जीर्णोद्धार कराया ।

मन्दिरका ५ वां जीर्णोद्धार सम्वत् १९८२ में गांगांणी निवासी श्रीमान् घेवरचन्दजी छाजेड मेहताके प्रयत्नसे अखिल भारतीय जैन श्री संघकी आर्थिक सहायतासे हुआ था जिसकी रिपोर्ट [ वि० संवत् १९७६ से सं० १९९३ तक की ] सन् १९३७ ई० में प्रकाशित हो चुकी है ।

इस मन्दिरके दर्शनार्थ आनेवाले बन्धुओंको जोधपुरसे दोपहरके ३ बजे भोपालगढ जानेवाली मोटरसे जाना चाहिये । मोटर मन्दिरजीके पास ही खडी होती है । वहांसे दिनके ११ बजे मोटर जोधपुरके लीअे रवाना होती है । वहां ठहरनेके लिये कुछ कोठडिये बनी हुई है ।

—: पत्रव्यवहार करनेका पता :—

भण्डारी मिश्रीमल
खैरादयोंका मोहल्ला जोधपुर (राजस्थान)


## જા+ખના દર આ મુજબ છે.

| | ૧ માસ | ૩ માસ | ૬ માસ | ૧૨ માસ |
|---|---|---|---|---|
| ૧ પેજ | ૨૫ | ૬૦ | ૧૦૦ | ૧૫૦ |
| ૧/૨ ,, | ૧૫ | ૩૫ | ૬૦ | ૧૦૦ |
| ૧/૪ ,, | ૧૦ | ૨૫ | ૪૦ | ૬૫ |
| ૧/૮ ,, | ૭ | ૧૫ | ૨૫ | ૪૦ |

ટાઈટલ પેજ ૨ જું રૂા. ૩૫, ટાઈટલ પેજ ૩ જું રૂા. ૩૦
ટાઈટલ પેજ ૪ થું રૂા. ૪૦, એક જ વખતના

લખો:- કલ્યાણ પ્રકાશન મંદિર : પાલીતાણા (સૌરાષ્ટ્ર)

કલ્યાણ માસિક વાર્ષિક લવાજમ રૂા. ૫-૮-૦ પોસ્ટેજ સાથે

# નિરંજનોની નગરી ભણી

## પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ

આત્મા છે, નિત્ય છે, પર્યાયોથી અનિત્ય છે. કર્મ-પટો છેદાતાં આત્મા મુક્તિ-મોક્ષ-ધામ મેળવે છે. એ એનો મૂળ સ્વભાવ છે. આત્મા નિર્મળ થયા પછી એને કદીય નવા કર્મો લાગતાં નથી. એ પણ એક સ્વભાવ છે. કર્મ-પટોને દૂર કરવા જ આ અનેકાન્તદૃષ્ટિમય સૃષ્ટિ બની જાય તો પછી સ્વ પર-ભાવના ભેદો સમજાવવા કઠિન નહીં પડે. સ્યાદ્વાદ કહો, અપેક્ષાવાદ કહો, અનેકાન્ત માર્ગ કહો, નય-વાદ કહો, આ સઘળાય પર્યાયો છે. બાકી સર્વ એક જ તત્ત્વના પોષક છે. આ સંશયવાદ નથી, શંકા-વાદ નથી કે ભ્રામક-વાદ નથી. પણ યથાર્થ તત્ત્વ-દૃષ્ટા બનાવનાર અજબ કીમીયો છે. સૂક્ષ્મતર દૃષ્ટિ છે, તર્કની છેલ્લી સીમા છે. બુદ્ધિની છેલ્લી દિવાલ છે. મતિનું અંતિમ મસ્તકમણિ છે. આથી આગળ કંઈ જ વિવાદ નથી, એમ ચોક્કસ જ છે.

આ નિર્ધાર-જ્ઞાન સમજ્યા પછી ઇશ્વર અને અનીશ્વર, આત્મીય અને અનાત્મીય આ ભેદો તે હસ્તરેખાઓની જેમ સ્પષ્ટતર દેખાઈ આવે છે. આપણે ભયંકર કર્મલીલાની ભૂલ-ભૂલામણીમાં અનંત સામર્થ્યવંત ઇશ્વરને સંડોવવો જ નહિ પડે. આત્મા જ કર્મનો કર્તા છે. હર્તા છે. ભોક્તા છે અને પરિનિર્વાતા છે. સ્વયમેવ ઉચ્ચ-પરિણામધારાના અમોઘ શસ્ત્રથી ઇશ્વર બની શકે છે. ફક્ત કર્માવરણો વિખેરાય તો બસ. એ ઈશ્વરાત્મા બની જાય છે. સર્વાત્માઓ ભિન્ન છે. સર્વના કર્મો ભિન્ન છે. સર્વનું મુક્તિસ્થાન એક જ છે. સર્વમુક્તિગતાત્માઓની જ્ઞાન-શક્તિ સમાન છે. એમાં કંઈ જ ફેર નથી. પણ જેમ એમ. એ. પાસ થયેલા સઘળાય પ્રોફેસરો બને છે. પણ એ સર્વ એક નથી હોતા. ભિન્ન ભિન્ન હોય છે. તેમ મુક્તિગતાત્માઓ પણ સિદ્ધ-પદના અનંત-ગુણોના ધારક છે. પણ વ્યક્તિત્વથી ભિન્ન ભિન્ન છે અને તે પણ અનંતા છે. આત્માનો ક્રમિક વિકાસ સધાતાં પરિણામોની દશાઓ ભિન્ન ભિન્ન હોય છે. તેનો આછો ખ્યાલ આપતાં ચૌદ ગુણસ્થાનો છે. તેની આછી સમજ અહીં અપાય છે. પછી મુક્તિનું સ્વરૂપ કહેવાશે.

આત્માની પરિણતિ અન્ય અન્ય આત્માઓની અપેક્ષાથી અસંખ્ય પ્રકારની હોય છે. આત્મા સમયે સમયે તીવ્ર મંદ, તીવ્રતમ મંદ, તીવ્રતમ મંદતર પરિણામ દ્વારા વિવશ શુભ અશુભ રસો-વિપાકોનો બંધ કર્યા જ કરે છે. પ્રત્યેક ધર્માનુશાસકોએ એ દશાઓનો વર્ગીકરણ કરતાં અમૂક મર્યાદિત ભૂમિકાઓનો ક્રમ બાંધ્યો છે. કોઈની અજ્ઞાનીની ભૂમિકાઓ અને જ્ઞાનીની ભૂમિકાઓ છે. કોઈની વિશુદ્ધ અને અશુદ્ધ ભૂમિકાઓ છે. તેમાં ક્રમશઃ વિકાસ સાધતો આત્મા છેલ્લી મોક્ષરૂપ સર્વશ્રેષ્ઠ ભૂમિકાને પ્રાપ્ત કરે છે.

આત્મા સંસારથી મુક્ત થઈને ઉર્ધ્વ-ગતિ કરીને સિદ્ધાવસ્થા પામે છે, એ નિરંજનોની નગરી છે. મુક્તિ એ વિશદાત્માઓની પરિષદ્ છે. જ્યાં એક આત્મા છે ત્યાં અનંતજ્ઞાની અનંતાત્માઓ રહી શકે છે. કોઈનાય આત્મ-પ્રદેશો કોઇનાય આત્મ-પ્રદેશને વ્યાઘાત નથી પહોંચાડતા. અનંત કાલ સુધી અનંતાત્માઓ એક અવગાહના સ્પર્શીને રહે છે, પણ કોઇનાય જ્ઞાન-પર્યાયો એકાકાર નથી બનતા. આત્મ-પ્રદેશો પણ ભિન્ન જ રહે. એક ઓરડામાં એક દીપકનો પ્રકાશ હોય છે, અને બીજા લાખ દીપકોનો ત્યાં પ્રકાશ પથરાય તોય પ્રકાશને પ્રસરવાનો અવરોધ થતો નથી. એવી રીતે જ્યાં એક સિદ્ધાત્મા છે, ત્યાં અનંત સિદ્ધાત્માઓ રહે છે. સૌના આત્મ-પ્રદેશોના અનંત જ્ઞાન-પર્યાયો પણ ભિન્ન છે, પણ જ્ઞાન-દર્શન ચારિત્ર, અનંત સુખ અક્ષય-સ્થિતિ, અરૂપી-પણું,

અગુરૂલઘુત્વ, અનંત-વીર્ય આ ગુણો સમાન હોય છે.

લોકના અગ્ર ભાગ પર સિદ્ધના જીવો વસ્યા છે. પીસ્તાલીશ લાખ યોજન પ્રમાણ માનવક્ષેત્ર છે, તેના પર ઢાંકણ જેવી છત્ર જેવી સ્ફટિક રત્નની એ શ્વેત-વર્ણી કોમળ અને ચકચકિત સિદ્ધશિલા છે. કોઇ પણ જીવાત્મા અકર્મા બને ત્યારે એ સિદ્ધશિલાના ઉપર સ્વ-કાયાના પ્રમાણથી ત્રીજા ભાગની આત્મ-પ્રદેશની આકૃતિથી આત્મપ્રદેશો રહે છે. વીતરાગ દેવોએ સિદ્ધાવસ્થાનું વર્ણન અમિત કર્યું છે. પણ અહીં તો સંક્ષિપ્તમાં જણાવાય છે કે-એ પવિત્રતમ આત્મદશા એ આત્માનો મૌલિકસ્વભાવ છે. અજ, અમર, અનંત, અજર, અમેય, અલક્ષ્ય, આત્મધ્યેય, આત્મસાધ્ય, આત્મદશ્ય, સર્વસિદ્ધિનિકેતન, નિરંજન, નિરાકાર, નિર્મમ, નિર્મન્યુ, જ્ઞાન, દર્શન, ચારિત્ર સ્વરૂપ સિદ્ધાવસ્થા પામેલા આત્માઓ સર્વ સૂક્ષ્મ બાદર વ્યક્તાવ્યક્ત ચરાચર પદાર્થોને સમયે સમયે દેખે છે, જાણે છે આત્માના એક એક પ્રદેશમાં અનંત-જ્ઞાનપર્યાય ઝળહળે છે. એટલે જ્યોતિર્મય કહેવાય છે.

દીવા પર આઠ છીદ્રોવાળી ચાલણી ઢાંકો તો એ દીવો દેખાતો બંધ થાય. એનો પ્રકાશ નયનગોચર થતો નથી. દીવો તો જેવો છે તેવો જ પ્રકાશવંત છે જ. પણ એજ ચાલણીના છીદ્રો ખુલી જતાં પ્રત્યક્ષ-સ્વરૂપ તેજોમય દીપક દેખાઇ આવે છે. તેમ કર્મો નાશ થવાથી મહાન આઠ ગુણો પેદા થાય છે. જે આત્માની સાથે એકાકાર જ હતા. પણ પ્રત્યક્ષ સ્વરૂપ આત્મા જાણતો જોતો થઇ જાય છે.

૧-જ્ઞાનાવરણીય કર્મ નાશ થવાથી આત્માનો મૂલ-ગુણ અનંત-જ્ઞાન પ્રગટે છે. જેથી હાથમાં રહેલા આમળાની જેમ ત્રણેય જગતના જડ-ચેતનના પ્રત્યેક ત્રણેય કાલના ભાવેને જાણે છે.

૨-દર્શનાવરણીય કર્મની વર્ગણા આત્માથી વિખુટી જઈ જતાં અનંત-દર્શન પેદા થાય. જેથી લોકાલોકના પદાર્થોને પ્રત્યેક સમયે સ્વભાવથી જ સહજ ભાવે જોઈ શકે છે.

૩-વેદનીય કર્મ નાશ થવાથી અવ્યાબાધ અનંત સુખ આત્માને અનુભવાય છે. જે આત્યંતિક સુખ કહેવાય છે, અને કદીય દુઃખ ત્યાં હોતું નથી.

૪-મોહનીય-કર્મ નાશ થવાથી આકુલ-વ્યાકુલ-તાનો અત્યંત અભાવ થાય છે. યથાખ્યાત ચારિત્ર ક્ષયિકભાવનું સિદ્ધાત્માઓને પ્રગટે છે. જેથી જડ સંયોગોના સંયોગ અને વિયોગની મુંઝવણ ત્યાં હોતી નથી. સદૈવ પ્રસન્નતા છે.

૫-આયુષ્ય-કર્મના નાશ થવાથી અચ્યુતિ ભાવ એટલે કદીય જે સ્થાનમાં છે, જે અવસ્થામાં છે, ત્યાંથી ક્ષય નથી થતો. અજર-અમર બની જવાય છે. સિદ્ધાત્માઓ અક્ષય-સ્થિતિવાળા હોય છે.

૬-નામ કર્મનો નાશ થવાથી અશરીરી પણું-અરૂપી પણું સિદ્ધાત્માઓમાં પ્રગટે છે. જેથી દશ-પ્રાણોનો વિયોગ હોય છે. નામ-કર્મ જવાથી શરીર નથી હોતું. શરીર જવાથી પ્રાણ-વિયોગ હોય છે. પ્રાણ-વિયોગ એટલે મન અને અન્ય ઇંદ્રિયોના સુખ-દુઃખો નાશ થયાં. જેથી સદાનંદીપણું પેદા થયું હોય છે.

૭-ગોત્ર કર્મની વર્ગણાનો અત્યંત નાશ થવાથી આત્મામાં અગુરુ-લઘુત્વ ગુણ જાગે છે, આવિર્ભાવ થાય છે. એટલે કે ઉચ્ચ-નીચના ભેદ પાડનાર કર્મ-નિકંદન નીકળી ગયું. જેથી સર્વોચ્ચ-પદે બિરાજમાન હોય છે.

અંતરાય-કર્મ વિદારણ થવાથી આત્માને અનંત-સામર્થ્ય-બલ-વીર્ય પ્રગટે છે. અર્થાત્ અંતરાય કર્મ ગયું એટલે તેઓના બલ-રોધક તત્ત્વો ઉઠી ગયાં. જેથી સિદ્ધાત્માઓ અનંતબલી કહેવાય છે. ઝગમગ જ્યોતિ સ્વરૂપ સિદ્ધાત્માઓ હોય છે.

કૃત-કૃત્યતા, પૂર્ણાર્થ સિદ્ધિ, પૂર્ણ-સ્વાતંત્ર્ય સિદ્ધાત્માઓમાં જ આવિર્ભાવ થયેલ સદૈવ હોય છે. એક જ સ્થળ, એક જ સ્થિતિ, એક જ દશામાં જ સિદ્ધાત્માઓની અનંત-કાલ સુધી રહેવાની છે.

આત્મા જ્યારે મુક્તિ મેળવે છે ત્યારે જ પૂર્ણ-વિરામ પામે છે. સંસારના નાશવંત સુખો માટે ફાંફાં અનંત-કાલથી માર્યા કરે છે. પણ કોઇ જન્મમાં તૃપ્તિ નથી થતી, નથી થવાની જ. થોડાં બંધનો છુટે એટલે જાણે મને મુક્તિ મલી ગઇ એવી ભ્રાન્તિ ક્ષણભર જન્મે છે, પણ એ મુક્તિ ટકતી નથી. કારણ કે સાત સંધાય છે અને તેર પાછાં તુટે છે. એવી

# અરિહંતની ઓળખાણ

**પૂ૦ મુનિરાજ**
**શ્રી માનતુંગવિજયજી મહારાજ**

જૈનશાસનના મુખ્ય કેન્દ્ર રૂપ શ્રી અરિહંત પરમાત્માને સદા નમસ્કાર હો. જેઓ, પોતાના ભવથી આગળના ત્રીજા ભવમાં, શુધ્ધ સમકિત, આદિ ગુણોની ઉત્તમોત્તમ આરાધન કરીને, તીર્થંકર નામકર્મ નિકાચિત કરે છે. સંસારના નિગોદથી માંડીને અનુત્તર વિમાનના દેવ સુધીના નાના મોટા સર્વ જીવોની ભાવદયા ભાવતાં, સહુને મોક્ષમાર્ગમાં ચઢાવી, મોક્ષનગરમાં પહોંચાડી સંપૂર્ણ સુખી બનાવવાના શ્રેષ્ઠ મનોરથ સેવવા વડે, ઉત્કૃષ્ટ પુન્યાનુબંધી પુન્ય બાંધે છે, એથી, જેમનું અંતિમ જીવન માતાના ગર્ભમાં આવે ત્યારથી પરમપૂજ્ય ગણાય છે, એવા શ્રી અરિહંતદેવના ચરણમાં ભાવથી નમસ્કાર કરનાર પણ મહાપુન્યવાન કહેવાય.

ભવનપતિના વીશ, વ્યંતરના બત્રીશ, જ્યોતિષીના બે, અને વૈમાનિકના દશ, એમ ચારે દેવ નિકાયના મળી ચોસઠે ઇંદ્રો, જેમના ચરણકમળની સેવાને ક્ષણે ક્ષણે ઇચ્છે છે. એમની સેવા વડે પોતાના દેવના સુખને સફળ ગણે છે, હજારોકામ પડતા મૂકી એમની ઉપાસના કરવાની ઉતાવળ કરે છે. અતિશય બહુમાનપૂર્વક ભક્તિ કરીને, સમકિત ગુણની નિર્મળતા કરે છે, તે અરિહંતદેવની આજ્ઞાનું પાલન કરવા, અને શક્તિ મુજબ ભક્તિ કરવા કયો ભવ્ય જીવ સદા તત્પર ન રહે ? એની સેવનામાં ઉણપ આત્માર્થી જીવ કેમ રાખે ?

એમના જીવનના પાંચ દિવસો મહા મહત્વના ગણાય છે. એ પાંચે પ્રસંગે ત્રણે લોકમાં પ્રકાશ થાય છે. ભયંકર અંધારામાં સબડતા નરકલોકમાં પ્રકાશ થાય છે, એ પાંચ પ્રસંગ સર્વ જગતનું કલ્યાણ કરનાર હોવાથી, કલ્યાણક કહેવાય છે. ૧ દેવલોકમાંથી અથવા નરકમાંથી, ત્યાંનો ભવ પૂરો કરીને જ્યારે અહીં માનવલોકમાં માતાના ઉદરમાં આવે તે ચ્યવન કલ્યાણક. ૨ ગર્ભમાં વસવાનો કાળ પૂરો થતાં

---

સંસાર–દશા છે. જડ–ચેતનનો સાચો ભેદ ઓળખાયા પછી મૃત્યુનો ભય હોતો નથી. મૃત્યુનો ભય લાગે તો સમજવું કે હજુ જડ–ચેતનના ભેદને જાણ્યો નથી. મૃત્યુંજય મેળવવો હોય તો અજન્મા બનવું પડશે અજન્મા બનવા માટે મુક્તિને જ પ્રાપ્ત કરવી પડશે.

મુક્તિની તીવ્ર–કામના જાગે, મુક્તિની એકજ અનન્ય પ્રીતિ પ્રગટે, મુક્તિ વિના સંસારની કોઇ પણ ચીજ પર અનુરાગ ન જાગે, સંસારના સુખાવાસો કારમા કારાગૃહ જેવાં દેખાય, સંસારના પ્રત્યેક પદાર્થો કે પ્રવૃત્તિઓ પર અણગમો ઉદ્‌ભવે, ત્યારે જ આત્મા નિર્વેદ પામે છે. નિર્વેદ એ જ સંયમ–રસને ચખાડે છે. વિશુદ્ધ–નિરતિચાર ચારિત્રપાલન થતાં આત્મા ચૌદ ભૂમિકાઓની સીડી શ્રીમાન્ ગૌતમસ્વામી અષ્ટાપદ પર ચડયા તેવી રીતે સડસડાટ ચડી જાય છે. આત્માને સ્વ–સ્વરૂપ સમજાય પછી પરનો પરિત્યાગ સહજ બની જાય છે. શરીરનો મલ ઉખડતાં હું વજનમાં ઘટી જઇશ એવી ચિંતા મૂઢનેય પણ નથી થતી. એ સમજે છે કે, શરીર અને મલ જુદા છે. બહિરાત્મભાવનો ત્યાગ અને અંતરાત્માની ખીલવટ થઇ જાય તો પછી સત્ય–મોક્ષપ્રાપ્તિનો જ માર્ગ સુઝે છે, અને આરાધાય છે, આચરાય છે, વિચાર, વાણી અને વર્તન ત્રણેયમાં માત્ર મોક્ષ–કામના જ ટળવળે છે.

માતાના ઉદરથી પીડારહિતપણે કોઈને પણ પીડા ન ઉપજાવે એવી રીતે જન્મ થાય તે જન્મકલ્યાણક. ૩ અવધિજ્ઞાનથી પોતાના દીક્ષાના અવસરને જાણી સર્વ ત્યજી સાધુજીવન સ્વીકારે તે દીક્ષાકલ્યાણક. ૪ ઉત્કૃષ્ટ સંયમની સાધનાવડે યોગ્ય તપશ્ચર્યાના આચરણવડે પરિસહ અને ઉપસર્ગોને પરમ ક્ષમાવડે સમતારસમાં લીન થઇ સહન કરીને ચાર ઘાતિ કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રગટ થાય તે કેવળજ્ઞાન કલ્યાણક. ૫ જીવને કેવળજ્ઞાન થવા છતાં પણ સંસારમાં રોકી રાખનાર એવાં ચાર અઘાતિકર્મનો ક્ષય કરી સંપૂર્ણ સિદ્ધદશા પામે, છેલ્લું શરીર ત્યજી દેહાતીત દશા પ્રાપ્ત કરી સાદિ અનંતકાળ શાશ્વત સ્થાનમાં વાસ કરે એ નિર્વાણકલ્યાણક. આ પાંચે કલ્યાણકોની એક સરખી રીતે આરાધના કરવા લાયક છે.

એ અરિહંત પરમાત્માના તે તે ઉત્તમ જીવન પ્રસંગના સંભારણાં ભાવુક જીવોના હૈયામાં આનંદના ઉભરા લાવે, એવા અરિહંતદેવની શુદ્ધભાવે સેવા કરવાની તક જવા દે, એ ઘણું ગુમાવનાર કહેવાય. અરિહંતદેવના અનંત ઉપકારને યાદ કરનાર તો એ જ વિચારે કે–પૂર્વના અનંત ભવો એ પરમહિતકારક દેવની ઓળખાણ વિના અને સેવાથી વંચિત રહીને એળે વીતાવ્યા છે, પણ આ ભવ એમને એમ જવા દેવો નથી, એ પરમ કલ્યાણ દાતાર, જગત ઉપકારી વીતરાગદેવને હૈયામાં વસાવવા પૂરતો પુરૂષાર્થ આ જીવનમાં અવશ્ય કરી લેવો છે, જેથી કોઇ પણ ભવમાં એ પરમ દયાળુ નાથનો વિયોગ ન થાય.

એ પરમાત્માને જન્મથી ચાર અતિશય હોય છે. દુનિયાના કોઇ પણ જીવમાં ન સંભવે એવા વિશિષ્ટ ગુણો એમના જીવનમાં પળે પળે ઝળકતા હોય છે. આવા જિનેશ્વરદેવને નમસ્કાર કરવા વડે જીવના અનેક જન્મના પાપોનો ક્ષય થાય છે. એમનું ભોગજીવન પણ એટલું નિર્લેપ દશાવાળું હોય છે, કે ભોગ પણ કર્મને ખપાવવા માટે જ ભોગવે છે. ભોગનો ભોગવટો સંસારી પ્રાણીમાત્રને આસક્તિ પેદા કરીને ચીકણા કર્મ બંધાવી ચાર ગતિમાં રઝળનાર થાય, એ જ ભોગો ભગવાનને કર્મ ખપાવવામાં સહાયક થાય, એ તેઓશ્રીના પરમ પૂજ્ય જીવનની અતિ અદ્ભૂત ઘટના છે.

જ્ઞાનદૃષ્ટિવડે ક્ષણ ક્ષણ જાગૃતિવાળા અને સંપૂર્ણ ઔચિત્યથી ભરેલા એમના જીવનની સર્વ કરણીની પ્રશંસા કરતા કરતા ભલભલા તત્ત્વવેદીઓ પણ થાકી જાય એમ છે. મોટા મોટા પુરૂષો પણ જ્યારે એ સ્વામીના ગુણગાન ગાવા તૈયાર થાય છે ત્યારે એ પોતાની અશક્તિને જાહેર કરતાં જણાવે છે કે 'અનંત ગુણના સાગર એ અરિહંતદેવના ગુણ ગાવાની શક્તિ કોઈનામાં પણ નથી, કેવળજ્ઞાની પણ એમના ગુણ જાણે, પણ વચનથી કહી શકે નહિ તો પછી મારા જેવા અલ્પ બુધ્ધિવાળાનું શું ગજું છે ? છતાં "સારા કાર્યમાં શક્તિ મુજબ પ્રયત્ન કરવો જોઇએ" એ મહાપુરૂષોની શિખામણને લક્ષ્યમાં લઇને હું કાંઇક ગુણોના અંશોને કહેવા તૈયાર થયો છું.

અસીમ ઉપકાર કરનારા એ અરિહંતદેવના ઉપકારનો બદલો અનંત ભવો સુધી જીવનની સર્વ સામગ્રીઓ અર્પિત કરવા છતાં પણ વળી શકે તેમ નથી, એવું વિચારી પોતાની તન, મન, ધન આદિ સર્વ શક્તિ એમની સેવામાં લગાડી દેવાની શુદ્ધ ભાવનાપૂર્વક એમની આજ્ઞાના પાલનનું ધ્યાન રાખી એમના માર્ગની આરાધના કરવી એ જ વિવેકી જીવોનું કર્તવ્ય રહે છે.

નવપદમાં પહેલે પદે બિરાજમાન ઉજ્જવળ વર્ણવંત બાર ગુણને ધરનાર શ્રી અરિહંતપદને કોટિ કોટિ વાર નમસ્કાર હોજો.

# બાલકોના સંસ્કારો માટે જાગતા રહો !

—૦ પૂ૦ મુનિરાજ શ્રી કરુણાવિજયજી મહારાજ ૦—

**વર્તમાનયુગ સુસંસ્કારોની વાવણી માટે ખુબ જ પ્રતિકુળ છે, આવા કાળે પણ જીવનનાં અમૃત-તત્ત્વરૂપ સંસ્કારો નવી પેઢીને આપવા એ દેશ, સમાજ, તથા ધર્મદૃષ્ટિએ લાભદાયી છે, આ હકીકત મનનીય પદ્ધતિએ રચનાત્મક શૈલીએ પૂ૦ મહારાજશ્રી અહિં રજુ કરે છે.**

માનવ એ મહાન છે, પણ જો સંસ્કાર-યુક્ત હોય તો જ. જયારે સમય બદલાય છે ત્યારે માનવના સંસ્કાર બદલાય છે ખરા ? સમયનું પરિવર્તન થાય છે ત્યારે માનવના સંસ્કારનું પરિવર્તન થાય છે.

છતાં તેમાં અપવાદ પણ હોય છે. આવા કપરા કાળમાં પણ સર્વજ્ઞ પ્રભુ મહાવીરના ઉપ-દેશની અસર સિવાય પોતાનાં સારા સંસ્કારો જાળવી રહ્યા છે.

વિશિષ્ટ સંતોની, વિશિષ્ટ મનોબળવાળા માનવોની અસર હંમેશા અનેકના જીવન ઉપર પડે છે, અને સુંદર સંસ્કારરૂપે પ્રકટે છે.

મહાપુરુષોનો—સંતોનો પ્રભાવ જનકલ્યાણ માટે છે. આજે સમાજ ઉપર એક માત્ર પ્રભાવ ચારિત્રશીલ સંતોનો છે, એ નિર્વિવાદ જ છે.

જગતના હિતને માટે કામ કરનારા થોડા હોય છે, વાતા કરનારા ઘણા નિકળે છે. એટલે સંસ્કારની વાતો કરવા કરતાં એક પણ સુ-સંસ્કારનું વાવેતર કરવું તે સાર્થક છે.

સંસ્કારનું વાવેતર કદીપણ નિષ્ફળ જતું નથી સંસ્કાર એ માનવનું અમૂલું ધન છે, ઉચ્ચતાના પંથનું પગથીયું છે, એમ જે જાણે છે; તે અવશ્ય નીચેની બાબતોનો ગંભીરપણે વિચાર કરશે.

આવતી પેઢીને માટે સારા સંસ્કારો રોપવા માટે સામાન્ય રીતે બાલ્યાવસ્થા જ શ્રેષ્ઠ છે. બાલ્યકાળ તે એવું દર્પણ છે, કે—તેમાં જેવું પ્રતિબિંબ પાડવું હોય તેવું પડી શકે છે. બીજી રીતે કહીએ તો—

જયાં સુધી માટી કાચી હોય ત્યાં સુધી જ કુંભાર ધાર્યા ઘાટ ઘડી શકે છે. પણ ભઠ્ઠીમાં પકાવ્યા પછી બગડેલા ઘાટને સુધારી શકશે નહિ. એવી જ રીતે કુમળા મનના બાળકોને બાલ્યાવસ્થામાં જેવા સંસ્કાર આપીને ઘડીએ તેવા જ તે ઉત્તમ થાય છે, પણ ખરાબ સંસ્કાર પાડયા પછી સારા સંસ્કાર પાડવા, તે " પારાને મારવા જેવું કપરૂં કાર્ય છે. "

બાલ્યાવસ્થારૂપી મેદાનમાં ખરાબ સંસ્કારના વાવાઝોડા વાય છે ત્યારે ડહાપણના (પ્રજ્ઞાના) દીવડા ઓલવાઈ જાય છે, પછી પ્રગતિનો પંથ સૂઝતો નથી.

બાલ્યકાળરૂપી નૌકામાં સુ-સંસ્કારરૂપી સુંદર સૂકાન ન હોય તો તે જીવનનૈયા હાથમાં રહેતી નથી. અને કુસંસ્કારના ભયંકર ખડકો સાથે ટકરાઈને તેના ચૂરેચૂરા થઇ જાય છે.

આજના યુગ પર અનેક કુ-સંસ્કારોની અસર પડી રહી છે.

આજના બાળકો પર પણ અનેક ખરાબ સંસ્કારો પડી રહ્યા છે.

સમયની અસરથી પર તો જે દૃઢ મનોબળવાળા છે, જે ચારિત્રશીલ છે, તે જ રહી શકે છે.

તૃષ્ણામાંથી ત્યાગમાં, ક્રોધમાંથી શાન્તિમાં, અભિમાનમાંથી સરલતામાં, મોહમાંથી વૈરાગ્યમાં પ્રવેશ કરાવવા માટે એક વ્યવસ્થિત યોજનાબદ્ધ કામ કરવામાં આવે તો આત્માનું સૌંદર્ય, સમાજનું સૌંદર્ય સ્પષ્ટ દેખાઈ આવશે, અને એના માટે થોડાં ભયસ્થાનો પાર કરવાં પડશે.

સર્વાંગી વિકાસ માટે આપણી આવતી પેઢીને નીચે પ્રમાણે તૈયાર કરવી પડશે. અનેક યોજના પૈકી એક યોજના આવી છેઃ—

(૧) પ્રથમ આપણા બાળકોને તૈયાર કરવા જોઈએ, એનામાં ધાર્મિક સંસ્કારો ઓતપ્રોત થાય તે માટે એવા પુસ્તકો તૈયાર કરાવી શાળા-પાઠશાળામાં વાંચન માટે પ્રેરણા કરવી. યોગ્ય આચારશીલ શિક્ષકો તૈયાર કરવા, જેથી તેઓ બાળકોમાં ધર્મ-નીતિ-સદ્‌ગુણો ઉપર પ્રેમભાવ ઇત્યાદિ ઉતરે તેની કાળજી રાખે. એ માટે ઠેર-ઠેર એવી આદર્શ પાઠશાળા તૈયાર કરવામાં આવે.

(૨) આજની સિનેમા-નાટકની સૃષ્ટિની તેના પર ખરાબ છાપ ન પડે તે માટે વ્યવસ્થિત તેના પ્રત્યેના અણગમાનો પ્રચાર કરી તેને તે સિનેમાના અશ્લીલ દૃશ્યોથી દૂર રહેવા સમજાવે.

સિનેમા એ આત્મા માટે કે કાયા માટે, દેશ માટે કે સમાજ માટે ભયંકર બદી છે, એવું બચપણથી જ તેના મન ઉપર ઠસાવવામાં આવે.

(૩) વ્યસનો જેવા કે બીડી-સીગારેટ, ચા-પાન ઇત્યાદિ પ્રત્યે ઘૃણા ઉદ્‌ભવે એવી


આપના ધંધાની જા+ખ
આપી સહકાર
આપો.
'કલ્યાણ' માસિકની
૨૮૦૦ નકલ
પ્રગટ થાય છે.
જા+ખ ના ભાવ
કાગળ-પ્રીન્ટીંગ પુરતા જ છે.


કથા-વાર્તા એમને કહેવામાં આવે તેમજ તેના દેખતાં વડિલોએ તે વ્યસનો ન જ સેવવા જોઇએ.

(૪) ચારિત્રના ભયસ્થાનરૂપ મુક્ત સહચાર એ કેટલી ખતરનાક વસ્તુ છે ? તે સમજાવવામાં આવે.

(૫) વડિલો પ્રત્યે, દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે રાગી બને અને વિનયથી તેમનું બહુમાન રાખે એવા સંસ્કાર રોપવા.

(૬) ઘરની અંદર તેના મન પર એવી છાપ ન પડવા દેવી જોઇએ કે તે હીણો છે, માયકાંગલો છે, રોતલ છે, બુધ્ધુ છે, નકામો છે તદુપરાંત તેનામાં આત્મવિશ્વાસ જાગે, માત-પિતા પ્રત્યે પ્રેમભાવ જાગે, ધાર્મિક કાર્યો પ્રત્યે મમત્વ જાગે તેવું વાતાવરણ સર્જવું જોઇએ.

(૭) બાળકોને હંમેશા એવા સ્થાનમાં અભ્યાસ માટે રાખવામાં આવે કે તેનું મન પ્રફુલ્લિત રહે, જ્ઞાન પ્રત્યે બહુમાન થાય અને તેના મન ઉપર બોજો ન આવે.

(૮) બાળકોને હંમેશા ચિત્રોનો, સંગીતનો, નૃત્યનો, લેખનનો, પર્યટનનો, કુતૂહલથી જોવાનો, અનુકરણ કરવાનો ઘણો શોખ હોય છે. તેની તે તે શક્તિને પ્રોત્સાહન આપીને યોગ્ય માર્ગે વાળી શકાય, જેમ કે—ચિત્રો દોરવાના શોખીનને પ્રભુના–કુદરતના સુંદર ચિત્રો દોરાવવાં, સંગીતને માટે પ્રભુ સન્મુખ ગંભીર મધુર સ્વરથી ગાય તેવા ગીતો શીખવવા. પ્રભુ આગળ નૃત્ય કરે, લેખનની શક્તિવાળાને સુંદર વિચારવાળા હસ્તલેખિત મેગેઝીન કાઢવાની પ્રેરણા કરી શકાય. પર્યટનના શોખીનોને તીર્થયાત્રા કરાવી ભાવોલ્લાસ વધારી શકાય. ઉપરાંત ચર્ચાસભાઓ યોજવામાં આવે જેમાં ધર્મ–નીતિ વિષયો રાખી તેમનું જ્ઞાન વધારવું. સમૂહભાવના ઉદ્ભવે તે માટે સમૂહપ્રાર્થના, સમૂહગીત, સમૂહરાગે રંજન કાર્યક્રમ શિસ્તબધ્ધ કરે તે શિખવવું તેમજ એકરાગે એક જ રીતે આવશ્યક પ્રતિક્રમણાદિ ક્રિયાઓ કરે તો કેવો આત્મામાં આનંદ આવે તે સમજાવવું.

(૯) અસભ્ય શબ્દો, અસભ્ય ક્રિયા બાળકોના દેખતાં ન જ કરવી તે વડિલોની પ્રથમ ફરજ છે. આવી આદર્શયુક્ત શાળા ઠેર ઠેર થાય તો બીજા પણ તેનો દાખલો લે અને સમાજનું વાતાવરણ રમ્ય બની જાય. ટૂંકમાં સમયની ખરાબ અસરોથી બચાવનાર વિશિષ્ટ સંતો ચારિત્રશીલ માનવો જ છે, તેના સાન્નિધ્યથી માનવો ધારે તો મહાન બની શકે, અને તે માટે પ્રથમ બાળકોને તૈયાર કરવા પડે અને તેનામાં આવી મહત્ત્વાકાંક્ષા રેડે અને સો નિઃસ્વાર્થભાવે કર્તવ્યની દિશામાં કુચ–કદમ કરે તો જીવનનું સાચું અમૃત જે સંસ્કાર તેનાથી માનવીનું જીવન ઉજ્જવળ બની જાય.


## जैन भाइओने खुश–खबर

केशर, कस्तुरी ,अंबर, बरास, कपुर, दशांगधुप, सोना–चांदीना वरख, बादलुं, कटोरी; अगरबती, सुखड तथा दरेक जातना उंचा पीपरामूळ, अेलची, अने माळ–प्रतिष्ठा वगेरे पवित्र अनुष्ठानोमां वपराती वस्तुओ अमारे त्यांथी खात्रीपूर्वक अने व्याजबी भावे मळशे. अेक वखत अमारी दुकाने पधारी खात्री करवा विनंती छे.

**शाह शांतिलाल ओधवजीनी कुं०** ३१७, जुमामस्जीद, मुंबइ–२.

## જૈન દહેરાસરો માટે જરૂરી

અમો ચક્ષુટીકા, અંગીઆ, શ્રીવત્સ, બપૈયા, વગેરે બનાવી આપીએ છીએ. તેમજ જુના રીપેર કરી આપીએ છીએ.

મળો યા લખો :–

**રમણલાલ નાથાલાલ**

[ નાથાલાલ કેવળદાસ ચક્ષુટીકાવાળા ]

ડોશીવાડાની પોળ, **અમદાવાદ.**

દહેરાસરો માટે સ્પેશીયલ સુવાસિત

## દિવ્ય અગરબત્તી
તથા
## કાશ્મીરી અગરબત્તી

પવિત્ર અને સુંદર વાતાવરણ સર્જે છે.

નમુના માટે લખો–

**ધી નડીઆદ અગરબત્તી વર્કસ**

ઠે. સ્ટેશન રોડ, **નડીઆદ** (ગુજરાત)

# જ્ઞાન ગોચરી

**માસિકો, પાક્ષિકો તથા સાપ્તાહિકો અને દૈનિકપત્રોમાંથી તેમજ પ્રસિદ્ધ થતાં પુસ્તકોમાંથી મનન-ચિંતન તથા બોધક જીવનોપયોગી સાહિત્ય વીણી-વીણીને આ વિભાગમાં યથાવસરે મૂકવામાં આવે છે. 'કલ્યાણ'ના આ વિભાગમાં રસ ધરાવનારાઓને પ્રસિદ્ધ થતાં પત્રો તથા પુસ્તકોમાંથી ઉપયોગી સામગ્રી પ્રાપ્ત થતી રહે છે.**

**તે તે પત્રો તથા પુસ્તકોના પ્રકાશકો, લેખકો ને સંપાદકોના આભાર સાથે અમે આ વિભાગમાં 'સાત્ત્વિક' સાહિત્યનો રસથાળ ધરીએ છીએ !**

## मैत्रेण ईक्षस्व चक्षुषा

આંખ એ શરીરનો શણગાર જ માત્ર નથી; જીવન-રથનો પથ-દીપ છે, અને એથીયે વધુ તો એ આત્માની આરસી છે. આત્માનું પ્રતિબિંબ સીધું ક્યાંય દેખાતું હોય, તો તે આંખમાં જ દેખાય છે. સંસ્કૃતિની આખીયે સમૃદ્ધિ, અને વિકૃતિનો સઘળો યે સરંજામ આંખમાં વરતાય છે. શરીરમાં કેટલી ગરમી છે તે જેમ જ્વરમાપક શીશી વડે જોઈ શકાય છે, તેમ આત્મામાં ક્યાં ક્યાં સત્ત્વો છે તે આંખમાં દેખી શકાય છે. વળી આંખમાં જે કંઇ હોય તે છુપાવીને બીજું જ કંઇ બતાવવાની ફાવટ જો આંખના ધણીમાં આવી ગઈ હોય, તો તે દંભ પણ આંખના પારખુઓથી અણપીછયો નથી રહેતો. કોઇ કોઇ અંગ્રેજ કવિએ આંખને 'આત્માની બારી' તરીકે સમુચિત રીતે જ ઓળખાવી છે. એ બારી વાટે ઘરધણી જેમ જગતને જોઈ શકે છે, તેમ જગત પણ બહાર ઉભાં ઉભાં ઘરની અંદર શું શું ચાલી રહ્યું છે? તે જોઇ શકે છે.

જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ એ કહેવત પ્રસિદ્ધ છે. પણ દૃષ્ટિનો પોતાનો આધાર આત્માની સૃષ્ટિ ઉપર છે. એ સૃષ્ટિ જ દૃષ્ટિને ઘડે છે. કમળાવાળી આંખ બધું જ પીળું દેખતી હશે, પણ આંખમાં કમળો આવે ક્યારે? જો આખા શરીરમાં એ વ્યાપી ગયો હોય તો સ્તો ? વ્યાધિ કે આરોગ્ય, શક્તિ કે નિર્બળતા—આત્મામાંજ વ્યાપ્ત છે. આંખ તો ફક્ત અંદરના એ વસનારાનું પ્રતિબિંબ ઝીલે છે.

આવી આ આંખને અનુલક્ષીને, આ લેખને મથાળે મુકાયલા શબ્દો રામાયણમાં ઉચ્ચારાયેલા છે. મિત્રના ચક્ષુથી તું જો. જગતને તું મિત્રની આંખોએ નિહાળ-પણ સવાલ એ છે કે મિત્રની આંખ એટલે કેવી આંખ ?

મિત્ર કઇ આંખે પોતાના મિત્રને જુએ છે ? ઇર્ષ્યા અને ક્રોધની આંખે? શંકા અને ભયની આંખે? ના, મિત્રની આંખમાં પ્રેમ સાર્વભૌમ છે. સહાનુભૂતિ સર્વ પ્રથમ છે. મિત્રને સમજવાની જ માત્ર નહિ, સમજ્યા પછી તેની સાથે એકમત થવાની મિત્રમાં તાલાવેલી છે; અને એવી એકમતતા સાધી ન શકાય ત્યાં બંનેનાં દૃષ્ટિબિંદુઓને શક્ય તેટલા નજીક આણવાની તમન્ના તો છે જ. સારા-માઠા પ્રસંગોએ મિત્રની પડખે તન-મન-ધનથી ઉભા રહેવાની લગની મિત્રમાં સાહજિક છે. મિત્રની સિદ્ધિઓ નિહાળીને મિત્ર રાજી થાય છે. અને તે એટલે સુધી કે સિદ્ધિઓ જાણે તેની પોતાની જ ન હોય એમ મિત્ર એમાં કૃતકૃત્યતા પણ અનુભવે છે. મિત્રની ભૂલો મિત્રને મન વસતી નથી. અને વસે છે તો મિત્ર એ ભૂલો પ્રત્યે ઉદારવૃત્તિ અને ઉપેક્ષાઓ સેવે છે; અને મિત્રની નિષ્ફળતાઓ જોઇને તો મિત્રને દુઃખ જ થાય છે.

જગતને જોવા માટેની આપણી દૃષ્ટિને આપણે આવી બનાવીએ તો જગત કેટલું સુધરી જાય ?

પણ મિત્ર શબ્દનો સંસ્કૃતમાં 'દોસ્ત' ઉપરાંત એક બીજો અર્થ પણ થાય છે. સંસ્કૃતમાં મિત્ર સૂર્યને પણ કહે છે. કેટલો યોગ્ય છે આ અર્થ? જગતનો સૌથી મોટો મિત્ર સૂર્ય જ છે. ને ! સૂર્યના કારણે જ જગતમાં અજવાળું છે ઉષ્મા છે, જીવન છે અને આશા છે. સૂર્યનો એક ગુણ તેની નિષ્પક્ષતા

છે. સૂર્ય દ્વંદ્વથી પર છે. ઉચ્ચ-નીચ, રાય-રંક, શ્યામ-શ્વેત, સ્પૃશ્ય-અસ્પૃશ્ય કોઇ પણ જાતના ભેદભાવ વગર એ સર્વત્ર એક સરખા તેજથી પ્રકાશે છે, સૌને એક સરખી નિષ્ઠાથી પોતાની કિરણ-સમૃદ્ધિનો લાભ આપે છે. મનુષ્યો પોતાની આંખોમાં સૂર્યની આ સમદૃષ્ટિ સિંચે તો પૃથ્વીમાંથી કેટલાં યે અનિષ્ટો આપોઆપ અદૃશ્ય થઇ જાય.

જગતને જોવાની ઘણીએ દૃષ્ટિઓ છે. કોઇ એને શિકારીની હિંસક દૃષ્ટિએ જુએ છે, તો કોઇ એને શિકારીની ભય-ગ્રસ્ત આંખે જ સદા જોતા ફરે છે; કોઈની આંખમાં લંપટતાનું ચકળવળકપણું છે, તો કોઇ આંખમાં વળી લોભની કઠોરતા છે; કયાંક જડતાની ગતિ શૂન્યતા તો કયાંક અવ્યવસ્થિત અતિપ્રવૃત્તિની વ્યગ્રતા, કયાંક લૂંટારાની રૂધિરતરસ, તો કયાંક લૂંટાયલાઓની વ્યથિત અશ્રુધારા, કયાંક પ્રપંચપટુઓની શઠતા તો કયાંક ગાફેલોની લાચારી આંખે આંખે અળગા અળગા ભાવો-અને એ બધા ભાવો મળીને જગત પ્રત્યે એટલો ઉગ્ર અભાવો ઊભો કરે કે પૃથ્વી પર નજર નાખો, તો નરક જ જાણે સાક્ષાત્ ઉતર્યું હોય એમ લાગે ?

અણુશસ્ત્રોના આજના યુગમાં જગતની આંખ, વિનાશની આગ પોતાનામાં ભરીને, ચારે કોર-ના ચારેકોર જ ફક્ત નહિ, દશે દિશાઓમાં જોઈ રહી છે. વ્યક્તિ સમુદાયોની ભીંસ નીચે વ્યક્તિત્વ શૂન્ય બની રહી છે, અને રાષ્ટ્રો તથા રાષ્ટ્રસમુદાયો અરસપરસ શંકા, ભય, વિદ્વેષ અને સંહારનો લાવા ઉછાળી રહ્યાં છે—એવે વખતે રામાયણનો આ સંદેશ કેટલો પ્રેરક અને પાવક લાગે છે કે-मैत्रेणेक्षस्व चक्षुषा ।

( અખંડ આનંદ ) શ્રી પદ્મ

## લોભી ગુરુ ને લાલચુ ચેલા

**રતિલાલ 'અનિલ'**

હમણાં જ શિરાવીને ખેતરના માંચડા પર બેઠેલા રામજી પટેલ હુક્કો ગગડાવતા ઊંડા વિચારમાં ડૂબી ગયા હતા. 'આ વરસે કંઈક ઊંચા અવાશે એવું ધારતો'તો, ત્યાં તો ઊલટું જ થયું, આ વરસે ચકલીઓ ઝાઝી આવી, મોલને ઠીકઠીક નુકશાન કર્યું;


❀

**શુભેચ્છકોને**

**'કલ્યાણ' સમાજ, સાહિત્ય અને ધર્મની સેવા કાજે પ્રગટ થાય છે. આપશ્રી આપના લાગતાવળગતાને ગ્રાહક થવા જરૂર ભલામણ કરશો અને એ રીતે 'કલ્યાણ' ને સાથ આપશો.**

❀


વરસાદે ય પાધરો ન પડયો. તો ય ભગવાનની મે'ર કે થોડુંઘણું પાકયું. તેમાંથી વાણિયો કરજ પેટે કેટલુંક અનાજ લઇ ગયો, કેટલુંક મહેસૂલ ભરવા માટે વેચવું પડયું—બાકી રહ્યું છે તે ય થોડા મહિના ચાલશે; આખું વરસ કોણ જાણે કેમ જશે !'

...અને ફરી હુક્કાનો જોરથી એક દમ માર્યો, ત્યાં તો એમના કાને રૂપિયા ખખડવાનો અવાજ આવ્યો ને રામજી પટેલ ચોંકયા. ચારે તરફ નજર કરી તો વાડની ઓથમાં એક સાધુ રૂપિયા ગણતો હતો ! રામજી પટેલ તો અચંબાથી જોઇ જ રહ્યા ! આ તો ભારે કૌતુક ! મારા જેવા સંસારી પૈસેટકે બાવા થયા, ને આ બાવા પાસે લક્ષ્મી !

બાવાએ પૂરા સો રૂપિયા ગણી લીધા પછી માથેથી જટા બાંધવા વીંટાળેલું કપડું કાઢી તેને છેડે રૂપિયા બાંધી ફરી માથે કપડું વીંટાળી દીધું—રૂપિયાની કોથળી છુપાવીને.

રામજી પટેલ ફરી વિચારમાં ગૂંથાઇને હુક્કો ગગડાવવા લાગ્યા ત્યાં તો થોડી વારમાં "બમ ભોલા ! ભગત, કુછ દેગા ?" કરતો બાવો તેની સામે આવીને ઉભો.

રામજી પટેલને મનમાં તો એવો ગુસ્સો ચઢયો

કે ન પૂછો વાત: ગાંઠે સો રૂપિયાની રકમ બાંધી છે તોય ધરાતો નથી! આવાને તો બરાબર સીધા કરવા જોઈએ, એના મનમાં એક વિચાર આવ્યો.

"આવો આવો, મહારાજ! ભગવાને જ તમને મોકલી આપ્યા લાગે છે, મહારાજ, ચાલો ઘરે; જમીને દક્ષિણા લઇને જજો!"

"ભગત, ખાનેકી ઈચ્છા નહીં હૈ, દછના દો તો હમ ચલે!"

"બાપજી, એમ શું કરો છો? દક્ષિણાયે આપીશું, પણ જમાડયા પછી."

"કયા દોગે?"

"બાપજી, અમે તો સાધુને જમાડીને રૂપિયો દઈએ—અમારા ગજા પ્રમાણે, આજે અગિયારસ છે ને પટલાણીને વરત છે કે એક સાધુને જમાડીને જ જમવું—હજી એ ઘરે ભૂખી બેઠી કોઈ સાધુની રાહ જોતી હશે; ચાલો મારા ઘરે."

બાવાને ભૂખ તો લગારેય નહતી, પણ રૂપિયો એક દક્ષિણા મળે એ કેમ જતી કરાય? એ તો ચાલ્યો રામજી પટેલ સાથે એના ઘરે.

ઘેર પહોંચીને રામજી પટેલે પટલાણીને ઝટ ઝટ લાપસી-ભજિયાનું જમણ તૈયાર કરવાનું કહ્યું અને પોતે શેરીના ભગતબાપા પાસેથી ચલમ-ગાંજો લઈ આવી સાધુને આપ્યાં. વાતોના તડાકા ચાલ્યા, સાધુ કંઈ બોલે ને રામજી પટેલ અર્ધા અર્ધા થઈ જાય, બાવો મનમાં વિચારે: 'આવા ભગત તો આ કળીયુગમાં બહુ ઓછા!' ત્યાં પટલાણીએ સાદ કર્યો: 'એ ચાલો જમવા, રસોઈ થઇ ગઈ!..."

અને બાવાજી જમી-પરવારીને બેઠા. પટેલે સોપારી દીધી તે ખાઇને બાવાજીએ ગાંજાના દમ પણ માર્યા, અને પટેલ કયારે દક્ષિણા આપે અને જાઉં એની રાહ જોવા લાગ્યા.

પટેલના પાડોશીઓ પણ, કોઈ યોગી મહારાજ આવ્યા છે જાણી ભેગા થયા હતા. ત્યાં પટેલે હાક મારી: "એ પટલાણી, મહારાજ ખોટી થાય છે; જો, જારના આ મોટા ગોળામાં દોણી મૂકી છે તેમાં રૂપિયા છે, તેમાંથી મહારાજ માટે દક્ષિણાનો રૂપિયો ને સીધું લાવ."

પટલાણી આવ્યાં ને જારના ગોળામાં દોણીમાં હાથ નાખ્યો ને ચીસ પાડી ઊઠયાં: "અરે, આમાં તો એક પાઇયે નથી!"

"હેં! શું કહે છે? બરાબર જો, મેં ગણીને એમાં સો રૂપિયા મૂકયા છે."

"હું શું જુઠું બોલું છું? તમે જ જુઓને, એક પાઇયે નથી."

પટેલ ઊઠયા ને જોયું તો ખરેખર, દોણીમાં એક પાઈ પણ નહતી!

"પટેલ તમે કયારે રૂપિયા મૂકેલા?" ત્યાં હાજર પાડોશીએ પૂછયું.

"અરે ભાઇ, મૂકેલા તો કે દિ'ના પણ આજે સવારે જ મેં પૂરા સો રૂપિયા ગણી જોયેલા. એ રકમ મેં વાણિયાને દેવા માટે જુદી જ રાખેલી."

"ત્યારે સવાર પછી બીજું કોઇ આવેલું ખરૂં કે?"

"અરે ભાઇ, કોઇએ નહીં! હું ને પટલાણી તો ઘરનાં. બહારમાં તો આ મહારાજ સિવાય કોઈ આવ્યું જ નથી."

"બાવાજીની તપાસ કરો અલ્યા—" પાડોશી બોલી ઊઠયો.

"ના ના..." પટેલે કહ્યું.

"એમ તો સાધુના રૂપમાં કંઈ કેટલાય ઢંગ ચાલ્યા આવે છે. લાવ હું જ તપાસું." કહીને પડોશી તો બાવાનો સર-સામાન તપાસવા લાગ્યો. ઝોળી જોઇ તો કંઈ ન મળ્યું, કમંડળમાંથી યે કશું ન મળ્યું. બધું તપાસ્યું, પણ કંઈ ન મળ્યું ત્યારે રામજી પટેલ બોલી ઊઠયા: "ભાઇ બસ થયું હવે. મહારાજ કંઈ એવું કરે? બધું તપાસ્યું તો તપાસ્યું, માથાબાંધણું ન ઉતરાવશો—આવેલા અભ્યાગતનું આવું અપમાન ન થાય."

"હા, 'લ્યા, તપાસો ફેંટા—" એ કહેતાં જ પાડોશીએ બાવાજીના માથે બાંધેલું કપડું કાઢયું તો છેડે ખાસ્સું વજન!

"અલ્યા, આ રહ્યા રૂપિયા!" પાડોશી ને શેરીના બીજા માણસો બોલી ઉઠયા.

બાવાજીનું તો મોઢું પહોળું થઇ ગયું.

"અલ્યા, મેં નો'તું કહ્યું ? આ બાવાને વેશે ઠગ લોકો નીકળી પડે છે. આવા ભામટાને તો કોઇ દી ઘરમાં ન ઘાલવા. છે ને પૂરા એક સો રૂપિયા ! મારો...."

"ના, ના, ભાઇ એવું ન કરો ! એકાદશીનો દી છે. હશે, જે થયું તે થયું... મા'રાજ, કોઇ દી આવું ન કરતા, બીજો કો'ક મળશે ને તો ગુડી નાખશે," રામજી પટેલે ઠાવકા થઈને કહ્યું.

સાધુ મહારાજ એક ભારે નિસાસો નાખીને ઊઠયા. રામજી પટેલે પૂછયું: "મહારાજ ફરી કયારે આવશો ?"

"દુસરા સો રૂપિયા જમા હોગા તબ." કહીને ભારે હૈયે 'હે ભોળાનાથ !' નો પાઠ કરતા બાવાજી ચાલ્યા.

ખરેખર સંસારમાં લોભી સાધુઓને આવા લાલચુ ભગતો મલે છે, ને એનું લૂંટી લે છે. માટે લોભને સંસારત્યાગીએ ત્યજી દેવો જરૂરી છે.

( પ્યારા બાપુ )

## જમાનાનાં મૂલ્ય ફેરી ગયાં

રોજ રોજ સૂકાએલી છાતી બહાર કાઢીને, હાથમાં ચોપડીઓનો ગંજ લઇને શાળાએ જતા કીશોરોને જોઉં છું. એક પાટી ને એક પોથીનો જાણે અમારો અંધકાર યુગ ચાલ્યો જ ગયો, ને આ નવજુવાનો નવા યુગનો પ્રકાશ મેળવવા દીવાની વાટ જેવો દેહ બનાવીને આંધળી આંખો પર ચશ્મા ચઢાવીને પણ કેટલી મહેનત કરે છે ?

મા શારદાના આ ઉપાસકો હાડપિંજર જેવા દેહને સ્વસ્થ રાખવા દારૂ, ઇંડા પીએ, મદિરા ને માનુનીનો હંમેશાં સ્નેહસંબંધ રાખે છે. માંસમાં તો માના દૂધ કરતાંય વધુ શ્રદ્ધા છે.

૩૫ વર્ષની ઉમ્મરે હાંફતા હાંફતા ડીગ્રી લઇને આવે છે. એમાંય બે વાર તો પરીક્ષકને લાંચ આપવી પડી હોય છે. પછી અમલદારી શોધી દેશસેવામાં પડે છે. અહીં પણ ડાકટરની બાટલી એમને રોકબંધ રાખે છે, કપડાનો ઠઠારો એમને કંઇક દેખાવડા બનાવે છે. ને ભરજુવાનીમાં એમને કાળ ભરખી જાય છે.

> 'કલ્યાણ'માં પ્રગટ થતા લેખો ખરેખર આત્માને ઉપદેશક અને આત્માને પ્રકાશ આપનારા હોય છે. અને તેનું સઘળું સાહિત્ય ઘણું અનુમોદન તેમજ પ્રશંસા કરવા યોગ્ય છે.
>
> શ્રી બાબુલાલ જીવાચંદ
>
> ૮-૩-૫૯ પાટણ.

મોટે ભાગે આશાસ્પદ યુવાનોનાં કાળી કીનારનાં મોતના પરબીડિયાં બધે ફરતાં હોય છે. ત્યારે એમ લાગે છે કે એ રોટી ને એક લંગોટીનો સારસ્વતયુગ આના કરતાં ખરેખર સારો જ હતો.

અને છોકરીઓને જોઇએ છીએ તો એમ લાગે છે કે શું આ એ જ સાગર છે જેમાં નકલંક મોતી પાકવાનાં છે ? રોજ સ્વયંવરની વહુ જેવાં કપડાં, રોજ વધુ ને વધુ નગ્ન પોશાકો, બીભત્સ ચાળાઓ, વધુ ને વધુ કેશકલાપની રમતો ! જાણે કામદેવની આ પૂતળીઓ ધર્મ, અર્થ ને મોક્ષને ભૂલી કામને સર્વસ્વ માની બેઠી છે. ને કામદેવના ગધેડાઓને નાચ નચાવતી ફરે છે !

ગઇ કાલે સતીઓનાં અનુકરણ થતાં. આજે ગણીકાઓનાં અનુકરણ થાય છે. જમાનાનાં મૂલ્ય જ ફરી ગયાં છે.

ગઈ કાલે સદ્‌ગુણીને આદર્શ માનતા, આજે કાળા બજારીયા દુનિયાના દેવ છે. એટલે અધર્માચાર વામાચાર ને અત્યાચાર સર્વત્ર વ્યાપ્ત બન્યા છે.

અકાળ મૃત્યુ રોજનાં થયાં છે. એટલે હૃદય તો વાતવાતમાં બંધ પડે છે. પરણેલી છોકરીને રાંડતા વાર લાગતી નથી, આજે હરતો ફરતો માણસ સાંજે

હતો ન હતો થઇ જાય છે. મોત જાણે માનવીના કદમ દબાવીને ખડું છે !

શ્રીમંત પૈસો મળવાથી ખુવાર થયો છે. મજુર કાળી મજુરીથી ખુવાર થયો છે. યુવાન–યુવતીઓ શોખથી ખુવાર થયાં છે ! ચિંતાની મહાન રાક્ષસી દુનિયાના ચતુર લોકોની કાળદેવી થઇને ભમે છે.

કાળી કિનારનાં પરબીડિયાં આજે ઠેર ઠેર જોવા મળે છેઃ ને એમાં વાંચવા મળે છે; પાંચમો આરો કઠણ છે ! જૈન શાસ્ત્રો જેને પાંચમો આરો કહે છે. તેને જ બ્રાહ્મણશાસ્ત્રો કલિયુગ કહે છે.

અ પાંચમો આરો–કાળચક્રના છ આરા (વિભાગ) માંનો પાંચમો આરો જાણવા શાસ્ત્રો જોયાં. તો એમાંથી જાણવા મળ્યું કે અરે ! આ તો ભાખેલું જ ભજવાઇ રહ્યું છે ! જુના વખતના આર્ષદ્રષ્ટાઓ પણ જબરા હતા.

પાંચમાં આરાનું વર્ણન આપતાં ગ્રંથોમાં લખ્યું છે કે–

"લોકો ક્રોધ, માન, માયા, લોભ, મત્સર વગેરે કષાયોથી લોપ પામેલી બુદ્ધિવાળા ને મર્યાદાહીન થશે. સ્વાર્થમાં જ તત્પર, પરાર્થવિમુખ, સત્ય, લજ્જા, દાક્ષિણ્યથી રહિત તથા સ્વજનોના જ વિરોધી થશે.

"રાજાઓ યમદંડ જેવા થશે."

"જે અંત્યે હશે તે મધ્યે આવશે. મધ્યે હશે તે અંત્યે જશે"

"બધા દેશો ચલાયમાન થઇ જશે."

'ચોર ચોરીથી, રાજા કરથી, અમલદારો લાંચથી પ્રજાને પીડશે."

"પૃથ્વી ઘણા પ્રાણીઓથી વ્યાકુળ બનશે. દેવતાઓ પ્રત્યક્ષ થશે નહિ !"

"શિષ્યો ગુરુની આરાધના કરશે નહિ ગુરૂકુળવાસ બંધ પડશે. ગુરૂઓ પણ શિષ્યમાં શિષ્યભાવ રાખશે નહિ, ધર્મમાં મંદબુદ્ધિ થશે."

"પુત્રો પિતાની અવગણના કરશે. વહુઓ સર્પિણી જેવી બનશે. સાસુઓ કાળરાત્રિ જેવી બનશે."

"કુલીન સ્ત્રીઓ લજ્જા છોડીને, દૃષ્ટિના વિકારથી હાસ્યથી, આલાપથી, બીજા પ્રકારના વિલાસોથી ગણિકાઓનું અનુકરણ કરશે.

"ચતુર્વિધ ધર્મનો ક્ષય થશે. ધર્મમાં પણ શઠતા ચાલશે. સત્પુરૂષો દુઃખી ને દુર્જનો સુખી થશે."

"મણિ, મંત્ર, તંત્ર, ઔષધ, વિજ્ઞાન, ફળ, પુષ્પ, રસ, રૂપ, શરીર, રસકસ એ બધા દિનપ્રતિદિન ઘટતાં જશે."

"માણસ ક્ષીણ થતો થતો બે હાથનો રહેશે આયુષ્ય સરેરાશ વીસ વર્ષનું થશે."

પાંચમા આરાનું આ વર્ણન આજે પ્રત્યક્ષ જોવાય છે, પણ આ સો રોગના ઔષધ જેવું છેલ્લું વાક્ય વિચારવા જેવું છેઃ લખે છે કે–

'જેની બુદ્ધિ ધર્મમાં રહેશે
તેનું જીવન સફળ થશે."

(સંદેશ) —શ્રી જયભિક્ખુ

## સુધારો

જાન્યુઆરી 'કલ્યાણ' માસિકના પેજ ૭૬૦ પર 'જૈન દર્શનનો કર્મવાદ' એ નામના લેખમાં છેલ્લા પેરેગ્રાફમાં 'અંતઃકોડાકોડી' હકીકતને અંગે 'સાધુના ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી માંડીને સમયાધિકે પર્યાપ્ત સંજ્ઞી પંચેંદ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધી' ને બદલે–

"સાધુના ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી માંડીને મિથ્યાદષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી પંચેંદ્રિયના જઘન્ય સ્થિતિબંધ સુધી" એમ સમજવું.

સમ્યગ્જ્ઞાન પ્રત્યેક વસ્તુના સ્વરૂપને સાપેક્ષભાવે દર્શાવે છે, વિજ્ઞાન તે જ્ઞાનનો અંશ છે, જ્ઞાન તેજ છે, વિજ્ઞાન તેનું પ્રતિબિંબ છે. આજે વિજ્ઞાનનો અર્થ કેવલ જડ આવિષ્કારોમાં જ રૂઢ થઈ રહ્યો છે. પણ વાસ્તવિક રીતે જ્ઞાન અને વિજ્ઞાન પરસ્પર સંકલિત છે. છેલ્લા લગભગ ૧૮ મહિનાથી 'કલ્યાણ'ના પ્રત્યેક અંકમાં નિયમિત રીતે આ વિભાગ પ્રસિદ્ધ થઇ રહ્યો છે. જેના પ્રત્યે સર્વકોઇનું ઉત્તરોત્તર આકર્ષણ વધી રહ્યું છે, તે આ લેખમાલાના લેખક શ્રી કિરણ, શ્રી જિનશાસન પ્રત્યે પૂર્ણ શ્રદ્ધાવાન, સંસ્કારશીલ તથા જૈન સિદ્ધાંતના તત્ત્વજ્ઞાન પ્રત્યે બહુમાન ધરાવનારા ઉંડા અભ્યાસી છે. જૈનદર્શન ઉપરાંત વર્તમાન વિજ્ઞાન વિષેનું, તથા પાશ્ચાત્ય સ્કોલરોના છેલ્લામાં છેલ્લાં પ્રકાશનો વિષેનું તેમનું જ્ઞાન સારૂં છે.

'કલ્યાણ' પ્રત્યેની મમતાથી પ્રેરાઇને જૈન તત્ત્વજ્ઞાનની દાર્શનિક વિચારણા તેઓ પોતાની વૈજ્ઞાનિક દૃષ્ટિથી અહિં રજુ કરે છે. તેમની શૈલી સ્વચ્છ છે. ભાષા સંસ્કારી છે. અને વિચારધારા સાત્વિક છે. નવકાર પ્રત્યેની ભક્તિ તથા તેનાં તાત્ત્વિક રહસ્યને તેઓ અહિં સ્પષ્ટ કરે છે. તદુપરાંત; વર્તમાન વિજ્ઞાન જેને ન ઉકેલી શકે, તેવા પ્રસંગો પરથી આત્મદ્રવ્યનું સ્વતંત્ર અસ્તિત્વ સિદ્ધ કરનાર 'જડવાદને ચરણે' લેખ રજુ કરે છે.

સર્વકોઇ આ લેખમાળાને મનનપૂર્વક વાંચે, વિચારે !

★

# જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા

પ્રિય કમલ,

મારા પત્રોથી શ્રી નમસ્કાર મહામંત્રની આરાધનાનો ભાવ તારામાં જાગૃત થયો તેથી આનંદ.

શ્રી નમસ્કાર મંત્રનું સાચું રહસ્ય માત્ર તેની આરાધનાથી સમજાય છે.

## ણમો પદ

શ્રી નમસ્કાર મંત્રમાં ણમો પદનું મહત્ત્વ ઘણું છે. તેથી આ મંત્રને શ્રી પંચ પરમેષ્ઠિ મંત્ર ન કહેતાં શ્રી નમસ્કાર મહામંત્ર કહ્યો છે.

નમઃ પદ વ્યાકરણના નિયમ પ્રમાણે નૈપાતિક પદ કહેવાય છે. નમઃ અવ્યય છે.

મોક્ષરૂપી અવ્યય પદનું બીજ આ નમઃ રૂપી અવ્યય પદ છે, તેથી શ્રી નમસ્કાર મંત્રનું આ ણમો પદ મોક્ષપદની ચાવી છે.

નમઃનું નૈપાતિક પદ અનેક ગૂઢ રહસ્યો ધરાવે છે. નમઃ માત્ર નમસ્કારના એક જ અર્થમાં નિયત નથી.

નમઃ અનેક અર્થને જણાવનારૂં પદ છે, તેથી ણમો પદની અર્થગંભીરતા ઘણી ઉંડી છે.

શા માટે ણમો ? નમામિ શા માટે નહિ ?

વંદન સંબંધી બીજો કોઈ શબ્દ કેમ નહિ ?

ણમો પદમાં ત્રિકરણ યોગે નમસ્કારથી માંડીસર્વ સમર્પણ સુધીના ભાવ રહેલા છે.

આ ણમો પદ આપણી અશક્તિ સૂચવે છે. આ શ્રેષ્ઠ આત્માઓનો યોગ્ય સત્કાર આપણે કરી શકતા નથી એવા પ્રકારની વિનમ્રતા દર્શાવે છે.

ણમો પદ જણાવે છે કે જે રીતે દ્રવ્ય-ભાવથી આપણે નમસ્કાર કરીએ છીએ તેથી ય ઘણી વિશેષતાઓ આમાં સમાયેલી છે.

## અહિંસા, સંયમ અને તપ

ણમો પદ ભક્તિ દર્શાવે છે, વિનય દર્શાવે છે, દ્રવ્ય અને ભાવના સંકોચ અર્થમાં તપ દર્શાવે છે.

શ્રી અરિહંતાદિ પંચ પરમેષ્ઠી ભગવંતો સમર્થ શક્તિવંત છે. તેમનો શક્તિપ્રવાહ આ ણમો પદ દ્વારા આપણું કલ્યાણ કરનારો નીવડે છે.

આ ણમો પદથી આપણે શ્રી પંચ પરમેષ્ઠીની સન્મુખ થઈએ છીએ.

અહિંસા, સંયમ અને તપના શ્રેષ્ઠ સાધનોનું જેઓએ પાલન કર્યું છે એવા શ્રી પંચ પરમેષ્ઠી પ્રત્યેની સન્મુખતા દ્વારા સ્વાભાવિકપણે અહિંસા, સંયમ અને તપનું આપણામાં બીજારોપણ થાય છે.

અહિંસા, સંયમ અને તપયુક્ત ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે અને શ્રી પંચ પરમેષ્ઠી પ્રત્યેના સર્વ અર્થમાં ણમો ભાવ એ ઉત્કૃષ્ટ ધર્મ છે.

## પરમ તપ

તપમાં એટલી તાકાત છે કે આત્માને સંપૂર્ણપણે શુધ્ધ બનાવે. ણમો પદમાં રહેલું તપ સાધકને સાધ્ય તુલ્ય, નમસ્કાર કરનારને જેઓને નમસ્કાર થઈ રહ્યો છે તેમની તુલ્ય બનાવે છે.

કર્મને ભસ્મ કરનારો અગ્નિ આ ણમો પદની ભક્તિમાંથી પ્રગટે છે.

શ્રી નવકારને સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ કહ્યો છે, કારણ કે સર્વ પાપકર્મોનો ક્ષય કરવાની શક્તિ તેમાં રહેલી છે.

આ મહામંત્ર આત્મગુણોને આચ્છાદન કરનાર કોઈ પણ કર્મને ભસ્મ કરી શકે છે.

વિશ્વમાં એવી કોઈ પણ વસ્તુ નથી જે શ્રી નવકારમંત્રના જાપથી પ્રાપ્ત ન થાય.

આ નાનકડો નવકાર સંસારથી પાર પમાડે છે, મોક્ષ પ્રાપ્ત કરાવે છે.

## અદ્ભુત આશ્ચર્ય !

કમલ ! શ્રી નમસ્કાર મહામંત્રમાં એવું અદ્ભુત આશ્ચર્ય છે કે તેનું આરાધન કરનારની ઇચ્છાઓ સાત્ત્વિક બનતી જાય. શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતો પ્રત્યેની ભક્તિમાં એવું અલૌકિક બળ છે કે જેથી આરાધકની સાત્ત્વિક ઇચ્છાઓ પરિપૂર્ણ થતી જાય.

શ્રી નમસ્કાર મંત્રનો સૂક્ષ્મ અગ્નિ સાધકની (Totality ટોટેલીટી)ને પવિત્ર બનાવે છે, પાપકર્મો ભસ્મ કરે છે, પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત કરાવે છે અને અંતે આત્માને સર્વ કર્મોથી મુક્ત કરી સિદ્ધિપદ અપાવે છે.

જ્યાં શ્રી નવકારનું રટણ છે ત્યાં પાપ-ઇચ્છા ટકે નહિ, અવશ્ય નાશ પામે.

જે નિર્મલ હૈયામાં શ્રી પંચ પરમેષ્ઠી પ્રત્યેનો શ્રધ્ધાપૂર્વકનો ભક્તિભાવ વસ્યો ત્યાં વિશુદ્ધિકરણની પ્રક્રિયા Process of Purification પ્રોસેસ ઓફ પ્યોરીફીકેશન) શરૂ થઈ ચૂકી.

કર્મો હળવા થયા વિના શ્રી નવકારમંત્ર સૂઝે નહિ. જ્યાં શ્રી નવકાર સૂઝયો ત્યાં પાપકર્મો નાશ પામ્યા વિના રહે નહિ.

આ નવકારમંત્રનું રહસ્ય ઘણું ઉંડું છે. જે જાણનારને તો લાભ કરે, ન જાણનારને ય લાભ કરે.

## આધ્યાત્મિક અણુબોમ્બ

ચિકણા કર્મમળોનો નાશ કરવા માટે શ્રી નવકાર આધ્યાત્મિક અણુબોમ્બ જેવો છે. આ આધ્યાત્મિક અણુબોમ્બની એ વિશિષ્ટતા છે કે તે દ્વારા કર્મોનો ક્ષય થાય છે. જે તેનો ઉપયોગ કરે તેનું હિત થાય છે અને અન્ય અનેકનું હિત થાય છે.

અણુબોમ્બ સંહારક છે, જ્યારે શ્રી નવકાર મંત્ર સહાયક છે. અણુબોમ્બ તેના સંપર્કમાં આવનાર જીવો કે વસ્તુઓને વિકૃત કરે છે. શ્રી નવકારમંત્રરૂપી આધ્યાત્મિક બોમ્બ વિશુધ્ધ કરે છે. અણુબોમ્બની પરંપરાએ અસરો (After effects આફટર ઈફેકટસ) હાનિકારક છે. શ્રી નવકારમંત્ર પરંપરાએ મહાકલ્યાણનું કારણ બને છે.

જેમ અણુબોમ્બ વૈજ્ઞાનિકદ્વારા કાર્યકારી બની શકે, તેમ શ્રી નવકારમંત્ર યોગ્ય સાધક દ્વારા વિધિપૂર્વક આરાધી શકાય છે.

શ્રી નવકારમંત્રનો શકિતવિસ્ફોટ (Energy Fission એનર્જી ફીઝન) કેવા પ્રકારનો છે ?

આ મહામંત્રદ્વારા કઈ રીતે કેવલજ્ઞાનનો પરમ ઉજ્જવલ પ્રકાશ પ્રગટે ?

તે પહેલાં શ્રી નવકારની મંત્રશક્તિ શું અસરો, કઈ રીતે "સ્વ" અને "પર"ના "ભાવાકાશ"માં કરે છે ?

આ અસર પરંપરા (Effects and counter effects ઈફેકટસ એન્ડ કાઉન્ટર ઈફેકટસ) શું પરંપરા પ્રગટાવે છે ?

આ પ્રશ્નો વિચારનારને આ મોક્ષમંત્રનું મહત્ત્વ સમજાયા વિના નહિ રહે.

વિશેષ હવે પછી.

સ્નેહાધિન

કિરણ

## જડવાદને ચરણે

A case against Materialism

પ્રિય ભાઈ શ્રી કમલ !

ઈ. સ. ૧૯૪૩ ની આ વાત છે. હોલેંડમાં પીટર હરકૌસ નામનો ચિત્રકાર ૪૦ ફુટ ઉંચી સીડી પર ચઢી કામ કરી રહ્યો હતો.

અચાનક તેનો પગ લપસ્યો તે જમીન પર પડયો અને બેભાન થઇ ગયો. તરત તેને હોસ્પીટલમાં લઇ જવામાં આવ્યો.

એવું લાગ્યું કે તે તાત્કાલિક મૃત્યુ પામશે. પરંતુ તે મૃત્યુ પામ્યો નહિ. જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા હરકૌસના કંઇક દિવસો ગયા. જ્યારે તેની મૂર્છા ઉતરી ત્યારે તેના મસ્તકમાં એક ચમત્કારિક ફેરફાર થઇ ગયો હતો.

## એક્સ રે મસ્તિષ્ક

હરકૌસને કોઇ એવી અદ્ભુત માનસિક શક્તિ પ્રાપ્ત થઈ હતી કે જેથી તેનું મસ્તિષ્ક એક્સ રે જોવાના યંત્રનું કાર્ય કરી શકતું. તેના શરીરના પ્રત્યેક અવયવ રાડર યંત્ર જેવા બની ગયા હતા. પરોક્ષ પદાર્થો પણ તે જોઈ શકતો અને પરોક્ષપણે તે સાંભળી શકતો.

આજે જ્યારે હરકૌસ કોઇ પણ રોગનું નિદાન કરે છે, ત્યારે પ્રસિધ્ધ ડોકટરો પણ આશ્ચર્ય પામે છે.

ગુન્હાઓનું શોધન કરવામાં યુરોપની પોલિસને હરકૌસની સહાય ઘણી કિંમતિ છે.

## બકિંગહામ પેલેસમાં ચોરી

સ્ટોન ઓફ સ્કોન એટલે સ્કોનનો પ્રસિધ્ધ પથ્થર. જ્યારે ઈંગ્લેંડમાં રાજા-રાણીની તાજપોશીની ક્રિયા થાય ત્યારે આ પથ્થરને બેઠક નીચે રાખવામાં આવે, સદીઓથી આ ક્રિયા ચાલી આવે છે.

આ પથ્થરની ઇ. સ. ૧૯૫૧માં ચોરી થઈ. પથ્થરને રાજમહાલયના એક ઓરડામાં રાખવામાં આવતો.

સ્કોટલેંડ યાર્ડ એટલે ઈંગ્લેંડના જાસુસી ખાતામાં દોડધામ મચી રહી, પોલિસને પથ્થરનો કે ચોરોનો મુદ્દલ પત્તો લાગ્યો નહિ. છેવટે સ્કોટલેંડ યાર્ડના અધિકારીઓને હરકોસનું શરણુ લેવું પડયું.

હરકોસને વિમાનમાં લંડન લાવવામાં આવ્યો. રાજ્ય મહેલમાં જે સ્થાને ચોરી થઇ હતી ત્યાં ઘુંટણીએ પડી તેણે તે સ્થાનનો સ્પર્શ કર્યો અને તે બોલવા લાગ્યો:

"ચોરો બધા મળીને પાંચ હતા. કેટલાક અંદર ઘૂસ્યા. કેટલાક બ્હાર રહ્યા. ચોરોની મોટરનો નંબર અમુક હતો. લોઅર ટેમ્સ સ્ટ્રીટ નામની ગલીમાં પથ્થર લઇ ગયા."

હરકોસ પહેલાં ક્યારેય ઈંગ્લેંડ આવ્યો ન્હોતો. પોતાની અદ્દભુત માનસિક શક્તિથી તેણે લંડનના એ વિભાગનો નકશો દોરી આપ્યો.

ચોરોએ જે ચાવીથી મહેલનો પાછળનો દરવાજો ઉઘાડયો હતો તે ચાવી ઉતાવળમાં તેઓ ભુલી ગયા હતા. પોલિસે તે ચાવી હરકોસને આપી.

આ ચાવીનો થોડીવાર સ્પર્શ કર્યા પછી પોલિસ સાથે મોટરમાં બેસી હરકોસ બ્રિક લેનમાં તે લુહારની દુકાને પોલિસને લાવ્યો જ્યાંથી ચોરોએ કેટલાક ઓજારો ખરીદ્યા હતા.

હરકોસે કહ્યું; "પથ્થર ચોરવા માટેના સાધનો ચોરોએ આ દુકાનેથી લીધા હતા........ જે લેવા માટે બે મનુષ્યો અહિં આવ્યા હતા."

હરકોસે એટલે સુધી કહ્યું કે, 'પહેલાં પથ્થરને લંડનમાં રાખવામાં આવ્યો હતો. અત્યારે ગ્લાસ્ગોમાં છે."

હરકોસની માહિતી ઉપરથી ચોર જે સ્કોટલેંડના હતા તેને પકડવામાં આવ્યા હરકોસના કહેવાથી પકડાએલી એક પાંચમી વ્યક્તિ નિર્દોષ હતી. રાત્રે તે રસ્તેથી પોતાને ઘેર જતા આ માણસે ચોરો સાથે વાતચિત કરી હતી. તેને પાછળથી છોડી મૂકવામાં આવ્યો.

## ભેદભરી હત્યા

છ વર્ષ પહેલા ફ્રાંસની પોલીસે એક ભેદભર્યા ખૂનનો પત્તો મેળવવા હરકોસને બોલાવ્યો.

મરનાર વ્યક્તિના ફોટાને બે-ચાર મિનિટ જોઇ રહ્યા પછી જયાં ખૂન થયું હતું તે જગ્યા ઉપર જઇને હરકોસ ઉભો રહ્યો.

હરકોસે ત્રણ ખુનીઓના નામ બતાવ્યા. જેમાં બે પુરૂષ અને એક સ્ત્રી હતી. તપાસ કરતા આ સંબંધી પુરતા પુરાવા મળી આવ્યા. ફ્રાંસના જાસુસી ખાતાને ઘણું આશ્ચર્ય થયું.

## આશ્ચર્યકારી માનસશક્તિ

માત્ર અપરાધો શોધવામાં તેની શક્તિ કામ લાગે છે એવું નથી.

એકવાર ફ્રાંસની મેડિકલ એકેડેમીના કેટલાક વિશેષજ્ઞો નવી બનાવેલી દવાઓ હરકોસ પાસે લાવ્યા.

શીશી હાથમાં લઈ પાવડર સ્હેજ આંગળીએ લગાડી હરકોસે કહેવા માંડયુ:

"આ છે દુઃખાવો દૂર કરવાની દવા........ પરંતુ ઉપયોગ કરનારને તે નુકશાન કરશે........ આ બીજી દવા હાનિકારક નથી."

ડોકટરને તેની વાતોનો સ્વીકાર કરવો પડે છે.

મશીનોનું જરા પણ જ્ઞાન ન હોવા છતાં મશીનોના કારખાનામાં જઈ કોઇ ખાસ મશી-

નમાં રહેલા દોષ હરકોસ એવી રીતે કહે છે કે તે વિષયનો વિશેષજ્ઞ પણ ચકિત થઈ જાય.

સુપ્રસિધ્ધ ઉદ્યોગપતિ ફિલિપ્સના રેડિયો, ટેલિવિઝન, ઇલેકટ્રોનિકસ તથા વિજળી સંબંધી વસ્તુઓના કારખાના છે. ફિલિપ્સ પ્રતિવર્ષ હરકોસને તેની સલાહો માટે સારૂં વેતન આપે છે.

એકવાર પેરિસના ઉપનગરમાં લ' બોર્ગના એક ગેસના કારખાનાના માલિકે હરકોસને બોલાવ્યો. માલિક સાથે કારખાનામાં ફરતા ફરતા એક નવા મશીન પાસે ઉભા રહી હરકોસે કહ્યું:

'આ મશીન તમને તકલીફ આપશે........ એ કદિ ચાલશે નહિ........ પ્રયત્ન કરવા છતાં પણ નહિ ચાલે."

મેનેજરે હરકોસનો ઉપહાસ કર્યો, પરંતુ બન્યું એવું કે- એ હરકોસ સાચો ઠર્યો અને પેલું મશીન ચાલ્યું જ નહિ.

## અર્વાચીન વિજ્ઞાનથી દૂર

ભાઇ, મારા પત્રમાં નિરર્થક ચમત્કારો કે કુતુહલોનો સંગ્રહ કરવાનો પ્રયત્ન નથી. જેનું સાચાપણું પ્રમાણિત થયું હોય એવી રહસ્યમય ઘટનાઓ અહિં એ માટે રજુ થાય છે કે જેના પર પૂરતો વિચાર કરવાથી તમે સમજી શકો કે અર્વાચીન વિજ્ઞાનની પહોંચથી દૂર જગત અને જીવન સંબંધી ઘણાં રહસ્યો રહ્યાં છે.

જીવન માત્ર જડ અણુ-પરમાણુઓની રચના નથી. પુદ્ગલ દ્રવ્યથી ભિન્ન સ્વતંત્ર આત્મદ્રવ્ય અસ્તિત્વ ધરાવે છે.

સાગા Saga પત્રમાં પ્રકાશિત હરકોસ સંબંધી વિસ્તૃત લેખના લેખક શ્રી બર્નર્ડ રેડમાંટ છે.

શ્રી રેડમાંટે હરકોસને તેનું કાર્ય કરતો જોયો છે. શ્રી રેડમાંટ કહે છે: હરકોસ જ્યોતિષિ નથી, કોઇ ભૂત-પ્રેત તેને વશ નથી." કોઇ મંત્ર-તંત્રની સહાય તે લેતો નથી. માત્ર સંકળાયેલી વ્યક્તિ કે ઘટના સંબંધી કોઇ ચીજ તે માગે છે. પછી તે ચીજ વાળની એક લટ હોય, એકાદ ચિત્ર હોય કે ખાલી કવર હોય !

હરકોસની વિલક્ષણશક્તિનું શું કારણ છે, તે વૈજ્ઞાનિકો માટે આશ્ચર્ય છે.

## વિજ્ઞાન નહિ સમજાવી શકે

બેલ્જીયમના મંત્રી શ્રી આર. એમ. જે. વિલેમ્સ કે જે હરકોસના મિત્ર છે અને દાર્શનિક છે, તે કહે છે:

"ઘણી બાબતો એવી છે કે જે વૈજ્ઞાનિક રીતે નહિ સમજી શકાય, નહિ સમજાવી શકાય."

શ્રી વિલેમ્સ, હરકોસની શક્તિને તેમની ભાષામાં આ રીતે સમજાવે છે:-

"પ્રત્યેક જીવ-છોડવા, ઝાડ, જંતુઓ, પશુ, પક્ષી માનવીમાંથી એક પ્રકારના આંદોલનો (Vibrations વાયબ્રેશન્સ) વહે છે. જે શક્તિ લહર (Enery currents એનર્જી કરંટસ) કે સજીવ લોહચુંબક (Life Magnetism લાઈફ મેગ્નેટિઝમ) જેવા હોય. જે દેખાતા નથી.

"વિજળીના કાર્યો દેખાય છે પણ વિજળીનું સ્વરૂપ વર્ણન થઈ શકતું નથી."

રેડિયો લહરો (Radio Wavas રેડિયો

વેઝ) દેખાતી નથી, પરંતુ તેનું કાર્ય દેખાય છે. તેનાં અસ્તિત્વમાં સંદેહ નથી.

હરકોસની બાબતમાં એવું છે કે તે આપના સંબંધમાં તાત્કાલિક કંઇ નહિ કહી શકે, હરકોસ તમારા સંબંધમાં આવેલી કોઈ વસ્તુનો સ્પર્શ કરીને પછી કહી શકશે.

સંભવ છે કે મનુષ્યના સંબંધમાં આવેલી કોઇ પણ વસ્તુ તે મનુષ્યના થોડા શક્તિ-અંશોને ગ્રહણ કરતી હોય. સંભવ છે કે આ શક્તિતરંગો હરકોસના અવચેતન મન (Subconscious Mind) સાથે અથડાય છે અને તે સંબંધીની ઘટનાઓ કે–વસ્તુઓનું જ્ઞાન તેને થતું હોય.

જેમ રેડિયોનું રીસીવર ધ્વનિના તરંગોને પોતામાં આકર્ષે છે અને પ્રકૃત રૂપે રજુ કરે છે, જેમ ટેલીવિઝન દૂર રહેલા ધ્વનિ તથા રૂપને રજુ કરે છે. જે વૈજ્ઞાનિકોએ હરકોસની ઝીણવટથી તપાસ કરી છે તે સર્વે ચકિત થયા છે. તેમને હરકોસની અદ્‌ભુત શક્તિઓ પર વિશ્વાસ ઉત્પન્ન થયો છે.

### સ્વતંત્ર આત્મ દ્રવ્ય

લુવૈન યુનિવર્સીટીના માનસોપચાર વિજ્ઞાનના પ્રોફેસર ડો રેની દલર્ટ કહે છે: "મેં મહિનાઓ સુધી હરકોસનું સૂક્ષ્મ પરીક્ષણ કર્યું છે. મારી ખાત્રી થઈ છે કે વિચાર વિનિમયની અદ્‌ભુત શક્તિઓ (Strange Facult. ies of Telepathy સ્ટ્રેન્જ ફેકલ્ટીઝ ઓફ ટેલીપથી) નો તેનામાં એટલો બધો વિકાસ છે કે હરકોસને જોયા વિના આ વાતો પર વિશ્વાસ આવવો મૂશ્કેલ છે."

પોલિસ અને સ્વાસ્થ્ય વિભાગની સેવાઓ માટે હરકોસ કંઈ ધન લેતો નથી. કયારેક ગુન્હેગારો તેને મારવા માટે કાવત્રા પણ રચે છે!

હરકોસને આ શક્તિઓ અકસ્માત પછી થઇ છે. તેને ભય રહે છે કે ન જાણે કયારે પ્રાપ્ત આ શક્તિઓ ચાલી જશે?

પ્રિય ભાઇ, આવા રહસ્યમય પ્રસંગોની વિચારણા કોઈ પણ સમજુ વ્યક્તિને આત્મ-દ્રવ્યનાં સ્વતંત્ર અસ્તિત્વ પ્રત્યે લઇ જશે.

જીવન માત્ર અણુ–પરમાણુની રાસાયનિક પ્રક્રિયાનું પરિણામ નથી. આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ છે. આ તત્ત્વવિચાર પરલોક, પુણ્ય, પાપ વગેરે અન્ય તત્ત્વવિચારો પ્રત્યે લઇ જશે.

સ્નેહાધીન

**કિરણ**

❋

## નાશના માર્ગે જતા વિજ્ઞાનને અટકાવો!

વિજ્ઞાન અને હિંસા ભેગા મળીને માનવજાતને ભરખી જશે માટે આજે વિજ્ઞાન પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ દાખવે નહિ ચાલે.

વિજ્ઞાન આજે ઝડપભેર વિસ્તાર પામી રહ્યું છે. આપણે વિજ્ઞાન પ્રત્યે શાબ્દિક તિરસ્કાર કરીએ કે બાહ્ય અણગમો દર્શાવીએ તેથી કંઇ ઉકેલ નીકળવાનો નથી. ઝડપભેર વધતા આધુનિક જડ વિજ્ઞાનના દાનવને આપણો સામાન્ય અણગમો નહિ અટકાવી શકે.

વિજ્ઞાનની અસરો આજે ઘણી વ્યાપક બની રહી છે. એ આપણે સ્વીકારવું જ પડશે. તટસ્થપણે વિચાર કરી શકે એવી કેટલીક વ્યક્તિઓ સિવાય સાધારણ જનસમૂહ વિજ્ઞાનના અદ્‌ભુત આવિષ્કારોથી આશ્ચર્યમુગ્ધ બનીને દોરવાઈ રહ્યો છે. તેમને સાચી કેળવણી આપવા માટે પણ વિજ્ઞાનને સમજ્યા વગર કેમ ચાલશે!

## પત્રનો પ્રત્યુત્તર

'કલ્યાણ'ના સંપાદકશ્રીને પત્ર

ધર્મબંધુ !

તમારો પત્ર મળ્યો છે. જે ભાઈએ પુરસ્કાર મોકલીને લેખનની અનુમોદના કરી છે તેમનો અત્યંત આભારી છું.

મારા પર લેખનની પ્રશંસાના કેટલાય પત્રો આવે છે. અજાણી વ્યક્તિઓ આનંદ પ્રદર્શિત કરે છે. મારા વાંચકોનો એ ઉદારભાવ છે, જેને હું બિલકુલ યોગ્ય નથી.

આવા પ્રસંગો વાંચક અને લેખક બન્નેને વિશેષ નજીક લાવે છે. તેથી લેખકનું કાર્ય સરલ બને છે.

અહિં હું સર્વેનો આભાર માનું છું.

આવા પુરસ્કારો અને પ્રશંસાઓને હું મારી જવાબદારી સમજું છું. વાંચકો કેટલા ભાવથી પોતાનો અમૂલ્ય સમય અને શક્તિ ખર્ચીને લેખન વાંચે છે ! તે સાર્થક કરવાની લેખકની ફરજ છે.

વાંચકોનો સદ્‌ભાવ એ લેખકનું ઋણ છે.

મારા લેખનમાં જે કંઇ યત્કિંચિત્ સુઅંશ છે તે પૂ૦ શ્રી અરિહંતદેવો પ્રત્યેના ભક્તિભાવથી, પૂજ્ય ગુરુદેવોની ચરણસેવાથી તથા શ્રી જિનવાણીના સ્વલ્પ પરિચયને લીધે છે. તેથી સર્વ ગૌરવ સુદેવ, સુગુરુ તથા સુધર્મનું છે.

શ્રી શાસનદેવને પ્રાર્થું છું કે સદાય પરમ પાવનકારી, જગતહિતકર શ્રી જિનશાસનની સેવા કરવાનું બળ પ્રાપ્ત થાઓ.

લિ૦

પથિકના

બહુમાનભાવે પ્રણામ

★

## પ રિ મ લ

શ્રી 'શિશિર'

ભાઈ મનોજ !

હું તને આજે યૂરોપના નામાંકિત પુરુષોની ઐતિહાસિક વિગતો તેઓના પોતાનાં જીવન ચરિત્રોમાંથી ટુંકાણમાં જણાવીશ. આજે આપણે આત્મકલ્યાણની, પરમાર્થમાર્ગની સાધનામાં કેટ–કેટલા બેદરકાર તથા શિથિલ મનોબળવાળા બનતા જઇએ છીએ, કે કોઇ પણ ન્હાનામાં ન્હાની આરાધના માટે પણ બોલી ઉઠીએ છીએ કે, 'મારાથી કેમ થાય ?' 'મારા સંયોગો અનુકૂલ નથી.' 'હું નહિ કરી શકું !'

શ્રાવકની ચર્યામાં દેવદર્શન, જિનપૂજન, વ્યાખ્યાન શ્રવણ, સામાયિક, ચૌવિહાર, ઇત્યાદિ પ્રત્યેક ધર્મપ્રવૃત્તિઓમાં શ્રદ્ધા ધરાવનારો આસ્તિક સમાજ પણ કેવલ છેલ્લે પાટલે બેસી જાય છે, હું કહું છું કે, સંયોગ એ શું માનવને ઘડે છે, કે માનવ સંયોગોને ઘડે છે ? અનંતશક્તિનો સ્વામી આત્મા ધારે તો બધું કરી શકે છે, તે માટે યૂરોપના ઇતિહાસમાં જેઓએ વિકટ પરિસ્થિતિમાં પોતાની જાતને ઘડવામાં પરિસ્થિતિથી લાચાર ન બનતાં પરિસ્થિતિને લાચાર બનાવી તેવા પ્રસિદ્ધ પુરુષોના પોતાના શબ્દોમાં તેમના જીવન ઘડતરની કથાને હું કહું છું.

## અમેરિકાના પ્રમુખ વિલ્સનના શબ્દો:

અમેરિકાના નામાંકિત પ્રમુખ વિલ્સને પોતાના જીવનમાં આગળ વધવા કેવો પ્રબલ પુરૂષાર્થ કર્યો છેઃ તે તેઓના શબ્દોમાં આપણે જોઇએ.

તેઓ લખે છે કે,

"ભયંકર દરિદ્રતામાં મારો જન્મ થયો હતો. મારાં પારણાને અને ગરીબાઈને બિલકુલ છેટું નહોતું. ક્યારેક એવું બનતું કે હું રોટલો માગું અને ઘરમાં રોટલો ન હોય!'

'દસ વર્ષની ઉંમરે હું ઘર છોડી કમાવા માટે નીકળ્યો હતો.

લાગટ અગીઆર વર્ષ સુધી મેં ઉમેદવાર તરીકે કામ કર્યું છે. દરવર્ષે એક મહિનો મેં શિક્ષણ લીધું હતું.

આટલી સખ્ત મહેનત પછી બળદની બે જોડ અને છ ઘેટાં મને મળ્યાં. જેની કિંમત ૮૪ ડોલર મને ઉપજી.

આનંદ-પ્રમોદ માટે મેં કયારેય એક પણ ડોલર ખર્ચ્યો નથી. હું એકવીશ વર્ષનો થયો ત્યાં સુધી એક એક પેની પણ ગણી જોતો.

માઈલોની કંટાળા ભરેલી મુસાફરી કરવાનો અને "કંઇક મહેનતનું કામ આપો" એમ કહેવાનો મને અનુભવ છે.

હું એકવીશ વર્ષનો થયો ત્યારે જંગલમાં જતો, બળદ હાંકતો, લાકડાં ચીરતો. સવાર પડતાં પહેલાં હું ઉઠતો અને અંધારૂં થઇ ગયા પછી પણ સખ્ત મહેનત કરતો."

આ શબ્દો અમેરિકાના પ્રેસિડેન્ટ વિલ્સનની ડાયરીમાંથી નોંધીને મૂક્યા છે.

આગળ વધવાની એક ક્ષણ તક યુવાન વિલ્સને ગુમાવી નહોતી, થોડો સમય પણ તેણે નિરર્થક વેડફ્યો નહોતો.

એકવીસ વર્ષની ઉંમર સુધીમાં એક હજાર સારાં પુસ્તકો વિલ્સને વાંચ્યા હતાં,

## પ્રખ્યાત અંગ્રેજ વૈજ્ઞાનિક ડેવિડ :

"જ્યારે હું દસ વર્ષનો હતો ત્યારે મારી માતાએ આંખમાં આંસુ સાથે મને સુતરના કારખાનામાં મૂક્યો હતો.

પ્રાતઃકાળે છ વાગે મારે કામ ઉપર જવું પડતું. મારી સામે કાંતવાના સંચા ઉપર હું અભ્યાસનું પુસ્તક રાખતો અને કામ કરતા વાંચે જતો.

મેં પહેલા અઠવાડિયાના પગારમાંથી લેટિન વ્યાકરણ ખરીદ કર્યું.

બે કલાક હું રાત્રીશાળાએ જતો. ઘેર આવ્યા પછી હું મોડી રાત સુધી અભ્યાસ કરતો.

મારી માતા હું સૂઈ જાઉં તે માટે મને ધમકાવતી અને મિણબત્તી ઝુંટવીને લઇ જતી.

હું પચીસ વર્ષનો થયો તે પહેલાં મેં અંગ્રેજી ભાષા, વૈદક ભુસ્તર વિદ્યા તથા વનસ્પતિ શાસ્ત્રનો અભ્યાસ પુરો કર્યો હતો.

પ્રખ્યાત અંગ્રેજ શોધક અને મિશનરી ડેવિડ લિવિંગ્સ્ટને આ રીતે અભ્યાસ કરીને પોતાના જીવનનું શિલ્પ ઘડયું હતું અને આફ્રિકાના અજ્ઞાન માનવીઓની સેવામાં આખું જીવન ગાળ્યું હતું.

સારા સંયોગો પ્રાપ્ત હોવા છતાં સ્વસુધારણા માટે જેમને પ્રમાદ છે તેમને આ પ્રસંગો શરમાવે તેવા છે.

# ભાગ્યની વાત

શ્રી એન. બી. શાહ – હારીજ

જગત આખુંયે ધન કમાવાની પાછળ આંધળી દોટ મૂકીને દોડી રહ્યું છે, પરંતુ થોડાક જ ભાગ્યવાનોના પાસા સવળા પડે છે એ આપણા દરરોજના અનુભવની વાત છે.

આપણે બુધ્ધિથી વિચાર કરીશું તો જણાશે કે એવા કેટલાય સંજોગો હોય છે કે જેને આપણે સ્વેચ્છાથી બદલી શકતા નથી, તો તેમાં અસંતોષ રાખીને દુઃખી થવામાં ફાયદો શો ?

ભાગ્ય અગર જેને આપણે શુભાશુભ કર્મ કહીએ છીએ, તેના ઉપર આધાર રાખીને સંતોષપૂર્વકનું જીવન જીવનારા આજે ઘણા સુખી હશે. જ્યારે વધુ મેળવવાની લાલસા જેઓના હૃદયમાં ઘર કરીને પડી છે, તેઓનું જીવન સુખી હોતું જ નથી. ભલે કદાચ ઉપરથી સુખી દેખાવાનો તેઓ ડોળ કરતા હોય.

રાજાનો મહેલ જોઇને આપણે આપણી ઝુંપડી દેખી અસંતોષ ધારણ કરવો એથી શું ઝુંપડીનો મહેલ બની જવાનો છે ? ભાગ્ય બળવાન નહિં હોય તો (શુભોદય જાગૃત નહિ હોય ત્યારે) જે જે પ્રયત્નો કરીશું તે તે નિષ્ફળ બનવાના જ. ધર્મને મુકીને ન કરવા યોગ્ય પાપપ્રવૃત્તિઓ આદરવાથી ધનિક બની જવાતું નથી. ભાગ્ય હોય તો જ પ્રયત્ન સફળ થાય છે.

શ્રી શાલિભદ્રજીના મહેલમાં દરરોજ નવાણું પેટીઓ દેવલોકમાંથી આવતી હતી. વસ્તુપાળ અને તેજપાળ જ્યારે સિધ્ધગિરિજીની યાત્રાએ સંઘ લઇને જતા હતા ત્યારે રસ્તામાં જ નિધાન પ્રાપ્ત થયું હતું. શ્રી જંબૂસ્વામીની આઠ સ્ત્રીઓ પીયરથી જ આઠ આઠ કરોડ સોનૈયા લઇને જ આવી હતી. જંબૂસ્વામીને કમાવા જવું પડયું ન હતું. એક રાત્રીમાં જ અઢળક ધનના સ્વામી તેઓ બની ગયા હતા ને ? આવા તો અનેક દાખલાઓ જૈન કથાનકોમાં વેરાયેલા પડયા છે.

આથી આપણે સમજી શકીએ તેમ છીએ કે ભાગ્ય (શુભોદય) જાગે છે ત્યારે નિર્ધન પણ ઘડીકમાં ધનવાન બની જાય છે. રંક રાજા બની જાય છે. આમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી. એ બધી ભાગ્યની જ વાત છે.

ભાગ્યના બે પ્રકાર છે. 'સુભાગ્ય અને દુર્ભાગ્ય.' સારાં કર્તવ્યો કરવાથી સુભાગ્ય–સારૂં ભાગ્ય ઘડાય છે. અને ખરાબ કર્તવ્યો કરવાથી દુર્ભાગ્ય–ખરાબ ભાગ્ય ઘડાય છે. માટે ભાગ્ય કેવું ઘડવું એ સહુ–સહુની પસંદગીની વાત છે. ભવિષ્યમાં દુઃખી થવું હોય તો જ દુર્ભાગ્ય ઘડવાનો પ્રયત્ન કરવો. જ્ઞાની પુરૂષો જણાવી ગયા છે કેઃ—

"कृत-कर्म-क्षयो नास्ति, कल्पकोटीशतैरपि;
अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम्." ॥१॥

**ભાવાર્થઃ**—કરેલાં કર્મોનો નાશ કરોડો ઉપાયો કરવાથી પણ થઈ શકતો નથી, તે ભોગવવા જ પડે છે. ભલે પછી તે કર્મો સારાં હોય કે ખોટાં.

ઉપરના શ્લોક ઉપરથી આપણે સમજવું જોઇએ કે જે કાંઇ સુખ–દુઃખ આપણને પ્રાપ્ત થાય છે. તે બધાય આપણે જ કરેલા કર્મોના ફળ છે.

જ્યાં જુઓ ત્યાં "भाग्यं फलति सर्वत्र" ભાગ્યવાન સફળ થાય છે, અને નિર્ભાગીનો મહાન

પ્રયત્ન પણ નિષ્ફળ જાય છે. આ વાતનો અનુભવ આપતું, એક બોધપ્રદ દ્રષ્ટાંત રજુ કરવામાં આવે છે.

એક મોટું નગર હતું. નગરનો રાજા ઘણો વિદ્વાન અને દાની હતો. એની ખ્યાતિ સાંભળીને ઘણાઘણા પંડિતો અને યાચકો દૂર-દૂરથી એ નગરમાં આવતા. અને યોગ્ય દાન પ્રાપ્ત કરીને આનંદમગ્ન બનીને સ્વદેશ પાછા ફરતા.

એક પરદેશી બ્રાહ્મણ એ જ નગરમાં એક વખત આવેલો. તે અને એક બીજો તે જ ગામનો બ્રાહ્મણ નગરમાં દરરોજ ટેલ નાખતા. પરંતુ બંનેની ટેલ જુદા પ્રકારની હતી. એક બોલતો કે क्या करे कृपाल जो रीझे भूपाल બીજો ગામનો જે બ્રાહ્મણ હતો તેની ટેલ હતી કે "क्या करे भूपाल जो रीझे कृपाल" આમ ઉલ્ટા–સુલ્ટા ભાવાર્થવાળી બંને ભૂદેવોની ટેલ હતી.

ઘણા દિવસોથી રાજા આ બંને ટેલીઆ-ઓની ટેલ સાંભળતો હતો. એક દિવસ રાજાને વિચાર સ્ફુર્યો કે, 'આ બંને ટેલીઆઓના ભાગ્યની પરીક્ષા તો કરી જોઉં ?' એમ વિચાર કરીને એક દિવસ બંન્ને બ્રાહ્મણોને તેણે રાજ-સભામાં રાજાએ બોલાવ્યા ને કહ્યું:

'હે ભૂદેવો ! ઘણા દિવસોથી તમે મારા નગરમાં ટેલ નાંખી રહ્યા છો તેથી હું તમને બન્નેને આવતી કાલે ઈનામ આપવા માગું છું. માટે તમો બંને આવતી કાલે રાજસભામાં હાજરી આપજો, રાજાએ ઉપર મુજબ જણા-વીને બન્નેને વિદાય કર્યા.

રાજાએ એક ખાનગી માણુસ પાસે બે મોટાં કોળાં મંગાવ્યા અને ડગરા પાડીને તેમાં ૫૦–૫૦ સોનામહોરો નાંખીને પાછા એવી રીતે પેક કર્યાં કે કોઈને ય એમ ન લાગે કે કોળાં ખંડિત છે.

બીજા દિવસે રાજસભામાં બંન્ને બ્રાહ્મણો હાજર થઈ ગયા, રાજાએ ઈનામમાં એક–એક કોળું આપીને બંન્નેને વિદાય કર્યા.

જે બ્રાહ્મણ પરદેશી હતો તેના તો ટાંટીયા જ ઢીલા બની ગયા. તેણે વિચાર કર્યો કે, 'રાજા ઘણો કંજુસ લાગે છે' 'જેવો રાજા તેવી પ્રજા' માટે આ નગરમાં વધુ રોકાવાથી ફાયદો શો ? કાછીઆની દુકાને કોળું વેચીને જે પૈસા મળ્યા તે લઇને તે બીજે ગામ રવાના થઇ ગયો.

જે આ નગરનો બ્રાહ્મણ હતો તેણે કોળું લઇને પોતાની પત્નીને બતાવ્યું અને કહ્યું કે, 'આવડું મોટું કોળું રાજાજીએ ઇનામમાં આપ્યું છે માટે આપણે આપણાં આડોશી–પાડોશીને પણ થોડું થોડું આપીએ જેથી તેઓ પણ ખુશી થાય !' પતિની વાત સ્ત્રીને પણ ગમી અને કોળું ભાંગ્યું તો સોનામહોરોનો ઢગલો થયો. બ્રાહ્મણ અને બ્રાહ્મણીના આનંદનો તો પાર જ ન રહ્યો.

બ્રાહ્મણીએ બ્રાહ્મણને કહ્યું કે, 'આજનો દિવસ આપણા જીવનમાં અપૂર્વ છે. માટે આજે તો આપણે નગરના અનેક ગુણી વિદ્વાન બ્રાહ્મણોને જમાડીએ. એક બીજું કોળું બજાર-માંથી ખરીદી લાવો તો એ કોળાનું શાક આખી નાતને થઇ રહેશે. તમે કોળું લઇ આવો ત્યાં સુધીમાં હું બીજી વસ્તુઓ તૈયાર કરી નાંખું.

પત્નીની સલાહ બ્રાહ્મણને પસંદ પડી, અને તે એક મોટું કોળું બજારમાં લેવા માટે ગયો. જે કાછીઆને ત્યાં પેલા નિર્ભાગી બ્રાહ્મણે કોળું વેચી દીધું હતું તે જ કોળું આ બ્રાહ્મણ ખરીદી લાવ્યો. તેને ભાંગતાં તેમાંથી પણ ૫૦ સોનામહોરો નીકળી. આ પ્રમાણે

# દ્રવ્યાનુયોગની મહત્તા

પૂ૦ પં૦ શ્રી ધુરંધરવિજયજી મહારાજ

પરમભાવ ગ્રાહકનયની વિચારણા કર્મ અને નોકર્મ–પુદ્ગલાસ્તિકાયમાં મૂર્તસ્વભાવ છે. મૂર્ત એટલે રૂપાદિયુક્ત, અસદ્ભૂત વ્યવહારનયની વિચારણા અનુસાર જીવમાં પણ મૂર્તસ્વભાવ છે એમ કહી શકાય છે. માટે જ આ આત્મા દેખાય છે. આ આત્માને હું જોઉં છું–કોઇ પણ વ્યક્તિને આપણે જોઇએ છીએ–તે દેહાત્મ સંબંધને કારણે ઉત્પન્ન થયેલ વિલક્ષણ સ્વરૂપ છે. એ સ્વરૂપમાં પરસ્પર સ્વભાવો યોગ્યતા અનુસાર જણાતા હોય છે. જેમ દેહમાં ચેતન સંયોગને કારણે ચૈતન્ય ભાસે છે–તેમ ચેતનમાં પણ દેહસંયોગને કારણે મૂર્તસ્વભાવ ભાસે છે. શ્રી પદ્મપ્રભસ્વામી અને શ્રી વાસુપૂજ્યસ્વામી રાતા છે એ તેમાં રહેલા સાપેક્ષ મૂર્તસ્વભાવને લઇને કહેવાય છે, નહિં તો અમૂર્ત સ્વભાવવાળાને માટે એવો વર્ણવાળો વ્યવહાર કેમ પ્રવર્તે.

પરમભાવ ગ્રાહકનય પુદ્ગલ સિવાયના બીજા આત્મા–આકાશ–ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાય અને કાળ એ પાંચે દ્રવ્યોને અમૂર્તસ્વભાવ સ્વીકારે છે.

**પ્રશ્ન**—જે પ્રમાણે અસદ્ભૂત વ્યવહારનયથી ચેતનને મૂર્તસ્વભાવ માનવામાં આવે છે, તે પ્રમાણે અસદ્ભૂત વ્યવહારનયથી પુદ્ગલને અમૂર્તસ્વભાવ માનવામાં આવે છે કે નહિ ?

**ઉત્તરઃ**—પુદ્ગલને અમૂર્તસ્વભાવ માનવાને કોઈ કારણ નથી. તે તે નયોની વિચારણા જ્યાં જ્યાં જે રીતે પહોંચતી હોય તે સર્વ માની લેવું એ નિયમ નથી પણ જે જે સ્થિતિ હોય તેને નયવિચારણાથી સંગત કરવી–એ નિયમ છે. તેમાં પણ વાસ્તવિક સ્થિતિ હોય તે માનવી જ જોઈએ પણ જે ઉપચારથી માનવામાં આવે તેને તો પ્રસિધ્ધિ હોય તો જ માનવી, નહિં તો નહિં.–એટલે પુદ્ગલ અને ચેતના સંબંધે પુદ્ગલમાં ચેતનત્વ અને ચેતનમાં મૂર્તત્વનો ઉપચાર થાય છે પણ પુદ્ગલમાં અમૂર્તત્વનો ઉપચાર કરવાને કોઈ કારણ નથી એટલે તેનો ઉપચાર થતો નથી. આરોપ હોય તો નિમિત્તનું અનુસરણ કરવું પણ નિમિત્તને આગળ કરીને જ્યાં ત્યાં આરોપ કરવો નહિં.

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજના શબ્દોમાં આ હકીકત આ પ્રમાણે છેઃ—

---

આ બ્રાહ્મણનું ભાગ્ય જાગ્રત હતું, અર્થાત્ બ્રાહ્મણના ભાગ્યનો ઉદય થવાથી તે ધનવાન બની ગયો, અને પેલો પરદેશી બ્રાહ્મણ રખડી ગયો.

રાજાને પણ આ ઘટનાની જાણ થતાં બ્રાહ્મણને બોલાવીને તેના ભાગ્ય માટે તેને શાબાશી આપી કારણ કે તેની ટેલ સાચી હતી. "जो करे कृपाल क्या करे भूपाल" ભાગ્ય બળવાન હોય તો રાજા પણ કંઈ કરી શકતો નથી. એ હતો આ ટેલનો ભાવાર્થ.

જીવનમાં ધન મેળવવાની દરેકને ઇચ્છા હોય છે, પરંતુ ધનવાન બનવું એ પણ ભાગ્યની વાત છે. માટે ધર્મનું આરાધન કરીને આત્માને ભાગ્યશાળી બનાવવા સહુએ પ્રયત્ન કરવો.

" चेतनसंयोगइं देहादिकनइं विषइं जिम चेतनत्व उपचरिइं छइ तिम अमूर्तत्व उपचरता नथी. ते माटिं असद्भूतव्यवहारथी पणि पुद्गलनइं अमूर्तस्वभाव न कहिइं: प्रत्यासत्तिदोषइं अमूर्तत्व तिहां किम न उपचरि ? त उपरि कहइ छइ-अनुगमवशिं एकसंबंध देषइं जेह स्वभाव व्यवहिरइं ते उपचरिइं, पणि-सर्व धर्मनो उपचार न होइ. तथा च-आरोपे सति निमित्तानुसरणम्, न तु निमित्तमुररीकृत्यारोपः । इति न्यायोऽत्राश्रयणीयः, इति भावः ॥ "

**પ્રશ્નઃ**—જો અનુગમવશ સંબંધને જોડીને તે તે ભાવોના સ્વરૂપનો નિર્ણય કરીએ તો પુદ્ગલને અમૂર્ત માની શકાય નહિં પણ સમ્મતિતર્કમાં કહ્યું છે કે જે પદાર્થો પરસ્પર અત્યંત સંબંધ છે–ગાઢ મળ્યા છે તે સર્વ પદાર્થો ક્ષીર–નીરની માફક જુદા કરાય નહિં. દૂધ–પાણીની જેમ એનો ભેદ કરી શકાય નહિં. એ તો તેના મૂળ સ્વરૂપે અન્ત્ય વિશેષે જુદા પડે પુદ્ગલ અને જીવ એવા તો મિશ્ર થયેલા છે કે તે બંન્ને તેના મૂળભૂત સ્વરૂપ સિવાય જુદા ઓળખી પણ શકાય નહિં. औदारिकादिवर्गणानिष्पन्नाच्छरीरादेर्ज्ञानघनासंख्येयप्रदेश आत्मा भिन्न. इति' ઔદારિક વગેરે વર્ગણાર્થી બનેલા શરીરાદિથી જ્ઞાનસ્વરૂપ અસંખ્યાત પ્રદેશવાળો આત્મા જુદો છે. એ પ્રમાણે તે બન્નેનો ભેદ જણાવાય છે. આ સ્વરૂપ દર્શાવતી સમ્મતિના પ્રથમકાંડની ૪૭મી ગાથા આ પ્રમાણે છે.

'अन्नुन्नाणुगयाणं, 'इमं व तं व' त्ति विभयणमजुत्तं ।
जह दुद्धपाणियाणं, जावंत विसेसपज्जाया' ॥१.४७॥

આ પ્રમાણે વસ્તુસ્થિતિ છે એટલે મૂર્તતા એ પુદ્ગલદ્રવ્યનો વિભાજક અન્ત્ય વિશેષ છે તો તેનો ઉપચાર આત્મદ્રવ્યને વિષે કેમ કરાય ? અને જો તે મૂર્તતાનો ઉપચાર આત્મામાં કરી શકાતો હોય તો અમૂર્તતાનો ઉપચાર પુદ્ગલમાં કેમ ન કરાય ?

**ઉત્તરઃ**—પુદ્ગલદ્રવ્યમાં રહેલી મૂર્તતા અને આત્માદિ દ્રવ્યમાં રહેલી અમૂર્તતા વિશેષ હોવા છતાં જ્યારે તે તે દ્રવ્યોનું જોડાણ થાય છે ત્યારે તે વિશેષતામાં જે બળવતી હોય છે તે બીજી વિશેષતાને દબાવી પોતે આગળ તરી આવે છે. આત્મા અને પુદ્ગલનું મિશ્રણ થતાં આત્માની અમૂર્તતા દબાય છે–અભિભૂત થાય છે. એટલે શરીરધારી આત્માને મૂર્તપણે ઉપચરિત કહી શકાય છે, પણ પુદ્ગલની–શરીરની મૂર્તતા અભિભૂત થતી નથી માટે શરીરમાં અમૂર્તતાનો ઉપચાર કરાતો નથી. આ પ્રમાણે તે તે અન્ત્ય વિશેષોને યથાવત્ વિચારીને તેનો અવગમ કરવો જોઇએ. કહ્યું છે કે अन्योऽन्यानुगमाविशेषेऽपि क्वचिदेव किञ्चित् केनचित् कथञ्चिदनुभूयते, इति यथागमव्यवहारमाश्रयणीयम्'

**પ્રશ્નઃ**—પૂર્વમાં કહેલું છે જે જીવ અને પુદ્ગલમાં ૨૧ ભાવો હોય છે. હવે જ્યારે ઉપચારથી પણ પુદ્ગલમાં અમૂર્તભાવ ન હોય એમ કહેવાય છે, તો પુદ્ગલમાં ૨૦ જ ભાવો રહ્યા. એટલે ૨૧ ભાવો પુદ્ગલમાં રહે છે એ વચન વિરુધ્ધ થયું.

**ઉત્તરઃ**—પુદ્ગલમાં અમૂર્તભાવ ન રહે એ જે કહેવામાં આવ્યું છે, એ આત્મસંબંધ પુદ્ગલ શરીરને આશ્રયીને છે. બાકી પરમાણુ વગેરે પરોક્ષ પુદ્ગલોમાં અસદ્ભૂત વ્યવહારનયને અનુસાર અમૂર્ત વ્યવહાર પણ પ્રવર્તી શકે છે. જે માટે કહ્યું છે–જે 'व्यावहारिकप्रत्यक्षागोचरत्वममूर्तत्वं परमाणौ भक्तं स्वीक्रियते' વ્યવહાર યોગ્ય પ્રત્યક્ષને અગોચર એ અમૂર્ત. એ પ્રમાણે પરમાણુમાં અમૂર્તપણું વિકલ્પે સ્વીકારાય છે.

❋

'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા.........

# રાજદુલારી



લેખક: વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

**પૂર્વપરિચય:** રાજકુમારી કલાવતીનું પાણિગ્રહણ કરીને શંખસેન રાજા, રાજધાનીમાં પાછા ફરે છે. મહારાણી કલાવતી ગર્ભવતી બને છે. વિજયસેન રાજા કલાવતીને પોતાનાં ઘેર લાવવા પરિવારને મોકલવવાનું નક્કી કરે છે . . . આ બાજુ કાપાલિક તામ્રચૂડ પોતાના મલિન સ્વાર્થને સાધવા સાત કુમારિકાઓનું બલિદાન આપવા તૈયાર થાય છે. યુવરાજ જયસેનનાં મિત્રની બ્હેનનું પણ આ કારણે તે અપહરણ કરાવે છે. યુવરાજ જયસેન તેની શોધમાં નીકળે છે. તામ્રચૂડની ગુફામાં છુપા વેશે પ્રવેશે છે. યુક્તિથી તામ્રચૂડને ફસાવે છે, ને દુષ્ટ તામ્રચૂડ પોતાની જાતને બચાવવા યુવરાજ પાસે કોઇ પણ પ્રાણીનો વધ ન કરવાની પ્રતિજ્ઞા સ્વીકારે છે. છતાં ફૂટનીતિવાળો તે, યુવરાજને પ્રાસાદી આપવાના બ્હાને શાપિત કંકણ આપે છે- હવે વાંચો આગળ

## પ્રકરણ ૧૭ મું
## ચિ ન ગા રી

સંતાન જ્યારે સત્કાર્ય કરે છે અથવા તો કોઇ પણ ઉત્તમ કાર્ય કરે છે, ત્યારે માતા-પિતાના પ્રાણમાં હર્ષની એક લહર દોડતી હોય છે.

મેલી મંત્રવિદ્યા પર જીવી રહેલા તામ્રચૂડના પંજામાંથી પાંચ નિર્દોષ બાલિકાઓને છોડાવીને યુવરાજ જયસેન જ્યારે દેવશાલ નગરીમાં આવી પહોંચ્યો, ત્યારે મહારાજા વિજયસેન અને રાણી શ્રીમતીના પ્રાણમાં હર્ષની એક લહરી દોડવા માંડી.

અને આ સમાચાર વાયુવેગે નગરીમાં પ્રસરી જતાં ઘણા ગૃહસ્થો અને મંત્રીઓ પણ યુવરાજને અભિનંદન આપવા આવી પહોંચ્યા.

યુવરાજ જયસેને રાજાને ઉચિત ગણાય એવું એક કાર્ય કર્યું હતું. જનતાના જાનમાલનું રક્ષણ કરવું એ રાજાનું પ્રાથમિક કર્તવ્ય હોય છે અને જે રાજા કે શાસક આ કર્તવ્ય પ્રત્યે ધ્યાન નથી આપતો તે હંમેશા પ્રજા માટે ભાર રૂપ હોય છે.

યુવરાજના કાર્ય પર જનતા પ્રશંસાનાં ફુલો બિછાવવા માંડી: અને યુવરાજે બીજે દિવસે અન્ય ચાર બાલિકાઓને પોતપોતાના સ્થાને સુખરૂપ પહોંચાડવાની વ્યવસ્થા કરી, કારણ કે આર્ય પ્રફુલની બહેન સિવાયની બીજી ચારેય બાલિકાઓ આસપાસના ગ્રામ્ય પ્રદેશમાં આવેલા જુદા જુદા ગામોની હતી.

યુવરાજને જ્યારે ખબર પડી કે પોતાની બહેન સગર્ભા થઇ છે અને લાવવા માટે એક પ્રતિનિધિ-મંડળ શંખપુર જઇ રહ્યું છે, ત્યારે તેણે પોતાની પ્રિય ભગિનીને કંઇક ભેટ મોકલવાનો વિચાર કર્યો.

યુવરાજના મનમાં થયું કે બહેનને જે કંઇ ભેટ મોકલવી તે ઉત્તમમાં ઉત્તમ હોવી જોઇએ.... એવી કઇ વસ્તુ મોકલવી."

હા....

તામ્રચૂડે જ અપ્રાપ્ય એવાં વજ્ર વલય આપ્યાં છે... એક જ વજ્ર પત્થરમાંથી કોરેલાં છે... આવાં અખંડ વલય જગતમાં કોઇ સ્થલે ભાગ્યે જ મળી શકે. આવાં સર્વોત્તમ વજ્ર વલય અનાયાસે પ્રાપ્ત થયાં છે અને એ જ મોકલવાં જોઇએ.

જયસેને પોતાના માતા-પિતાને વજ્ર વલય દેખાડયાં હતાં અને માતાએ જ્યારે જયસેન પરણે ત્યારે નવવધૂને આપવા માટે મનમાં કલ્પના પણ ગોઠવી હતી.

અને જ્યારે જયસેને આ વજ્ર વલય પોતાની બહેનને ભેટ મોકલવા માટે માતા-પિતા સમક્ષ માગણી કરી ત્યારે માતાએ આછા હાસ્ય સહિત કહ્યું: "વત્સ, સંસારમાં એવી કોઇ મૂલ્યવાન વસ્તુ નથી કે ભાઇ બહેનને ન આપી શકે... જે આપે તે અલ્પ જ ગણાય. પરંતુ મેં મનમાં એવી ભાવના રાખી હતી કે આ વજ્ર વલય તારાં લગ્ન થાય ત્યારે વહુને આપવાં."

જયસેને તરત હસતાં હસતાં કહ્યું: "મા, પત્ની કરતાં બહેનનું સ્થાન ઘણું ઊંચું છે. આપ આજ્ઞા આપો તો......"

વચ્ચે જ પિતાએ કહ્યું: " તારી ભાવનાનો અવરોધ કરવાની અમારી જરાયે ઇચ્છા ન હોય. સંસારમાં બેન માટે જેમ ભાઇ એક આદર્શ છે, તે જ રીતે ભાઈ માટે બેન અતિ પ્રિય હોય છે. તારી ભાવનાને તું કોઈ પણ પ્રકારના સંકોચ વગર અમલમાં મૂકજે."

માતા-પિતાની આ રીતે આજ્ઞા મળતાં જયસેન આનંદમાં આવી ગયો અને જે પ્રતિનિધિ મંડળ જવાનું હતું તેની સાથે વજ્ર વલય પણ મોકલી દીધાં .. અને પ્રતિનિધિમંડળમાં જઈ રહેલી મુખ્ય પરિચારિકાને કહ્યું: "બહેન, કલાને તું મારા અંતરનો ભાવ જણાવજે... કહેજે, ભાઇએ તારા પ્રત્યેના અપાર પ્રેમને વશ બની સર્વોત્તમ ગણાતો આ દિવ્ય અલંકાર ભેટ મોકલ્યો છે. તું એ પણ જણાવજે કે પ્રેમભરી આ ભેટ હંમેશ પોતાના હાથમાં રાખે અને જો તમારી સાથે આવે તો આ વજ્ર વલય પહેરીને જ આવે."

વજ્ર વલય અને જયસેનનો સંદેશો લઇને મંડળી વિદાય થઈ.

ભગિની પ્રત્યેના અપાર પ્રેમને વશ થઇને જયસેને વજ્ર વલય મોકલ્યાં હતાં, પરંતુ એને કલ્પનાયે નહોતી કે આ શાપિત કંકણ હતાં. તામ્રચૂડે છેલ્લે છેલ્લે પણ પોતાનો દાવ અજમાવી લીધો હતો. તામ્રચૂડની કલ્પના એવી હતી કે આ અલભ્ય અને ઉત્કૃષ્ટ ગણાતાં વજ્ર વલમ કાં તો જયસેનની માતા ધારણ કરશે અથવા પત્ની ધારણ કરશે... અને ધારણ કર્યા પછી તરત જ શાપિત કંકણનો પ્રભાવ શરૂ થશે.

પરંતુ આ તો સાવ ન કલ્પેલું બની ગયું, સંસારમાં ભાગ્યે જ પ્રાપ્ત થઈ શકે એવાં વજ્ર કંકણ ભાઇએ પોતાની બહેનને ભેટણાં તરીકે મોકલી દીધાં.

આ તરફ શંખપુરમાં કલાવતીના દિવસો પરમ આનંદમાં જતા હતા. જેના પ્રાણમાં ધર્મનો નાનોશો દીવડો પણ પ્રગટેલો હોય છે... તેને સદાય પરમાનંદ હોય છે.

અને તેમાં ય શ્રી જિનેશ્વર ભગવંતે પ્રરૂપેલો ધર્મ જેના ચિત્તને સ્પર્શી જાય છે, તેને ગમે તેવું

> ❀
>
> **આપણો કહેવાતો દુશ્મન આપણું વાકું બોલે તેના કરતાં આપણી ખુશામત કરનાર વ્યક્તિથી વધુ ચેતતા રહેવાની જરૂર છે.**
>
> ❀

દુઃખ પણ દુઃખરૂપ ભાસતું નથી.

મહાદેવી કલાવતીના પ્રાણમાં શ્રી જિનેશ્વર ભગવંતે પ્રરૂપેલા ધર્મના સંસ્કારો બાલ્યકાળથી સ્થિર થયેલા હતા.

સ્વામીની અઢળક સંપત્તિ, સ્વામીનો અપૂર્વ પ્રેમ અને સ્વામીની નિષ્ઠા જોઇને પણ કલાવતીનું ચિત્ત કદી ગર્વિત બનતું નહોતું. તે સમજતી હતી કે પુણ્યયોગે મળે છે અને પુણ્ય પરવારે એટલે ચાલ્યું જાય છે.

કોઈ પણ પ્રકારના ભૌતિક અથવા શારીરિક સુખમાં અંધ બની જવું એટલે દુઃખને આમંત્રણ આપવા સમાન છે એ વાત કલાવતી સમજતી હતી.

જેમ જેમ ગર્ભ વૃદ્ધિ પામતો જતો હતો તેમ તેમ કલાવતીની કાયા તેજસ્વિ બનતી જતી હતી. એક તો તે ભારતવર્ષની સર્વશ્રેષ્ઠ સુંદરી હતી અને સગર્ભા બન્યાના કારણે એ સુંદરતા વધારે દીપી રહી હતી. કારણ કે માતૃત્વ એ સંસારી નારીની કલ્યાણમય સિદ્ધિ છે. માતૃત્વ પાછળ નારીની ત્યાગ-ભાવનાનો એક વિરાટ ઇતિહાસ છૂપાયેલો હોય છે, ભાવના અને ત્યાગનાં તેજ અપૂર્વ હોય છે. નારી જ્યારે માતૃત્વ પ્રાપ્ત કરવાના માર્ગે કદમ માંડે છે ત્યારે એ તેજ તેની કાયાનો શ્રૃંગાર બની જતું હોય છે.

પત્નીનું મન પ્રસન્ન રાખવા માટે રાજા શંખ પણ અવિરત પ્રયત્ન કરી રહ્યો હતો. અવાર નવાર ઉત્તમ સંગીતકારોને બોલાવતો, નૃત્ય સમારંભો યોજતો અને વિધવિધ પ્રકારની રમતો પણ રમતો .

અને એક દિવસે શંખપુરીના રાજભવનમાં દેવશાલથી નીકળેલી મંડળી આવી પહોંચી.

પિયરથી તેડવા માટે પ્રતિનિધિમંડળ આવ્યું છે એ સમાચાર મળતાં જ કલાવતીના મનને ભારે પ્રસન્નતા થવા માંડી.

નારી ગમે તેવા સુખ વચ્ચે સ્વામીના ઘેર રહેતી હોય છતાં માબાપના ઘરનું આકર્ષણ એના મનમાંથી કદી દૂર થતું નથી. જ્યાં બાલ્યકાળ ગયો હોય છે., જ્યાં બાલ્યકાળના અને પ્રથમ યૌવનનાં અનેક સંસ્મરણો જીવતા ચિત્ર માફક પડેલાં હોય છે, તે પિયર સ્ત્રીથી કદી ભૂલાતું નથી

અને પિયરના કોઇપણ માણસો આવે છે ત્યારે સ્ત્રીના અંતરમાં આનંદની એક ભાવના છલકી ઉઠે છે.

પ્રતિનિધિમંડળ સાથે આવેલા એક વયોવૃદ્ધ મંત્રી મહારાજા શંખને મળ્યા અને કુશળ સમાચાર પૂછ્યા, પછી મહારાજાનો એક પત્ર તેઓના હાથમાં મૂકયો.

મહારાજા વિજયસેને રાજા શંખ પરના પત્રમાં કલાને આ પ્રતિનિધિમંડળ સાથે દેવશાલ મોકલવાની પ્રાર્થના કરી હતી.

રાજા શંખે પત્રવાંચન કર્યા પછી વયોવૃધ્ધ મંત્રીને કહ્યું: "મંત્રીશ્વર, આપ મારા અતિથિ છો... થોડા દિવસ અહીં આનંદથી રહો..."

એમ જ થયું.

પરંતુ સંધ્યા સમયે મહાદેવી કલાવતીને મળવા અને યુવરાજ જયસેનનો સંદેશો તથા ભેટ આપવા માટે મુખ્ય પરિચારિકા રાજભવનમાં બે અન્ય પરિચારિકાઓ સાથે ગઇ.

એ વખતે રાજા શંખ પોતાની પત્ની સાથે એક ખંડમાં બેસીને વાતો કરી રહ્યો હતો... વાતનો વિષય હતો મહારાજા વિજયસેનનું નિમંત્રણ.

પિતાનું નિમંત્રણ જાણીને કલાવતી ખૂબ-પ્રસન્ન બની ગઈ અને સ્વામી સામે જોઈને બોલી: "આ અંગે આપે શું નિર્ણય કર્યો છે?"

"તારી આજ્ઞા એજ મારો નિર્ણય હોય છે... પરંતુ તને પિયર મોકલવામાં એક મુશ્કેલી ઉભી થશે!'

"કઇ ?"

"તારા વગર હું એક પળ પણ સુખમાં રહી શકીશ નહિ... કદાચ તું ત્યાંથી પ્રસૂતિ બાદ પાછી આવીશ ત્યારે મારી કાયા પણ જર્જરિત બની ગઇ હશે."

"સ્વામી..."

"હું સત્ય કહું છું પ્રિયે...; તારો વિરહ મને અગ્નિ માફક બાળ્યા કરશે અને મારી તમામ શક્તિનું શોષણ કર્યા કરશે. હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે તારા વગર મારાથી એક પળ, પણ રહી શકાશે કે કેમ એ મારા માટે વિચિત્ર સવાલ છે."

"તો પછી મારે જવાની કોઇ જરૂર નથી. આપના ચિત્તને દુઃખ થાય એ મારાથી કેમ સહી શકાય ?"

આ વાત ચાલતી હતી ત્યાં એક દાસીએ આવીને કહ્યું: "મહાદેવીના પિયરથી આવેલી બહેનો મહાદેવીને મળવા ઇચ્છે છે.'

"એમને આદર સહિત અહીં મોકલ." રાજા શંખે કહ્યું.

દાસી મસ્તક નમાવીને ચાલી ગઇ.

કલાવતીએ સ્વામી સામે જોઇને કહ્યું: "આપ અહિં હશો તો એ લોકો સંકોચ પામશે એમ મને લાગે છે."

શંખે પત્ની સામે આછું હાસ્ય વેરતાં કહ્યું: "હું બાજુના જ ખંડમાં છું... તું મુકત મનથી એનો સત્કાર કરજે."

રાજા શંખ તરત બાજુના ખંડમાં ચાલ્યો ગયો.

અને દેવશાલની મુખ્ય પરિચારિકા સુદત્તા બે અન્ય સ્ત્રીઓ સાથે આવી પહોંચી.

સુદત્તાએ ખંડમાં દાખલ થતાં જ કલાવતીને નમસ્કાર કર્યા. કલાવતી સુદત્તાને હર્ષભર્યા ભાવે ભેટી પડી.

પરસ્પર કુશળ સમાચાર પૂછયા પછી મહાદેવી કલાવતીએ કહ્યું: "સુદત્તા, મા તો મજામાં છે ને ?"

"હા... સહુ આપની પ્રતીક્ષા કરી રહ્યાં છે."

"પરંતુ મારાથી ત્યાં આવી શકાય તેવા સંજોગો નથી."

"માએ અને મહારાજાએ ખૂબ આગ્રહ કર્યો છે..."

"હું જાણું છું... પરંતુ આવો લાંબો પ્રવાસ આ સ્થિતિમાં કરવો ઉચિત નથી એમ મહારાજ માને છે."

સુદત્તાએ વસ્ત્રમાં બાંધેલી પેટિકા છોડવા માંડી.

રાજા શંખ બાજુનાં ખંડમાંથી પોતાની તલવાર કમર પર બાંધી બહાર નીકળવાની તૈયારી કરતો હતો ત્યાં તેના કાનપર પત્નીનો અવાજ અથડાયો:-

"સુદત્તા, આ પેટિકામાં શું છે ?"

"આપના પ્રત્યેના પ્રગાઢ પ્રેમની સ્મૃતિ." કહી સુદત્તાએ હીરક વલય બહાર કાઢયાં.

જાણે આખો ખંડ વજ્ર કંકણુના દિવ્ય પ્રકાશથી ઝગમગી ઉઠયો.

પરંતુ રાજા શંખના પ્રાણુમાં સુદત્તાના શબ્દોએ અવળી અસર કરી. તે સાંભળી ગયો હતો કે કોઇના પ્રગાઢ પ્રેમની નિશાની લઈને આ પરિચારિકા આવી છે. તે હવે દ્વાર પાસે ઉભો રહીને ધ્યાનપૂર્વક વાતો સાંભળવા માંડયો.

સુદત્તાના હાથમાં ચમકતાં વજ્ર વલય જોઇને કલાવતીનું મન ખૂબજ પ્રસન્ન બની ગયું. સુદત્તાએ કહ્યું:- "વાહ અમુલ્ય વસ્તુ છે... પ્રગાઢ પ્રેમ વગર આવી દિવ્ય ભેટ કયાંથી મોકલી શકાય? સુદત્તા, એમને કહેજે કે કલાએ ઘણુાજ ભાવથી અને પ્રસન્ન હૃદય સાથે આ પ્રેમ પ્રસાદી સ્વીકારી છે. એમના પ્રેમને હું એક પળ માટે પણુ વિસરી શકતી નથી, હું એમને અહોનિશ યાદ કરું છું."



આ શબ્દો સાંભળીને રાજા શંખ પોતાનું ભાન ભૂલી ગયો... બંને હાથ વચ્ચે મસ્તક દબાવી તે

❀

**અસત્યની તરફેણુ કરનારા લાખો માણુસો હોય અને પ્રશંસકો પણુ ભલે લાખો હોય છતાં અસત્ય કદી સત્ય બનતું નથી.**

❀

બારણેથી ચાલ્યો ગયો. વધુ સાંભળવા જેટલી ધીરજ પણુ ન રહી.

કલાવતીએ ભાઇની ભેટ રૂપે આવેલાં વજ્ર વલય હાથમાં ધારણુ કરી લીધાં અને કહ્યું:" સુદત્તા, સંસારમાં ભાઈ-બેનનો પ્રેમ અપૂર્વ અને અપૂર્ણ હોય છે... એ પ્રેમમાં ત્યાગનો જ આદર્શ હોય છે... ભાઇને મારા નમસ્કાર જણાવજે."

પણુ આ શબ્દો સાંભળવા માટે રાજા શંખ થોભી શકયો નહોતો. એના પ્રાણુમાં તો પત્ની બેવફા હોવાની ચિનગારી મૂકાઈ ગઈ હતી.

## પ્રકરણ ૧૮ મું

## વહેમનો અંગારો !

માનવીના અંતરમાં છૂપાયેલું વહેમરૂપી વિષ જ્યારે જ્વાળા બને છે, ત્યારે માનવીના અંતરની તમામ શુભ ભાવનાઓને ભસ્મ કરવા માંડે છે.

માનવી નાનો હોય કે મોટો હોય વહેમની જ્વાળામાં ભરખાય છે ત્યારે એના જીવનની સમગ્ર શાંતિ નષ્ટ થવા માંડે છે.

રાજા શંખે દેવશાલ નગરીથી આવેલી સુદત્તા અને પોતાની પ્રિય રાણી વચ્ચે થયેલી વાત આકસ્મિક

રીતે સાંભળી લીધી હતી અને એ વાત પાછળ રહેલા બંધુપ્રેમની ભાવના જાણ્યા જોયા વગર અથવા તો પત્નીના આજ સુધીના નિર્દોષ અને પ્રેમાળ વર્તનની સમીક્ષા કર્યા વગર અથવા તો સાંભળેલી વાત પાછળ રહેલા સત્યની પરીક્ષા કર્યા વગર તેણે એમ જ માની લીધું હતું કે પિયરમાં કોઇ કુમાર સાથે તે પ્રેમમાં પડી છે અને આજ પણ પૂર્વનો પ્રેમ ભૂલી નથી. અહીં પૂર્ણ સુખ મળવા છતાં એનું હૃદય તો પોતાના પ્રેમીને મળવા જ ઝંખી રહ્યું છે. ખરેખર, સંસારમાં નારી જ સૌથી વધારે ગહન, ભેદભરપુર અને વિશ્વાસઘાતિની જ છે.! એના પ્રેમીની ભેટ જોતાં જ એના હૈયામાં કેટલી ઉર્મિઓ થનમનવા માંડી હતી?

રાજા શંખના હૃદયમાં વહેમનું વિષ ઉભરાયું. તે રાજભવનમાંથી બહાર નીકળીને સીધો પોતાની અશ્વશાળાએ ગયો.

મનમાં જ્યારે કુતર્કનો વાસો થાય છે ત્યારે શું કરવું અને શું ન કરવું, એ બધું ભુલાઇ જાય છે.

પોતાનો પ્રિય અશ્વ લઇને તે બહાર નીકળી ગયો. સાથે કોઇ માણુસોને પણુ ન લીધા. પ્રથમ એના મનમાં થયું કે શ્રીદત્તને મળવા જાઉં પણ તરત વિચાર ચંચળ બની ગયો. કલાવતી જેવી વિશ્વાસઘાતિની નારીની શોધ કરનાર એજ છે. એની પાસે જવાથી હૃદયને શાંતિ નહિ મળે!

આમ વિચારી તે નગરીની બહાર નીકળી ગયો.

માનવી જ્યારે હૃદયને શાંત કરવા ભટકે છે ત્યારે એમ જ થાય છે કે તે શાંતિને બદલે અશાંતિ જ ઝીલતો હોય છે. કારણ કે શાંતિ બહારની કોઈ ચીજ નથી, બહારથી મળી શકતી નથી, એ તો હૃદય–મનમાં જ ભરેલી હોય છે.! પરંતુ વહેમ અથવા અજ્ઞાનની આંધિ ચગે છે ત્યારે માનવી પોતાની શાંતિ પોતામાંથી મેળવવાને પુરૂષાર્થ કરી શકતો જ નથી, એ બહાર ઘુમ્યા કરે છે. અને શાંતિના બહાને અશાંતિના ઉચાળા બાંધ્યા કરે છે.

એકાદ પ્રહર પર્યંત આથડીને રાજા શંખ પાછો વળ્યો. તેણે મનથી નક્કી કર્યું કે આવી દુષ્ટ અને પરપુરૂષમાં આસક્ત રહેલી પત્નીનું મોઢું જોવું તે જીવનને અંગારા ચાંપવા બરાબર છે, તેમ પત્નીના દુષ્ટત્વનો બદલો ન આપવો તે પણુ મોટામાં મોટો અન્યાય છે.

તો પછી શું કરવું?

હા, આઠેક દિવસના પ્રવાસે ચાલ્યા જવું. પત્નીને કોઈ જાતની શંકા ન આવે તેવો વર્તાવ રાખવો અને દેવશાલનું પ્રતિનિધિમંડળ વિદાય થયા પછી...

ના...ના... કલાવતીને પિયર ન જ મોકલવી... મારે પણુ કયાંય જવું નહિ... ઠંડા કલેજે રાજભવનમાં જ રહેવું અને એ દુષ્ટાના હૃદયનો અભ્યાસ કરવો.

આવા અનેક વિચારો કરતો કરતો રાજા શંખ રાજભવનમાં આવી પહોંચ્યો.

આ તરફ રાજદુલારી હાથમાં વજ્રવલય ધારણુ કરીને હર્ષ ભર્યા હૃદયે સ્વામીને બતાવવા ગઇ હતી .. પણુ સ્વામી તો ચાલ્યા ગયા હતા. એના મનમાં થયું કે કંઈ કામકાજના અંગે બહાર ગયા હશે. એના દિલમાં એવી તો શંકા પણુ નહોતી કે સ્વામીના પ્રાણુને વહેમરૂપી અગ્નિકણુ દઝાડી જશે!

રાજા શંખ ભવનમાં દાખલ થયો કે તરત એક પરિચારિકાએ આવી નમસ્કાર કરતાં કહ્યું: "મહાદેવી આપને કયારનાં યાદ કરે છે..."

"મહાદેવીએ ભોજન કરી લીધું?"

"ના, મહારાજ! આપની રાહ જોઈ રહ્યા છે." દાસીએ જણાવ્યું:

કેટલો દંભ! હાથમાં પ્રિયતમનાં કંકણુ પડયા હોય પછી ભુખ શેની લાગે? રાજા શંખે કહ્યું: "તું મહાદેવીને કહે, હું ભોજનગૃહમાં આવું છું."

કહી રાજા શંખે પોતાના ખંડમાં પ્રવેશ કર્યો.

ત્યારપછી વસ્ત્રો બદલાવી હાથ મોં ધોઇને ભોજનગૃહમાં ગયો.

કલાવતી રાહ જોતી ઉભી હતી. સ્વામીને જોતાં જ તે હર્ષ ભર્યા સ્વરે બોલી ઉઠી. "આપના અદર્શનથી હું વ્યાકુળ બની હતી... આપ કયાં ગયા હતા?"

કૃત્રિમ હાસ્ય સહિત રાજા શંખે કહ્યું:

"પ્રિયે ! મને ક્ષમા કરજે. તારાં પિયરીયાં સાથે તું નિશ્ચિંત મનથી વાતો કરી શકે, એ એકજ આશયથી હું બહાર ગયો હતો બહાર નીકળ્યા પછી મને થયું, ઘણા દિવસથી બંદર પર ગયો નથી, એટલે આંટો મારી આવુ."

"આપ બંદર પર ગયા હતા?"

"હા..." કહી રાજા શંખ ભોજન માટે સુવર્ણના એક આસન પર બેઠો... એની નજર વારંવાર કલાવતીના હાથમાં ચળકતા વજ્રવલય પર પડતી હતી... પરંતુ સ્વામીને જોઇને કલા વજ્રવલયની વાત સાવ વિસરી ગઇ હતી.

કલાવતી પ્રેમ અને ઉમળકાથી સ્વામીને પીરસવા માંડી. રાજા શંખે કહ્યું: "પ્રિયે, તું પણ જમવા બેસી જા."

"આપ જમી લ્યો પછી..."

કૃત્રિમ હાસ્ય ભરી નજર કરીને રાજા શંખે કહ્યું. "કલા, આજ તું ખૂબ જ સુંદર લાગે છે !"

જગત પ્રશંસા કરે કે ન કરે પરંતુ સ્વામી પ્રશંસા કરે એટલે સ્રીની પ્રસન્નતા છલકી ઉઠે છે. કલાવતીને હાથમાં પહેરેલાં હીરક વલય યાદ આવ્યા. તે બોલી ઉઠી: "સ્વામી, હું તો એક વાત સાવ વિસરી ગઈ. આપને જોઉં છું અને જાણ્યે સઘળું ભુલી જઉં છું."

શંખના મનમાં થયું... દંભની પુતળી ! પણ મનનો ભાવ અવ્યકત રાખીને તે બોલ્યો: "શું ભૂલી ગઇ હતી ?"

"આપ જુઓ... સંસારમાં અદ્વિતીય ગણાય એવી સુંદર અને મૂલ્યવાન વસ્તુ મળી છે." કહી કલાએ બંને હાથનાં વજ્રવલય દેખાડયાં.

જોઇને શંખના હૈયામાં આગ સળગી પણ તેણે પ્રસન્ન-હાસ્યના દંભ સાથે કહ્યું: "ઓહો ! ઘણી ઉત્તમ વસ્તુ છે... આ અલંકારથી જ તારૂં રૂપ ખીલી ઉઠયું છે... તારા પિતાની ભેટ મળી લાગે છે... ?"

"હા... મારા ભાઈએ મોકલી છે. આપને પસંદ છે ?"

"તારી પ્રસન્નતામાં જ મારી પ્રસન્નતા રહેલી છે." કહી શંખના મનમાં થયું... આ નારી કેટલી પાપિની

> ઝળહળી રહેલી વિજળીની બત્તી કરતાં, ઘીના નાના એવા દીપકમાં શાંતિનું તેજ વધુ છે અને તેથી જ પ્રભુને ચરણે ધરાતો એ દીવો તમને કહે છે કે, "ઓ ભાવિક જનો ! તમે મારા જેવા બની પ્રભુને ચરણે જાઓઃ જરૂર શાંતિ મળશે. જેને તમે ખરેખર મહાન ગણો છો એની પાસે જતાં પહેલાં તમે તમારા મનનાં જળહળી રહેલા અહં ભાવના દીવા બુઝાવી નાંખો."
>
> શ્રી વજુ કોટક
>
> (ચુંદડી અને ચોખામાંથી)

છે! પ્રિયતમને ભાઇ કહેતા પણ કંપતી નથી... આહ, સંસારમાં આવી રૂપવતી નારીઓ જ હળાહળ વિષથી ભરેલી હોય છે!

ભોજન ભાવતું નહોતું છતાં રાણીને કોઇ પ્રકારનો સંશય ન જાય એટલા ખાતર રાજા શંખે પરાણે ભોજન કર્યું.

ભોજન કરીને ઉઠતી વખતે તેણે કહ્યું:" હવે તું પ્રેમથી ભોજન કરી લે... હું દેવશાલના પ્રતિનિધિમંડળને મળવા જઉં છું. હં..., તારી ઇચ્છા દેવશાલ જવાની હોય તો..."

વચ્ચે જ કલાવતીએ હર્ષભર્યા સ્વાભાવિક સ્વરે કહ્યું: પિતાને ઘેર જવાની ઇચ્છા કઇ પુત્રીને ન હોય ? પરંતુ આપ..."

"મારી સ્થિતિ તો તું જાણે છે. તારા વગર હું એક પળ પણ રહી શકું એમ નથી..."

"તો હું કયાં ય જવા નથી ઇચ્છતી."

"સારૂં... તું ભોજન કરી લે" કહી રાજા શંખ ચાલ્યો ગયો.

શંખના મનમાં થયું હતું કે જો હું રાજભવનમાં રાણી સાથે રહીશ તો વધુ સમય આ અભિનય કરી

શકીશ નહિં અને કદાચ ક્રોધવશ કંઈ ને કંઇ થઇ જશે. એટલે એવો કોઈ મધ્યમ માર્ગ કરવો જોઈએ કે પત્નીને કશી શંકા ન આવે ને પત્ની પાસે રહી પણ ન શકાય.

આવો મધ્યમ માર્ગ કયો શોધવો ?

માનવી જ્યારે મન સાથે ગડમથલ કરતો રહે છે ત્યારે તે પોતાને ગમે તેવો માર્ગ ગમે તે રીતે શોધી કાઢે છે.

રાજા શંખે એવો જ એક માર્ગ મનથી નક્કી કર્યો અને તે સીધો દેવશાલના પ્રતિનિધિમંડળમાં આવેલા વૃદ્ધમંત્રીને મળવા ગયો.

મંત્રી આગળ જઈને તેણે કહ્યું; "અમારી કુળ-પરંપરાની રીત મુજબ મહાદેવીની પ્રથમ પ્રસૂતિ અહીં જ થવી જોઇએ, એટલે મારા પૂજ્યશ્રીની આજ્ઞા હું મસ્તકે ચડાવી શકતો નથી."

કુળપરંપરાની રીત આગળ કોઈ દલીલ થઇ શકે એમ હતી નહિ. મંત્રીએ આ વાત સ્વીકારી અને બે ચાર દિવસમાં વિદાય લેવાની ઇચ્છા વ્યક્ત કરી.

રાજા શંખ મંડળીને રોકવા ઇચ્છતો જ નહોતો છતાં તેણે વિવેક કરવામાં કોઇ મણા ન રાખી.

અને તે ચાર દિવસ મંડળી સાથે એટલો બધો આનંદમગ્ન બનીને રહ્યો કે મહાદેવી કલાવતીને પણ એમ જ થયું કે પોતાના સ્વામી ખૂબ જ મમતાળુ અને અને લાગણીવાળા છે.

ચાર દિવસમાં રાજા શંખે કલાવતીને પણ પોતાના મનનો જરાયે આભાસ ન આપ્યો. જાણે પોતે ખૂબ જ પ્રસન્ન બન્યો હોય, ધન્ય બન્યો હોય તે રીતે જ દેખાવા લાગ્યો.

પાંચમે દિવસે દેવશાલથી આવેલી મંડળી વિદાય થઈ. મંડળીને વિદાય આપવા રાજા શંખ પોતાની પત્નીને લઇને છેક બે કોશ દૂર સુધી ગયો.

શ્રીદત્ત વેપાર અર્થે બહારગામ હતો એટલે તે આ અંગે કશુ જાણી શકયો નહોતો. જો તે હોત તો તેના નિયમ પ્રમાણે રોજ રાજા શંખને મળવા આવતો હોત એટલું જ નહિં દેવશાલના પ્રતિનિધિ-મંડળ સાથે રહ્યો હોત.

મંડળીને વિદાય કર્યા પછી તે જ સાંજે પોતાની યોજના મુજબ રાજા શંખ કેટલાક સૈનિકો, સેવકો અને ખાસ માણસો સાથે વનવિહાર માટે નીકળી ગયો.

સ્વામી થોડા દિવસ માટે વનવિહાર કરવા જાય એમાં કલાવતીએ કશો વાંધો ન લીધો.

અને રાજા શંખે પણ કહ્યું: "જો પ્રિયે, મને વનમાં એકલા નહિ ગમે તો હું તને મારો રથ મોકલીને બોલાવી લઇશ... તારે આવવું જ પડશે."

સ્વામીનો કેટલો પ્રેમ !

કલાએ કહ્યું: "આપની આજ્ઞા હોય તો હું અત્યારે જ સાથે આવવા ઇચ્છું છું."

"હું પણ તને એક પળ વિખુટી રાખવા ઇચ્છતો નથી, પરંતુ યોગ્ય સ્થળે નીરાંતે રહી શકાય એવો પડાવ ન પડે ત્યાં સુધી તને આ સ્થિતિમાં ફેરવવી એ મને જરા ખટકે છે. એટલે કોઇ પણ સ્થળે સ્થિર થયા પછી જ હું તને બોલાવીશ.

વચ્ચે જ કલાવતી બોલી: "બરાબર છે... આપ જ્યારે આજ્ઞા કરશો ત્યારે હું આપની સેવામાં આવી પહોંચીશ."

અને રાજા શંખ રસાલા સાથે વિદાય થયો.

કલાવતી સમજતી હતી કે મહાન પુણ્યના પ્રભાવે હું આવો પ્રેમાળ અને પવિત્ર સ્વામી મેળવી શકી છું. તે બિચારી ભાવિના ગર્ભમાં શું છે; સ્વામીના મીઠા શબ્દોના પડદા પાછળ કયું વિષ છૂપાયું છે અને સ્વામીના હાસ્યમાં અંગારા કેટલા ધગધગી રહ્યા છે એ બધું કયાંથી સમજી શકે ?

[ ચાલુ ]

# શંકા અને સમાધાન

-: સમાધાનકાર :-

પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

[ प्रश्नकार :- सरेमल वी. म्हेता मालुंगा पुना ]

शं० आत्मवञ्चक किसे कहते है?

स० जडपदार्थोकी सेवामें तत्पर, आत्माको भुला हुआ, मायामें रूलां रहे वो आत्मवञ्चक कहा जाता है। मतलब उसकी आत्मा कर्मोसे ठगाइ हुइ मानी जाती है।

પ્રશ્નકાર :- **ભાભરવાળા રેલિયા ઇશ્વરલાલ હરગોવનદાસ કાપડીઆ મહેસાણા**

**શં૦** અભવ્ય કેટલા પૂર્વ ભણી શકે?

**સ૦** અભવ્ય નવપૂર્વ સુધી ભણી શકે છે.

**શં૦** સમવસરણમાં દેવોએ કરેલી પુષ્પોની વૃષ્ટિ સચિત્ત કે અચિત્ત?

**સ૦** દેવો પુષ્પવૃષ્ટિ કરે છે, તે સચિત્ત પુષ્પો સમજવા.

**શં૦** રાગો તો ઘણા છે, છતાંય દરેક ભગવાન માલકોશ નામના રાગથી જ દેશના આપે છે તેનું શું કારણ?

**સ૦** માલકોશ સિવાય બીજા ઘણા રાગો છે, પણ તેમાં કેટલાક રાગો તો અમુક વિષયને જ લગતા છે. જેમ કે શ્રીરાગ તો લક્ષ્મી માટે, દીપકરાગ દીવા પ્રગટાવે, મલ્હાર રાગ મેઘ વરસાવે, સમીર રાગ પવન લાવે, આમ કેટલાક રાગો વિશિષ્ટ કાર્યો માટે હોય છે. સહુમાં વધારે ઉંચેથી ગવાતો રાગ માલકોશ છે. તેની મીઠાશ પણ ઘણી છે, તેમ જ શ્રોતાજનોના મિથ્યાત્વથી પત્થર જેવા બનેલા હૃદયમાં બહુ સરસ અસર કરી શકે છે. ભાતખંડેના ભાગોમાં માલકોશ રાગ ગાઈને ગવૈયાએ પત્થરમાં તરાડ પાડી આપી, આવી આવી રીતે પત્થરમાં પણ ફાટ પાડી શકવાની તાકાત માલકોશ રાગમાં રહેલી છે. આવી તાકાત અન્ય કોઇ રાગમાં દેખાતી નથી એટલે ભવ્યોના હૃદયમાં માલકોશથી જેવી અસર નીપજી શકે તેવી બીજા રાગોમાં દેખાતી નથી. આ તો આપણે કારણની કલ્પના જ માત્ર કરી છે. છતાંય શ્રી તીર્થંકર ભગવંતો માલકોશ રાગમાં દેશના આપે છે તે તેમનો કલ્પ સમજવો.

[ પ્રશ્નકાર :- **ભાભરવાલા રેલિયા પનાલાલ કકલદાસ કાપડીઆ** ]

**શં૦** જીવદયારસીક સાધુ-સાધ્વીઓ હોય છે, તો સમવસરણમાં પુષ્પો ઉપર સાધુ-સાધ્વીઓ કેવી રીતે ચાલી શકે?

**સ૦** શ્રી જિનેશ્વર ભગવંતના અતિશયથી પુષ્પના જીવને સાધુ-સાધ્વીઓનું ગમનાગમન પીડાકારક થતું નથી.

**શં૦** પરમાત્મા એટલે પ્રભુ, પણ તે શબ્દમાં કેટલા તીર્થંકર દેવોની સંખ્યા છે?

**સ૦** પરમાત્મા શબ્દમાં ૨૪ ની સંખ્યા છે. એટલે ૨૪ તીર્થંકરનો સમાવેશ થયો કહેવાય ૫+૨+૪॥+૮+૪॥= ૨૪

**શં૦** ભવ્ય જીવો મુક્તિમાં જશે તો તો શું અભવ્ય એકલા જ બાકી રહેશે?

**સ૦** તમારી માન્યતા સાચી નથી, કારણ કે જ્યારે જ્યારે પ્રભુજીને પૂછવામાં આવે

ત્યારે ત્યારે ભવ્યનો અનંતમો ભાગજ મુક્તિમાં ગયો છે, એમ પ્રભુજીથી ઉત્તર મલે છે. એટલે સિદ્ધિગતિમાં ગયેલા સિદ્ધ ભગવંતોથી અનંત-ગુણા ભવ્યો સંસારમાં હોય, હોય ને હોય જ.

[પ્રશ્નકાર :– **શ્રી બાલચંદજી જૈન મદ્રાસ**]

**શં૦** દીવાલી કલ્પમાં ૧૯૧૪ મા કલંકી રાજા થવાનું લખ્યું છે તો તે કયારે થશે ?

**સ૦** દીવાલી કલ્પમાં **૧૯૧૪ ની** સાલ લખી છે, તે વિક્રમની છે એવું નથી. સંવતો બદલાયા કરે છે. કલંકી રાજા થવાનો હોય તે વખતે ૧૯૧૪ નો અન્ય રાજાનો સાલ સમજવો. કેમકે કલંકી રાજાને થવામાં હજી લગભગ નવ હજાર વર્ષની વાર છે, કેમકે તે પાંચમા આરાના મધ્યમાં થવાનો છે.

**શં૦** આયુષ્ય કર્મનો બંધ થઈ ગયો છે કે થવાનો છે, એની ખાત્રી કેવી રીતે કરી શકીએ ! અને આયુષ્યનો બંધ કયારે થાય છે ?

**સ૦** અતિશય જ્ઞાન સિવાય આયુષ્ય કર્મ બંધાયું છે કે નથી બંધાયું તે જાણી શકાય નહી. માત્ર પોતાની શુભાશુભ કરણીથી અનુમાન કરી શકાય. આયુષ્યનો બંધ, આયુષ્યના બે ભાગ ગયા પછી ત્રીજા ભાગમાં થાય છે.

**શં૦** મારે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરવું છે, કૃપા કરી માર્ગ બતાવશો ?

**સ૦** વીશ સ્થાનક તપની તથા તે પૈકી કોઈપણ એક પદની શાસ્ત્રોક્ત વિધિ પૂર્વક આરાધના કરવાથી તીર્થંકર નામકર્મ બંધાય છે. આ આરાધક ચોથા ગુણસ્થાનકથી લઈને ઉપરના ગુણસ્થાનકમાં વર્તતો હોવો જોઇએ.

**શં૦** શું મનઃપર્યવજ્ઞાનીઓ, અવધિજ્ઞાનીઓ અને પૂર્વધરો નિયમા દેવલોકમાં જાય કે અન્યગતિમાં પણ જાય ખરા ?

**સ૦** ઉપરોક્ત આત્માઓ પ્રમાદમાં આવી જાય તો નારકી નિગોદ સુધી પણ પહોંચી જાય છે. પરંતુ જો તથા ભાવે કાયમ રહે તો દેવલોકમાં જાય.

[પ્રશ્નકાર :– **મહેતા ભીખાલાલ સિદ્ધપુર.**]

**શં૦** શ્રી નવપદજીની ઓળીના સ્તવન, સજ્ઝાય, ચૈત્યવંદન અને થોયોમાં તેર હજારનું ગુણણું ગણવાનું પણ જણાવેલું છે, પણ વિધિની ચોપડીઓમાં તેવું જણાવેલું નથી, ફક્ત વીશ નવકારવાળીઓ તે તે પદની ગણવાનું લખ્યું છે, તેથી ૧૮ હજાર જાપ થાય છે, તો ૧૩ હજારનું ગણુણું કેમ ગણાતું નથી તે જણાવજો.

**સ૦** તેર હજારનો જે જાપ છે તે જુદા જુદા પદના ગુણો આશ્રિત છે, તે ગણતાં જુદા જુદા ગુણોની જુદી જુદી નવકારવાલી ગણતાં કઠીનાઇ નડે અને ૧૮ હજારમાં અરિહંતાદિ પદનું ધ્યાન છે અને તેનાં સર્વ ગુણોનો સમાવેશ થઇ જાય છે. સામાન્ય જનતા પણ સુગમતાથી ગણુણું ગણી શકે તે માટે પૂર્વ પુરુષોએ ૧૮ હજાર જાપનું વિધાન કર્યું છે, છતાંય કોઈ તેર હજારનો જાપ કરે તો હરકત નથી.

**શં૦** નવકારવાળીઓ હાલમાં ઘણી જાતની આવે છે, તેમાં ઉત્તમ કઈ ? પ્લાસ્ટીક, રેડીયમ વાલી નવકારવાલીઓનો ઉપયોગ કરી શકાય કે નહી ?

**સ૦** નવકારવાલીઓમાં ઉત્તમ નવકારવાલી સુતરની છે. પ્લાસ્ટીક, રેડીયમવાલી નવકારવાલીઓ ગણી શકાય છે. નવકારવાલીમાં પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણોની સ્થાપના છે,

# શ્રી નવકારમંત્રની સામુદાયિક આરાધના


## શ્રી હરિભાઇ ડી. શાહ બી. એ.


**જૈન સમાજમાં પરમપવિત્ર શ્રી નવકારમંત્રનો પ્રભાવ અતિશય છે. તેનો મહિમા અપાર છે. તે મહામંત્રાધિરાજનું વિજ્ઞાન દષ્ટિયે રહસ્ય સમજાવવા પૂર્વક તેની સામુદાયિક આરાધના માટેના મહત્ત્વના મુદ્દાઓ અહિં રજૂ થાય છે. તેમ જ વિશ્વશાંતિ માટે પણ આવા સ્વ-પર કલ્યાણકર મહામંત્રની આરાધના માટે જે મનનીય વિચારધારા ભાઇ હરિભાઇ શાહ અહિં દર્શાવે છે, તે ધ્યાનપૂર્વક સહુએ વાંચવા-વિચારવા જેવી છે, લેખકશ્રી, ઇન્કમટેક્ષ ખાતામાં વર્ષોથી જવાબદારીવાળો અધિકાર ધરાવનારા સહૃદય ધર્માનુરાગી છે.**

જેમ આત્માની તેના સ્વરૂપમાં અનંત શક્તિ છે, તેમ પુદ્ગલની તેનાં ક્ષેત્રમાં અપરિમીત શક્તિ છે. શબ્દ એ ભાષાવર્ગણાના પુદ્ગલો છે. આજનાં વિજ્ઞાનના યુગમાં આપણે જોઇએ છીએ, કે-પાંચ હજાર માઇલ દૂરથી ભાષણ આપનારનું ભાષણ તે જ ક્ષણે આપણે અહીં બેઠાં સાંભળી શકીએ. ભાષણ આપનારનો ફોટો પણ જોઇ શકીએ. ફોનોગ્રાફની રેકર્ડમાં જે ગાયન બોલીએ તેને રેકર્ડ પર ઉતારી શકીએ છીએ. કેમકે પુદ્ગલ મૂર્ત છે. તેનામાં વર્ણ-સ્પર્શાદિ ગુણો છે. સિધ્ધાંત એ છે, કે-જે શબ્દ આપણે બોલીએ છીએ તે શબ્દના પુદ્ગલો **ચોથા સમયમાં ચૌદ રાજલોક સુધી પહોંચી જાય છે.** અને વાતાવરણમાંથી સજાતીય તત્ત્વો ગ્રહણ કરી બોલનારમાં પ્રવેશ કરે છે. આપણે ક્રોધ કરીએ કે ક્રોધના વિચારો કરીએ તો વાતાવરણમાંથી સજાતીય તત્ત્વો ગ્રહણ કરી સત્તામાં રહેલા ક્રોધને પોષણ આપીએ છીએ એટલે ક્રોધથી બીજાને તો નુકશાન થવાનું હોય તો થાય, પરંતુ ક્રોધ કરનારને તો અવશ્ય નુકશાન થયું જ. પોતાના પગ ઉપર પોતે જ કુહાડો મારવા બરાબર છે. આવી રીતે માન, માયા, લોભ, રાગ, દ્વેષ વગેરેના વિચારોથી પ્રથમ તો આપણને નુકશાન થાય છે, એટલે મનની અને ભાષાવર્ગણાના પુદ્ગલોની શક્તિ આપણે જેટલી જાણીએ છીએ તેના કરતાં અનંત ગણી છે.

અશુભ ચિંતનથી, અશુભ વિચારોથી, અસંસ્કારી ભાષાથી માણસ દુઃખી થાય છે. દુઃખ કેવળ પૈસાનું જ નથી, પરંતુ અનેક પ્રકારે હોય છે. આમાંથી બચવા માટે અને સુખી

---

એટલે ગમે તે જાતની નવકારવાલીમાં ૧૦૮ ગુણો સ્થાપી શકાય છે.

**શં૦** આયંબીલ, એકાસણું, બેઆસણું કર્યા પછી બનતી કાળજીથી સળી આદિથી દાંત સાફ કરવા છતાંય ઉઠયા પછી દાંતમાંથી ભરાયેલું નીકલે તો પચ્ચકખાણ ભાંગે ?

**સ૦** પચ્ચકૂખાણ ભાંગે નહિ.

**શં૦** કેરી હાલમાં બાર મહીને આવે છે અને તે દેશાવરથી આવે છે, તો આર્દ્રા નક્ષત્ર પછી કેરી ન ખાવાની બાધાવાલાને વાપરી શકાય કે નહી ? દેશી કેરીમાં આર્દ્રાનક્ષત્ર પછી જીવાત પડે તેવું શાસ્ત્રોનું વિધાન છે. જ્યારે અલહાપુસ, પાયરી તો બારે માસ આવે છે, તો તેમાં જીવ પડવાનો સંભવ ખરો કે નહિ ?

**સ૦** આર્દ્રાનક્ષત્ર પછી કેરીમાં તે તે વર્ણના જીવો થવાનો સંભવ ખરો, માટે અહિંસાના અને ત્યાગના પ્રેમી આત્માઓએ આર્દ્રા-નક્ષત્ર પછી જેમ દેશી કેરી ખાવાની બંધ કરે છે તેમ દેશાવરની બધી કેરીઓનો ત્યાગ કરવો જોઇએ.

થવા માટે માણસ વલખાં મારે છે. અશુભનો પ્રતિકાર શુભથી થાય છે, પરંતુ વર્તમાનમાં કરેલું શુભ તુરતમાં જ ઉદયમાં આવે એવું પણ નથી. એટલે વર્તમાન દુઃખની મુંઝવણ ઓછી થતી નથી. જ્ઞાનમાં જેઓ ઉંડા ઉતર્યા હોય તેમને જ વર્તમાન દુઃખ મુંઝવતું નથી. ભૂતકાળના સન્ત અને યોગી પુરુષોએ અતિ કરૂણા ભાવનાના કારણે વર્તમાન દુઃખમાંથી સામાન્ય માણસોને સમાધિભાવ આપવા માટે માર્ગ ચીંધી આપ્યો છે. આ માર્ગ છે નવકાર મંત્રનો.

શાસ્ત્રોમાં મણિ, મંત્ર અને ઔષધિઓની શક્તિ અચિન્ત્ય મનાયેલી છે. જેમ મણિ–રત્નો પાષાણ જાતિનાં હોવા છતાં તેમાં મૂલ્યવાનપણાથી તથા તેના કષ્ટ–રોગહરાદિ શક્તિઓથી પ્રસિધ્ધ છે, તેમ મંત્ર એ પૌદ્ગલિક શબ્દ હોવા છતાં, દુઃખ, દારિદ્રય, કષ્ટ, રોગ, ભય, ઉપદ્રવાદિનાશક તરીકે અને અને સુખપ્રાપક તરીકે પ્રસિધ્ધ છે. અક્ષરો કે તેના સમૂહરૂપ પદો, વાકયો અને મહાવાકયો એ જડ હોવા છતાં ચૈતન્ય અને જ્ઞાનના અદ્વિતીય વાહન છે. શબ્દને અર્થની સાથે જેમ સંબંધ છે, તેમ ચેતન આત્માને જ્ઞાન અને ભાવ સાથે સંબંધ છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવો કે જેઓને મન મળેલું છે, તેઓનાં જ્ઞાન અને ભાવ ઉપર શબ્દશક્તિ અચિન્ત્ય અસર ઉત્પન્ન કરે છે. આત્મામાં જેમ જ્ઞાનાદિ ગુણો છે. તેમ રાગાદિ ભાવો છે. તે બંન્ને ઉપર શબ્દોની અસર છે.

મંત્ર એટલે અમુક પ્રકારના અક્ષરની સંકલના. જેમ આકર્ષણશીલ વિદ્યુતના સમાગમથી તણખો ઉત્પન્ન થાય છે, તેમ જુદા જુદા સ્વભાવવાળા અક્ષરોની યથાયોગ્ય સંકલના-ગુંથણી કરવાની કોઇ અપૂર્વ શક્તિનો પ્રાદુર્ભાવ થાય છે. જેમ વનસ્પતિમાંથી કીંમતી અર્ક તૈયાર થાય છે, પીપરમાંથી ચોસઠ પહોરીનું સત્ત્વ કાઢી શકાય છે, અભ્રકમાંથી સહસ્રપુટીનું સત્ત્વ કાઢી શકાય છે, સોના–રૂપા વગેરે ધાતુઓના રજકણોમાંથી અણુબોમ્બ તૈયાર થાય છે, તેમ અમુક પ્રકારના શબ્દોની સંકલનાથી અમુક શક્તિઓ ઉત્પન્ન થાય છે, એ નિર્વિવાદ છે. અને વિજ્ઞાનના આ યુગમાં આ વસ્તુ સરળતાથી સમજી શકાય છે. એક પુદ્ગલ બીજા પુદ્ગલ સાથે આકર્ષણ–વિકર્ષણના નિયમ પ્રમાણે જોડાય છે. વધારે સામર્થ્યવાલા પુદ્ગલ-પરમાણુઓ થોડા સામર્થ્યવાલા પુદ્ગલ–પરમાણુઓ ઉપર અસર કરે છે. મંત્રો એ વધારે સામર્થ્યવાલા શબ્દપુદ્ગલો–પરમાણુઓ છે, અને તેથી જ તેની આરાધના કરનારાઓને અસરકારક નીવડે છે.

જૈન શાસ્ત્રોમાં મંત્રશાસ્ત્ર પણ છે. અનેક પ્રકારના જુદા જુદા મંત્રો હોવા છતાં નમસ્કાર મંત્રને પહેલાં સ્થાન અપાયું છે. નમસ્કાર મંત્રને ચૌદ પૂર્વનો સાર કહેવામાં આવે છે. લૌકિક કે લોકોત્તર સુખ આપવાવાળો આ એક જ મહામંત્ર ગણાય છે. મહાપુરુષોને અતિશયોક્તિ-ભર્યાં ગુણગાન ગાવા કાંઇ કારણ ન હોય. એટલે આ મહામંત્રમાં શું ભર્યું પડયું છે, તે વિચારવા અને સમજવા આપણે પ્રયત્ન કરવો જોઇએ.

પ્રથમ દર્શને જોઇએ તો આ મહામંત્રમાં કોઇ ॐ, હ્રીં જેવો મંત્રાક્ષર નથી. તેનો અર્થ ઘટાવીએ છીએ તો શુદ્ધ દેવ અને શુધ્ધ ગુરુને દ્રવ્ય અને ભાવ નમસ્કાર કરવાનું સમજાય છે, નિશ્ચય દૃષ્ટિએ જોઇએ છીએ તો અરિહંત અને સિધ્ધ પદ એ પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપ બતાવે છે. એ શુધ્ધ સ્વરૂપને

પ્રાપ્ત કરવા સંયમ અને નિર્જરા જરૂરી હોવાથી તે બે તત્ત્વોનું આરાધન કરવાવાળા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને નમસ્કાર કરવાનું શીખવે છે. એટલે આડકતરી રીતે સંયમ અને નિર્જરા તત્ત્વને નમસ્કાર થાય છે. પરંતુ આટલા જ અર્થથી પંચપરમેષ્ઠીનો સંપૂર્ણ અર્થ અને ભાવ આવી જતો નથી. એ પાંચે પદોમાં જે શબ્દો ગોઠવેલા છે તે એવી રીતના છે કે બાહ્ય દૃષ્ટિએ પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવાનું શીખવે અને ગૂઢદષ્ટિયે શબ્દોની સંકલનાથી અચુક સિધ્ધિઓ પ્રાપ્ત કરાવે. આ સંકલના તપાસવા માટે નમસ્કાર મંત્ર ઉચ્ચારી જરા તેની વીગતમાં ઉતરીએ.

णमो अरिहंताणं, णमो सिद्धाणं, णमो आयरियाणं, णमो उवज्झायाणं, णमो लोए सव्वसाहूणं.

આ પાંચે પદમાં ण એ મંત્રાક્ષર છે. ત્રણ રેખાવાળો અને માથે અનુસ્વારવાલો णंकार એવું બતાવે છે, કે જે આત્મા આ અક્ષર હંમેશા બોલે છે, તે પુરૂષ ત્રણે કાળ મન-વચન-કાયાની શુધ્ધિ વડે સરળ થઈ સિધ્ધિપદ ને પામે છે. णं શબ્દ પાંચે પદના છેડે આવે છે. તેવી રીતે णमो પદમાં અણિમા સિધ્ધિ સમાયેલી છે. અણિમા શબ્દ અણુ શબ્દ ઉપરથી નિકળ્યો સમજાય છે. સિધ્ધાણું પદ સિધ્ધ અને णं શબ્દોના સંયોગથી થતો હોઈ ગરિમા સિદ્ધિ ઉત્પન્ન કરવાવાળો છે. જે પદની મધ્યમાં બે લઘુ અક્ષર વિદ્યમાન હોય એવું આયરિયાણું પદ છે. તેથી તેના જાપથી લઘિમા સિદ્ધિ ઉત્પન્ન થાય છે, ઉવજ્ઝાયાણું પદમાં પ્રાપ્તિ સધ્ધિ અને સવ્વસાહૂણું પદમાં પ્રાકામ્ય એટલે પૂર્ણકામના સિધ્ધિ છુપાયેલી પડી છે.

આમ નમસ્કાર મંત્રનો બાહ્ય અર્થ જેટલો છે, તેટલો ગૂઢ અર્થ પણ છે. અને તેથી જ તેનો મહિમા અતિપ્રભાવશાળી બતાવ્યો છે.


**શુભાશીર્વાદ**

કલ્યાણ ચૌદ ચૌદ વરસથી એક ધારી સમાજની સેવા બજાવતું એક અજોડ માસિક જૈન સમાજમાં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરી શક્યું છે. એ નિઃશંક વાત છે.

શ્રદ્ધા, સંસ્કાર,, સમાજસેવા અને ધર્મ પ્રભાવનાનો પ્રચાર કરતા કલ્યાણને બેસતા પંદરમા વર્ષના મંગળમય પ્રભાતે હાર્દિક શુભાશીર્વાદ પાઠવું છું.

લિ૦ આપનો
એન. બી. શાહ-હારીજ


આમ વૈજ્ઞાનિક દૃષ્ટિએ મંત્રનું મહત્ત્વ સમજીએ તો શ્રધ્ધા વધે.

જો આટલા અતિ મહત્ત્વવાલો આ મંત્ર છે, તો તેના આરાધકોને તે ફળતો હોવાનું આ જમાનામાં કોઇ પ્રત્યક્ષ સાબીતીથી દેખાઇ આવતું નથી. આ એક પ્રશ્ન સૌ કોઇને મૂંઝવે છે, કેમ કે જૈનસમાજમાં બાળક કે વૃધ્ધ, સ્ત્રી કે પુરુષ, ત્યાગી કે સંસારી સૌ કોઈ જાણતાં કે અજાણતાં, સમજીને કે વગર સમજ્યે હંમેશા આ મંત્રનું ઉચ્ચારણ કરે છે. તો શું મંત્રનું માહાત્મ્ય આ વિષમ કાળમાં રહ્યું નથી ? ના. એમ નથી. જો તેમ જ હોય તો તેને શાશ્વતો મંત્ર કહેવાત જ નહી, હકીકત એમ લાગે છે, કે-મંત્રનું અપૂર્વ ફળ અને માહાત્મ્ય જે વર્ણવ્યું છે, તે શ્રધ્ધા અને સમર્પણને આશ્રયીને છે. વર્તમાનમાં મંત્ર આરાધન કરનારને પ્રાયઃ શ્રદ્ધા ઘણી જ ઓછી હોય છે. આરાધકને 'આ મંત્રથી ફાયદો અવશ્ય થવો જ જોઇએ' એવો વિશ્વાસ જ ઓછો છે.

એટલે શ્રદ્ધા વિનાની આરાધના નિષ્ફળ છે. અને તેથી પ્રથમ તો મંત્રનું માહાત્મ્ય સમજી શ્રદ્ધા કેળવવી જરૂરી છે, જે આ દૃષ્ટિએ સમજવાથી કેળવી શકાય છે. બીજી બાબત હૃદયની નિર્મળતા છે. અશુદ્ધ પાણીમાં જેમ પ્રતિબિંબ પડતું નથી, તેમ હૃદયની અશુદ્ધિના કારણે સામર્થ્યવાળા શબ્દો હોવા છતાં અસરકારક થઈ શકતા નથી. ત્રીજું કારણ પવિત્ર વાતાવરણનો અભાવ.

જૈન સંપ્રદાયમાં અનેક પ્રકારની આરાધનાઓ થાય છે, પરંતુ નમસ્કાર મહામંત્રની જે સમજથી, જે શ્રદ્ધાથી, જે વાતાવરણમાં આરાધના થવી જોઈએ, તે રીતે થતી હોવાનું દૃશ્ય જોવામાં આવતું નથી દૈનિક જીવનમાં વ્યક્તિગત આરાધના એક વસ્તુ છે અને સામુદાયિક આરાધના બીજી વસ્તુ છે. કેમ કે વ્યક્તિગત આરાધના કરતાં સામુદાયિક આરાધનાનું મહત્ત્વ અનેકગણું વધારે છે. સુતરના એક તાંતણાની જેમ કાંઈ કિંમત નથી, પરંતુ ઝાઝા તાંતણાથી વણેલું દોરડું મોટા હાથીને પણ અંકુશમાં રાખવાની તાકાત ધરાવે છે. તેમ સામુદાયિક દીલસ્પર્શી આરાધના આરાધકને તો શું પણ સારા વિશ્વને લાભદાયી છે. જૈનધર્મ તો જગતશાંતિની ઉદ્ઘોષણા કરે છે. જગતની શાંતિ શિવાય વ્યક્તિની શાંતિ અસરકારક નથી બનતી. એટલે સ્વ–પરના કલ્યાણ અર્થે સામુદાયિક આરાધના ઘણી અગત્યની છે, પરંતુ આવી આરાધનાનું બીજું આવશ્યક અંગ પવિત્ર વાતાવરણ છે. જે ભૂમિનાં પરમાણુઓ અતિ પવિત્ર હોય તે ભૂમિને ઉપયોગમાં લેવી અતિ ઉત્તમ ગણાય. દાખલા તરીકે શ્રી સિદ્ધગિરિજીની તળેટીની ભૂમિ. ત્રીજું નિમિત્ત નમસ્કાર મહામંત્રનુ ગૂઢ રહસ્ય જાણવાવાલા સદ્ગુરુનું સાન્નિધ્ય. આ ત્રણે બાબતો હોય તો જ સામુદાયિક આરાધના ફળદાયી નીવડે. કેમ કે ઘરબાર મૂકી આવા સ્થળે જવાથી એક તો ચિત્તની સ્થિરતા હોય, બીજી બાજુ ગુરુમુખેથી મંત્રનું માહાત્મ્ય સમજવાથી શ્રદ્ધાબળમાં વધારો થાય અને તે સાથે જે આરાધના થાય તે જરૂર ફળે એમાં શંકા નથી.

સ્વ–પરના હિતાર્થે શ્રી સિદ્ધગિરિજી જેવા મહાપવિત્ર તીર્થની તળેટી જેવી ભૂમિ ઉપર સદ્ગુરુની શુભ નિશ્રાનો યોગ મેળવી સામુદાયિક આરાધનાની કોઈ યોજના વિચારવામાં આવે તો તે આવકારદાયી અને લાભપ્રદ લેખાશે.

## તાંજોર જીલ્લામાં મળી આવેલા તામ્રપત્રો

ઇસ્વીસન પૂર્વે છઠી સદીમાં દક્ષિણ ભારતમાં જૈન ધર્મને રાજાઓ તરફથી ટેકો મળતો હતો એમ બતાવતા પુરાવાઓ મળી આવ્યા છે. એમ મદ્રાસના વડા શિલાલેખ નિષ્ણાત શ્રી ટી. એન. સુબ્રમનિયમે જણાવ્યું હતું.

તાંજોર જિલ્લામાં આવેલા પાલ્લમકોઇલ નામના નાના ગામડામાં તામ્રપત્રો જમીનમાંથી શોધી કાઢવામાં આવ્યાં છે. આ તામ્રપત્રો પર પલ્લવા સમ્રાટ તરફથી જૈનોને ગ્રાંટ મળી હોવાનો લેખ છે.

ત્રાંબાની પાંચ પ્લેટો એક કડીમાં પરોવવામાં આવેલ છે. પહેલી પ્લેટના અંદરના ભાગમાંથી લેખ શરૂ થાય છે અને છેલ્લી પ્લેટના અંદરના ભાગમાંથી લેખ શરૂ થાય છે. અને છેલ્લી પ્લેટના અંદરના ભાગમાં લખાણ પૂરું થાય છે. લેખના પ્રથમ ભાગમાં સંસ્કૃતના ૧૮ શ્લોકો ગ્રંથલિપિમાં આવેલા છે. અને બીજા ભાગમાં તામીલ ભાષામાં ૪૬ લીટીઓ લખવામાં આવી છે. ૩–૩–૫૮ મુંબઈ સમાચાર

## 'રતલામ જિલ્લા કલેકટરના કાર્યનો બચાવ થઇ શકે તેમ નથી'

# વિદ્વાન ન્યાયાધીશોએ આપેલ મહત્ત્વનો ચૂકાદો

**રતલામ જૈન સંઘની માલિકીના શ્રી શાંતિનાથજી જૈનમંદિરમાં તા. ૨૬-નવેમ્બર-૧૯૫૪ ના રોજ જિલ્લા કલેકટરની હાજરીમાં શિવલિંગની સ્થાપના કરવામાં આવી, તેમ જ જૈનોને પૂજા-ભક્તિ, દર્શનાદિ માટે અંદર દાખલ થતાં અટકાવવામાં આવ્યા. આની સામે રતલામ જૈનસંઘ તરફથી રીટ અરજી દાખલ કરવામાં આવી હતી. જેની સુનાવણી થયા પછી, મધ્યપ્રદેશની હાઇકોર્ટની ફુલબેંચના વિદ્વાન ન્યાયાધીશોએ અરજદારો તથા પ્રતિવાદીઓ બન્નેને સાંભળીને તા. ૧૭-૧૦-૫૭ ના રોજ જે મનનીય ચૂકાદો આપેલ છે, તે મૂલ અંગ્રેજી ચૂકાદાનું સારરૂપ ગુજરાતી ભાષાંતર 'કલ્યાણ' માટે ખાસ તૈયાર કરાવી અમે અહિં પ્રસિદ્ધ કરીએ છીએ.**

**સુનાવણી દરમ્યાન સરકારી ધારાશાસ્ત્રીએ ન્યાયાધીશોને ઉદ્દેશીને એમ કહેલું કે, 'કોર્ટ જો વાદીની તરફેણમાં હુકમ કરશે તો તે નિષ્ફળ જશે, અથવા તેનો અમલ થઇ શકશે નહિ' સરકારી વકીલના આ કથનનો જવાબ આપતાં કોર્ટે સ્પષ્ટ કહ્યું છે, કે-'આ કોર્ટનો હુકમ અસરકારક નીવડશે અને તેનો અમલ કરવો જ પડશે.'**

**છતાં એક કહેવાનું મન થાય છે કે, આજે સ્વતંત્ર ભારતમાં ન્યાયની સામે કે કોર્ટના હુકમ સામે આવું કહેવાની ધૃષ્ટતા કઇ રીતે થઇ શકતી હશે? એ એક વિચારણીય છે.**

**આજે પાંચ મહિના વીતી જવા છતાં ખરેખર હાઈકોર્ટના ચૂકાદાની સામે જાણે પડકાર ફેંકાઇ રહ્યો હોય તેવું વાતાવરણ સર્જાઇ રહ્યું છે, એ શું ઓછી કમનશીબી છે?**

**મધ્યપ્રદેશની હાઇકોર્ટના ચૂકાદાનો સાર ગુજરાતીમાં સર્વ પ્રથમ અહિં અમે રજૂ કરી રહ્યા છીએ.**

નામદાર ન્યાયાધીશો: પી. વી. દીક્ષિત, વી. આર. નેવાસકર કેસ નં. ૪૧: ૧૯૫૪.

**અરજદાર:** શ્રી તેજરાજ છોગાલાલ ગાંધી, રતલામ. પ્રમુખ શ્રી રતલામ જૈન સંઘ.

**પ્રતિવાદી:** ૧ મધ્ય ભારત રાજ્ય, ૨ રતલામ જીલ્લા કલેકટર ૩ રતલામ તહેસીલદાર

કેસ નં. ૧૮-૧૯૫૫

**અરજદાર:** ચાંદમલ જૈન.

**પ્રતિવાદી:** ૧ મધ્યભારત રાજ્ય, ૨ રતલામ જીલ્લા કલેકટર, ૩ રતલામ તહેસીલદાર ૪ ઓફીસર ઇંદોર, ૫ સુપરિટેન્ડન્ટ ઓફ પોલીસ રતલામ જીલ્લા.

અરજદારના વકીલ: શ્રી એન. પી, એંજીનીયર.

પ્રતિવાદીના ,, સરકારી વકીલ શ્રી પી. આર. શર્મા.

## નામદાર હાઇકોર્ટનો ચૂકાદો

**બ**ન્ને પક્ષના વિદ્વાન ધારાશાસ્ત્રીઓને સાંભળ્યા પછી અમે (નામદાર કોર્ટ) એવા નિર્ણય ઉપર આવ્યા છીએ કે, 'મંદિરમાં ૧૯૫૪ ની ૨૬ નવેમ્બરના રોજ શિવલિંગની સ્થાપનાની બાબત અરજદારના (જૈનોના) મૂળભૂત હક્કનો સ્પષ્ટ ભંગ કરે છે. તેથી આ શિવલિંગ ખસેડી લેવાનો તેમજ જૈનોને દાખલ થવાનો તથા તેમની રીતે પૂજા કરવાનો તેમજ ખર્ચ આપવાનો કોર્ટે પ્રતિવાદિઓને હુકમ કર્યો છે.

કારણો નીચે મુજબ છે.

**ચાંદમલ** નામના અરજદાર જણાવે છે કે તે જૈન સંઘ, રતલામના સેક્રેટરી છે.

શ્રી શાંતિનાથ જૈન દેરાસર અથવા અગરજીનું દેરાસર આ નામનું ઘણા પુરાણા સમયથી રતલામમાં જૈન દેરાસર છે. તે રતલામ દરબારે માન્ય રાખેલું છે. મધ્ય પ્રદેશની સરકાર તેને નાણાકીય મદદ આપતી હતી. તે હિંદુ મંદિર ન હતું અથવા તેમાં હિંદુ-દેવોની મૂર્તિઓ કે શિવલિંગ ન હતું. ૧૯૫૪ ના ઓકટોબર-નવેમ્બરમાં કેટલાક માણસોએ શિવલિંગ સ્થાપવાની ચળવળ શરૂ કરી, તેના પરિણામ રૂપે રતલામના કલેકટરે મંદિરનો કબજો લીધો તથા પોલીસ ગોઠવી અને મને તથા બીજા જૈનોને મંદિરમાં (દેરાસરમાં) દાખલ થતાં તથા પૂજા કરતાં અટકાવ્યા.

અરજીની સાથે ઘણા દસ્તાવેજો આપવામાં આવ્યા છે. અરજદાર શિવલિંગ ખસેડી લેવા માટે

તથા જૈનોને દાખલ થવા તથા પૂજા કરવા દેવા માટેની માંગણીની અરજી કરે છે.

બીજા અરજદાર **તેજરાજ,** બંધારણની કલમ કલમ. ૨૫-૨૬ ની રૂએ મૂળભૂત હક્કને ધમકી પહોંચાડવા વિશે અરજી કરે છે, તેમજ શિવલિંગની સ્થાપના સામે મનાઇ હુકમ માંગે છે.

**વિરોધ પક્ષ અથવા પ્રતિવાદી** કહે છે કે–

'અગરજી' નામના એક 'યતિ'એ ૧૭૯૦ ની સાલમાં આ મંદિર બાંધ્યું હતું. ૧૭૯૦ અને ૧૭૯૫ ની સાલની બે સનંદ પ્રમાણે રતલામ દરબારે થોડી આવક આ મંદિર માટે મંજુર કરી હતી. ત્યારપછી યતિ રામજી, યતિ ટેકચંદ અને પન્નાલાલ અનુક્રમે આવ્યા. જતી પન્નાલાલને પોતાની વિનતીને માન આપીને રતલામ દરબારે મંદિરમાંથી છુટા કર્યાં પછી કોઇ પણ જતી 'ગાદી' પર ન આવ્યા અને ત્યારપછી મંદિરનો માલિકી હક્ક તેમ જ તેને લગતી મિલ્કતનો હક્ક કુદરતી રીતે 'રતલામ રાજ્ય'ને મળ્યો. તેનો રોજનો કારભાર રાજ્યની નીમાએલી વહીવટદારની પેઢી ચલાવતી તથા મંદિરનો કારભાર 'રતલામ દરબાર'ના હાથ નીચેના વહીવટદારો ચલાવતા. મંદિરની મિલ્કત રાજ્યના હુકમ પ્રમાણે પેઢીમાં અથવા રાજ્યની તીજોરીમાં મૂકવામાં આવી હતી. વહીવટદારોને મંદિરનો કારભાર કે પૂજાનો અધિકાર ન હતો, બધો અધિકાર રાજ્ય એ ટલે દરબારને તો. અને વહીવટદારોને દૂર અથવા બરતરફ કરવાનો પણ અધિકાર રાજ્ય પાસે હતો.

આથી જૈનોનો માલિકીનો-કારભારનો કે બીજો કોઈ પણ હક્ક પ્રતિવાદિઓ નકારી કાઢે છે. વધુમાં બે પૂજારીઓની સાક્ષી રજુ કરવામાં આવી છે. જેમાં એમ જણાવવામાં આવ્યું છે કે, મુખ્ય મંદિરમાં શિવલિંગ હતું તથા ગણેશ, પાર્વતી, સરસ્વતી તથા લક્ષ્મીની મૂર્તિઓ પણ હતી. ૧૯૫૪ ના ઓકટોબરની ૧૨ મી તારીખે કલેકટરે એક તપાસ (તાત્કાલિક-તેજ જગ્યા ઉપર) હાથ ધરી અને તેમને સંતોષ થયો હતો કે ખરેખર મંદિરમાંથી શિવલિંગ ખસેડવામાં



આવ્યું હતું. જૈનો તથા સનાતનીઓ વચ્ચે સુમેળ કરાવવાનો કલેકટરે પ્રયત્ન કર્યો પણ તે નિષ્ફળ ગયો.

❀

**સંસારની આ વિચિત્રતા તો જુઓ : ગરીબો પોષણ માટે પરસેવો પાડે છે, અમીરો પરસેવાના શોષણ માટે પંખા ચલાવે છે.**

❀

પછી પરિસ્થિતિ બગડી અને વધુ બગડતી અટકાવવા વહિવટદારો પાસેથી તેનો કબજો રાજ્ય સરકારે લઇ લીધો.

આ બાબતની જાહેરાત કલેકટર તરફથી તા. ૨૩-૧૧-૧૯૫૪ ના જાહેરનામાથી કરવામાં આવી હતી. વધુમાં ૧૯૫૪ ના ૨૬ મી નવેમ્બરના રોજ મંદિરમાં તહેસીલદારે (જે અરજદાર નથી) શિવલિંગ મૂકયું હતું એમ કબુલ કરવામાં આવ્યું છે. પ્રતિવાદિઓ એમ માને છે કે રાજ્ય તરફથી લેવામાં આવેલું પગલું જરૂરી તથા યોગ્ય હતું તથા તે કોઈ પણ રીતે અરજદારોના મૂળભૂત હક્કનો ભંગ કરતું નથી. મંદિરમાં આવેલા કોઇ પણ દેવ-દેવી સાથે અડપલું કરવામાં ન આવે એવી ખાત્રી આપવામાં આવે તો કલેકટરે મંદિરમાં જૈનોને દાખલ થવા દેવાની ઇચ્છા દર્શાવી હતી પણ આ બાબત જૈનોએ મંજુર રાખી ન હતી જો કે સનાતનીઓએ તે બાબત મંજુર રાખી હતી.

**અરજદારોએ** પણ પોતાના તરફથી દસ્તાવેજો રજુ કર્યાં છે. અને પ્રતિવાદિઓ તરફથી મંદિર સંબંધી રજુ કરાએલી દરેક બાબત માલીકી, વહિવટ, કાણુ, ઈતિહાસ નકારી કાઢી છે, દસ્તાવેજો પ્રમાણે આ મંદિર ૧૫ મી સદીમાં જૈન સંઘ તરફથી બંધાયું હતું.

"અગરજી" તો જૈન સંઘના પ્રતિનીધી તરીકે તથા મંદિરના વહિવટની દેખભાળ રાખનાર ફક્ત એક 'જતી' હતા. પન્નાલાલ યતિના મૃત્યુ બાદ રાજ્યનો હક્ક જતીની અંગત મીલ્કત ઉપર લાગ્યો અને નહિં કે મંદિર અથવા મંદિરની મિલ્કત ઉપર. 'યતિપણું' અને 'મંદિર' બે ભિન્ન તથા સ્વતંત્ર બાબતો છે. 'મંદિર' તથા 'મંદિરની મિલ્કત'ની માલીકી તો 'દેવ'ની છે. એક 'યતિ'ના મૃત્યુથી જૈનોના ભક્તિ કરવાના અધિકારને કાંઇ અસર થતી નથી. તેવી જ રીતે મંદિરના વ્યવસ્થાપકમાં ફેરબદલી થવાથી પણ જૈનોના ભક્તિ કરવાના હક્કમાં કાંઇ ફેર પડતો નથી. 'રાજ્ય' કદિ પણ મંદિરનું, મિલ્કતનું કે તેમાં રહેલા 'દેવ'નું માલીક બન્યું નથી. મંદિર હંમેશા જૈન મંદિર તરીકે રહેલું છે તથા ફક્ત જૈનો માટે જ અને તે સિવાય બીજી જાતો અથવા કોમો માટે ખુલ્લું રહેલું નથી.

વિરોધ પક્ષે માની લીધેલી હિંદુ–મૂર્તિઓ તો ખરેખર જૈન દેવ–દેવીઓ છે. મંદિરમાં કદિ પણ શિવલિંગ ન હતું. હિંદુ જાતિનો કોઇ પણ સભ્ય કદિપણ આ મંદિરમાં ભક્તિ કરતો ન હતો, અરજદારોએ વધુમાં જણાવ્યું હતું કે, શિવલિંગની સ્થાપના કરવાની મૂળ અથવા અસલ તારીખ ૧૯૫૪ ના નવેમ્બરની ૨૭ નક્કી કરવામાં આવી હતી પણ તેજરાજે "મધ્ય ભારત હાઇકોર્ટ"માં શિવલિંગની સ્થાપના કરવા સામે મનાઇ હુકમની માંગણીની અરજ કરી હતી માટે કલેકટરે આવા કોઈ હુકમની રૂકાવટથી દૂર રહેવા માટે ૨૬ મી નવેમ્બરના બપોરે શિવલિંગની સ્થાપના થવા દીધી હતી. માટે હાઈકોર્ટનો મનાઇ હુકમ મલ્યો તે પહેલા તહેસીલદારને ૨૬ મી નવેમ્બરના બપોરે ૧ વાગે શિવલિંગની સ્થાપના કરવાની –મૂકવાની પરવાનગી કલેક્ટરે આપી. પ્રતિવાદીઓએ કરેલો "કોર્ટના હુકમનો અનાદર" જ ફક્ત શિવલિંગને દૂર કરવા માટે પુરતું કારણ આપે છે. સાથેના દસ્તાવેજો બતાવે છે કોઇ પણ સમયે પણ હિંદુઓએ આ મંદિરને 'હિંદુ–મંદિર' તરીકે ગણીને પ્રવેશ કર્યો નથી, કે પૂજા કરી નથી. કે શિવરાત્રિ કે એવા બીજા ઉત્સવો ઉજવ્યા નથી.

**પ્રતિવાદીઓ** તરફથી ઉભા રહેલા વિદ્વાન ધારાશાસ્ત્રી **મી. શર્મા** નીચે પ્રમાણે જણાવે છે.

બંધારણની કલમ (૨૫) પ્રમાણે ધર્મ કરવાના જે અધિકારની અરજદાર માગણી કરે છે તે અધિકારનો જરા પણ ભંગ થતો નથી. કારણ કે તે સમયે શિવલિંગ મંદિરમાં હતું અને ૨૬ મી નવેમ્બરે શિવલિંગની સ્થાપનાથી આ અધિકારનો ભંગ થતો નથી. વધુમાં મંદિર; હિંદુ–મંદિર હોવાને લીધે હિંદુઓને ત્યાં ભક્તિ કરવા જવાનો અધિકાર છે. **મી. શર્મા** કબૂલ કરે છે કે વિરોધ પક્ષ 'તહેસીલદાર'નું મંદિરમાં શિવલિંગ મુકવાનું કાર્ય કોઇ પણ કાયદા પ્રમાણે **બરાબર નથી** એટલે કે તે કાર્યનો **બચાવ થઇ શકે નહિં.** પણ સાથે સાથે મી. શર્માનો દાવો છે રાજ્ય અથવા સરકાર, મંદિરનો–દેવ અથવા દેવતાની મૂર્તિની **માલિક** હોવાના કારણે નવું શિવલિંગ મૂકવાને અધિકારી હતી કારણ કે જુનું શિવલિંગ દૂર કરવામાં આવ્યું હતું.

**નામદાર કોર્ટ**–(અમે)–માને છે કે, **તહેસીલદારનું શિવલિંગ મૂકવાનું કાર્ય યોગ્ય ન હતું અથવા તેનો બચાવ થઇ શકતો નથી.** મુખ્ય મુદ્દો હવે એ છે કે શ્રી તેજરાજની શિવલિંગ ખસેડવા સંબંધી જે અરજી છે તે સંબંધી આખરી શું હુકમ કોર્ટ કરવો ? કલમ ૨૫–૨૬ પ્રમાણે મૂળભૂત હક્કનો નિર્ણય કરવા આ કોર્ટને અધિકાર છે.

કોર્ટને વિચાર કરવાના મુખ્ય મુદ્દાઓ નીચે પ્રમાણે છે.

(૧) આ મંદિર જાહેર જૈન મંદિર છે કે કેમ ?

(૨) જૈન વિધિ પ્રમાણે તેમાં ભક્તિ કરવાનો જૈનોને હક્ક છે કે કેમ ?

(૩) જૈનોને મંદિરમાં દાખલ થતા તથા શિવલિંગની સ્થાપનાથી જૈનોના–અરજદારોના–મૂળભૂત હક્કનો ભંગ થાય છે કે કેમ ?

(૧) આ મંદિરને જૈન અથવા હિંદુ મંદિર કહીએ છતાં પણ તેમાં શિવલિંગ મૂકવાનો અથવા દાખલ થઇ પૂજા કરવાને માટેનો સનાતનીઓના અધિકારનો **પ્રશ્નજ ઉભો થતો નથી,**

હવે આ મંદિર ૧૬૭ વર્ષ જુનું છે. એક જૈન તરફથી બાંધવામાં આવેલું છે. તેમાં જૈન દેવની મૂર્તિઓ છે. અને જૈનો તેમના રીતરીવાજ મુજબ તેમાં પૂજા અથવા ભક્તિ કરતા આવ્યા છે. આ જાહેર જૈન મંદિર છે, તેનો કોઈએ પણ વિરોધ કર્યો નથી. વધુમાં સાથેના દસ્તાવેજો એ વાતનો પુરાવો નથી આપતા કે કોઇ પણ સમયે આ મંદિર જાહેર હિંદુ મંદિર હતું. યતિઓ પણ જૈન હતા. વધુમાં રતલામ દરબારે જૈનોની જૈન વિધિ પ્રમાણે આ મંદિરમાં ભક્તિ કરવાના અધિકારમાં કદિપણ માથું માર્યું ન હતું. પત્રવ્યવહારમાં પણ તેનો ઉલ્લેખ જૈન મંદિર તરીકે કરવામાં આવ્યો છે. આ મંદિર જાહેર હિંદુ–મંદિર છે એમ જો કે પ્રતિવાદીઓએ જણાવ્યું છે, છતાં તે સંબંધી કોઇ પણ દસ્તાવેજો તેઓ રજુ કરી શકયા નથી. બે બ્રાહ્મણ પૂજારીઓની 'એફીડેવીટો' પણ માન્ય કરવા યોગ્ય નથી. તેઓ એ કહી શકતા નથી કે કયારે શિવલિંગની સ્થાપના કરવામાં આવી હતી? તથા કઇ રીતે તથા શિવપૂજાના પૈસા કોણ આપતું હતું ? આ બે પૂજારીઓ –રઘુનંદન અને ચૈનલાલ પોતે કબુલ કરે છે કે તેઓએ લાંબા સમય સુધી પૂજારી તરીકે કામ કર્યું નથી. આ લોકો જે મૂર્તિઓને હિંદુ–દેવોની મૂર્તિઓ તરીકે ઓળખાવતા હતા તે ખરી રીતે તો જૈન યક્ષ તથા યક્ષિણીઓની મૂર્તિઓ હતી. ચાંદમલ જેણે પ્રથમ એમ જણાવ્યું હતું કે શિવલિંગ મંદિરમાં હતું તેણે પોતે "ઉલટ તપાસ"માં કબુલ કર્યું છે કે શિવલિંગ ખરેખર જૈન દેવની મૂર્તિ હતી અને આ મંદિર જૈન મંદિર હતું અને જૈન સિવાય બીજા કોઇ ધર્મની મૂર્તિઓ મંદિરમાં ન હતી.

એક પોલીસ ખાતામાં કામ કરતા માણસનો–લક્ષ્મીનારાયણ ઓઝાનો શિવલિંગ ખસેડવામાં હાથ હતો પણ અરજદારોનો તેમાં હાથ હતો એવી માહીતી મળતી નથી. એક ગોખલામાં શિવલિંગની હાજરીથી એમ માની શકાય નહિં કે આ મંદિર જાહેર, 'સનાતની' શિવ મંદિર અથવા હિંદુ મંદિર છે. હિંદુ અથવા સનાતનીઓ આ મંદિરમાં દર્શનાર્થે જતા હતા એમ માનીએ તો પણ તે જાહેર હિંદુ–મંદિર ગણી શકાય નહિં.

(૨) જૈનો 'તીર્થંકર'ને દેવ માને છે અને હિંદુ તથા જૈન ધર્મના સિદ્ધાંતોમાં મોટો

> ❀
>
> **અમાસની રાતે ચંદ્ર શોધવા કોઇ નીકળતું નથી, પણ આજે પશ્ચિમના રાષ્ટ્રો અણુ-બોંબની અંધારી રાતે શાંતિને શોધવા નીકળી પડયા છે.**
>
> ❀

ભેદ છે.–તફાવત છે. જૈન મંદિર અને હિંદુ–મંદિર એ બન્ને ભિન્ન છે. પણ અમે કદિપણ એવો દાખલો જોયો નથી જ્યાં હિંદુ મંદિર એજ જૈન મંદિર અથવા ઉલટું હોય શકે... અમારી સમક્ષ પડેલા પુરાવા બતાવે છે કે આ મંદિર જાહેર જૈન મંદિર છે અને નહિ કે જૈન–હિંદુ મંદિર. તેથી બંધારણની કલમ ૨૫ (૧) પ્રમાણે **જૈનોનો તેમની રીતે દાખલ થવાનો તેમજ ભક્તિ કરવાનો**–આ મંદિરમાં મૂળભૂત હક્ક તથા અધિકાર છે. "સૂપ્રીમ કોર્ટ"ના બે કેસ ટાંકીને ન્યાયમૂર્તિઓએ જણાવ્યું કે શિવલિંગ દાખલ કરવાનો અથવા જૈનોને મંદિરમાં જતા અટકાવવાનો **પ્રતિવાદીઓને** કોઇ હક્ક નથી અને તેથી **પ્રતિવાદીઓનું** કાર્ય મૂળભૂત હક્કનો ભંગ કરનારું હતું.

(૩) જૈન મંદિરમાં શિવલિંગની સ્થાપના જૈનોના સિદ્ધાંતની વિરૂદ્ધ છે અને તેથી શિવલિંગની મંદિરમાં સ્થાપના જૈનોના મૂળભૂત હક્કનો ભંગ કરનાર છે. વધુમાં રાજ્ય અથવા સરકાર મંદિરની માલીક છે એમ દસ્તાવેજો ઉપરથી સાબીત થઇ શકતું નથી. રાજ્ય માલીક હતું કે નહિં તે ધ્યાનમાં લેવાની પણ જરૂર નથી. આ જાહેર જૈન મંદિર છે અને એ મંદિરને સરકાર બધા ધર્મના દેવ–દેવીઓની મૂર્તિઓનું સંગ્રહ સ્થાન બનાવી શકે નહિં. રાજ્ય માલિક હોય તો પણ જૈન મંદિરમાં જૈન મૂર્તિઓ જ રાખી શકાય.

ધારાશાસ્ત્રીએ (પ્રતિવાદીના) પહેલાં જણાવ્યું છે–આ કોર્ટનો હુકમ નિષ્ફળ જશે અથવા તેનો અમલ થઇ શકશે નહિં પણ તે અમારી સમજમાં આવતું નથી. આ કોર્ટનો હુકમ અસરકારક નીવડશે અને તેનો અમલ કરવો જ પડશે.

રતલામના તહેસીલદાર તથા કલેકટરના કાર્યનો બચાવ થઇ શકે તેમ નથી, તે લોકોને આમ કરવાની સત્તા હતી એમ તેઓએ માની લીધું તે પણ વિસ્મયજનક છે. મંદિરમાં પૂજા માટે શિવલિંગ રાખવાનું કાર્ય સંપૂર્ણ રીતે ગેરકાયદેસર હતું. સાચો રસ્તો એ હતો કે 'કોર્ટ'માં સનાતનીઓએ મંદિર ઉપર અથવા શિવલિંગની પૂજાનો પોતાને અધિકાર છે, એવું સાબીત કરવું જોઇએ. તે પ્રમાણેની સૂચના આપવાની હતી, શહેરમાં વાતાવરણ તંગ હતું તો તે માટે યોગ્ય પગલાં લેવા હતાં.

આથી હું–ન્યાયમૂર્તિ–અરજદારોની અરજી માન્ય રાખું છું અને જૈનોને આ મંદિરમાં દાખલ થતા, ભક્તિ કરતા નહિં અટકાવવા માટે, પ્રતિવાદીઓને હુકમ કરૂં છું: નવેમ્બર ૨૬, ૧૯૫૪ ના રોજ જે શિવલિંગ તેઓએ મુકયું છે તે ખસેડી લેવાનો પણ હું હુકમ કરૂં છું. તથા તેના પૈસા–ખર્ચ–આપવો.

| | |
|---|---|
| વી. આર. નેવાસકર, | પી. વી. દીક્ષિત |
| જજ | જજ |
| તા. ૧૭–૧૦–૫૭, | ઇંદોર (મધ્યપ્રદેશ) |


## ઉર્મી ગીત માળા

રચયિતાઃ ઇશ્વર શાહ સ્તવન ૫૦ નવા રાગ–રાગિણીથી ભરપુર, દીલને આનંદ અને વૈરાગ્યને જાગૃત કરવા આજે જ મંગાવો. પોસ્ટેજ સહિત આઠ આના. મોટી સાઇઝ. શાહ મંગલદાસ ગુલાબચંદ વાયા. તલોદ

રૂપાલ (સાબરકાંઠા)



## સિદ્ધપુરમાં ભગવાનની પ્રતિષ્ઠા કરવાનો

# અમૂલ્ય લાભ

સિધ્ધપુર આપણું ઘણું પ્રાચીન જૈન તીર્થસ્થાન છે. તેમાં પ્રથમ ૨૯ જિનમંદિરો હોવાના પુરાવાઓ મળેલા છે. હાલ ત્યાં મોટા વિશાળ બે સુંદર મંદિરો બે માળના છે, તેમાં ઘણાં જ પ્રાચીન સુંદર અને ચમત્કારિક ૧૦૦ ઉપરાંત પાષાણનાં પ્રતિમાજીઓ મહારાજા કુમારપાળની તથા મહારાજા સંપ્રતિનાં ભરાવેલાં છે.

હાલમાં જ શ્રી અમદાવાદ દહેરાસર જીર્ણોદ્ધાર કમીટી મારફત હજારોના ખર્ચે બંને દેરાસરોનો જીર્ણોદ્ધાર કરાવેલ છે, જેનું કામ હાલ ચાલુ જ છે. પ્રાયઃ વૈશાખ માસમાં પ્રતિષ્ઠા કરાવવાની છે, તેમાં પ્રતિમાજીઓ નકરાથી બેસાડવા આપવાનાં છે.

પ્રતિમાજીઓ ઘણાં પ્રાચીન છે. તેમાં લંછન વિનાનાં પણ છે, તેથી જેમને જે નામના ભગવાન બેસાડવા હશે તે નામના બેસાડવાની સગવડ પણ બની શકશે. પ્રતિમાજીઓ ૯ થી ૩૧ ઇંચ સુધીનાં છે અને નકરો રૂા. ૧૫૧ થી ૫૦૧ નો રાખવામાં આવેલ છે, તો દરેક ધર્મપ્રેમી ભાઇઓને લાભ લેવા વિનંતિ છે.

પત્ર વ્યવહાર કરવાનું ઠેકાણું :—

**શ્રી સિદ્ધપુર જૈન શ્વે. મૂ. સંઘ**

C/O મહેતા દોલતરામ વેણીચંદ

ગંજબજાર સિદ્ધપુર

લી૦ સિદ્ધપુર જૈન શ્વે. મૂ. સંઘ.

# જૈનદર્શનનો કર્મવાદ

(સ્થિતિબંધનું સ્વરૂપ)

અધ્યાપકઃ શ્રી ખુબચંદ કેશવલાલ શાહ—સિરોહી.

★

**જૈનદર્શનની અનેક મૌલિક સિદ્ધાંતવ્યવસ્થામાં તેના કર્મનાં તત્ત્વજ્ઞાનનો ફાળો મહત્ત્વનો છે. સંસાર સમસ્તની વિચિત્રતાના મૂલમાં કર્મની વિચિત્રતા રહેલી છે. જૈન તત્ત્વજ્ઞાને જેવું કર્મનું સ્વરૂપ દર્શાવ્યું છે, તેવું અન્ય કોઈ પણ ધર્મદર્શનમાં નથી. જૈનદર્શનના કર્મવાદ વિષેની લેખમાળા 'કલ્યાણ' માં લગભગ છેલ્લા ૪ વર્ષથી ચાલુ છે. આ લેખમાળાના લેખક અધ્યાપક શ્રી ખુબચંદભાઇ, આ વિષયમાં સારા નિષ્ણાત તથા ચિંતનશીલ છે. સર્વ કોઇને લેખો 'કર્મવાદ'ને સમજવામાં અવશ્ય ઉપકારક બનશે, એ નિઃશંક છે.**

મિથ્યાત્વાદિ હેતુઓથી જીવની ત્રણ યોગરૂપ ક્રિયા વડે આત્માને વળગેલી કાર્મણ વર્ગણા તે કર્મ તરીકે ઓળખાય છે. આ કાર્મણ વર્ગણા આત્માની સાથે ચોંટ્યા બાદ અમુક ટાઈમ પછી તેનામાં જીવ ઉપર જુદી જુદી અસર ઉત્પન્ન કરવારૂપ શક્તિ પ્રગટ થાય છે. અમુક પ્રકારની અસર જીવ ઉપર ઉપજાવવાના સ્વભાવનું પરિણમન તો તે કર્મ-વર્ગણામાં આત્માની સાથે બંધાતી વખતના સમયે જ થઇ ગયેલ હોવાથી તે અનુસાર તે અસર કરવાપણું અમુક ટાઇમ પછી તેનામાં પ્રગટ થાય છે. જીવ ઉપર જુદી જુદી અસર ઉત્પન્ન કરવા ઠરેલી શક્તિઓને અનુસરીને તે કર્મોનાં નામો પાડવામાં આવેલાં છે. કર્મ-શાસ્ત્રના બંધારણની રચનામાં આઠે કર્મના ૧૫૮ ભેદો પ્રકૃતિ (જીવ ઉપર અમુક પ્રકારની અસર કરવા રૂપ સ્વભાવ) ને આશ્રયીને જ પાડવામાં આવ્યા છે.

દરેક સંસારી આત્માઓ અનાદિકાલથી જ્ઞાનાવરણીયાદિ આઠે પ્રકારના કર્મથી બંધાયેલા છે. આ કર્મબંધનું અનાદિપણું તે પ્રવાહની અપેક્ષાએ છે, પણ વ્યક્તિની અપેક્ષાએ સાદિ શાંત છે. કારણ કે વ્યક્તિની અપેક્ષાએ તો કર્મબંધન વધારેમાં વધારે સિત્તેર કોડાકોડી સાગરોપમ જેટલું હોઈ શકે. આત્મા સાથે વળગી રહેવાની તેનાથી અધિક સ્થિતિ કોઇ કોઇ પણ કર્મની છે જ નહિ. એટલે કોઈ કર્મવિશેષનો સંયોગ કોઈ પણ જીવને અના-દિથી તો હોતો જ નથી.

જેમ એક દિવસ કે એક રાત્રિની શરૂ-આત પણ છે, અને સમાપ્તિ પણ છે, છતાં પણ સમગ્ર રાત્રિ દિવસની અપેક્ષાએ દિવસ કે રાત્રિની શરૂઆત કહી શકીએ નહિં. એવી રીતે ભોગવવા આદિ દ્વારાએ કર્મો વિખુટાં પડતાં જાય છે, અને બંધનાં કારણોનું અસ્તિત્વ હોઇને જીવને નવાં નવાં કર્મો બંધાતાં જાય

છે, જેથી પ્રવાહરૂપે અથવા પરંપરારૂપે જીવની સાથેનો જડ એવા કર્મનો જે સંયોગ છે, તે અનાદિકાલીન છે, પણ કોઇ કર્મ વિશેષનો સંયોગ જીવને અનાદિકાલથી હોતો નથી. જે જીવોને કર્મનો સંયોગ હોય છે, તે જ જીવને કર્મનો બંધ થઈ શકે છે. એટલે આજે કર્મને બાંધનારો આત્મા ભૂતકાળમાં કોઇ કાળે કર્મ રહિત હશે એમ કહી શકાય જ નહિ. જેથી તે કર્મો વેદવાના કાળમાં નવાં નવાં કર્મોનું બંધન નવી નવી સ્થિતિવાળું થાય, અને તે જુદું જુદું ભોગવવું પડે એમાં નવાઈ નથી.

પ્રત્યેક સમયે આત્મા પૂર્વબદ્ધ કર્મો પૈકી સ્થિતિપૂર્ણ થયેલ અમુક કર્મોથી છુટે છે પણ ખરો, અને નવીન કર્મને બાંધે છે પણ ખરો. એટલે નવીન કર્મથી બંધાવાપણું સમયે સમયે આત્મામાં ચાલુ છે. આમ હોઇને, જીવને અનાદિ-કર્મ-બધ્ધ કહેવાને બદલે જીવને અનાદિ-કર્મ-સંતાન-બધ્ધ અથવા અનાદિ-કર્મ-પરંપરા-વેષ્ટિત કહેવો વધુ યોગ્ય છે.

પૂર્વસંચિત કર્મો પૈકી અમુક કર્મનો સ્થિતિકાલ પૂર્ણ થયે તે કર્મ આત્મામાંથી ક્ષય થઈ જાય છે. બંધાયેલ કર્મ આત્મા સાથે કેટલા ટાઇમ સુધી સ્થિર રહી શકશે તે સ્થિતિકાલ કર્મો બંધાતી વખતના સમયે જ નક્કી થયેલ હોય છે. તેને સ્થિતિબંધ કહેવાય છે. મિથ્યાત્વાદિના નિમિત્તથી એક પરિણામ દ્વારા સંચિત થતું કર્મ, ઉત્કૃષ્ટ સ્થિતિવાળું પણ હોઈ શકે છે. અને જઘન્ય સ્થિતિવાળું પણ હોઇ શકે છે. તીવ્ર અશુભ પરિણામ દ્વારા જનિત જે કર્મ તે ઉત્કૃષ્ટ સ્થિતિવાળું હોય છે. આઠ પ્રકારના કર્મોમાં દરેકે દરેક પ્રકારના કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સમાન નહિ પણ ભિન્ન ભિન્ન હોય છે.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અન્તરાય, એ ચાર પ્રકારનાં કર્મોની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ કોટાકોટિ સાગરોપમ પ્રમાણ છે. મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સીત્તેર કોટાકોટિ સાગરોપમ પ્રમાણ અને નામકર્મની તથા ગોત્રકર્મની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ કોટાકોટી સાગરોપમ પ્રમાણ છે. બાકી રહેલ આયુષ્ય કર્મની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમ પ્રમાણ છે. જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોની સ્થિતિ જેમ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ કોટિની હોઇ શકે છે. તેમ જઘન્યમાં જઘન્ય કોટિની પણ હોઈ શકે છે. તેવા પ્રકારના પરિણામથી સંચિત થતાં આઠ પ્રકારનાં કર્મોમાં વેદનીય કર્મની જઘન્યમાં જઘન્ય સ્થિતિ બાર મુહૂર્ત્ત માત્રની હોય છે, નામકર્મ અને ગોત્રકર્મની જઘન્યમાં જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત માત્રની હોય છે, જ્યારે બાકીનાં જે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, આયુષ્ય અને અન્તરાય એ પાંચ પ્રકારનાં કર્મોની જઘન્યમાં જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત માત્રની હોય છે.

ઉ પ યો ગી

પત્ર વ્યવહાર કે મનીઓર્ડર કરતી વખતે 'ગ્રાહક' નંબર જરૂર લખવો.

નવા દસ ગ્રાહકો કે સભ્યો બનાવી આપનારને એક વર્ષ સુધી 'કલ્યાણ' ફ્રી મોકલીશું.

આ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિ અને જઘન્ય

સ્થિતિનું પ્રમાણ મૂળ કર્મ પ્રકૃતિઓ અંગેનું છે. આઠે કર્મની દરેક ઉત્તર પ્રકૃતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ તથા જઘન્ય સ્થિતિબંધ, ગુણઠાણા તથા ગતિને વિષે ઉત્કૃષ્ટ–જઘન્ય સ્થિતિબંધ, સ્થિતિ બંધનું અલ્પબહુત્વ, એ વગેરે સ્થિતિબંધ અંગે વિસ્તૃત વર્ણન પંચમ કર્મગ્રંથ ગાથા ૨૬ થી ગાથા ૫૨ સુધીમાંથી તથા પંચ સંગ્રહમાં ચોથા બંધ હેતુ દ્વારમાં આપેલ સ્થિતિબંધના અધિકારમાંથી સમજી લેવું જરૂરી છે.

સ્થિતિબંધનો અલ્પાધિકતાનો આધાર સંકલેશ કે વિશુધ્ધિ છે. જેમ જેમ સંકલેશ વધારે તેમ તેમ સ્થિતિનો બંધ વધારે, જેમ જેમ સંકલેશ ઓછો અને વિશુધ્ધિ વધારે તેમ તેમ સ્થિતિનો બંધ અલ્પ અલ્પ થાય છે. કષાયના ઉદયથી ઉત્પન્ન થયેલા જે અશુભ અધ્યવસાય તે સંકલેશ કહેવાય છે. સ્થિતિબંધ અને અનુભાગ (રસ) બંધ અંગેનું ધોરણ અધ્યવસાયને અનુલક્ષીનેજ છે. આત્માની પ્રવૃત્તિમાં–યોગવ્યાપારમાં જેટલી કષાયની માત્રા હોય છે તેને અનુરૂપ કર્મનો કાળ અને સુખ–દુઃખ વિપાકની તીવ્રતા મંદતા આત્માએ ગ્રહણ કરેલ કર્મપુદ્ગલોમાં નક્કી થાય છે. કષાયરૂપ હેતુ વિના જે કર્મ આત્મા સાથે બંધાય છે તેમાં રસ હોતો નથી, અને તેથી તેનું કંઇપણ ફળ અનુભવમાં આવતું નથી. કારણ કે કષાયની માત્રા વિના કર્મ આત્મા સાથે સંબધ્ધ રહી શકતાં નથી, અને સંબધ્ધ ન હોય તો પછી અનુભાગ એટલે વિપાક પણ દઈ શકતા નથી.

અને તેથીજ અગીઆરમા આદિ ગુણઠાણે બે સમય પ્રમાણ બંધાતા વેદનીય કર્મની જઘન્ય સ્થિતિ બંધ તરીકે વિવક્ષા કરી નથી. અગીયારમેથી ચૌદમા પર્યંત જે સુખ–દુઃખનો અનુભવ આત્મા કરે છે તે અગીઆરમા આદિ ગુણઠાણે કેવલ યોગ પ્રત્યયિક બંધાયેલ શાતાનો નહિ, પરંતુ દશમા ગુણઠાણા સુધીની બંધાયેલ શાતા–અશાતાના જ ફળને અનુભવે છે. અગીઆરમા ગુણઠાણાથી બંધાયેલ કેવલ યોગનિમિત્તે બંધાયેલ સાતાવેદનીયનો તો ઉદય હોય કે ન હોય તે સરખું જ છે.

કર્મના સ્થિતિકાળની ગણત્રી આત્માની સાથે કર્મ વળગે ત્યારથી તે આત્માથી છૂટું પડે ત્યાં સુધીની ગણવાની છે. સ્થિતિકાળ દરમ્યાન બધ્ધ કર્મની અવસ્થા બે પ્રકારની છે (૧) અબાધાકાળ (અનુદય) અને(૨) નિષેકકાળ (ભોગ્યકાળ) ઔષધિ–રસાયણો ખાતાં સાથેજ કામ કરતા નથી, પણ અમુક ટાઈમ પછી જ કામ કરે છે. હરડેનું કાર્ય રેચ કરવાનું છે, તો પણ હરડે લીધા બાદ હરડેની બીજી અસર થતી હોય તો પણ રેચનું કાર્ય તો અમુક ટાઇમ પછી જ કરે. ચૂલે ચડાવતાં જ તરત કોઈ પણ ચીજ પાકી જતી નથી. જેવી વસ્તુ તે પ્રમાણમાં તેનો પાક થતાં વાર લાગે છે. તેમ બંધાયેલું કર્મ બંધાતાંની સાથે જ કામ કરતું નથી. તે કર્મનો પાક કાળ ન થાય ત્યાં સુધીના કાળને જન પરિભાષામાં 'અબાધાકાળ' કહેવામાં આવે છે. કર્મનો એ અબાધાકાળ વ્યતીત થઇ ગયા પછી જ કર્મ તેનું ફળ દેવાનું શરૂ કરે છે, એને કર્મનો ઉદય કહેવામાં આવે છે. ઉદય કાળમાં કર્મને ક્રમશઃ ભોગવવા માટે કર્મદલિકની રચના થાય છે માટે તેને નિષેકકાળ કહેવાય છે. એટલે કર્મની જેટલી સ્થિતિ બંધાઈ, તેમાંથી અમુક સ્થિતિ અબાધાકાળમાં જાય છે, અને બાકીની સ્થિતિ નિષેક–ભોગ્ય કાળમાં જાય છે. ભોગ્ય કાળમાં કર્મનાં પુદ્ગલો ક્રમશઃ ઉદયમાં આવે છે, અને ફળ આપીને આત્માથી છુટા પડી જાય છે. (ચાલુ)

# તો ઐકય આંગણે છે.

શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીયા એમ. એ. —વડોદરા

આજે વિશ્વમાં, રાષ્ટ્રમાં, સમાજમાં કે સંઘમાં ચોમેર ઐકય, સંઘ, સંગઠ્ઠનની વાતો હવામાં ગૂંજી રહી છે. ઐકય કે એકદિલી જરૂર આવકારદાયક છે. તેમાંયે જૈનસંઘમાં, જૈન સમાજમાં ઐકય વધુ ઉપકારક છે. સમસ્ત સંસારના અભ્યુદય, શ્રેય કે મંગલની કામના જેઓનાં હૈયામાં ભરેલી છે, તે સર્વ જૈનસંઘના ઐકયને જરૂર ઇચ્છે, પણ તેની ભૂમિકા શી હોવી જરૂરી છે ? એ પ્રશ્નને આંખ સામે રાખીને ભાઇશ્રી કાપડિયા. પોતાની વેધક છતાં સચોટ મર્મસ્પર્શી શૈલીમાં જે હકીકત અહિં રજુ કરે છે, તે સર્વ કોઇને મનનીય છે.

✽

સમસ્ત વિશ્વમાં ઐકયની અનોખી વાતો ચાલી રહી છે. ભારતવર્ષમાં પણ તેની બાંગો પોકારવામાં આવે છે. અને દિન–પ્રતિદિન ઐકય વધતું ચાલે છે. ઝેર–વેર–અશાંતિ–દ્વેષ તથા ખારના થર ઘેરા અને ઘાટા જામતાં જાય છે. ઐકય–સુલેહ–સંપના ઓઠા નીચે જ વિરોધી તત્ત્વો કુદકે ને ભુસકે વધતાં જાય છે. આની પાછળ કાંઇ કારણ હશે ? કાંઇ ઉંડાણ હશે ? કોઈ ગોઝારૂં તત્ત્વ કામ કરી રહ્યું હશે ? કે ખાલી કાળબળને નામે આ પરિસ્થિતિને નભાવ્યે જ છૂટકો !

ખુલ્લી આંખે વિચારકને દેખાય એમ છે કે, આ પરિસ્થિતિ પાછળ નથી કોઇ ઉમદા સિધ્ધાંતરક્ષાનો પ્રશ્ન કે નથી કોઇ મહાસત્યને જાળવવાની તાલાવેલી. કે નથી પ્રાણીગણના કોઇ પ્રકર્ષની ચિંતા. નરદમ સ્વાર્થ, સંકુચિતતા અને સલામતીને નામે રક્ષણનું નામ–નિશાન નહિ અને ભક્ષણની ભયંકર નાગચૂડ. અર્થ અને કામ પાછળની આંધળી દોટ. પરભવ કે કે પુનર્જન્મની માન્યતાનો સાવ અભાવ, વિજ્ઞાનને નામે ભયંકર વિનાશ. વિનાશ પણ અનાથ અને અશરણ જીવોનો અને તે માનવસુખને નામે. માનવજાતિને ઇહલોક પરલોકમાં કારમા દુઃખની ગર્તામાં ગબડાવનાર ગાંડપણભરી મનોકામના !

પોતાને જૈનધર્મી મનાવતા સમાજમાં પણ ઘણા વખતથી ઐકય અને સિધ્ધાંતની વાતો ચાલી રહી છે. કંઇક આંદોલનો થયા. પ્રેસ અને પ્લેટફોર્મના પણ ખૂબ ખૂબ ઉપયોગ થયા. સૌ–સૌની વિચારશ્રેણી પૂરતા વેગથી રજુ થઇ ગઇ અને થઇ રહી છે. પણ પરિણામમાં અંતર વધ્યું અને વધતું જાય છે. બહારમાં અને અંતરમાં ઘણું જુદું જુદું દેખાય છે.

છતાં સમગ્ર વિશ્વની અપેક્ષાએ આ કોયડો જુદી જ જાતનો છે. અહિં ઐકયની તમન્ના છે. ઐકય ખાતર કાંઇક ને કાંઇક કરી છુટવાની હાર્દિક તાલાવેલી છે. ખાલી દેખાવ નથી. ભલે માર્ગપધ્ધતિ ભિન્નભિન્ન હોય, કોઇ કામિયાબ નિવડે, કોઈ ન પણ પરિણમે. કોઈ માર્ગ તદ્દન અવળો પણ હોય. પણ તેની પાછળ ઐકયની ઝંખના છે, એ નિર્વિવાદ વાત છે.

તો પ્રશ્ન ઉઠશે કે પછી વાંધો કયાં આવે છે ? હૃદયની નિર્મળતાનો ? સમજ–ગેરસમજનો ? સિધ્ધાંતરક્ષાનો કે અહંપણાનો કે લોકહેરીનો ? આ પ્રશ્નનો જવાબ મેળવતા પહેલાં જૈનશાસનની અનોખી અને અનન્ય શ્રી સંઘરચના ખૂબ જ ખીંચે છે. અનંતજ્ઞાની અનંત ઉપકારી શ્રી તીર્થંકરદેવોએ સ્થાપેલ શ્રી ચતુર્વિધ સંઘમાં મુખ્યસ્થાન શ્રી શ્રમણ સંઘનું છે. પૂ૦ સાધ્વીગણ બીજે નંબરે આવે છે. એ

બન્ને પૂજ્ય છે. આરાધ્ય છે. ઉપાસનીય છે. કારણ કે અનંતજ્ઞાનીઓની આજ્ઞા મુજબ કાળ-યોગ્ય શકય તેનો તેઓ અમલ કરે છે અને અન્યોને વફાદારીપૂર્વક તે માર્ગે દોરે છે. બાકીના બે વર્ગમાં આવતા શ્રધ્ધાન્વિત શ્રાવક અને શ્રાવિકાગણ છે. તે પૂજક છે–આરાધક છે–ઉપાસક છે. શાસનને, શાસ્ત્રને, આગમને, જિનોક્ત વચનને વફાદાર રહેવાની પ્રતિજ્ઞાવાળો છે. શકયને આચરણમાં મૂકી તેનો પ્રચાર કરવામાં સહાયક છે.

તદુપરાંત આ ચતુર્વિધ સંઘને માથે મહામોટી અણમોલી જવાબદારી રહેલી છે. સમસ્ત વિશ્વના આધારભૂત સત્યને, શુધ્ધ તત્ત્વને અને વિશ્વની વ્યવહાર યોજનાની અપેક્ષાએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષનાં સત્ય સ્વરૂપના વ્યવહારને તેના મૂળ રૂપમાં ટકાવી રાખવા માટે પણ આ શાસનને તેના શુધ્ધ તાત્ત્વિક સ્વરૂપમાં રક્ષક પદ્ધતિથી ટકાવી રાખવાની અણનમ જરૂર છે. ભીંતમાં યા કિલ્લામાં પડેલ એક પણ છિદ્રની ઉપેક્ષા પરિણામે મકાન, મહેલ કે શહેર પર આફત લાવે છે. તો શ્રી જિનશાસનની આજ્ઞાપદ્ધતિરૂપી કોટમાં પડતા છિદ્રની ઉપેક્ષા શ્રી સંઘરૂપ મહાનગર પર કેવી અકલ્પ્ય આફત લાવે ? અને પરિણામે સારાએ વિશ્વ ઉપર એનું શું પરિણામ નિવડે !

બસ, આ નાના સરખા પણ અતિ મહત્ત્વના મુદ્દાને આંખ સામે રાખી શાસન અને સિદ્ધાંતની સઘળીએ વિચારણા કરવામાં આવે, તેમાં નાની સરખીએ તડ ન પડે એની કાળજી હૈયે રાખવામાં આવે, મહાપ્રભુની પરમ પવિત્ર આજ્ઞાને–આજ્ઞાના મર્મને શિરસાવંદ્ય કરવામાં આવે, તો ઐકય આંગણે છે. સિદ્ધાંતરક્ષણ સાથે ઐકય વધશે, ફુલશે ને ફાલશે. અને શાસનની અનોખી લાલિમા વિશ્વમાં વિસ્તરશે.

પણ આ બધાયનો આધાર તો હૃદયની નિર્મળતા પર જ રાખી શકાય ને ? સંભવિત અહં જ્યાં મર્યું ત્યાં બિચારી લોકહેરી તો ઉભી પુંછડીએ ભાગવા જ માંડે ને ? જ્યાં અહં અને લોકહેરીનું અસ્તિત્વજ નહિ ત્યાં દંભનો તો જન્મજ કયાંથી સંભવે ? અહં, લોકહેરી અને દંભ નથી ત્યાં નરી હૃદયની નિર્મળતાનો ધોધજ વહેને ? અને આ મહાપવિત્ર ઝરણામાં સ્નાન કરતાં સમજ ગેરસમજ રહેજ કયાં ? ત્યાં તો અવનવી સ્ફુરણાઓ જાગે પરમપ્રભુના સુવિશદ સિધ્ધાંતરક્ષાની અને શાસનપ્રભાવનાની ! સિધ્ધાંતનાં સત્યો સત્યનું પ્રગટીકરણ અને સત્યની રક્ષા માગે છે. નહિ કે ઘેલછાભર્યાં સમાધાન. સમાધાન ન હોય પરસ્પરના આક્ષેપના અને તે પરિણમે ઐકયમાં. ઐકયનું પરિણમન અને સિદ્ધાંત રક્ષાની અણનમ તાલાવેલી અજ્ઞાનનાં તાળા ઉઘાડે, પરમજ્યોતિનાં દર્શન કરાવે, અને તે પરમતેજપૂંજના પ્રકાશે શ્રધ્ધાના અજવાળા જન્મે, શુધ્ધ ક્રિયાની છાયા પડે અને વિશ્વ વિસ્મય પામે.

પરમશુદ્ધ સિધ્ધાંત પાલન-રક્ષણ–પ્રચારના અગ્નિથી પ્રદીપ્ત બનેલો જૈનધર્મપાલક સમાજ ભારતવર્ષમાં અને વિશ્વમાં અનોખી છાપ ઉઠાવશે. સન્માર્ગનું દર્શન કરાવશે, દુઃખની આંધિમાં અટવાએલી દુનિયાને સુખની ઝાંખી કરાવશે, અને અન્ય સમાજોમાં ઉન્નત મસ્તકે ખડો રહી નિજની આર્થિક સ્થિતિમાં કુદરતી વહેણ આવતા દાનધર્મની પ્રભાવક ફોરમ ફેલાવશે. અને જે સમાજમાં સાચા દાનના વહેણાં વહેતાં હશે,–શીલધર્મની સુગંધ પામરતી હશે, એનો રાજકીય મોભો સ્વયંભૂ બનશે. એણે મોભાની, હોદ્દાની કે સત્તાની ભિખ માંગવી પડશે નહિ. દીન–અનાથનો એ સાચો બેલી બનશે. એના હોદ્દા કે સત્તા નીચે ભીખવેલ વધશે નહિ, પણ રૂપાંતર પામશે.




**શ્રી સૂર્યશિશુ**

લલનાઓ નુપુરના (ઝાંઝર) રણઝણાટે હૈયામાં કોઇ અપૂર્વ આનંદનું ગૌરવ બહેલાવી રહી હતી. તોરણનો ઝાકઝમાલ રસાતલને શોભાવી રહ્યો હતો. પ્રાંગણે પ્રાંગણે રંગબેરંગી રંગોળીની પ્રભાએ નયનોને આંજી જાણે મૃત્યુલોકમાં અલકાપુરીનું સ્થાન ન આપ્યું હોય ? ? ? પ્રમદાઓ સ્વાંગસજ્જ વિભૂષિતે કોલાહલ મચાવી રહી હતી............

ત્યાં દૂ....ર સુદૂ....ર દ્વારાપુરી નયરીની મેદનીમાંથી ગુંજન નિનાદના સૂરો કર્ણપ્રદેશી અથડાયા. રાજાશ્રી સમુદ્રવિજયના કોડલીના નંદન શ્રી નેમિનાથ પ્રભુ જેઓશ્રી સ્વમાનને સાર્થક બનાવી નેમ–પ્રતિજ્ઞાને અખંડ જીવાડવામાં લયલીન એવા પ્રભુશ્રી નેમનાથ શણગારથી પરિવૃત્ત પરણવામાં તત્પર બન્યા થકા માર્ગને પવિત્ર બનાવતાં રથારૂઢ બનીને આગેકદમ ભરતા હતા........

સૌ કોઇના હૃદયપટમાં આનંદે સ્થાન લીધું હતું. જનેતા શિવાદેવી રોમરોમ મનના કોડ પરિપૂર્ણતાને પામવાથી ઉછળી રહ્યા હતા.... પણ.... પૂર્ણતાની અભિલાષા પૂર્ણપણાથી વિખૂટી પડી વિલય પામશે, એવું માનવીના કલ્પના પ્રદેશમાં સ્વપ્નવત્ ન હતું.......”

પ્રભુશ્રી નેમિનાથની જાન ચાલી જાય છે. જાનૈયાઓ તો દેવભવનનો લ્હાવો લઇ રહ્યા છે. વરઘોડાનો ઠાઠ અપાર છે. નારીવર્ગ સર્વે એકહૃદયી બની લગ્નના મંગળ ગીતો ગાવા ઉલટભેર સુમધુર કંઠે–સૂરીલે અવાજે લલકારવા લાગી.... વિધવિધ પ્રકારના કર્ણપ્રિય ગીતગાનની છોળો.... આનંદના ઉત્સાહમાં પ્રભુશ્રીની ભાવિપત્ની ચંદ્રાનના રાજુલનું નિરીક્ષણ કરવા ઉત્કંઠિત થયેલ જાનૈયાઓના સાથમાં જાન વેવાઇના મંડપે આરૂઢ થઇ. વરરાજાનો સુવર્ણરથ મંડપના પ્રવેશદ્વારે સ્થાપિત થયો. ત્યાં.... તો.... ‘આ ! ! ! શું....શાનો કોલાહલ ! આ કારમી દિલ દુભવતી ચીચીઆરી શાની ? ? ? અરે ઓ રથવાહક સારથિ ! ! ! તું જરા તપાસ તો કર....’ પ્રભુશ્રીએ પૃચ્છા કરતા....સારથિ દ્વારા પશુવધનો વૃત્તાન્ત જાણ થતાં જગતઉધ્ધારક વિભુ કરૂણાથી પ્લાવિત થયા....

આ તરફ શોકમગ્ન બનેલ તેમ જ જેની સર્વાંશા વિલય પામી છે, તે શ્રી રાજુલ સખીઓ

---

એ કાયદા કરશે તો પોષણના, નહિ કે શોષણના. એનાં સુશાસનમાં નર્યા આનંદ કલ્લોલની સુસરિતા વહેતી હશે. સંતો મહંતો અને સુ-સાધુ મહાત્માઓ સમાધિપૂર્વક પરમશુધ્ધતત્ત્વો અને સદાચારનો પ્રચાર કરતા હશે.

આવા પ્રકારના ‘ અકય અને સિદ્ધાંત ’ના પરિણામ પ્રસર પામે, તેવી કોઈ અનોખી પદ્ધતિ શ્રી શ્રમણસંઘ અને તેના પૂજકો અપનાવે અને વિશ્વમાં ઐકયનું અવનવું આંદોલન જન્માવે, સમસ્ત પ્રાણીગણને સાચા સુખ અને આનંદમાં ગરકાવ બનાવે એજ અભ્યર્થના.

પ્રતિ મનોભાવ ચકાસવા લાગી, 'હા !! હા....પ્રિયસખી ! મારૂં દુર્ભાગ્ય કે મારૂ દાહિણુ અંગ સ્ફુરાયમાન થાય છે.' આમ અભિવાદન કરે છે એટલામાં તો પ્રભુશ્રીએ રથ લગ્નમંડપની પ્રતિપક્ષી દિશા તરફ હંકાર્યો....રાજુલ હૈવને ઓળંભા દેતો ચિત્કાર કરવા લાગી. ને તેનો પ્રચંડ રવ(અવાજ)સંભળાયો. ધરતી ચિત્કાર કરી રહી. પહાડો પોકાર કરી રહ્યા. વાયુ પણ પડઘા પાડી નભના ગુંબજને ગજાવી રહ્યો. ને રાજુલ એકાકી મૂર્છિત થઈ વસુંધરાદેવીના અંકમાં પડી. આકુલ વ્યાકુલ બનેલ સખીઓએ શીતોપચારો કર્યા. કેટલોક સમય ગયા બાદ સ્વસ્થ થતાં પુનઃ કહેવા લાગી; સ્વામી ! ! ! અષ્ટ ભવેની પ્રીતિને વિસ્મરણ કરી નવમા ભવમાં કાં તરછોડો છો ? હું તો આપના પગથારે જ હિલોળવા મથું છું. આપની ગતિ એજ મારી મતિ....'

પ્રભુનો રથ તો કુચકદમ ભરતો ગિરનાર પર આવી પહોંચ્યો. આ કરૂણામય દૃશ્યને વિલોકતાં વિહંગવૃંદ નભમંડલમાં થંભી ગયું. વિકરાળ પશુઓ બોડમાં લપાઇ ગયા. અને કંદરાના ઝરણાઓનો કલરવ શાંત પડયો. અંતે શ્રી નેમિપ્રભુએ દીક્ષા લીધી.

ને એક સુંદર અવસરે તો મધુકર જેમ મધુપ્રત્યે લુબ્ધ બની પૂષ્પની પ્રદક્ષિણા ફરે, તેમ વિવેકી રાજીમતીએ પ્રભુના પગલે પગલે પ્રયાણ કર્યું. શ્રી નેમીનાથ સ્વામીનાં કરકમલનો સુંદર વાસક્ષેપ શિરોધાર્ય કરી શિવમંદિરના સોપાન પર આરોહણ કર્યું

## / હાથ દિયા કર દાન !

કેટલાક પૂછે છે કે કયાં સુધી આપ્યા કરીએ ? શું એકવાર આપી છુટીએ તે બસ નહીં ? હું એમને પૂછું છું કે તમે શું એક વાર ખાઇ છુટો છો ખરા ? તમારે ખાવું તો રોજે રોજ બબ્બેવાર પડે છે ને ? એમ કેમ નથી પૂછતા કે રોજે રોજ કયાં સુધી ખાયા કરીએ ? માટે હું કહું છું કે જ્યાં સુધી ખાતા રહીશું ત્યાં સુધી દેતા રહીશું. આપણને હાથ બે છે તે ફકત ખાવા માટે નથી, દેવા માટે છે. જેમ રોજ, નહાવું એ આપણું વ્રત છે. જેમ રોજ આપણે ખાતા રહીએ છીએ તેમ નિરંતર આપણે દેતા રહેવું જોઇએ. માણસના જીવનમાં આવી ઉદારતા આવશે ત્યારે માણસ જીવન જીવવા લાયક બનશે.

એક ગરીબ સ્ત્રી છેલ્લે પાટલે હતી. દાક્તરે કહી દીધું હતું કે હવે આશા નથી. હું એને મળવા ગયો. મને જોઇને એ બહુ રાજી થઈ ગઇ ને બોલી, "તમે આવ્યા ? હવે હું નિરાંતે મરીશ, કહેતાં કહેતાં એની આંખમાં આંસુ આવી ગયાં. એણે કહ્યું. "ડોકટર કહે છે કે હવે મારે જવાનું છે." મેં કહ્યું ઘણું સારૂં, તમે જાવ, હું ય પાછળથી આવીશ. આપણે બધાં મરવાના તો છીએ જ. એટલે એ કંઈ દુઃખની વાત નથી." એ કહે "હા દુઃખની વાત તો નથી. પણ મારી એક ઈચ્છા બાકી છે કે મારે હાથે કંઈ ને કંઇ દાન કરૂં." એ તો અતિશય ગરીબ હતી. અને તો યે એની ઈચ્છા હતી. છેવટે અમે એના હાથમાં એક રૂપિયો મૂકયો ! અને એને હાથે દાન કરાવ્યું. ત્યારે 'હાશ' કરીને એનો જીવ છુટયો ! આ ભારતીય ભાવના છે. આપણે ખાઈએ પીએ છીએ, એ કાંઇ મનુષ્યનો ધર્મ નથી, એ તો પશુધર્મ છે. આ શરીરની લાચારી છે. પણ દાન ને તપ એ માનવતા છે. આપણે કંઇકે દાન કરીએ તપ કરીએ ત્યારે જ જીવનમાં મજા આવે છે.

—શ્રી પીતાંબર પટેલ (જનસત્તા)

# आत्मा: परमात्माका प्रतिबिंब है!

श्री मंगलचन्द्र एस. सिंघी. सिरोही.

परमात्मा क्या है ? इस विषय पर अलग अलग विद्वानो के अलग २ मत है। कुछ लोग परमात्मा को एक असी शक्ति बताते है जो अनादि अनन्त हैं. जिसका न तो जन्म होता हैं और न मृत्यु ही. वह अजर अमर हैं सर्वव्यापक है। कुछ लोग परमात्मा का घर (वास) स्वर्ग मोक्ष बताते हैं. अतः वह प्रत्येक को दिखाई नही दे सकता अगर कोई परमात्मा का दर्शन करना चाहता है तो उसे अपनी पापेन्द्रियो पर विजय प्राप्त कर मुक्ति मार्ग पर खोजकर उसके अनुसार चलना होगा। कुछ लोग जो (ईश्वर) परमात्मामें विश्वास नहीं करते उनका कहना है कि परमात्मा केवल एक भ्रम हैं, जिसका न तो कोई आकार है और न उसके होने का कोई प्रमाण अतः. जिसका कोइ आकार ही नहीं उसका चिंतन करना केवल कल्पना नही तो और क्या? क्युं कि वैज्ञानिक युग में कल्पना का कोई स्थान नहि. अतः ईश्वर जिसका कोई आकार ही नही उसकी व्याख्या करना, चिज बताना केवल मूर्ख कलाकार का कार्य है। कुछ लोग परिवर्तनशील विश्वमें घटने वाली सभी घटनाओंका कारण परमात्मा ही बताते हैं। उनके मतानुसार स्वयं प्राणी कुछ नही कर सकता. प्राणी सभी कार्य ईश्वरीय आदेश में करता है। अधिक विस्तार में न लिखकर अगर यह कह दिया जाय कि परमात्मा के विषय में उतने ही मत है जितने विचारक. तो भी कोई अत्युक्ति नहीं होगी।

ऐसी हालत में जब परमात्मा के बारे में अनेक मत है तो वास्तविक को जानने के लिये परमात्मा के विषय को वैज्ञानिक तथ्यो को मध्य नजर रखते हुए अध्ययन करना होगा।

जैसा कि मूल शब्द "परमात्मा" से प्रतीत होता है परमात्मा शब्द परम अेवम् आत्मा शब्दो के योग से बना है। अर्थात् आत्मा जब सभी प्रकार के अवगुण-पापो से मुक्त होकर तथा अनंत गुणो से सुशोभित होकर पुनः जन्म से मुक्त हो जाती है तथा प्राणियो के लिये वास्तविक सुखो का साधन बनकर मुक्ति मार्ग पर ले जाने की प्रेरक हो जाती है तो उस आत्मा को महान् आत्मा कहते है (यहां पर महान परम शब्द का द्योतक है) इस प्रकार आत्मा का शुद्ध रुप ही परमात्मा है। परमात्मा एक नही वरन् अनंत है तथा प्रत्येक जीवात्मा, परमात्मा का स्थान ग्रहण कर सकता है।

जब हम कहते है कि परमात्मा आत्मा की शुद्ध स्वरुप है तो हमारे सामने एक प्रश्न उपस्थित हो जाता है कि आत्मा क्या है ? और आत्मा शुद्ध कैसे बनती है? अतः परमात्मा को जानने के हेतु आत्माका अध्ययन करना होगा।

संसार के जितने भी पदार्थ हमारे समक्ष आते है उन सबको हम दो भागोमें विभाजित कर सकते है। एक तो वे पदार्थ जिनकी स्थिति सदा एकसी बनी रहती है और उनसें कोई परिवर्तन नही होता जड कहलाते हैं, दुसरे वे पदार्थ जिनकी स्थिति समयानुसार स्वतः बदलती रहती है तथा घटती बढती रहती है चेतन कहलाते है। इस प्रकार समस्त पदार्थो की अवस्था के अनुसार जड तथा चेतन नामक दो भागों बांट सकते है। क्रिया के होने न होने का सम्बन्ध एक विशेष शक्ति से है जिसे चेतनत्व कहते है चेतनत्व का दूसरा नाम ही आत्मा है।

संसार में न तो जड पदार्थ अकेले रह सकते है और न चेतन ही। जड में चेतनत्व की उपस्थिति में ही क्रिया होना सम्भव है। जड एक दृश्यमान पदार्थ है और चेतन अदृश्यमान. इस अध्ययन के द्वारा पहिचाना जा सकता है देखा नही जा सकता। प्राणिका शरीर जीव वैज्ञानिक दृष्टि के अनुसार एक पदार्थ है. क्या यह पूर्व एक है और स्वतः ही क्रिया करता है? अगर वास्तव में यही सत्य है तो सन्देहात्मक

सभी प्रश्नो के प्रामाणिक उत्तर प्राप्त होने चाहिये ! साधारणतया जब यह प्रश्न उठता है कि शरीर के अंग किसके आदेश से कार्य करते है ? तो इसका उत्तर मस्तिष्क एवम् इससे सम्बन्धित अंगो से होता है। परन्तु जब इस प्रश्न से ही जब यह उपप्रश्न उठ आता है कि मस्तिष्क एवं सम्बंधित अंग किसके आदेश पर कार्य करते है ? इसका आत्मा के अतिरिक्त एक भी प्रामाणिक उत्तर नहि प्राप्त होता। अब और आगे चलो. साधारणतया यह सभी कक्षाओ में यह बताया जाता है कि हम प्रत्येक क्षण कुछ न कुछ कार्य करते रहते है व कार्य करने से हमारे शरीर की कोठरी (Cells) टूटती फूटती रहती है। इस नष्ट हुई शक्ति को पुनः पैदा करने के लिये हम भोजन करते है और भोजन के तत्त्व पुन. शक्ति पैदा करते है और हम कार्य करने योग्य बन जाते है। इन तथ्यो से तो यह समझा जाता है कि प्राणि के शरीर से नष्ट होने वाले तत्त्व भोजन से पुनः बनते जाते है ; अगर वास्तव में यही सत्य है तो अनायास मृत्यु का प्रश्न क्यों बना रहता है, मृत्यु होनी ही नहीं चाहिये, प्रयोग के लिये एक पानीका कटोरा लो और उसे गर्म करो कुछ समय के पश्चात् देखेगें कि गर्मी बाष्प बनकर हवा के साथ मिल जाता है, पर साथ ही यह ध्यान रहे कि जितना पानी प्रत्येक क्षण बाष्प बनकर उडता जाता है उतना ही पानी कटोरे में डालते रहो और गर्म करते रहो ! पाठक गण स्वयं ही सोचे कि इस प्रकार कटोरे के पानी की समाप्ति होना सम्भव नही तो भला नष्ट प्राण तत्त्व को निरंतर उसी रीत से निर्माण होते रहने पर मृत्यु कैसे सम्भव है ? में अपने कथन के द्वारा वैज्ञानिक तथ्यों का लंघन नही करता वरन् उन वैज्ञानिक बंधुओ से अनुरोध है कि दर्शन एवम् विज्ञानका सामञ्जस्य करते हुओ अैसे प्रामाणिक तथ्यों का सामने जो बिना किसी तर्क के स्वीकृत किये जा सके।

दर्शन के अनुसार जड शरीर में क्रिया जो होती है वह चेतन के कारन. जिसका प्रत्यक्ष प्रमाण यह है कि शरीर के होते हुए भी एक एसी घडी आ जाती हैं जब शरीर सब क्रियाएं करना बन्द कर देता है, जिसे मृत्यु कहता है। मृत प्राणी के शरीर में वे सभी अंग विद्यमान है जो मृत्यु के अेक क्षण पूर्व थें. तब शरीर में अैसा क्या परिवर्तत हो गया जिससे मस्तिष्कादि अंग कार्य नही करते। इस प्रश्न का उत्तर केवल यही हो सकता है कि जड शरीर से चेतनत्व जिसे हम आत्मा कहते है पृथक् हो गया. जिसके अभाव में शरीर कार्य नही कर सकता। इस प्रकार हम यह कह सकते है कि जड शरीर में जो क्रिया होती है वह चेतन के कारण। अगर जड शरीर में स्वत. क्रिया करने कि शक्ति होती तो मृत्युका प्रश्न कभी नही उठ सकता। अैसी हालत में हमें मानना ही होगा कि शक्ति जिसे हम चेतन अथवा आत्मा कहते हैं उसकी उपस्थिति तक हि शरीर क्रिया कर सकता है। इस विवेचन के साथ अपरोक्ष रुप से यह भी प्रामाणिक हो जाता है की सुख-दुःख का भोगनेवाला शरीर नहीं बरन् आत्मा ही है। प्रमाण के लिये जब कभी हमारे शरीर पर कोई बाह्य प्रभाव पडता है तो हम वातावरन के अनुसार सुख-दुःखका अनुभव करता है. परंतु अगर मृत प्राणी को सुख अथवा दुःख देने की प्रयास किया जाय तो उसे सुख-दुःख का अनुभव नही होता, क्युं कि अगर किसी प्रकारका अनुभव होता तो उसके शरीर पर कुछ न कुछ परिवर्तन अवश्य ही होता, अतः स्पष्ट है कि अपरिवर्तनता के हेतु आत्मा का अभाव है। क्युं कि आत्मा की उपस्थिति में ही शरीर को सुख-दुःख का अनुभव होता है, और उसके चले जाने पर कोई संवेदना नही होती. अतः हम यही कह सकते है कि आत्मा स्वयं सुख दुःख से प्रभावित होता. सुख दुःख के लिये आत्मा की सम्बन्ध शरीर से कुछ भी नही हो सकता. केवल शरीर एक अैसा साधन है जिससे आत्मा को प्रभावित किया जता है.

# સર્જન અને સમાલોચના

શ્રી અભ્યાસી.

**પ્રગટતાં પ્રકાશનોની સમાલોચનાનો આ વિભાગ 'કલ્યાણ' નો મૌલિક વિભાગ છે. પુસ્તકોની તટસ્થ બુદ્ધિયે સમભાવપણે સમાલોચના કરવી એ ઘણું કપરૂં કાર્ય છે. અપ્રિય એવું સાચું બોલવું કે સાંભળવું આજે મુશ્કેલ બન્યું છે. છતાંએ કડવી પણ આવશ્યક ફરજને સમદૃષ્ટિ પૂર્વક અદા કરવા માટે શ્રી અભ્યાસી પોતાના અનુભવ, અભ્યાસ તથા આગવી દૃષ્ટિનો ઉપયોગ કરીને આ વિભાગને સમૃદ્ધ બનાવે છે. સમગ્ર જૈનસમાજમાં પ્રસિદ્ધ થતા સામયિકોમાં 'કલ્યાણે' સમાલોચનાની જે પદ્ધતિ સ્વીકારી છે, તે અનોખી છે, પોત-પોતાનાં પ્રકાશનોનો સર્વને મમતાભાવ હોય, છતાં મધ્યસ્થદૃષ્ટિથી અહિં આલેખાતી સમાક્ષાને પ્રકાશકો, સંપાદકો તથા પ્રેરકોને વાંચવા-વિચારવા આગ્રહ છે.**

**અમારી ઉપર આવેલાં લગભગ ઘણા-ખરાં પ્રકાશનોની સમાલોચના પૂરી થાય છે. હજુ થોડાં પ્રકાશનો બાકી રહે છે. નવાં પ્રકાશનો સમાલોચનાર્થે મોકલવા પ્રકાશકોને આગ્રહ છે. સં૦**

**આત્મનિંદા દ્વાત્રિંશિકા:** (પ્રકાશટીકા) ટીકા લેખક: પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી સુશીલવિજયજી ગણિવર. પ્રકા૦ શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી જ્ઞાનમંદિર: બોટાદ (સૌરાષ્ટ્ર) મૂ૦ ૧-૪-૦

પરમાર્હત્ કુમારપાલ મહારાજાએ સ્વયંરચિત દ્વાત્રિંશિકા, સંસ્કૃત કાવ્યરચનાનો અદ્ભુત નમૂનો છે. ૩૦ ઉપજાતિ છંદમાં, વસંતતિલકા, માલિની તથા શાર્દૂલ-એમ ત્રણ શ્લોકો ત્રણવૃત્તમાં-કુલ ૩૩ શ્લોકોમાં ત્રિલોકનાથ તારક શ્રી જિનેશ્વર ભગવંતની ભક્તિ ભાવગર્ભિત આત્મ નિંદાપૂર્વકની આ બત્રીશી સંસ્કૃત કાવ્યોમાં અત્યુત્તમ રચના છે. તેના પર પ્રકાશ નામની બાલબોધિની વૃત્તિ પૂ૦ પંન્યાસજી મહારાજે સંસ્કૃતભાષામાં રચી છે. ટીકા સરલ છતાં ઉપકારક છે. સંસ્કૃતભાષાના અભ્યાસકને માર્ગદર્શકરૂપ છે. બાદ એકે એક શ્લોકના શબ્દાર્થને સ્પર્શીને અર્થ આ પ્રકાશનમાં તેઓશ્રીએ લખેલ છે. ક્રા૦ ૧૬ પેજી ૬૮ પેજની આ પુસ્તિકામાં પ્રારંભના ૧૯ પેજ સુધી લેખક પૂ૦ મહારાજશ્રીએ પરમાર્હત્ કુમારપાલ મહારાજાની જીવનરેખા આલેખી છે. છેલ્લા ૭ પેજોમાં પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજશ્રીએ કરેલ આ સંસ્કૃત બત્રીશીનો સમશ્લોકી ગૂર્જર ભાષામાં પદ્યાનુવાદ પ્રસિદ્ધ થયો છે. એકંદરે આ પ્રકાશનની પાછળ પરિશ્રમ સારો લેવાયો છે. પૂ૦ મહારાજશ્રીની વિદ્વત્તા લોકભોગ્ય બની છે.

---

**स्पष्ट है कि आत्मा एक अदृश्य शक्ति है और इस अदृश्य शक्ति पर अनेक विद्वानो ने अपने अनेक मत प्रकट किये है। आत्मा अरुपी, अमर, अछेद्य, अभेद्य है। शास्त्रकारो ने भी परमात्मा का स्वरुप अरूपी अमर अभेद्य बताया है। आत्मा परमात्मा की प्रतिबिम्ब है।**

**(क्या प्रत्येक प्राणी को परमात्मा कहा जा सकता है तथा वनस्पति में परमात्मा है? दुसरे अंक मे)**

**જૈનશાસનની જયપતાકા અને શ્રી કુલ્પાકજી તીર્થની અપૂર્વ સંઘયાત્રા:** લે૦ શતાવધાની પં૦ શ્રી ધીરજલાલ ટોકરશી શાહ. પ્રકા૦ શ્રી આર્ય જંબૂસ્વામી જૈન મુક્તાબાઈ જ્ઞાનમંદિર: શ્રીમાળીવાડો, ડભોઈ (જી૦ વડોદરા) મૂ-૧ ૩૦

પૂ૦ પાદ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજશ્રીની વરદ છત્રછાયામાં વિજાપુર (મ્હૈસુર સ્ટેટ) થી શ્રી કુલ્પાકજી તીર્થનો છરી પાળતો જે ભવ્ય સંઘ નીકળેલો, તેનું રસમય રોમાંચક તથા ઐતિહાસિક વર્ણન આ ગ્રંથમાં આલેખાયું છે. પૂ૦ આચાર્યદેવશ્રી સપરિવાર અમદાવાદથી વિહાર કરી મુંબઇ થઈ મહારાષ્ટ્રમાં પધાર્યા. તે વર્ણન ભૂમિકારૂપે આલેખી તેઓશ્રીએ વિજાપુરમાં ૨૦૧૧ નું જે પ્રભાવક ચાતુર્માસ કર્યું તેનું વર્ણન પણ આ પુસ્તકમાં થયેલ છે. તે ચાતુર્માસમાં ઉપધાન થયા બાદ ધર્માનુરાગી શ્રેષ્ઠી ગુલાબચંદ ગોવિંદજી, શ્રેષ્ઠી ગણપતચંદ પદમચંદ તથા હીરાચંદ ગોવિંદજીએ સંઘપતિ બની ચતુર્વિધ સંઘ સાથે ૨૦૧૨ ના પોષ સુદિ ૬ ના પ્રયાણ કર્યું, મહા વદિ બીજના સંઘ પૂ૦ આચાર્યદેવશ્રીની છત્રછાયામાં શ્રી કુલ્પાકજી તીર્થમાં પધારે છે. આ રીતે ૪૦ મા દિવસે સંઘ આવે છે. ૪ દિવસો ત્યાં રોકાઇને ૪૫ મા દિવસે વિજાપુર પાસે પહોંચે છે,

બધાયનું સુરેખ વર્ણન, તીર્થનો ઈતિહાસ, ભૌગોલિક સ્થિતિ આદિ ક્રા૦ ૧૬ પેજ ૧૬+૧૮૦ પેજના આ ગ્રંથમાં સારી રીતે સુંદર શૈલીયે થયેલ છે. બોર્ડપટ્ટીનું પાકું પૂઠું દ્વિરંગી સુંદર જેકેટ, આકર્ષક છાપકામ આદિથી ગ્રંથ શોભનીય બન્યો છે. વાચનાર પ્રત્યેક વાચકને તીર્થધામોના પ્રસંગોનું સ્મરણ જાગે તેવો આ ગ્રંથ અનેકાનેક પ્રાસંગિક ચિત્રોથી સમૃધ્ધ છે.

**ગૌતમ પૃચ્છા વૃત્તિ** (મૂલ, ટીકા, ટીપ્પણી સમેત) પ્રકા૦ રમેશચંદ્ર કેશવલાલ શાહ ઠે૦ દેવશાનો પાડો, અમદાવાદ. મૂલ્ય ૩-૩૦

પૂર્વાચાર્ય પ્રણીત ગૌતમપૃચ્છાવૃત્તિનો પત્રાકાર આ સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથ, મુખ્યત્વે ઉપદેશ પ્રધાન કથાનુયોગ, દ્રવ્યાનુયોગ તથા ચરણકરણાનુયોગનો વિષય પ્રરૂપનારો છે. ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામીજીએ ભગવાન શ્રી મહાવીરદેવને પૂછેલા ૪૮ પ્રશ્નો અને તેના ઉત્તરો ગાથાબધ્ધ અહિં પ્રસિધ્ધ થયેલ છે. મૂલગાથાઓ ૬૪ છે, તેના પર ટીકાકારે કથા વગેરે દ્વારા સ્પષ્ટીકરણ કર્યું છે. જૈનદર્શનના તત્ત્વજ્ઞાનને સમજવા માટે આ ગ્રંથ ઉપકારી છે, તદુપરાંત કર્મની ફીલોસોફીને જાણવા માટે આ વિષય અતિશય ઉપયોગી છે. સાથે એક એક પ્રશ્નને સ્પર્શીને કથાઓ ટીકાકારે મૂકેલ છે. જીવ કયા કર્મથી નરકે જાય ! એ પ્રશ્નથી પ્રસ્તુત ગ્રંથનો પ્રારંભ થાય છે, તે ૪૮ પ્રશ્નો જીવ અને કર્મનું તત્ત્વજ્ઞાન સમજાવનારા છે. મૂલકાર તથા ટીકાકારનો પરિચય ગ્રંથમાંથી મળતો નથી પણ પૂર્વાચાર્ય છે, એ નિર્વિવાદ છે. પૂ૦ મુનિરાજ શ્રી નિરંજનવિજયજી મહારાજે આ ગ્રંથની પ્રસિધ્ધિમાં ઉપદેશ તથા પ્રેરણા કરેલી છે, શ્રી નેમિ-અમૃત-ખાંતિ-નિરંજન ગ્રંથમાળા દ્વારા આ ગ્રંથ પ્રસિધ્ધ થયો છે. લેજરપેપરો પર પ્રસિધ્ધ થયેલો આ ગ્રંથ પૂ૦ સાધુ-સાધ્વીજી સમુદાય માટે ખાસ સ્વાધ્યાય યોગ્ય અને સંસ્કૃતભાષાના અભ્યાસીવર્ગને પ્રારંભમાં ઉપયોગી છે. પ્રકાશન અતિઉપકારક છે. મુદ્રકની બેદરકારીથી ગ્રંથમાં અનેક સ્થલે અશુધ્ધિઓ રહી ગઈ છે, પ્રકાશકે નિવેદનમાં તેનો સ્પષ્ટ ખૂલાસો કર્યો છે, મુદ્રક જૈન પંડિત હોવા છતાં આવું કેમ બનતું હશે ! સર્વ કોઈએ આ ગ્રંથ વસાવી લેવા જેવો છે.

**મહાસતી મૃગાવતી** (હિંદી) પ્રકા૦ શ્રી સંભવનાથ જૈન પુસ્તકાલય. ઠે૦ સરદારપુરા ફલોધી (રાજસ્થાન) મૂલ્ય ૪ આના.

ભ૦ શ્રી મહાવીરદેવના શુભહસ્તે દીક્ષા ગ્રહણ કરનાર, મહારાજા ચેટકના સુપુત્ર તથા શતાનિક રાજાની મહાશીલવતી પટ્ટરાણી મૃગાવતીના જીવનની ટુંકી કથા સરલ હિંદી ભાષામાં અહિં આલેખાઇ છે, ઐતિહાસિક કથાના દોરને અવલંબીને ભાઈ સંપતલાલ લુણાવતે આ ચરિત્ર લખ્યું છે. હિંદી ભાષાના અભ્યાસીવર્ગને આ પુસ્તિકા ઉપયોગી બનશે. ક્રા૦ ૧૬ પેજી ૨૪ પેજમાં આલેખાયેલી આ કથા બોધક છે.

**રાજા ધર્મકેતુ ચરિત્ર** (હીંદી) પ્રકા૦ ઉપરમુજબ. લે૦ સ્વ૦ આચાર્ય શ્રી દેવગુપ્તસૂરીશ્વરજી મ૦ મૂલ્ય ૪ આના.

અસત્ય વચનનો ત્યાગ તથા સત્યવચનનું પાલન કરવા ઉપર આ પ્રાચીન અપ્રસિધ્ધ કથા. લેખક પૂ૦ મહારાજશ્રીએ હિંદી ભાષામાં આલેખી છે, ઉપરા ઉપરી અનેક પ્રસંગો વાળી આ કથા રસમય તથા બોધક છે. ક્રા૦ ૧૬ પેજી ૩૫ પેજમાં આ કથા પ્રસિધ્ધ થઇ છે. હિંદીભાષાના જાણકારો તથા તેના અભ્યાસક વર્ગને કથાના બોધ સાથે ભાષાજ્ઞાન પ્રાપ્ત થશે.

**રાજા તેજસિંહ ચરિત્ર :** લેખક તથા પ્રકાશક ઉપર મુજબ મૂ૦ ૪ આના. શુભાશુભ કર્મના વિપાકની સાથે સંસારનું વિચિત્ર સ્વરૂપ આ વિસ્તૃત કથામાં આલેખાયું છે. કથા પ્રાચીન છે. શૈલી સરળ છે. કથાના રસ ઉપરાંત બોધ પણ આમાં મળી રહે છે. ક્રા૦ ૧૬ પેજી ૩૬ પેજની આ પુસ્તિકા હિંદી ભાષામાં છે.

**પદ્મકુંવર ચરિત્ર :** લે૦ તથા પ્ર૦ ઉપર મુજબ મૂ૦ છ આના.

દાનધર્મ ઉપર સરલ હિંદી ભાષામાં અનેકાનેક પ્રસંગોથી ગૂંથાએલી આ કથા પુસ્તિકા બોધપ્રદ અને હિંદી ભાષાના અભ્યાસકો માટે ઉપયોગી છે, ક્રા૦ ૧૬ પેજી ૩૯ પેજમાં આ કથા આલેખાયેલી છે.

**રાજા ભીમસેન-હરિસેન ચરિત્ર :** લે૦ તથા

પ્રકા૦ ઉપર મુજબ મૂ૦ ૮ આના.

કર્મની વિચિત્રતા તથા પરિવર્તનશીલ સંસારનું સ્વરૂપ પ્રબોધનારી આ કથા પ્રાચીન તથા ભાવવાહી છે. હીંદી ભાષામાં સરલ શૈલી તથા સુવાચ્ય ભાષા છે. ક્રા૦ ૧૬ પેજી ૯૦ પેજમાં આ કથા આલેખાઇ છે.

**નવીન જિન ગાયન મુકતાવલી:** પ્રકા૦ ઉપર મુજબ. મૂ૦ ૪ આના.

નવા રાગ-રાગિણીમાં જોડાયેલા પ્રભુભક્તિ ગર્ભિત ગીતો હિંદી ભાષામાં સંકલિત કરેલા અહિં પ્રસિધ્ધ થયા છે. ક્રા૦ ૧૬પેજી ૨૨ પેજની આ પુસ્તિકા નૂતન રાગ-રાગિણીના ગીતો માનાર વર્ગને ઉપયોગી બનશે. શ્રી સંભવનાથ જૈન પુસ્તકાલયનાં ઉપરોક્ત પ્રકાશનો હિંદી ભાષાના અભ્યાસક જનસમૂહને દરેક રીતે ઉપકારક તથા ઉપયોગી છે,

**શીલત્વ કી સૌરભ:** લે૦ પૂ૦ મુનિરાજ શ્રી જયંતવિજયજી પ્રકા૦ જૈન શ્વે૦ ત્રિસ્તુતિક સંઘ. (ગામનું નામ નથી.) અમૂલ્ય.

સંસારમાં રહીને નવયૌવના પત્નીને પરણીને પણ મન, વચન તથા કાયાથી અખંડ શીલવ્રત-બ્રહ્મચર્યને યૌવનવયથી જ પાલનાર વિજય શેઠ તથા યૌવનવયે સઘલીયે સાંસારિક ભોગ-સુખોની સામગ્રીનો સ્વેચ્છાયે ત્યાગ કરી નિર્મલ શીલવ્રતને પાલનાર વિજયા શેઠાણી બન્નેનું ટુંક જીવન હિંદી ભાષામાં બાલભોગ્ય શૈલીએ અહિં આલેખાયું છે. શીલના પ્રભાવને ક્રા૦ ૧૬ પેજી ૨૪ પેજમાં લેખક પૂ૦ મહારાજશ્રીએ વર્ણવેલ છે. પુસ્તિકા સુવાચ્ય છે.

**આત્મ દર્પણ:** (હિંદી) લે૦ ઉપર મુજબ. પ્રકા૦ સંઘવી ખુમાજી સરેમલજી રાજેન્દ્રકુમાર સિયાણા (મારવાડ)

હિંદી ભાષામાં ચિંતન, મનનોપયોગી સાત્ત્વિક, સ્વચ્છ વિચારધારા ન્હાના-ન્હાના નિબંધોમાં અહિં પ્રસિદ્ધ થઇ છે. લેખક પૂ૦ મહારાજશ્રીની શૈલી સરલ તથા સ્વચ્છ છે. આલેખન આત્મલક્ષી અધ્યાત્મપ્રધાન છે. ૧૭ વિવિધ વિષયોને અનુલક્ષીને ક્રા૦ ૧૬ પેજી ૫૨ પેજમાં પૂ૦ મહારાજશ્રીએ મનનીય ચિંતન પ્રધાન શૈલીમાં સાત્ત્વિક તથા ઉદ્‌બોધક સદ્વિચાર શ્રેણી રજુ કરી છે. વર્તમાન વાતાવરણમાં આ પ્રકાશન ટુંક, છતાં મર્મસ્પર્શી હિતકર માર્ગદર્શન આપે છે. સફેત કાગળો પર વિવિધરંગી મુદ્રણ આકર્ષક છે. હિંદીભાષાના અભ્યાસકોને ઉપયોગી છે.

> ❀
>
> શ્રી તારાચંદ ઠી. રોળીયા
> નૈરોબી.
>
> શ્રી મેઘજીભાઇ ખીમજી
> મોમ્બાસા.
>
> શ્રી મેઘજીભાઇ રૂપશી
> ન્યેરી.
>
> જેઓએ અમને નિઃસ્વાર્થભાવે સહકાર આપ્યો છે, એ બદલ આભારી છીએ.
>
> ❀

**ભક્તિ સુધા:** લે૦ ઉપર મુજબ, પ્રકાશક: રાજેન્દ્ર પ્રવચન કાર્યાલય. મુ૦ખુડાલા. પો. ફાલના (રાજસ્થાન)

હિંદી ભાષામાં દેવ-ગુરુના ગુણાનુવાદ ગર્ભિત ગીતો અહિં લે૦ પૂ૦ મહારજશ્રીએ સંયોજિત કરીને મૂકેલ છે. નૂતન રાગ-રાગિણીમાં આ ભક્તિગીતોની રચના તેઓશ્રીએ કરી છે. ક્રા૦ ૧૬ પેજીના ૪૧ પેજમાં ૧૭ ગીતોનો સંગ્રહ છે. ગીતો સુવાચ્ય છે, ભાષા સરલ છે.

**નિત્યનોંધ:** (હિંદી) પ્રકા૦ ધુલીયા જૈન સંઘ (પ૦ ખાનદેશ) મૂ૦ ૪ આના..

જૈન પાઠશાળામાં અભ્યાસ કરતા બાલક-બાલિકાઓના જીવનમાં સંસ્કાર સાથે સદ્વર્તનની અસર રહે, તે દૃષ્ટિએ તેના જીવનનો નિત્ય કાર્યક્રમ દર્શાવતી આ પુસ્તિકામાં ૧૫ ખાનાઓ પ્રત્યેક પેજ પર મૂકયા છે, અને તેની હાજરી પૂરાવા માટેની સૂચના છે. બાલ્યજીવનમાં જેટલા સુસંસ્કારો નાંખવા હોય તેટલા નાંખી શકાય છે, એ દૃષ્ટિએ માતા-પિતા

તથા પાઠશાળાના શિક્ષકોએ બાલકોની રહેણી-કહેણીમાં સચ્ચારિત્ર્યનું પ્રતિબિંબ પડતું રહે તે માટે શકય જાગૃતિ આજે રાખવાની અનિવાર્ય આવશ્યકતા છે. તે દૃષ્ટિએ આવી નોંધો ઉપયોગી છે. સંયોજકનો પરિશ્રમ સ્તુત્ય છે. ૧૨ મહિના સુધી ભરી શકાય તેટલા ખાનાઓ આ પુસ્તિકામાં છે. પાઠશાળા માટે ઉપયોગી પ્રકાશન છે.

**અંતરાય કર્મકી પૂજા સાર્થ** (હિંદી) સંપાદક શ્રી ચંદનમલ જૈન નાગોરી પ્રકા૦ ચંદનમલ નાગોરી જૈન પુસ્તકાલય. મુ. પો. છોટી છાદડી, (મેવાડ) મૂલ્ય. ૧૦ આના.

પૂ૦ પંડિત પ્રવર કવિકુલગુરુ શ્રી વીરવિજયજી મહારાજશ્રીએ વર્તમાનકાલીન જીવોને સંક્ષેપમાં જૈન-તત્ત્વજ્ઞાનનો બોધ થઇ જાય, અને સાથે પ્રભુભક્તિમાં પણ રસ જાગ્રત રહે તે દૃષ્ટિએ ચોસઠ પ્રકારી પૂજાની રચના કરી છે, તેમાં છેલ્લી અંતરાય કર્મની પૂજા હિંદી અર્થ સાથે સંપાદકે પ્રસિદ્ધ કરી છે, આ પહેલાં ગુજરાતીમાં આ પૂજાઓ તથા તેનું ગુજરાતી ભાષાંતર જૈનધર્મ પ્રસારક સભા ભાવનગર દ્વારા પ્રસિદ્ધ થયેલ છે. ભાઇ નાગોરીએ પરિશ્રમ લઈ આ સંપાદન કર્યું છે, અર્થ તથા કથાઓ હીંદી ભાષામાં તેઓએ તૈયાર કરેલ છે. છતાં વિવેચન કેટલાક સ્થલે અસ્પષ્ટ રહે છે; કાં તો તેઓ પોતે સમજ્યા નહિ હોય, આ સ્પષ્ટતા કરવી રહી ગઇ છે. જેમ કે, સાતમી પૂજાની ૩ જી ગાથા 'કર્મવિનાશી સિદ્ધસ્વરૂપી, ઇગતીસ ગુણ ઉપચારા. વરણાદિક વીશ દૂર પલાયા, આગઇ પંચ નિવારા ॥ જિ૦॥ ૩॥" આ ગાથાનો અર્થ તેમણે એ કર્યો છે કે, 'આપને કર્મોંકા નાશ કર દીયા હૈ, ઔર વર્ણાદિક વીસ ઔર પાંચ દોષ તો આપ મેં નહિં હૈ યહ તો સર્વથા દૂર હો ગયે હૈ ॥૩॥ (પેજ ૫૧)

આ અર્થ બરાબર નથી સિદ્ધના ૩૧ ગુણોનું વર્ણન આ ગાથાની છેલ્લી બે કડીથી શરૂ થાય છે. તે ચોથી ગાથા સુધી છે. તેમાં વર્ણાદિ વીશ દૂર થયા એ ૨૦ ગુણ અને આગઇ-નહિ પણ આગિઇ-એટલે આકૃતિ અર્થાત્ શરીર પાંચ, ઔદારિકાદિ પાંચ શરીર, પૂજાની ચોપડીઓમાં ગતાનુગતિકપણે 'આગઇ' છપાયું છે, પણ વાસ્તવિક રીતે 'આગિઇ' શબ્દ જોઇએ. અહિં સંપાદકશ્રી નાગોરીએ આગઇનો કશો અર્થ જ નથી કર્યો, તેમ જરૂર ગુણોને ગણાવ્યા પણ નથી. ૪ થી ગાથામાં તે ગુણો વર્ણવ્યા છે. 'તીન વેદકા છેદ કરાયા, સંગ રહિત સંસારા, અશરીરી ભવબીજ દહાયા, અંગ કહે આચારા ॥૪॥ પૂર્વોક્ત ૨૫ ગુણ બાદ, ૩ વેદનો અભાવ, એ ૩, સંસાર સંગ રહિત, અશરીરી અને ભવબીજ રહીત, આમ ૭; એટલે ૩૧ ગુણ થાય છે. ત્રીજી તથા ચોથી ગાથાનો આ સ્પષ્ટ અર્થ સંપાદકે જણાવ્યો નથી. પં૦ શ્રી વીરવિજયજી મહારાજે આ ૭ મી પૂજાની સંકલના હિંદી ભાષાને સુસંગત બને તે રીતે કરી છે. તેની સમગ્ર વાકયરચના જાણકાર હોવા છતાં પાંચમી ગાથામાં 'અરૂપી પણ રૂપારોપણથી' પદ શા માટે રાખે છે? 'રૂપારોપણસે' કેવું સુસંગત બને છે. સમગ્ર પૂજામાં 'તિન વેદકા' 'અખીયનમેં' આ બધામાં હિંદી ભાષાના વિભક્તિ પ્રત્યયો છે. એકંદરે ફુલ્સકેપ ૮ પેજી ૫૬ પેજની આ પુસ્તિકા લેજર પેપર પર સુંદર રીતે છપાઇ છે, પણ અશુદ્ધિઓ જો ન રહી હોત તો પ્રકાશન સર્વાંગસુંદર બનત!

**ડાકુકા જીવનપલટા :** (હિંદી) લે૦ પૂ૦ મુનિરાજ શ્રી ભવ્યાનંદવિજયજી મ૦ પ્રકા૦ શ્રી હિતસત્ક જ્ઞાનમંદિર મુ૦ ધાણેરાવ (વા ફાલના) (મારવાડ) મૂ. ૩ આના.

નિયમપાલન તથા વિરતિધર્મની મહત્તા પર તેમ જ લીધેલા વ્રત કે નિયમને પ્રાણાંતે પણ નિષ્ઠાપૂર્વક વફાદાર રહેનાર વંકચૂલની પ્રાચીન કથાને લેખક પૂ૦ મહારાજશ્રીએ હિંદી ભાષામાં સંકલિત કરીને બોધપ્રદ શૈલીમાં અહિં પ્રસિધ્ધ કરી છે. કથાનું શિર્ષક 'ડાકુકા જીવનપલટા' બરાબર નથી. વંકચૂલ કાંઇ ડાકુ ન હતો, રાજકુમાર હતો, સંયોગવશ અયોગ્ય સંગતિથી તે ચોરોની વસ્તીનો નાયક બન્યો. એના કરતાં 'પ્રતિજ્ઞાપાલનકી મહત્તા' કે એવું કોઇ શિર્ષક યથાયોગ્ય હતું. ક્રા૦ ૧૬ પેજી ૩૨ પેજની પુસ્તિકામાં વંકચૂલની કથા બોધક તથા સરળ શૈલીમાં આલેખાઈ છે. જે સર્વ કોઇ હિંદી ભાષાના અભ્યાસીઓને રસપ્રદ બનશે.

**જૈન ઔર બૌધ્ધકે દર્શન પર નિબંધ :** લે૦ અને પ્રકાશક ઉપર મુજબ મૂ૦ ૧ રૂ૦

'જૈન દર્શન તથા બૌધ્ધ દર્શન' પર શેઠ શાંતિદાસ ખેતશી ચેરીટેબલ ટ્રસ્ટ-મુંબઇ તરફથી નિબંધ મંગાવવામાં આવેલો, તેમાં આ નિબંધને બીજું રૂ૦ ૪૦૦ નું ઇનામ પ્રાપ્ત થયું છે. હિંદી ભાષામાં સમગ્ર પુસ્તક લખાયેલું છે, પૂ૦ મહારાજશ્રીએ પ્રારંભમાં જૈનદર્શનને અંગે ક્રા૦ ૧૬ પેજી ૯૩ પેજ લખ્યા છે. જૈનધર્મના ૨૪ તીર્થંકરો, આરા, ગુણસ્થાનક, પંચપરમેષ્ઠી, છ દ્રવ્ય, પીસ્તાલીશ આગમ, ૭ નય, સપ્તભંગી ઇત્યાદિ વિષયો પર વિવેચન કર્યું છે. બાદ બૌધ્ધધર્મના સ્થાપક શ્રી બુધ્ધનું જીવન ચરિત્ર ૯૩ થી ૧૧૯ પેજ સુધી લખ્યું છે. બાદ સામાન્ય બૌધ્ધના દર્શનની વિચારણા મૂકી છે. સમગ્ર પુસ્તક વાંચનાર ઉંડા અભ્યાસીને જૈન તથા બૌદ્ધ દર્શનપર તાત્ત્વિક વિચારવિનિમય નથી પ્રાપ્ત થતો, એ દૃષ્ટિયે આ પરિશ્રમમાં રહેલી ઉણપ જરૂર ખટકે છે. પેજ ૪થા પર 'જૈનધર્મકે સંસ્થાપક' શિર્ષક લખી ભ૦ શ્રી રૂષભદેવસ્વામીને સંસ્થાપક કહેવા તે બરાબર નથી, ધર્મતીર્થ પ્રવર્તક શબ્દ બરાબર છે. સ્થલે સ્થલે જૈનાચાર્યો માટે હરિભદ્ર, સિધ્ધસેન દિવાકર. હેમચંદ્રાચાર્ય આમ પૂ૦ પાદ પરમઉપકારી જૈનાચાર્યો માટે વિશેષણરહિત કે પૂ૦ આ૦ શ્રી શબ્દરહિત શબ્દપ્રયોગ પુસ્તકારૂઢ થયેલ છે, તે પણ કોઇપણ રીતે ઉચિત નથી, બૌધ્ધ ધર્મના વર્ણનમાં બુધ્ધ ચરિત્રમાં પેજ ૯૪ માં પૂ૦ મહારાજશ્રી એ મુજબ જણાવે છે કે, 'હિંદુ-ધર્મમેં ૨૪ અવતારોં કા હોના બતાયા હૈ, મુસલમાનોંમે ૨૪ પયગંબરોકા હોના લિખા હૈ, જૈનોં કે ૨૪ તીર્થંકરો કા હોના નિયત હૈ, ઠીક ઉસી તરહ બૌધ્ધ ધર્મમેં ૨૪ અવતાર હુએ બતાતે હૈ.' આ લખાણ શું બરાબર છે? હિંદુઓના ૨૪ અવતારો એક જ વ્યક્તિના હોય છે, જ્યારે ૨૪ તીર્થંકરો જૈન ધર્મમાં જે પાંચ ભરત તથા પાંચ ઐરવતક્ષેત્રની દૃષ્ટિએ છે, તે અને આ બન્ને વચ્ચે શું સામ્ય છે? આવું વિધાન કોઈ પણ દૃષ્ટિયે થઇ શકે? જૈનેતરો કે જૈનધર્મના ઇતિહાસની પ્રામાણિક હકીકતોને નહિ સમજી શકનાર વર્ગ, આ વાંચે તો તેને શી અસર થાય? બુધ્ધ ચરિત્ર કે બૌધ્ધમતની હકીકતો કેવલ મૂકવાથી શો લાભ? તેની પર તટસ્થ બુધ્ધિથી તુલનાત્મક વિચારણા મૂકવી જરૂરી હતી. લેખક પૂ૦ મુનિરાજે પેજ ૧૧૯ ઉપર જે છેલ્લી પંકિત લખી છે કે, 'બુધ્ધ કા ઉપદેશ માનવ કે લીએ કલ્યાણી બનો! આનો અર્થ શું? શું તેઓ પોતે બુધ્ધના ઉપદેશ દ્વારા સંસારનું કલ્યાણ માને છે?


મુંબઈ નિવાસી
શ્રી ચંપકલાલ કેશવલાલ,
સુરેન્દ્રનગર નિવાસી
શ્રી ચંપકલાલ ચુનીલાલ,
મુંબઇ નિવાસી
શ્રી સેવંતીલાલ વી. જૈન
જેઓના 'કલ્યાણ' ને સહકાર
આપવા બદલ આભારી છીએ.


નિબંધ પરીક્ષક સમિતિએ જે નિબંધને ૪૦૦ રૂ નું ઇનામ આપ્યું છે, તે નિબંધમાં જૈનદર્શનના જીવ, અજીવ અદિ નવે તત્ત્વોની જૈન દૃષ્ટિયે તથા બૌધ્ધ દૃષ્ટિયે તટસ્થ મર્મસ્પર્શી સમીક્ષાની અપેક્ષા રાખી હતી, જે આજના યુગમાં આવશ્યક હતી, તે નથી પૂરાતી. આજ એક ઉણપ સમગ્ર પુસ્તકના પરિશ્રમને માટે જે અહોભાવ જાગ્રત કરવો જોઇએ તે કરી શકતી નથી. પૂ૦ મહારાજશ્રીએ પરિશ્રમ સારો લીધો છે. સંકલના ઠીક કરી છે. છતાં જે દૃષ્ટિ આ સંયોજન પાછળ હોવી જોઇએ, તે નથી રહી. ક્રા૦ ૧૬ પેજી ૧૪૬+૧૪ પેજના આ પ્રકાશનની ભાષા હિંદી છે, શૈલી સુવાચ્ય છે. અને સંકલના સરલ છે,

**અ-જૈનપનકે લક્ષણ :** લે૦ અને પ્રકા૦ પ્રભુદાસ બેચરદાસ પારેખ. ૧૨ લોઅર ચિતપુર રોડ, ૨ તલ્લા નં૦ ૧૭ કલકત્તા-૧

કાનજી સ્વામી કે જેઓ આજે નિશ્ચયનયાભાસના

મિથ્યાવાદમાં અટવાઈ અનેક દૃષ્ટિરાગી ભોળા મૂર્ખ માનવોને ઉંધાપાટા ભણાવી, અધઃપતનની ઉંડી ખીણમાં ધકેલી રહ્યા છે, તેઓના આચાર–વિચારની જૈન દૃષ્ટિયે મર્મસ્પર્શી સમીક્ષા આ પ્રકાશનમાં પ્રસિધ્ધ થઈ છે. લેખકશ્રીએ દિગંબર જૈન દૃષ્ટિયે પણ કાનજી સ્વામીના આચાર–વિચારમાં રહેલા અજૈનત્વને ઉઘાડું કર્યું છે. દિગંબર ધર્મના પ્રસિધ્ધ વિદ્વાનો તથા ધર્મગ્રંથોની સાક્ષી મૂકી પોતાનું વિધાન લેખકે સાધાર બનાવ્યું છે. ક્રા૦ ૧૬ પેજી ૯૬ પેજની આ પુસ્તિકામાં લેખક પંડિત શ્રી પ્રભુદાસભાઈએ સારો પરિશ્રમ લઈ, સોનગઢમતની સમીક્ષા કરી છે. સર્વકોઈ જિજ્ઞાસુવર્ગને તટસ્થ બુધ્ધિયે આ પુસ્તિકા વાંચવા–વિચારવા અમારો અનુરોધ છે. સોનગઢી સિદ્ધાંતો સિવાય અન્ય અનેક વર્તમાનકાલીન વાતાવરણને સ્પર્શતા પ્રશ્નોને આ પુસ્તિકામાં હલ કરવા પૂર્વક માર્ગદર્શન માટે શકય પ્રયત્ન લેખકશ્રીએ કર્યો છે. લેખકશ્રીના વિચારો તાત્ત્વિક, ઉંડા અન્વેષણયુકત તથા વિચાર–મનન યોગ્ય છે,

**મૂર્તિપૂજા કા શાસ્ત્રોક્ત મહત્ત્વ :** પ્રકા૦ શ્રી જૈન સાહિત્ય પ્રસાર સમિતિ, મુણોત ભવન, પીપલીયા બજાર. બ્યાવર (રાજસ્થાન) મૂ૦ ૧૨ આના.

મૂર્તિપૂજાને અંગેના પ્રકાશનોમાંથી સારરૂપે ઉદ્ધૃત કરીને આ પ્રકાશન જિનેશ્વરદેવની ભક્તિના પ્રચાર માટે ભવ્ય જીવોના કલ્યાણની કામનાથી સંકલિત કરીને હિંદી ભાષામાં પ્રસિધ્ધ કરેલ છે. સ્થાપનાની મહત્તા તથા જીવનમાં ઉપકારી અરિહંતદેવની પૂજાની ઉપયોગિતા પર પ્રસ્તુત પ્રકાશન સુંદર પ્રકાશ પાડે છે. પ્રતિમા-પૂજનને અંગે ઉપોદ્‌ઘાતમાં પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી ગણીવરે ટુંકમાં મનનીય વિવેચન કર્યું છે. ક્રા૦ ૧૬ પેજી ૮+૯૮ પેજનું આ પ્રકાશન સર્વ કોઈ સત્યના આગ્રહી સહૃદય વર્ગને પ્રભુભક્તિની પ્રેરણા આપનારૂં ઉપકારક છે,

**શ્રી જિનપૂજા પધ્ધતિ કી સમાલોચના :** લે૦ પૂ૦ મુનિરાજ શ્રી અભ્યુદયસાગરજી મહારાજ આદિ, પ્રકા૦ રાજસ્થાન જૈન સંસ્કૃતિ રક્ષક સભા બ્યાવર (રાજસ્થાન) મૂ૦ ૧ ૩૦.

પં૦ શ્રી કલ્યાણવિજયજી મહારાજે પોતાનાં શાસ્ત્રીયજ્ઞાનનો વિકૃત પરિચય કરાવનાર 'જિનપૂજા પધ્ધતિ' નામની પુસ્તિકા પ્રસિધ્ધ કરી છે. જે કેવલ શુષ્ક તર્કવાદ પર જ આખી પુસ્તિકાના વિષયનું તેઓએ પ્રરૂપણ કર્યું છે. જૈનદર્શનના શ્રધ્ધાવાદને છેહ દેવાનો તેમાં તેમનો પ્રયત્ન છે. પં૦ સુખલાલજી, પં૦ બેચરદાસજી જેવા શ્રધ્ધા રહિત જૈન (?) વિદ્વાનોના પગલે પગલે કદાચ પં૦ કલ્યાણવિજયજી મહારાજ આગળ વધે તો ના નહિ કહી શકાય ! જિનપૂજાને અશાસ્ત્રીય ઠરાવવા તેમણે જે આડા–અવળા કલ્પનાના કુતર્કો રજુ કર્યા છે, તેનો શાસ્ત્રીય પ્રત્યુત્તર આ પ્રકાશનમાં પૂ૦ મહારાજશ્રીએ આપ્યો છે. પં૦ કલ્યાણવિજયજીના લેખોનો પ્રત્યુત્તર જૈન સમાજના પ્રતિષ્ઠીત પૂ૦ આચાર્યદેવોએ સચોટપણે તાત્કાલિક આપવો જરૂરી હતો. આજથી લગભગ ૧૫ મહિના પહેલાં 'કલ્યાણ'માં તેઓની પુસ્તિકાની સમાલોચના કરતાં અમે તે અવસરે સ્પષ્ટ જણાવેલું, છતાં હજુ જૈન શ્વે૦ મૂર્તિપૂજક સમાજના અગ્રગણ્ય આચાર્યદેવોએ આની સામે સ્પષ્ટ પડકાર આપ્યો નથી. છતાં આ પ્રકાશન કેટલેક અંશે તે કાર્યમાં સહાયક બને છે, તે આનંદનો વિષય છે. ક્રા૦ ૧૬ પેજી ૧૨૩ પેજની આ પુસ્તિકામાં પં૦ કલ્યાણવિજયજીના વિચારોની સુંદર તલસ્પર્શી સમીક્ષા રજૂ થઈ છે. તદુપરાંત પાછળના પેજોમાં 'કલ્યાણ'માં પ્રસિધ્ધ થયેલ લેખ, તથા પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયદર્શનસૂરીશ્વરજી મહારાજનું સ્પષ્ટીકરણ, પૂ૦ આ૦ મ૦ શ્રીમદ્ વિજયજંબૂસૂરીશ્વરજી મ૦ ના પ્રશ્નોત્તરો, અને પૂ૦ પાદ વયોવૃધ્ધ આચાર્યદેવ શ્રીમદ્ વિજયસિધ્ધિસૂરીશ્વરજી મહારાજ શ્રી આદિના અભિપ્રાયો પણ પ્રસિધ્ધ થયા છે. એકંદરે પ્રકાશનની પાછળ સારો પરિશ્રમ લેવાયો છે. પં૦ કલ્યાણવિજયજી મ૦ ના શુષ્કતર્કબધ્ધ કાલ્પનિક વિચારોના અશાસ્ત્રીયત્વને સમજવા માટે આ પ્રકાશન ઉપયોગી છે.

**પ્રીત કી રીત :** વ્યાખ્યાતા પૂ૦ મુનિરાજ શ્રી ભાનુવિજયજી ગણીવર. પ્રકા૦ દિવ્યદર્શન કાર્યાલય. કાલુશીની પોલ, અમદાવાદ, મૂ૦ ૪ આના.

દાર્શનિક તત્ત્વજ્ઞાની પૂ૦ શ્રી આનંદઘનજી મહારાજ રચિત શ્રી ઋષભદેવ સ્વામીનાં સ્તવન 'ઋષભ

'જિનેશ્વર પ્રીતમ માહરો રે' પર પૂ૦ મહારાજશ્રીએ આપેલ મનનીય વ્યાખ્યાનનો હિંદી અનુવાદ અહિં પ્રસિધ્ધ થયો છે. વ્યાખ્યાન તત્ત્વગર્ભિત, બોધક તથા ચૈતન્યદશાનું પ્રેરક છે. ફુલ્સ્કેપ ૮ પેજી ૪૬ પેજમાં પ્રગટ થયેલું આ વિવેચન પૂ૦ પાદ શ્રી આનંદઘનજી મ૦ ના સ્તવન પર વેધક પ્રકાશ પાડે છે.

**પ્રીત ની રીત:** વ્યા૦ ઉપર મુજબ. અવતરણકાર શ્રી 'પ્રિયદર્શન' પ્રકા૦ કેસરીચંદ રૂપચંદ શાહ ૧૮૬, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

ઉપરોક્ત 'પ્રીત કી રીત' હિંદીનું મૂલ જે ગુજરાતી વ્યાખ્યાન તે અહિં પ્રસિધ્ધ થયેલ છે, ફુલ્સ્કેપ ૮ પેજી ૩૧ પેજમાં આ મનનીય વ્યાખ્યાન સંકલિત થયેલું છે. બન્ને પુસ્તિકાઓ ઉપયોગી છે. સર્વનો પરિશ્રમ સ્તુત્ય છે.

**ક્ષમા :** લે૦ શ્રી વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ પ્રકા૦ સેવંતીલાલ કાંતિલાલ ૧૧ કફ પેરેડ, અહમદ હાઉસ, કોલાબા, મુંબઇ ૫

ક્ષમાધર્મને અંગે અનેકાનેક દૃષ્ટિયે સાત્ત્વિક, મનનીય તથા ચિંતનપૂર્ણ વિચારણાને રજુ કરતો નિબંધ આ પુસ્તિકામાં લેખક મહાશયે પોતાના અભ્યાસ, મનન તથા સ્વાધ્યાયના પરિપાકરૂપે પ્રસિધ્ધ કર્યો છે. ભાષા સરળ છે. શૈલી સ્વચ્છ છે. જૈનધર્મે સર્વ આચાર-ધર્મોમાં ક્ષમાને જે મહત્ત્વનું પ્રાધાન્ય આપ્યું છે, તે તેની ઉપયોગિતા તથા મહત્તાને આ લઘુનિબંધમાં અનેક દૃષ્ટિબિંદુઓથી લેખકે સ્પષ્ટ કરી છે. દૃષ્ટાંતો બહુ સરસ રીતે રજૂ કર્યા છે.

સર્વ કોઇને મનનીય આ પુસ્તિકા સ્વચ્છ કાગલોમાં સફાઈપૂર્વકના મુદ્રણકાર્યથી દીપી ઉઠી છે.

**ભક્તિ ગીતો :** લે૦ શ્રી શાંતિલાલ૦ બી૦ શાહ પ્રકા૦ મેઘરાજ જૈન પુસ્તક ભંડાર. ગોડીજીની ચાલ, કીકાસ્ટ્રીટ, મુંબઈ૦ ૨. મૂ ૧ ૩૦

ધાર્મિક તથા નૈતિક દૃષ્ટિબિંદુથી મધુર શબ્દોની સંકલનાપૂર્વકના અનેકાનેક ગીતો, પ્રભુભક્તિને લગતાં રસ ભર્યા ભક્તિ કાવ્યો તથા જૈન ઈતિહાસના પ્રસિધ્ધ કથા પ્રસંગોથી મઢ્યા કથા ગીતો-આ ત્રણેયનો સુંદર સુમેળ આ પ્રકાશનમાં થયો છે. શબ્દોમાં માદકતા, મધુરતા તેમ જ સ્વરાવલિઓમાં સંગીતમયતા ભાઈ શાંતિલાલ શાહની કાવ્યરચનામાં ભારોભાર રહેલી હોય છે. ભક્તિ ગીતો પણ અનુપમ ભાવ લાલિત્ય જગાડે છે. કથા ગીતોમાં પણ પ્રસંગોની ગૂંથણીમાં શબ્દોની રચના શૈલીની પ્રભુતા અનેરી રહે છે. સ્વાભાવિકતા દરેક કાવ્યકૃતિઓમાં હોવાથી તે આહ્લાદક છે. પ્રકાશન કાવ્યકૃતિઓના રસિકોને રસપ્રદ છે. ૬૧ ગીતોમાં પ્રભુ ભક્તિ, અને કથાપ્રસંગો મુખ્યત્વે ગૂંથાયેલાં છે. ક્રા૦ ૧૬ પેજી ૯૬ પેજનું આ પ્રકાશન સફેદ કાગળો, સ્વચ્છ છાપકામ અને દ્વિરંગી આર્ટ-પેપરના જેકેટથી આકર્ષક બન્યું છે.

**સત્યનું સ્પષ્ટીકરણ :** પ્રકા૦ શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા મુ૦ લાખાબાવળ, (હાલાર) મૂ૦ આઠ આના.

જૈન શ્વે૦ મૂર્તિપૂજક સંઘના તપાગચ્છ સમાજમાં તિથિચર્ચાના પ્રશ્નમાં જે મતભેદ જાગ્યો છે. ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યા, વૃદ્ધૌ કાર્યા તથોત્તરા' આ૦ પૂ૦ વાચકવર્ય્ય શ્રી ઉમાસ્વાતિજી મહારાજના પ્રઘોષને ઘટાવવામાં જે મતભેદ છે, તેને અંગે સત્યનું સ્પષ્ટીકરણ કરવા અહિં પ્રયત્ન થયો છે. અનેક લેખો પૂર્વે પ્રસિદ્ધ થઈ ગયેલાનો સંગ્રહ આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થયો છે. ક્રા૦ ૧૬ પેજી ૯૬ પેજની આ પુસ્તિકા તિથિચર્ચાના વર્તમાન મતભેદોને સમજવા તથા તેમાંથી સ્પષ્ટ હકીકતો ઉપલબ્ધ કરવા ઉપયોગી બનવા સંભવ છે.

**જિનેન્દ્રપૂજાદિ પિયુષ બિંદુ :** સંપા૦ પૂ૦ મુનિરાજ શ્રી જિનેન્દ્રવિજયજી મહારાજ પ્રકા૦ ઉપર મુજબ.

સ્નાત્રપૂજા, પંચતીર્થી પૂજા, તથા ચૈત્યવંદનો અને સ્તવનોનો સંગ્રહ આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થયો છે. પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજશ્રીએ રચેલ પૂજા, અને ચૈત્યવંદનો તથા સ્તવન ચોવીશી પેજ ૩૫ થી ૧૫૪ સુધી છે. પેજ ૧૫૯ થી ૧૭૬ પેજ સુધી સંપાદક પૂ૦ મહારાજશ્રીએ સ્તવન ચોવીશી રચીને મૂકી છે. પાછલા પેજોમાં સજ્ઝાયો છે. ક્રા૦ ૧૬ પેજી ૨૮+૧૮૮ પેજનું આ પુસ્તક, ભક્તિગર્ભિત પૂજા, સ્તવનો તથા સ્વાધ્યાયગર્ભિત

પદો, સજ્ઝાયોથી સમૃદ્ધ છે. સંપાદકનો પરિશ્રમ સ્તુત્ય છે. મહાવીર શાસન (પાક્ષિક) ના છઠ્ઠા વર્ષના સભ્યોને આ પ્રકાશન ભેટ આપવામાં આવેલ છે.

**સુરેન્દ્ર જીવન સૌરભ અને આવશ્યક વિધિ સંગ્રહ :** સંયો૦ પૂ૦ મુનિરાજ શ્રી યતીન્દ્રવિજયજી મ૦ (ડહેલાવાળા) પ્રકા૦ શ્રી મૂ૦ પૂ૦ શ્રમણોપાસક સમાજ મુ૦ દહેગામ. (એ. પી. રેલ્વે)

પૂ૦ સ્વ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયસુરેન્દ્રસૂરીશ્વરજી મ૦ શ્રીની જીવનસૌરભ આ પ્રકાશનના પેજ ૧ થી ૪૭ સુધીમાં ભાઇ ચીમનલાલ હીરાચંદ પાલીતાણાકરે આલેખી છે. જે સરલ ભાષામાં સ્વચ્છ શૈલીમાં છે. પેજ ૧ થી ૧૫૪ સુધી નવ સ્મરણો, રાસ, પુણ્યપ્રકાશનું સ્તવન અને બે પ્રતિક્રમણની વિધિ પ્રસિદ્ધ થઇ છે. ક્રા૦ ૧૬ પેજી ૮+૫૨+૧૫૪ પેજમાં આ બધો સંગ્રહ પ્રસિદ્ધ થયો છે, સફેત કાગળોમાં સ્વચ્છ છાપકામ પૂર્વકનો આ ગ્રંથ બોર્ડપટ્ટીનાં મજબૂત બાઇન્ડીંગથી સમૃદ્ધ છે. પ્રકાશન ઉપયોગી છે. સંપાદકનો પરિશ્રમ અભિનંદનીય બન્યો છે.

**જૈન દૃષ્ટિયે ક્રમિક આત્મવિકાસ :** લેખક શ્રમણશિશુ. પ્રકા૦ શેઠ પુરૂષોત્તમદાસ સુરચંદ જૈન બોર્ડીંગ, ધ્રાંગધ્રા. (સૌરાષ્ટ્ર) મૂ૦ ૧ રૂ.

જૈન દૃષ્ટિયે આત્મવિકાસ જેવા ગંભીર વિષયના આ ગ્રંથમાં વિશિષ્ટ શૈલીપૂર્વકનું વિષયવર્ણન ક્યાંયે નથી જણાતું; વિષયોનો વિકાસક્રમથી વિભાગ પણ નથી કર્યો: સર્વ સામાન્ય વિષયને વર્ણવવામાં પણ ભાષા તથા શૈલી સરલ તથા સ્વચ્છ હોવી જોઈએ. જૈનેતર પણ પુસ્તક હાથમાં લે તો પુસ્તકનાં નામ પ્રમાણે વિષયોને સ્પષ્ટતાપૂર્વક આલેખવાં જોઇએ. શબ્દો સરલ, ભાષાશૈલી સ્વચ્છ હોવી જોઇએ. લગાતાર અને નરાતાર જેવા શબ્દો બહુ જ ગામઠી તથા અવ્યવહારૂ લાગે છે. લેખકને બોધ છે. કહેવા માટે ઉત્સાહ છે, પણ લેખનશૈલી કલીષ્ટ છે, અપ્રાસંગિક વર્ણનથી મૂલ વિષયની ગંભીરતા મારી જાય છે. ઉદાહરણરૂપે પેજ ૭૮ ના છેલ્લા પેરેગ્રાફમાં તેઓએ લખ્યું છે; 'આ બાબત અંગે પૂરતો વિચાર કરવા યોગ્ય છે કે, અગર જો મહાત્માઓ અન્યદર્શની માર્ગાનુસારી મિથ્યાત્વીના પણ સદ્‌ગુણોની અનુમોદના-પ્રશંસાનું વિધાન કરે છે, અને તેને ગુણાનુરાગનાં પ્રકટીકરણરૂપ માને છે, તો પોતાને સમ્યકત્વી કહેવડાવનારા અને વણસુપ્રત આરાધકનો બીલ્લો લઈ ફરનાર અંદરો અંદર લઢાલઢી કરે, એકબીજાને પોતાના ભકતોના બળ પર મુસ્તાક બની ભાંડવા માંડે, શાસનની હીલના થાય તેવા પ્રચાર કરે, એક એકને સ્હામું ભાળવા, પડછાયો લેવા કે ગંધ લેવામાં ય સૂગ ધરાવે, પોતાના ફલદ્રુપ ભેજામાંથી નવા નવા નુસ્ખા શોધી કાઢી તરહ તરહનું કે ભાત-ભાતનું એક-બીજાની ગેબી એબ ખુલ્લી પાડવાનું હલકટ કામ હાથ ધરે, શાસ્ત્ર અથવા શાસનની સેવાના નામે નરદમ ધિંગાણું ચલાવે. સામાસામી લખાણો દ્વારા રણમોરચા ખેલે, ધર્મની ભારે અપભ્રાજના થાય તેવી હીલચાલો ધર્મના નામે જ કરે, તેની પાછળ કટિબદ્ધ થાય, હિમાયતી બને અંદરો અંદર પોતાની કે શાસનની કારકીર્દી કકડભૂસ થઇ જાય તેવા આડેધડ નરાતાર ઝેરીલા, ડંખીલા વિચારો ફેલાવે, એ કઇ આરાધનાનું સૂચન હશે? અથવા કેવી યોગભૂમિકાનું પ્રતિક હશે! એ તો સુજ્ઞોએ જ સ્વયં વિચારી લેવું' (પેજ ૭૮-૭૯)

'જૈન દૃષ્ટિયે ક્રમિક આત્મવિકાસ' જેવા સર્વ કલ્યાણકર, ગંભીર તથા માર્ગાનુસારી જેવા જીવોને પણ હાથમાં આપવાનું મન થાય તેવા પુસ્તકમાં આવા લખાણો શું યોગ્ય છે? લેખકની ભાષાશૈલીનો પણ નમૂનો આમાંથી જડી જાય છે. 'વણસુપ્રત' 'પ્રગટીકરણ' 'મુસ્તાક' ગેબી એબી 'નુસ્ખા' 'તરહ-તરહનું' 'આડેધડ' 'નરાતાર' 'નરદમ' 'ધિંગાણું' આ બધા શબ્દો ગામઠી અને આવા પુસ્તકોમાં ન હોવા જોઈએ. લેખક શ્રી 'મિથ્યાત્વીના પણ સદ્‌ગુણોની પ્રશંસા' માટે આ પુસ્તકમાં વિશેષ પ્રમાણમાં વિધાન કરે છે. તો તે શું શાસ્ત્રીય છે? શંકા આદિ પાંચ સમ્યકત્વનાં દૂષણોમાં 'મિથ્યાદૃષ્ટિ પ્રશંસનમ્' થી પૂ૦ આ૦ મ૦ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ યોગશાસ્ત્રમાં જે નિષેધ કરે છે, તે કઇ રીતે? લેખકે પ્રાક્કથનમાં 'યોગબિંદુ' 'ધર્મ પરીક્ષા' 'દ્વાત્રિંશિકા' 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય' આદિ ગ્રંથોનાં આલંબનને લઇને આ ગ્રંથનો વિષય છણ્યો છે, તેમ જણાવ્યું છે. પણ આવા ગંભીર તથા તાત્વિક ગ્રંથોના અભ્યાસનો પરિપાક ગ્રંથમાં જે રીતે

ગૂંથાવો જોઈએ તે રીતે નથી ગૂંથાયો. ગ્રંથના પ્રકાશનમાં પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી કાંતિવિજયજી ગણિવરશ્રીની પ્રેરણા મુખ્ય છે, તેમ પ્રકાશક તરફથી જણાવાયું છે, માટે જ કહેવાનું દિલ થાય છે કે, તેઓશ્રીએ સાદ્યંત એક વખત આ ગ્રંથ જોઈ લેવાની જરૂર હતી. ક્રા૦ ૧૬ પેજી ૨૪+૧૨૮ પેજના આ ગ્રંથમાં વિષયની દૃષ્ટિયે અભ્યાસીઓને સમજણ પૂર્વક પરિશીલન કરવામાં અવશ્ય ઉપયોગી સ્વાધ્યાય મલી રહેશે ! આશા છે કે, બીજી આવૃત્તિમાં સંશોધન-સંવર્ધન કરવામાં આવે, તો ગ્રંથ અનેક રીતે ઉપકારક, બોધક તેમજ માર્ગદર્શક બનશે એ નિ:સંદેહ છે.

તા. ૧૧. ૩. ૫૮.

## રીપોર્ટ અમને નીચે મુજબ મલ્યા છે :

**(૧) શ્રી મહાવીર જૈન વિદ્યાલય** : મુંબઇ ૪૨ મા વર્ષનો વિસ્તૃત રીપોર્ટ. ક્રા૦ ૮ પેજી ૮૦ પેજ : અનેક ચિત્રો સહિત.

**(૨) શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ : પાલીતાણા.**
૫૧ મા વર્ષનો અહેવાલ અને હિસાબ : ક્રા૦ ૮ પેજી ૬૨ પેજ: અનેક ચિત્રો સહિત.

**(૩) શ્રી હાલાર વીશા શ્રીમાલી વણિક વિદ્યોતેજક સંસ્થા : જામનગર** હિસાબ તથા અહેવાલ: ૧૫ મો રીપોર્ટ : રોયલ ૮ પેજી ૫૦ પેજ.


## जैन भाइओने खुशखबर

केशर [स्पेन, काश्मीर, इरान] कस्तुरी, (नेपाल भूतान) मोतीअंबर, सोना :चांदीना वरख, बादलुं तथा हींग व्याजबी भावथी मलशे.


मधुप्रमेह तथा पगना वा माटे अमारुं 'सुदर्शन शीलाजीत' वापरो. संथारीआ, कामळी वगेरे दरेक प्रकारनां जैन उपकरणो अमारे त्यांथी मळशे. एक वखत मंगावी खात्री करो. केशरनां पेकींग एक आनीथी १ तोला सुधीनां मळशे.


जमनादास इशरदास १८१/८३ सेम्युअल स्ट्रीट
मुंबइ-९


## જાહેર વિનંતિ

સાવરકુંડલા [સૌરાષ્ટ્ર] શ્રી વિજયદાનસૂરિશ્વરજી જૈન જ્ઞાનમંદિરમાં કોઈએ રોકડ રકમ આપવી નહિ. સં. ૨૦૦૭ પછી કોઈએ રોકડ રકમ આપી હોય તેઓને વિગત મોકલવા વિનંતિ છે.

: વ્યવસ્થાપક :
**જયંતિલાલ બહેચરદાસ**



शास्त्रीय अने कलात्मक दृष्टिए
तैयार थाय छे
**सुपनां**
चांदी तथा जरमन पतराथी के सीलवर ओइलपेइन्टथी तैयार करी आपवामां आवे छे.
चांदीना रथ तथा इन्द्रध्वजा वगेरे बनावनार
**मीस्त्री**
**व्रिजलाल रामनाथ**
पालीताणा [सौराष्ट्र]

# કલ્યાણ માસિકની વિકાસ યોજના ચિરંજીવો !

★

કર્મના બંધને ભોગવતાં જે મુશ્કેલી પડે છે તેથી જ બંધ સમયે ચેતતા રહેવું જોઈએ.
લ્યાની આગળ કુ મેળવવાથી નીક સમાન એવા મુનિઓ ભવ્યોરૂપી કમળોને વિકસાવે છે.
ણમો અરિહંતાણં પદ એક વખત બોલવાથી ૫૦૦ સાગરોપમ જેટલું પાપ ક્ષય થાય છે.
મારૂં તારૂં કર્યાથી ભવભ્રમણ વધે છે, માટે જ જરા વિચાર કરો !
સિધ્ધ ભગવંતોને અનંતજ્ઞાન અનંત દર્શન અનંત ચારિત્ર, અનંત વીર્ય એ ચાર પ્રાણ હોય છે.
કઠીન એવા કર્મોનો નાશ જ્ઞાન-ક્રિયામાં રક્ત એવા મુનિઓ ક્ષણમાં કરે છે.
નીરાગી નિરંજન પ્રભુની ભક્તિ અહર્નિશ કરતા નિરંજન પદ પ્રાપ્ત થાય !
વિદ્યા, વિનય, વિવેક, વિરતિ, તથા વિશુધ્ધિ આ પાંચ વિ-થી અવનીને ઉન્નત બનાવો.
કાયરપણું તજે તો જ શૂરવીર બની સંયમ આરાધાય છે.
સદ્‌વિચાર, સદ્‌ભાવ, સદ્‌ગુણો, સત્સંગ, સત્ત્વ આ પાંચ સકારોને સ્વીકારવા જોઇએ.
યોગીઓ અહર્નિશ આત્મધ્યાનમાં લીન રહેતા ભવભ્રમણ ઘટાડે છે.
જન્મ, જરા મૃત્યુના દુઃખો અસહ્ય જાણી સમ્યગ્દર્શન. સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ ચારિત્રના માર્ગ પર શ્રધ્ધા તથા સમર્પણ ભાવ રાખવો જોઇએ.
નારકીઓમાં રોગો નિયમિત છે ને સાતમી નારકીમાં પાંચ કરોડ અડસઠ લાખ નવાણું હજાર પાંચસો ને ચોરાસી સદા માટે છે.
ચિત્તની પવિત્રતા પૂર્વકનુ સંયમ પૂર્વકૃત પાપ કર્મોને પખાળે છે.
રંગ હૃદયનો હોય તો ધર્મક્રિયાનુષ્ઠાનો પ્રત્યે વિશુધ્ધ અનુરાગ જાગે !
જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ નવ તત્ત્વોનું ચિંતવન રાખવું જોઇએ.
વોસિરાવ્યા બાદની જે લોલુપતા રહે તો તે ભવભ્રમણનું કારણ બને !

શ્રી. ર. પ્ર.

★

## પંચવર્ષીય વિકાસ યોજનામાં નવા થયેલા સભ્યો.

રૂા. ૨૦૧, શેઠ શ્રી રસીકલાલ ચુનીલાલ કાપડીઆ મુંબઈ.

રૂા. ૧૦૧, શ્રી આત્મ-કમલ-લબ્ધિસૂરિજી જૈન જ્ઞાનમંદિર દાદર. કવિકુલતિલક શતાવધાની પૂ૦ મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજની શુભ પ્રેરણાથી

રૂા. ૧૦૧, શેઠ શ્રી રતનચંદ જીવાભાઈ ચોકસી અમદાવાદ

'કલ્યાણ' માસિકને સહકાર આપવા બદલ આભાર. સંપાદક.

કુ નામના બે નોકરો હતા. અમીરે ઢોર ચરાવવાનું કામ તેમને સોંપ્યું હતું. બંન્ને સાથે જતા અને સંધ્યાકાલે સાથે આવતા.

એવું બન્યું કે રોજ રોજ એક બે ઢોર ઓછા થવા લાગ્યા. એક દિવસ અમીરે આ બંન્ને રખેવાળોની તપાસ કરી.

જોયું તો સ્વાંગ ઢોરોને રઝળતા મૂકી એક ઝાડ તળે બેસી નિરાંતે ચોપડી વાંચતો હતો અને કુ તેના કેટલાક મિત્રો સાથે જુગાર રમતો હતો.

અમીરે બન્નેને નોકરીમાંથી રજા આપવાનું નક્કી કર્યું, પરંતુ બંન્ને વચ્ચે ચારિત્રનું જે અંતર હતું તેથી અમીરને વિચાર થયો.

પોતાની શંકા સાથે અમીર ચીનના તત્ત્વજ્ઞાની કોન્ફ્યુસિયસ પાસે આવ્યો.

કોન્ફ્યુસિયસે કહ્યું. :

'ભાઇ, હું સ્વીકારૂં છું કે 'એક વિદ્યારસિક છે જયારે બીજો જુગારી. બન્નેના ચારિત્રમાં આકાશ-પાતાળનું અંતર છે, પરંતુ બન્ને સરખી રીતે પોતાનું કર્તવ્ય ભૂલ્યા છે, તેથી બન્નેને સમાન દંડ મળવો જોઈએ.

જેઓ પોતાના અવસરોચિત કાર્યને નિષ્ઠાપૂર્વક નથી જાળવતા, અને એક કાર્યમાં અનેક કાર્યો કરવામાં ડહાપણ માને છે, તેમણે સમજવું જોઇએ કે, તમારી કાર્યશક્તિનું માપ તમે કેટલા કાર્યો કરો છો, તે નહિ, પણ કેવી નિષ્ઠાપૂર્વક કરો છો તેના પરથી અંકાય છે. ચૈત્યવંદન અને ચોખાનો સાથીયો, બંન્ને સાથે કરનાર માટે જ બંન્નેને ચૂકે છે. જૈન શાસ્ત્રો માટે જ કહે છે: એક કાર્ય કરતી વખતે ઉપયોગ તેમાંજ રાખો !

## પોતાનાં અજ્ઞાનને ઓળખો

પ્રખ્યાત અંગ્રેજ લેખક માર્ક ટવેને એક વાર કહ્યું હતું કે :

"જ્યારે હું ચૌદ વર્ષનો હતો ત્યારે મારા પિતા મને અજ્ઞાન લાગતા. હું તેમની પાસે ય જતો નહિ પણ જ્યારે હું એકવીસ વર્ષનો થયો ત્યારે એ કેટલું બધું જાણતા હતા તેથી મને ભારે આશ્ચર્ય થયું."

આપણા અજ્ઞાનથી આપણે પરિચિત નથી, આપણી સંકુચિત સમજણ અનુસાર, આપણે બીજાના જ્ઞાનને, શક્તિને અને સમજણને માપવા પ્રયત્ન કરીએ છીએ.

ભરવાડનો છોકરો મોતીનું પાણી શી રીતે માપી શકે? તેને મન તો કપડું ભીનું થાય તો મોતી પાણીવાળું ગણાય.

કયારેક સર્વજ્ઞકથિત જ્ઞાન આપણને નહિવત્ લાગે છે. ભરવાડના છોકરાને મોતી જેમ નિરર્થક લાગે તેમ. માટે આપણાં અજ્ઞાનને જ્યારે આપણે ખરેખર જ્ઞાનીઓનાં જ્ઞાનની ગંભીરતાને પામવાને લાયક બનીશું, ત્યારે દૂર કરી શકશું.

જે તે વાતમાં જ્ઞાનગંભીર મહાપુરૂષોનાં શાસ્ત્રવચનોની ઉપેક્ષા કરનારાં માનવો ખરેખર પામર છે, જે પોતાની જાતનું માપ કાઢી શકયા નથી.

## પ્રત્યેક જીવને આત્મદૃષ્ટિયે જુઓ !

યુરોપના ડેન્માકમાં 'એન્ડરસન' નામના માણસ પાસે રોલ્ફ નામનો કૂતરો છે. આ અદ્ભુત કુતરાએ છેલ્લા સાત વર્ષમાં આશરે વીસ લાખ રૂપિયાથી વધુ કિંમતની ગુમાયેલી કિંમતી ચીજ-વસ્તુ શોધી છે.

કોઈ પાસેથી કોઈ વસ્તુ ગૂમાઈ જાય તો સરલપણે રોલ્ફ તે વસ્તુ શોધી આપે છે.

રોલ્ફ આશરે દશ વર્ષનો એક એલ્શેસીયન કૂતરો છે. વર્ષમાં તેને ગુમાયેલી વસ્તુઓ મેળવવાના છસોથી સાતસો કામ આવે છે.

મોજેન પેડરસનની અગીયાર વર્ષની દીકરી એક નાના ઘડીયાળથી રમતી હતી. તે ગુમાઇ ગયું આસરે પચાસ બાળકો તે શોધવા નીકળ્યા. મળ્યું નહિ, પોલીસ આવી. બે કૂતરા લાવવામાં આવ્યા ન મળ્યું. નવ દિવસ પછી રોલ્ફને બોલાવ્યો.

થોડી મિનિટોમાં દૂર એક ખાડામાં દટાયેલું ઘડિયાળ રોલ્ફે શોધી કાઢયું.

જેન્સન નામના વેપારીનું કિંમતી પાકિટ ગુમાઇ ગયું હતું. કયાંક જંગલમાં જેન્સને ગુમાવ્યું હતું. તે વાતને દશ દિવસ થઇ ગયા. ત્યાં વરસાદ પડયો હતો. રોલ્ફને ત્યાં લાવવામાં આવ્યો. અર્ધો કલાક આમતેમ જમીન સુંઘીને તે જંગલના વધુ ઉંડાણમાં ગયો. એક સ્થળેથી પગ વડે પોચી જમીન ખોદીને રોલ્ફે પાકીટ શોધી કાઢયું. આ આખોય પ્રસંગ ડેનીશ પત્રમાં લખનાર લેખકે નજરે જોયો હતો.

કૂતરા જેવા પ્રાણીઓમાં કેવી શક્તિયો રહેલી છે, તેના આવાં દૃષ્ટાંતો જાણીને માનવી અન્ય જીવસૃષ્ટિને પણ સુખ-દુઃખની લાગણી થાય છે, એ સત્ય સમજે. કોઇપણ પ્રકારની હિંસામાંથી બચે.

માનવને જે શક્તિઓ પ્રાપ્ત થઇ છે, તે શરીરની મહત્તાના કારણે નહિ, પણ આત્માની મહત્તાના કારણે. આમ સમજી માનવે, પ્રત્યેક જીવમાં રહેલા આત્માને પિછાણી, તેની સાથેનો વ્યવહાર પોતાનાં સુખ-દુઃખની લાગણીના માપથી કરવો જોઇએ.

સ્વાર્થને વશ બનેલા આજના માનવો આ સત્યને જેમ વ્હેલા સમજે તેમ સારૂં!

## પ્રમાદનો કાટ

"શું કરીએ અભ્યાસ માટે તક મળતી નથી."

"ધર્મ ક્રિયા માટે સમય કયાં રહે છે!"

"આપણી ચિન્તામાંથી મુક્ત થઇએ તો બીજાને ઉપયોગી થઇ શકીએ ને!"

"દુષ્કર્મ ઉદયમાં છે."

"શું થાય? ભાગ્ય જ અવળું છે!"

આ વાકયો વાપરતાં પહેલાં વિચાર જોઇએ, સમજણ જોઇએ, અધિકાર જોઇએ.

કોઇ પણ રીતે પ્રમાદને પંપાળવો એ જબ્બર ગૂન્હો (Criminal offence ક્રીમીનલ ઓફેન્સ) છે.

શું પરદેશમાં કે શું ભારતમાં વિજ્ઞાન, સાહિત્ય કે ધર્મના કોઇપણ ક્ષેત્રમાં જ્યાં જે વ્યક્તિઓ આગળ આવી છે તેમણે પ્રમાદ ખંખેર્યો છે. એકે એક તકનો ઉપયોગ કર્યો છે. તકો ન હોય ત્યાં ઉત્પન્ન કરી છે.

આપણું સર્વ વીર્ય ફોરવીને અભ્યાસ માટે, જીવન સુધારણા માટે, શાસ્ત્ર અધ્યયન માટે કે ધર્મની આરાધના માટે શકય પ્રયત્નો કરવા જોઇએ, કર્મને દોષ આપવાનો આપણને અધિકાર નથી.

પ્રત્યેક સત્ક્રિયા, પાપકર્મોને દૂર કરે છે.

જેણે જીવનપરિમલ જગતમાં ફેલાવવી છે, કર્મમેલ દૂર કરવો છે, અંદરનો પ્રકાશ પ્રગટાવવો છે, તેની જવાબદારી વિશેષ છે.

કોઇએ કયારે ય નિરાશ થવું હિતકારક નથી. નિરાશા પોતેજ પ્રાણઘાતક છે.

વ્રત, જપ અને અધ્યયન માટે પણ સંયોગોને દોષ દેનારા ઉપરની ડાયરી નોંધો વાંચી જો બોધ પ્રાપ્ત કરશે તો તેમનો પુરુષાર્થ પ્રતિકૂળ પરિસ્થિતિને પલટાવવામાં આવશ્યક સહાયક થશે.

# દેશ અને દુનિયા

શ્રી સંજય

દેશમાં તથા સમગ્ર વિશ્વમાં એ મહિનાના ગાળામાં ઘણી જ ઉથલ-પાથલો થઇ ગઇ. દુનિયાનું વાતાવરણ ભારેલા અગ્નિની માફક ઉકળી રહ્યું છે. રશીયાએ સીઆટો પરિષદમાં ભાગ લેવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો છે. રશિયાના રાજકીય વાતાવરણમાં પલટો આવ્યો છે. નિકેતાક્રુશ્ચેવ રશિયાના સરમુખત્યાર છૂપા હતા, હવે જાહેર તખ્તા પર આવી ગયા છે. તેઓ રશિયાના વડાપ્રધાન તેમજ સામ્યવાદી પક્ષના મહામંત્રીપદે નિયુક્ત થયા છે. રશિયાનું રાજ્યતંત્ર સરમુખત્યારશાહીમાં પલટાઈ રહ્યું છે, તેની આ નિશાની છે. બહારથી રશિયા શાંત છે, પણ અંદરથી ત્યાંનું વાતાવરણ ધૂંધવાઈ રહ્યું છે....અમેરિકાએ ઉપરા ઉપરી અણુબોંબના ધડાકાઓ કરવા માંડયા છે. વિશ્વશાંતિની વાતો કરનાર અમેરિકાના પ્રમુખ આઈઝનહોવર ચોમેર અશાંતિની સુરંગ ચાંપી રહ્યા છે. રશિયા સાથેની સત્તા તથા શસ્ત્રોની હરિફાઈએ પૂર્વ તથા પશ્ચિમ યૂરોપમાં અનેક ઝંઝાવાતો જન્માવી યૂરોપ અને એશિયાના રાષ્ટ્રોને બેચેન બનાવ્યા છે.

મધ્યપૂર્વમાં અલ્જીરીયાનો મામલો કાંઇક ઠંડો પડતાં ઇન્ડોનેશિયામાં બળવાખોરોએ સત્તા સામે માથું ઉંચકયું છે. અનેક પ્રકારના સશસ્ત્ર હુમલાઓ જાવા, સુમાત્રા ઇત્યાદિ પ્રદેશોમાં તે લોકોએ કરવા માંડયા છે. આની પાછળ અમેરિકાનું વ્યવસ્થિત પીઠબળ હોય તેમ આજે સ્પષ્ટપણે ભાસી રહ્યું છે. બળવાખોરોને મળતાં શસ્ત્રો અમેરિકી બનાવટના છે, તેમ જાવાની સરકારે જાહેર કર્યું છે. રશિયા-અમેરિકાની તંગદિલી જે તણખાઓ વેરી રહી છે, તેનો આ સ્પષ્ટ પૂરાવો છે....મધ્યપૂર્વ એશિયામાં ઈજીપ્તના પ્રમુખ નાસરની આગેવાની હેઠળ આરબ રાજ્ય રચાઈ રહ્યું છે, તેમાં ઇજીપ્ત, સીરીયાનું જોડાણ થઇ ચૂકયું છે. અમેરિકી મંડળો આ આરબ-સંગઠનને ભય તથા શંકાની નજરે જૂએ છે, તેમાં તેમને પોતાની પ્રતિષ્ઠા તથા સત્તા જોખમાતી લાગે છે. આની સામે ઇરાક તથા જોર્ડનનું જોડાણ અમેરિકીપક્ષે થયું છે....સાઉદ અરેબીયાના રાજ્યતંત્રમાં વળી નવું ડોળાણુ થયું છે. અમેરિકી તરફી રાજકીય આગેવાનો સત્તાસ્થાનેથી ઉથલી પડયા છે, અને ઇજીપ્ત, સીરીયાના નવા આરબ રાજ્યની પડખેનું નવું જૂથ ત્યાં સત્તા પર આવ્યું છે....મધ્યપૂર્વ એશિયા તથા પૂર્વ-પશ્ચિમ યુરોપમાં આજે આમ લગભગ મહિનાઓ થયા સત્તા, અને શસ્ત્રોની ભયંકર હરિફાઈ ચાલી રહી છે. એક-બીજા પરસ્પર પાછળથી ઘા કરી રહ્યા છે, કોઇ રાષ્ટ્ર કે તેના સત્તાધીશો શાંતિ કે સુખનાં સ્વપ્નો પણ આજે દેખી શકતા નથી.

અમેરિકાએ ઉપગ્રહો એક પછી એક છોડવા માંડયા છે, ફેબ્રુઆરીની ૧ લી એ તેણે પહેલો ઉપગ્રહ આકાશમાં વહેતો મૂકેલ છે, જે હજુ પૃથ્વીની પ્રદક્ષિણા લઇ રહ્યો છે, ને તેણે બીજો ઉપગ્રહ ૨૬-૩-૫૮ માં આકાશમાં તરતો મૂકેલ છે, જે ૧૨૫ મિનિટમાં પૃથ્વીની પ્રદક્ષિણા પૂરી કરે છે. રશિયા પણ આ ઉપગ્રહો મૂકવાની હરિફાઇમાં આગળ આવવા ફરી પ્રયાસો ચાલુ કરશે તેમ તેના વૈજ્ઞાનિકોએ જાહેર કરેલ છે....અમેરિકા હમણાં હાઇડ્રોજન બોંબનો ધડાકો કરનાર છે, ને તેનું નિરીક્ષણ કરવા રશિયાના વૈજ્ઞાનિકોને આમંત્રણ આપેલ છે....યુનોની સ્થાયી સમિતિ હજુ વિશ્વશાંતિ માટે કશું નક્કર કાર્ય કરી શકતી નથી,

તેમજ તેની નિઃશસ્ત્રીકરણ સમિતિ કેવળ દેખાવ માત્રની રહેલી છે, આથી રશિયાએ તે સમિતિમાંથી રાજીનામું આપ્યું છે, ને પોતે આજે અણુધડાકા બંધ કરવાનું નક્કી કર્યું છે.

પાકીસ્તાનમાં પૂર્વ તથા પશ્ચિમ પાકીસ્તાન વચ્ચે સંઘર્ષણો તથા ચકમક ઝરે છે. નુનનું પ્રધાનમંડળ હાલ સત્તા પર છે, પશ્ચિમ પાકીસ્તાનના પ્રધાનમંડળને બરતરફ કર્યું છે. અને તે કાશ્મીર અને નહેરોના પાણીના પ્રશ્નને જ્યારે ત્યારે આગળ કરીને હિંદની સામે બખાળા કરે છે. કાશ્મીરમાં શેખ અબ્દુલ્લા છુટા થયા પછી મગજની સમતુલા ગુમાવીને તેઓ બેજવાબદાર નિવેદનો કરવા લાગ્યા છે. હમણાં તેઓ કાંઈક શાંત બન્યા છે....ભારતમાં આંધ્ર, મ્હેસુર, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, અને ઓરિસ્સા, પૂર્વ પંજાબ અને રાજસ્થાન સરકારોમાં કોંગ્રેસપક્ષે ગંભીર ફાટફૂટ પડી છે. સત્તાલાલસાનો ચેપી રોગ દિન-પ્રતિદિન વધતો જ રહ્યો છે. પશ્ચિમ બંગાળના કાયદાપ્રધાન ચિત્તરંજનદાસ (સી૦ આર૦ દાસ)ના પૌત્ર સિધ્ધાર્થશંકર રેએ ત્યાંના કોંગ્રેસી પ્રધાનમંડળ સામે ગેરરીતિ, લાંચ-રૂશ્વત, અવ્યવસ્થા તથા સત્તાલાલસાના ગંભીર આક્ષેપો કરી, પ્રધાનમંડળમાંથી અને કોંગ્રેસના સભ્યપદેથી તથા ધારાસભ્યના સ્થાનેથી રાજીનામું આપી, પશ્ચિમ બંગાળની સામેના પોતાના આક્ષેપોની તપાસ માટે નિષ્પક્ષ તપાસપંચ નીમવાનો પડકાર ફેંકયો છે, અને જણાવ્યું છે કે આ પ્રધાનમંડળ ચાલુ રહેશે તો બંગાળમાં અંધાધુંધી ફેલાશે. પશ્ચિમ બંગાળના વડાપ્રધાન છતાં ઠંડે કલેજે એક જ જવાબ આપે છે કે, 'બધું બરાબર છે' રોમ ભડકે બળતું હતું ને નીરો ફીડલ વગાડતો હતો, તેના જેવી બેપરવાઈ આમાં જણાઈ રહી છે, એમ કેટલાકોનું માનવું છે...મ્હેસુર પ્રધાનમંડળની સામે કોંગ્રેસ પક્ષ જ અવિશ્વાસની દરખાસ્ત મૂકવા તૈયાર થઇ રહ્યો છે, ને કોંગ્રેસ પ્રમુખ ઢેબરભાઇને ત્યાં દોડી જવું પડ્યું છે. ઓરિસ્સામાં રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસની બેઠક માટે કોંગ્રેસપક્ષે જ દગો દીધો તેથી પ્રધાનમંડળે રાજીનામું આપ્યું છે....ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસમાં સામ-સામા જૂથો સત્તાની ખાતર લડી રહ્યા છે. રાજસ્થાન, પંજાબ, તથા આંધ્રમાં પણ કોંગ્રેસપક્ષમાં ભારે અથડામણો તથા તંગદિલી ઉભી થઈ છે....ખરેખર સેવા, સ્વાર્થત્યાગ તથા સચ્ચાઇ જેવાં નિર્મલ તત્ત્વો આજે ભારતના રાજકારણમાંથી પરવારી રહ્યાં છે, એ કેવી કમનશીબી !

મુંબઇ કોંગ્રેસ સમિતિના ભૂતપૂર્વ પ્રમુખ અને ભારત કેન્દ્ર સરકારના સંદેશ વ્યવહાર ખાતાના પ્રધાન એસ૦ કે૦ પાટીલે તાજેતરમાં એક જાહેર સભાને સંબોધતાં જણાવેલ કે, 'જુથબંધી, સત્તા માટે પડાપડી અને જનતાથી દૂર રહેવાની અક્કડતાના કારણે કોંગ્રેસ રોજ-બરોજ વધુ ને વધુ નબળી પડતી જાય છે. માટે માત્ર કોંગ્રેસ બંધારણમાં સુધારો કર્યાથી કે શિસ્તના પગલાનો આશ્રય લેવાથી કોંગ્રેસ નહિ ટકી શકે, કોંગ્રેસવાદીઓ વ્યક્તિગત જાતે નહિ સુધરે અને દેશના હિતમાં ખરા હૃદયથી કામ નહિ કરે તો તેમની પ્રતિષ્ઠા, લોકપ્રિયતા તથા શક્તિનો નાશ થશે.'....એસ૦ કે૦ પાટીલના આ શબ્દો કેટ-કેટલા વિચારણીય છે....

વડાપ્રધાન પં૦ જવાહરલાલજીએ મુંદ્રા પ્રકરણમાં ચાગલા પંચના ચુકાદા પછી પણ ટી. ટી. કૃષ્ણમાચારીને જે થાબડે રાખેલ છે, ને નાણાપ્રધાન જેવા હોદ્દાપર રહેનાર પોતાની જવાબદારી જેવી વસ્તુનાં મહત્ત્વને ન પિછાણે તે ગંભીર ભૂલને પણ સામાન્ય બાબત ગણી પં૦ જવાહરલાલજીએ જે વર્તન દાખવ્યું તે માટે દેશના શાણા, મુત્સદ્દી રાજપુરૂષોને

ગંભીર આઘાત લાગેલ છે....વડાપ્રધાને ખૂબ જ ગંભીર, દુરંદર્શી તથા સ્હેજ પણ લાગણીવશ ન બનવું જોઇએ, તેમ દેશની ચોમેર બોલાઇ રહ્યું છે....અને આંતરરાષ્ટ્રીય પ્રશ્નોના બદલે દેશના વહિવટી પ્રશ્નોમાં ધ્યાન આપવું જોઇએ....એમ ડાહ્યા રાજકીય પુરૂષો માને છે.

કોંગ્રેસપક્ષ પાસે વર્ષોજુની પ્રતિષ્ઠા છે. લાગવગ, સત્તા, તથા સાધન-સામગ્રી પારાવાર છે, છતાંયે ઠેઠ દીલ્હીથી માંડીને મુંબઇ સુધીની મ્યુનિસિપાલ ચુંટણીઓમાં કોંગ્રેસ પક્ષ જ્યાં આગલે બારણેથી ઉભો રહેલ છે, ત્યાં તથા પાછલે બારણેથી ઉભો રહેલ છે, ત્યાં ભારે પરાભવ પામેલ છે. દીલ્હી મ્યુ૦ કોર્પોરેશનની તા. ૨૧-૩-૫૮ ની ચુંટણીમાં કોંગ્રેસને ૩૧ બેઠકો મળી છે, તેના વિરોધપક્ષે ૪૯ બેઠકો મળી છે. મુંબઇ, અમદાવાદમાં મ્યુ૦ ચુંટણીમાં હરિફ પક્ષોએ જ બહુમતિ મેળવી છે. જ્યારે ગુજરાતમાં ખંભાત, નડીયાદ, કપડવણજ, વડોદરા, નવસારી, એ રીતે હરિફપક્ષે ૧૪ સુધરાઇઓનો કબ્જો મેળવ્યો છે. કચ્છમાં ભુજ આદિ ૪ શહેરોની સુધરાઈમાં કોંગ્રેસવિરોધી પક્ષોએ બહુમતિ મેળવી છે. સૌરાષ્ટ્રમાં પાલીતાણા, બોટાદ, બગસરા, મહુવા, વિંછીયા, જસદણ, વિસાવદર, ભાયાવદર ઇત્યાદિ સુધરાઈઓનો કબ્જો કોંગ્રેસ વિરોધી જુથોના હાથમાં આવ્યો છે....આ બધા શહેરોનું ચુંટણી પરિણામ એ હકીકત સ્પષ્ટ કરે છે કે, ભણેલા અને કેળવાયેલા માણસોના માનસ પર કોંગ્રેસનો કાબુ ઘટતો જાય છે, તેનું એક જ કારણ પક્ષીય રાજકારણ, સત્તાલાલસા, જુથબંધી, ને પ્રજાના નૈતિક, સાંસ્કારિક તથા આર્થિક હિતો પરત્વેની કોંગ્રેસ જુથની તદ્દન બેદરકારી, તેમજ વહિવટી અંધેરનો આજે કોંગ્રેસ જુથનો જરીપુરાણો રોગ થઈ પડયો છે, તે કારણો સ્પષ્ટ છે....કોંગ્રેસે દેશભરમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવી હોય તો તેના સભ્યોએ, જવાબદારીભર્યો હોદ્દો ધરાવનારાઓએ સ્વાર્થત્યાગ, સેવાભાવ તથા સત્તાથી નિરપેક્ષ રહીને પ્રામાણિક દિલે રાજ્યતંત્રનો અમલ કરવા પ્રયત્નશીલ રહેવું જેમ જરૂરી છે તેમ ઓછા કરો ને પ્રજાના જીવનમાં ઓછો હસ્તક્ષેપ આ બે સૂત્રો પણ કોંગ્રેસે ભૂલવા જેવાં નથી.

**કેટલુંક અવનવું :** ભારતમાં રૂમાનીયા તથા વીયેટનામના વડાપ્રધાનો હમણાં મુલાકાત લઇને ગયા. ઝેકોસ્લોવેકીયાના તથા ઈંડોનેશીયાના પ્રમુખો જાન્યુઆરીના પહેલા અઠવાડીયામાં આવીને ગયા....ગાંધીજીના સમાધિમંદિરની રાજઘાટ-ન્યુ દિલ્હી ખાતે રચના કરવા ભારત સરકારે ૭૦ લાખ રૂ૦ નો પ્લાન નક્કી કરેલ છે....બ્રિટનના વડાપ્રધાન મેકમિલન ભારતની મુલાકાતે આવીને શુભેચ્છા વ્યક્ત કરી ગયા છે...ઉત્તર પ્રદેશની સરકારે ૭૦ વર્ષની વયવાળા વૃધ્ધોને માસિક ૧૫ રૂ૦ આપવાનું ૨૬-૧-૫૮ થી શરૂ કરેલ છે. ૨૦૦૦ વૃદ્ધોને પેન્શન અપાશે...આજે બ્રિટીશતંત્રને વિદાય થયે ૧૦ વર્ષ થવા છતાં સ્વતંત્ર ભારતમાં હજુ પણ બ્રિટીશ પાર્લામેંટે પસાર કરેલા લગભગ ૪૦૫ કાયદાઓ ભારતને લાગુ પડે છે, જેમાં કેટલાક તો બ્રિટીશ પાર્લામેંટે ઇ૦ સ૦ ૧૨૯૭ તથા ૧૩૩૧ માં ઘડેલા કાયદાઓનો પણ સમાવેશ થાય છે. મુંબઇ સરકારના નવા બજેટમાં ૩ કરોડના નવા કરવેરા નંખાયા છે. ફેબ્રુઆરી મહિનામાં તારીખ ૫ ના સવારે ગુજરાત મેઇલના એન્જીનની સાથે શટીંગ એન્જીન વડોદરા ખાતે અથડાતાં અકસ્માત થયો પણ ભયંકર નુકશાન થતું બચી ગયું. તા. ૯-૨-૫૮ ના મહેમદાવાદ-ગોઠાજ વચ્ચે ટ્રોલી તથા માલગાડી અથડાતાં અકસ્માત થયો. તા. ૧૯-૨-૫૮ ના

દિવસે દામોદર નદીના ઉત્તર કિનારા પર હિંદની મોટી ખાણુ ચીનાકુરી ખાતે અકસ્માત થતાં કામ કરતાં ૧૯૬ માણુસોમાંથી ૧૮૨ માણુસો મૃત્યુ પામ્યા. તા૦ ૨૪-૨-૫૮ ના દિવસે કલકત્તાથી દશ માઇલ સોનાપુર જંકશને સવારે બે ટ્રેનો એક પાટા પર સામ-સામી અથડાતાં પાંચ માર્યા ગયા, ૩૩ને ઇજા થઇ. પં૦ જવાહરલાલજીએ ભારતના મધ્યસ્થ પ્રધાનમંડળમાં ફેરફાર કર્યો છે, ને નવું પ્રધાનમંડળ રચ્યું છે; જેમાં ૧૨ કેબીનેટ પ્રધાનો, ૧૯ ઉપપ્રધાનો ૧૫ રાજ્યપ્રધાનો મળી કુલ ૪૬ પ્રધાનો મધ્યસ્થ તંત્રમાં છે.

ભારતમાં સત્તાલાલસાનો જે ચેપીરોગ વધતો જાય છે તે માટે એક જ ઉદાહરણુ બસ છે. ગોધરા સુધરાઇની ૨૩ બેઠકો માટે ૯૩ ઉમેદવારો ઉભા હતા, તેમાં ૮૩ના ઉમેદવારી પત્રકો પાસ થયા છે, એટલે ૨૩ માટે ૮૩ લડશે....મુંબઈની એસ. એસ. સી ની પરીક્ષામાં ચાલુ માર્ચમાં ૧ લાખ ૧૦ હજાર બેઠા છે, ગઇ સાલ ૯૬-હજાર હતા, ને આ વર્ષે ૧૪ હજાર વધ્યા છે.

મુંબઇના મજુર પ્રધાને તા ૨૮-૩-૫૮ ની ધારાસભાની બેઠકમાં જણુવેલ છે કે, મુંબઇ રાજ્યની ૧૬ એંપ્લોમેંટ એક્ષચેંજ બેકાર-નોંધણી કચેરીમાં ૫૭ ની સાલમાં ૨૫૦૦૧૭૫ બેકારો નોંધાયેલા, ને ૨૫૮૯૯ ને કામ અપાયું છે. હવે એસ. એસ. સી ની પરીક્ષા પાસ થતાં ભણેલા બેકારોની સંખ્યા વધવાનો ભય રહે છે.

ભારત સરકારે તાજેતરમાં જાહેર કર્યું છે કે, ૫૮-૫૯ માં પરદેશખાતેથી ૨૦ લાખ ટન ઘઉં ૫ લાખ ટન ચોખા મંગાવવા પડશે. જેની ૭૭ ક્રોડ રૂા. કિંમત થાય છે....અમેરિકામાં ૧૯૫૮ ની ફેબ્રુઆરીની આખરસુધીમાં ૫૧-લાખ ૭૩ હજાર બેકારો નોંધાયા છે તારીખ ૨૯-૩-૫૮ ના દિવસે મુંબઈ સરકારના નાણુા પ્રધાને જાહેર કરેલ છે કે ૫૬ ૫૭ ના વર્ષમાં વેચાણુવેરામાંથી ૨૯૨૫૫૬૮૩૦ રૂા. ની ઉપજ થઇ હતી. જેમાં જુના મુંબઇ રાજ્યમાંથી ૨૭૧૧૩૧૭૬૧ ની ઉપજ થઈ હતી....દારૂબંદીના અમલ માટે મુંબઇરાજ્યમાં ૫૭ માં ૫૪ લાખ ૫૦ હજાર ખર્ચાયેલ છે....ભારત સરકારના પુનર્વસવાટ ખાતાના પ્રધાને તાજેતરમાં જાહેર કરેલ છે કે, પાકીસ્તાનમાંથી આવેલા નિર્વાસિતોને થાલે પાડવામાં ભારત સરકારે ૫૮ માર્ચ સુધીમાં ૩ અબજ ૮ ક્રોડની રકમ ખર્ચી છે

મુંબઈ શહેરમાં ૫૭ ના ડીસેંબર સુધીમાં રસ્તાનાં અકસ્માતોમાં ૮૯ બાળકો સહિત ૨૬૧ માણુસો માર્યા ગયા. ૫૭૯ ગંભીરરીતે ઘવાયા, ટ્રાફીકને લગતા ગુહ્નાના કેસો ૧૨૫૦-૦૦ થયા....ટેક્સાસ ખાતે ૨૮-૩-૫૮ ના દિવસે આકાશમાં વિમાનો અથડાતાં વિમાનોમાંના બધા માણુસો માર્યા ગયા હતા. વિમાન એ. સી. ૧૨૪ ગ્લોબમાસ્ટર, જે ટેકસાસના સાટીયોગથી ૧૫ મુસાફરોને લઇને નિકળેલ, અને બીજું નાનું બે એન્જીનવાળું વિમાન હતું, જેમાં ત્રણુ મુસાફરો હતા. બન્ને અથડાતાં કોઈ બચ્યું નથી. ખરેખર મૃત્યુ દેશ, કે કાલથી પર છે. ગમે ત્યારે માનવને ઝડપી લે છે. અમદાવાદ ખાતે આગેવાન જૈન સદ્ગૃહસ્થોની એકનિષ્ઠ તથા શુભ કામનાના અથાગ બલથી પૂ૦પાદ શાસનના પ્રભાવક તપાગચ્છીય જૈનાચાર્યોનું શુભ સંમેલન ચૈત્ર વદની આખર કે વૈશાખના પ્રારંભે મલનાર છે! જેમાં શાસ્ત્રીયદષ્ટિયે વર્તમાનના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરી, યોગ્ય નિરાકરણુ પર આવી, જૈનશાસન તથા સમાજમાં શ્રદ્ધા, ધર્મપ્રભાવ તથા આરાધનામાં સવિશેષ જાગૃતિ પ્રગટે તેવું વાતાવરણુ પ્રસરે તેવી સર્વ કોઈ પૂજ્યોની મંગલ ભાવના છે. ઉપરોક્ત મંગલભાવના સફલ બનો એજ શાસનદેવ પ્રત્યે પ્રાર્થના !

તા. ૧-૪-૫૮

# સમાચાર સાર

**ધાર્મિક પરીક્ષાઓ તથા મેળાવડાઓ :** મહેસાણા શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાના પરીક્ષક ભાઈ રામચંદ ડી. શાહે તા. ૩-૨-૫૮ થી તા. ૧૬-૨-૫૮ સુધીમાં ઉત્તર ગૂજરાતના નીચેના ગામોમાં ફરી જૈન પાઠશાળાઓની પરીક્ષા લીધી હતી. અને મેળાવડાઓ માટે પણ પ્રેરણા કરી હતી. જેના પરિણામે ઈનામી મેળાવડા પણ સુંદર રીતે થયેલા. જેમાં અભ્યાસકોને તથા શિક્ષક-શિક્ષિકાઓને પણ યોગ્ય પારિતોષિકો અર્પણ થયેલ. મોરવાડા, સૂઈગામ, ભાભેર, ખીમત, નવાડીસા ડીસારાજપુર, આ બધા ગામોની પાઠશાળામાં ભણતા અભ્યાસકોની પરીક્ષા લેવાઇ હતી. પરિણામ સારૂં આવેલ. મેળાવડાઓ થયેલ. ભાભેરમાં ઇનામી મેળાવડામાં અભ્યાસકોને રૂ૦ ૪૦૦ ના ઈનામો અપાયેલ. ધાર્મિક શિક્ષક ભાઇ શ્રી પાનાચંદભાઇને રૂ. ૪૧ પારિતોષિક અપાયેલ, જુનાડીસામાં પાઠશાળામાં શિક્ષક તથા કાર્યવાહકો અંગેના મતભેદ માટે વિચારણા કરવામાં આવેલ.

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મ્હેસાણા તરફથી પરીક્ષક વાડીલાલ મગનલાલ શેઠ તથા કપુરચંદ રણછોડદાસ વારૈયાએ પાલીતાણામાં શ્રી જૈન ગુરૂકુળ, જૈન બાળાશ્રમ, જૈન શ્રાવિકાશ્રમ તથા જૈન બ્રહ્મચર્યાશ્રમની લેખિત તથા મૌખિક પરીક્ષાઓ લીધી હતી.

તા. ૩૦-૩-૫૮ ના રોજ જૈન બાલાશ્રમ તરફથી ઇનામી મેળાવડો પૂ૦ આ૦ શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મ૦ ના સાન્નિધ્યમાં યોજાતાં તેમાં પરીક્ષક તથા અન્ય વક્તાઓનાં ધાર્મિક શિક્ષણ અંગે ભાષણો થયા હતા, તે પછી રૂ. ૧૦૧. નાં ઇનામો કલકત્તાનિવાસી શેઠ મણિલાલ વનમાળીદાસ તરફથી કલકત્તાનિવાસી બાબુ રણજીતસિંહજી નહર એડવોકેટના શુભ હસ્તે વહેંચવામાં આવેલ, બ્રહ્મચર્યાશ્રમમાં પણ ઇનામી મેળાવડો યોજવામાં આવ્યો હતો.

**હિંસા અટકાવવા માટે સહાય જોઇએ :** સુરત જીલ્લામાં ચીખલી, વલસાડ, વાંસદા, ધરમપુર, પારડી તથા મહુવા તાલુકામાં પછાત વર્ગની રાનીપરજ અથવા કાળીપરજ નામની જાત આજે સેંકડો વર્ષોથી ધર્મનાં નામે અજ્ઞાન વ્હેમને વશ થઈ દેવીદેવતાની સમક્ષ બકરા, ઘેટા, વાછરડા અને પાડાની હિંસા કરી રહેલ છે. દેવ-દેવીઓનાં મંદિરોમાં મરઘાઓની પણ હિંસા કરે છે. ને એમ માને છે, કે- આ રીતે માતાને આહુતિ આપવાથી સારૂં થાય છે. આવી ધર્માંધતાના કારણે થઇ રહેલી ઘોર હિંસા સામે નવસારી તાલુકાના ગણેશવડ સીસોદરાના શેઠ ખુમચંદ ગુલાબચંદ શાહની પેઢીના યુવાન જીવદયાપ્રેમી ભાઈ શ્રી ગુણવંતલાલે પડકાર ફેંકયો, ને તેમણે આ હિંસા માટે વ્યવસ્થિત વિરોધ કરવા સામુદાયિક પ્રવૃત્તિ આચરવા મક્કમ નિશ્ચય કર્યો, પરિણામે પશુવધનિષેધક કમિટિની સ્થાપના થઈ છે. જેમાં સારા સારા સેવાભાવિ પ્રતિષ્ઠિત માણસોનો સારો સહકાર મળ્યો છે. આ કમિટિએ ચીખલી તાલુકાના મલવાડા ગામમાં આવેલ 'ચોસઠ જોગણી' માતાના મંદિરમાં થતી હિંસા માટે ખૂબ જોરશોરથી વિરોધ કરતાં તે પાપ કર્મ સદાને માટે બંધ થયું. ને હજારો નિર્દોષ પશુઓને અભયદાન મલ્યું. વર્ષ દરમ્યાન ૧૦ હજાર જીવોની હિંસા ત્યાં થતી હતી. તે તદ્દન બંધ થઈ. એ સિવાય અનેક સ્થલોની જીવહિંસા પણ બંધ થઈ. પણ હજુ ચાર-પાંચ સ્થાનોમાં આ પ્રદેશમાં થતી જીવહિંસા માટે જોરશોરથી પ્રચારની જરૂર છે. ગયા વર્ષે આ પ્રદેશમાં ચાર મંદિરોમાં થતી હિંસા બંધ કરાઈ છે, ને દર વર્ષે ૯૨ હજાર પશુ-પક્ષીઓની હત્યા રોકાઈ છે. હાલ કમિટિ પાસે આર્થિક મુશ્કેલી છે. નાણાંકીય સહાય જો કમિટિને પ્રાપ્ત થાય તો હજારો જીવોને અભયદાન મલે, ને જીવહિંસા રોકાઇ જાય તે માટે કમિટિ જોરશોરથી પ્રચાર કરી શકે તો સર્વ કોઈ જીવદયાપ્રેમી મહાનુભાવોને વિનંતિ છે કે, કમિટિને આર્થિક સારી સહાય કરી, અક્ષય પુણ્ય ઉપાર્જન કરે, આર્થિક સહાય મોકલવાનું સ્થલ : ચીખલી તાલુકા પશુ નિષેધ કમિટિ. ઠે૦ શેઠ ખુમચંદભાઇ ગુલાબચંદભાઇ મુ૦ સીસોદરા (ગણેશવડ) સ્ટે૦ નવસારી. (W. Ry)

**અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવ :** બંગારપેટ (મૈસુરસ્ટેટ) માં જેઠ સુદિ ૬ તા. ૨૪-૫-૫૮ ના શુભ દિવસે પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી

યશોભદ્રવિજયજી ગણીવરશ્રીની શુભનિશ્રામાં અંજન-શલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે. તો જે ભાઇઓને પ્રતિમાજીને અંજનશલાકા કરાવવાની હોય તેમણે વૈશાખ વદી ૬ તા. ૯-૫-૫૮ સુધી પોત-પોતાના પ્રતિમાજી નીચેના સીરનામે મોકલવા વ્યવસ્થા કરવી. શ્રી સંભવનાથ સેવા સમિતિ મુ૦ બંગારપેટ (મૈસુર સ્ટેટ)

**અષ્ટાહ્નિકા મહોત્સવ :** પૂ૦ મુનિરાજ શ્રી ગુણસાગરજી મહારાજ શ્રી (પૂ૦ સ્વ૦ આ૦ મ૦ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ૦ ના શિષ્યરત્ન) આદિ મુનિવરો ભદ્રાવતી, અંતરીક્ષજી, કુલ્પાકજી આદિ તીર્થોની પુણ્યયાત્રા કરી ચાંદા ખાતે પધારતાં સંઘમાં ઉત્સાહની વૃદ્ધિ થઇ હતી, અને અઠ્ઠાઇ મહોત્સવ શ્રી સંઘ તરફથી શરૂ થયેલ, ૧૦ દિવસ સુધી જુદા-જુદા ભાઈઓ તરફથી પૂજાઓ ભણાવાઇ હતી. વ્યાખ્યાન દરરોજ ચાલતું. ફા વદિ ૪ રવિવારના ભવ્ય રથયાત્રા મહોત્સવ ઉજવાયો હતો. જીનમાં વરઘોડો ઉતર્યા બાદ સાધર્મિક વાત્સલ્ય થયેલ. દરરોજ વ્યાખ્યાન ચાલતું હતું. પૂ૦ મહારાજશ્રી અહિંથી વિહાર કરી ભદ્રાવતી થઈ હીંગનઘાટ ચૈત્રી ઓળીની આરાધના કરાવવા ત્યાંના શ્રી સંઘની વિનંતિથી પધાર્યા છે. ચાંદામાં તેઓશ્રીની સ્થિરતા દરમ્યાન આરાધના સારી થઇ હતી. શ્રી ચેનકરણજી ગોલેછા આદિ ધાર્મિક પ્રવૃત્તિઓમાં ઠીક રસ લઇ રહ્યા છે.

**બાલ્યવયમાં અદ્ભુતસ્મરણ શક્તિ :** પૂ૦ મુનિરાજ શ્રી સુબોધવિજયજી મહારાજશ્રીની શુભનિશ્રામાં નખત્રાણાખાતે શ્રી સુપાર્શ્વનાથ જૈન પાઠશાળાનો ઇનામી મેળાવડો શ્રી સંઘ તરફથી ઉજવાયો હતો. મેળાવડાનું પ્રમુખસ્થાન નખત્રાણાના માન૦ ન્યાયમૂર્તિ શ્રી કુંદનલાલ સવાઈલાલ રાણાએ શોભાવ્યું હતું. અનેક અધિકારીઓ પણ આવ્યા હતા. ન્યાયાધીશનાં વરદ હસ્તે જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ઇનામો અપાયા હતા. તે અવસરે પૂ૦ સાધ્વીજી શ્રી દેવેંદ્રશ્રીજી આદિ ઠા૦ની સાથે વિહારમાં રહેતી પાા વર્ષની બાળા શ્રી અંજનાકુમારીએ નાની વયમાં અર્ધ માગધીભાષાના એક હજાર શ્લોકો કંઠસ્થ કરેલ છે, તેમણે ભરસભામાં પૂછવામાં આવતા પ્રશ્નોના સુંદર જવાબો આપી, સહુકોઇને આશ્ચર્યચકિત કરી દીધેલ. પૂ૦ મહારાજ શ્રી નખત્રાણાથી સપરિવાર વિહાર કરી અંગીયા પધાર્યા હતા. ત્યાં પૂજા, પ્રભાવના થયેલ, ને ચાતુર્માસ માટે વિનંતિ થયેલ. જેનો તેઓશ્રીએ સ્વીકાર કર્યો છે. ચૈત્રી ઓળી તેઓશ્રી અંગીયા કરશે.

**શાહપુર ખાતે સ્નાત્ર મહોત્સવ :** શ્રી ચંદ્રદીપક સ્નાત્ર મંડળ મુંબઇના સભ્યોએ શાહપુર (જી, થાણા) ખાતે જિનેંદ્ર સ્નાત્ર મહોત્સવ ભવ્ય રીતે ઉજવ્યો હતો. શેઠ ભાઇચંદભાઇ તરફથી સ્નાત્ર મંડળના સભ્યોને પ્રીતિભોજન આપવામાં આવેલ. સ્નાત્ર મંડળ તરફથી મુંબઇ-ગીરગામ શ્રી ચંદ્રપ્રભ સ્વામીનાં ભવ્ય જિનાલયમાં દરરોજ સ્નાત્ર ભણાવાય છે.

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ :** બનાસકાંઠા જીલ્લામાં આવેલ ઉંબરી ગામમાં પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજશ્રીની વરદ છત્રછાયામાં અભૂતપૂર્વ અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. પૂ૦ શ્રીના સદુપદેશથી મહોત્સવના દિવસોમાં ગામના લોકોએ સદંતર હિંસા બંધ કરી હતી. ઉત્સવના માંગલિક તરીકે શ્રી સંઘે મહા સુદિ ૭ ના સમસ્ત ગામને શીરાનું જમણ આપ્યું હતું. માહ સુદિ ૧૩ થી મહોત્સવની શુભ શરૂઆત થઇ હતી. બહારગામથી લોકો સારી સંખ્યામાં આવ્યા હતા. દશે દિવસની સંપૂર્ણ નવકારશી થયેલ. પૂ૦ આ૦ મ૦ શ્રીનાં પ્રવચનોથી વાતાવરણમાં સુંદર ઉત્સાહ રહેતો, દરરોજ પ્રભુજીનાં કલ્યાણકોની ભવ્ય વિધિઓ થતી. માહ વદિ ૫ ના શુભ દિવસે અમદાવાદવાળા શા ડાહ્યાલાલ પરીખની દીક્ષા થઈ હતી. તેમનું શુભ નામ મુનિશ્રી વારિષેણવિજયજી રાખી, તેમને મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજીના શિષ્ય કર્યા હતા. માહ વદિ ૭ ના શુભ મુહૂર્તે પ્રભુબિંબોનો અંજનશલાકાવિધિ પૂ૦પાદશ્રીનાં વરદ હસ્તે થયેલ. બાદ પ્રભુજીને ગાદી પર બિરાજમાન કરવામાં આવેલ. બપોરે અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર ભવ્ય મહોત્સવ પૂર્વક ભણાવવામાં આવેલ. વિધિવિધાનો અમદાવાદવાળા કાંતિભાઈએ સુંદર રીતે કરાવેલ. પૂ૦ પાદ આચાર્ય મહારાજશ્રીએ માહ વદિ ૧૦ ના રાધનપુર, શંખેશ્વરજી

થઇ અમદાવાદ બાજુ વિહાર કર્યો હતો. પૂ૦ આચાર્ય-દેવશ્રી હાલ અમદાવાદ જૈન જ્ઞાન મંદિર ખાતે બિરાજે છે.

**શ્રી શંખેશ્વરજીનો છરી પાળતો સંઘ:** આદરીયાણા નિવાસી શ્રી વર્ધમાન ઇચ્છાચંદે પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી તિલકવિજયજી ગણિવરશ્રીની શુભનિશ્રામાં છરી પાળતો સંઘ કાઢયો હતો. માહ સુદિ ૧૦ ના સવારે પૂજા, પ્રભાવના અને સંઘ તરફથી નવકારશી થઈ હતી. સુદિ ૧૧ ના સાત વાગે શ્રી સંઘે પ્રયાણ કરેલ, ૯॥ વાગ્યે ઓલેરા સંઘ આવેલ. ત્યાં સંઘનું સામૈયું થયેલ. ઓલેરા સંઘ તરફનો નાસ્તો થયેલ. ત્યાંથી શંખેશ્વરજી શ્રી સંઘ ૧૧॥ વાગ્યે આવેલ. પેઢી તરફથી સામૈયું થયેલ પ્રભાવના સંઘજમણ થયેલ. સુદિ ૧૨ ના સવારે વ્યાખ્યાન, અને બપોરે સાધર્મિક વાત્સલ્ય થયેલ. સુદિ ૧૩ ના પૂ૦ પંન્યાસજી મહારાજશ્રીનાં વરદ હસ્તે સંઘવી વર્ધમાનભાઈ તથા તેમના સુપુત્રી લલિતાબ્હેનને તીર્થમાળ પહેરાવાઇ હતી. બપોરે પૂજા ભણાવાઇ હતી. અમદાવાદથી આવેલ જૈનધર્મ આરાધક મંડળના ભાઈઓએ બન્ને દિવસોમાં પૂજા–ભાવનામાં ભક્તિરસ જમાવ્યો હતો. પૂ૦ મહારાજ શ્રી શંખેશ્વરજી વિહાર કરી સપરિવાર અમદાવાદ પધાર્યા છે.

**ઉપાશ્રયના જીર્ણોદ્ધારની જરૂર છે :** ગુજરાતના છેક છેવાડે આવેલું સૂઇગામ બનાસકાંઠા જીલ્લાનું જૈનોની વસતિવાળું ગામ છે. અને જૈન પાઠશાળા ચાલે છે. તાજેતરમાં મહેસાણાના પરીક્ષક ભાઈ રામચંદ ડી. શાહે પાઠશાળાની પરીક્ષા લીધી છે. પરિણામ ૮૦ ટકા આવેલ છે. પાઠશાળા માટે સેવાભાવે શ્રી ખોડીદાસભાઇ આદિ સારો ભોગ આપે છે. પૂ૦ મુનિરાજ શ્રી ભુવનવિજયજી મહારાજશ્રીની વરદ છત્રછાયામાં ઇનામી મેળાવડો થયેલ. અત્રે ઉપાશ્રય જીર્ણ થયેલ છે. જેના જીર્ણોદ્ધારની જરૂર છે, ધર્મશીલ ઉદારચરિત શ્રીમાનોએ સહકાર આપવાની જરૂર છે.

**રતલામમાં અપૂર્વ જાગૃતિ :** પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સપરિવાર માળવા પ્રદેશમાં પધાર્યા ત્યારથી માળવામાં અપૂર્વ ધર્મજાગૃતિ આવી છે. પૂ૦ મહારાજશ્રી. ઉજ્જૈનથી વિહાર કરી ઉન્હેલ, નાગદા થઈ ખાચરોદ પધારતાં જનતાએ ભવ્ય સામૈયું કરેલ. ઠેર ઠેર ગહુંલીઓ થએલ. જૈન–જૈનેતર ભાઇઓ વ્યાખ્યાનમાં આવેલ. બાદ તેઓશ્રીએ માહ સુદિ ૧૩ ના રતલામમાં પ્રવેશ કર્યો હતો. રતલામનું પ્રખ્યાત બેંડ અને સંયુક્ત જૈન સંઘનું બેંડ પૂ૦ પાદ આચાર્યશ્રીના સામૈયામાં હતું. સમગ્ર શહેરના રાજમાર્ગો ધજા–પતાકાઓ, કાચની કમાનો, કિંમતી વસ્ત્રાલંકારોથી સુશોભિત કરેલા હતા. ઘાસ બજારમાં જરીવાન વસ્ત્રો તથા રોશનીની કમાનો બંધાઇ હતી. જૈન–જૈનેતર સર્વ કોઇ પૂ૦ પાદ આચાર્યદેવશ્રીના સામૈયાને નિરખવા ઉત્સુક દિલે ઉમળકાભેર ભાગ લઇ રહ્યા હતા. રતલામનાં ધૂંધવાતા વાતાવરણમાં પૂ૦ આચાર્યદેવનાં આગમનથી જૈન સમાજમાં આશા તથા ઉત્સાહ વધ્યા હતા. સામૈયું ધાનમંડી, ચૌમુખી પુલ, દાલુમોદી બજાર, માણેક ચોક, ઘાસ બજાર, ચાંદની ચોક ઇત્યાદિ લતાઓમાં ફરી બજાજખાનાના વિશાલ મંડપમાં આવેલ. પૂ૦ શ્રીનાં વ્યાખ્યાનો હિંદી ભાષામાં સચોટ શૈલીમાં થતાં, સર્વ કોઇ હજારોની સંખ્યામાં જનસમૂહ ભાગ લેતો. પ્રવચન બાદ દરરોજ પ્રભાવના થતી. જૈન હાઇસ્કુલમાં શિક્ષકવર્ગ તરફથી આમંત્રણ મળતાં વિદ્યાર્થી જીવનની ફરજો ઉપર વ્યાખ્યાન થયેલ. રતલામની ચાર દિવસની સ્થિરતામાં સમસ્ત જૈન સંઘમાં જાગૃતિ આવી છે. અને પૂ૦ પાદ શ્રીએ માહ વદિ ૧ ના વિહાર કર્તાં શ્રી સંઘ હજારોની સંખ્યામાં વળાવવા ગયેલ. માંગલિક સાંભળી સૌએ પૂ૦ શ્રીને વંદન કરી વિદાય લીધી હતી. પૂ૦ પાદ શ્રી શિવગઢ પધારતાં ૨૫૦ લગભગ સાથે ગયા હતા, પૂજા તથા સાધર્મિક વાત્સલ્ય શા હસ્તીમલજી કેશરીમલજી તરફથી થયેલ.

**અભિનંદન સમારંભ :** મુંબઇ–ઘાટની ચાલ જૈન પાઠશાળાના વિદ્યાર્થિની બ્હેન વીરબાળા હરગોવનદાસ ભાગવતી દીક્ષા અંગીકાર કરનાર હોવાથી તેમને પાઠશાળા તરફથી અભિનંદન આપવાનો ભવ્ય સમારંભ ઘાટની ચાલનાં કંપાઉન્ડમાં તા. ૮–૨–૫૮ શનિવારના રોજ ઉજવાયેલ, શા વીરચંદભાઈ નાગજીભાઇના અધ્યક્ષપદે ધાર્મિક સંગીત આદિનો કાર્યક્રમ

થયેલ. અનેક વક્તાઓએ પ્રસંગોચિત વકતવ્યો કરેલ. બાદ પ્રમુખશ્રીનાં શુભ હસ્તે રૂા, ૧૦૧, તથા શ્રીફળ મુમુક્ષુ બ્હેનને ભેટ આપેલ. તેમજ ઘાટની ચાલના ભાઇઓ તથા પાઠશાળા તરફથી માનપત્ર અપાયું હતું. પ્રમુખશ્રી તરફથી મુમુક્ષુ બ્હેનને કામળી અર્પણ થઈ હતી. મુમુક્ષુના પિતાશ્રી હરગોવિંદદાસ તરફથી પાઠશાળાને રૂા. ૨૦૧ અર્પણ થયા હતા. તા. ૧૦–૨–૫૮ ના શેઠ ડાહ્યાભાઇ ધેલાભાઇના માળાના ભાઇઓ જૈન-જૈનેતર સર્વ તરફથી મુમુક્ષુ ભાગ્યશાળી વીરબાળા બ્હેનનો સન્માન સમારંભ યોજાયો હતો. જેનું પ્રમુખસ્થાન શેઠ ડાહ્યાભાઇએ શોભાવ્યું હતું. માળાના ભાઇઓએ રૂા. ૫૧ મુમુક્ષુ બ્હેનને ભેટ કરેલ.

**વીલેપાર્લાના દેરાસરજીની વર્ષગાંઠ ઉજવાઇ :** અત્રે શ્રી સંઘના વહિવટમાં આવેલ શ્રી ચિંતામણિપાર્શ્વનાથજીનાં દેરાસરની પ્રથમ વર્ષગાંઠનો ઉત્સવ ભવ્યરીતે ઉજવાયેલ. તા– ૨–૨–૫૮ ના પુણ્ય દિવસે બપોરે પંચ કલ્યાણકની પૂજા ધામધૂમથી ઉજવાઈ હતી અને શેઠ નટવરલાલના શુભહસ્તે ધ્વજા ચઢાવાયેલ. રાત્રે દેરાસરની બ્હારના કંપાઉંડમાં આનંદ સમારંભ ઉજવાયેલ. શિક્ષણસંઘવાળા ભાઇ ચીમનલાલ શાહે પ્રાસંગિક વિવેચન કરેલ. સંઘના પ્રમુખ શ્રી હીરાલાલજી શાહે આનંદ વ્યક્ત કરી સંઘની સેવા કરવાની તક માટે તેમ જ તેને યોગ્ય બનવા માટે પોતાની અભિલાષા વ્યક્ત કરી હતી. સંગીત મંડળ તરફથી મનોરંજન કાર્યક્રમ થયો હતો.

**ભગવાન બુદ્ધ પ્રકાશન માટે પ્રયત્ન ચાલુ છે :** શ્રી મહાવીર જૈન સભા. માંડવલાના પ્રધાનમંત્રી શ્રી હીરાચંદ્ર જૈન એક નિવેદનમાં જણાવે છે કે 'ભારતસરકારની સાહિત્ય એકાદમી દ્વારા પ્રકાશિત 'ભગવાન બુદ્ધ' પુસ્તકમાં ભગવાન શ્રી મહાવીરદેવ પર જે માંસાહારનું કલંક આરોપિત કરેલ છે, તે પુસ્તક રદ કરાવવા માટે સમાજે જાગ્રત બની, રીટ અરજી સુપ્રીમકોર્ટમાં કરીને પણ આને અંગે યોગ્ય કરવા તત્પર બનવું જોઇએ તેમ તેઓ નિવેદન કરે છે, ને જણાવે છે કે, આને અંગે રાજસ્થાનના પ્રધાનો, વકિલો, બેરીસ્ટરોની સલાહ પણ અમે લીધી છે. બંધારણને પડકાર કરતાં આ પ્રકાશન માટે દીલ્હીની સુપ્રીમકોર્ટમાં જઈ શકાય છે. એમ તેઓ જણાવે છે.

**ભવ્ય દીક્ષા મહોત્સવો :** વઢવાણ શહેરમાં માહ સુદિ ૧૦ ના પુણ્ય દિવસે બે પુણ્યવાન બ્હેનોનો દીક્ષા મહોત્સવ ભવ્ય સમારંભ પૂર્વક ઉજવાઇ ગયો, શ્રી રાયચંદ ડુંગશીભાઈના પુત્રવધૂ લીલાવતી બ્હેન તથા પૌત્રી બાલબ્રહ્મચારિણી હંસાકુમારીએ પૂ૦ મુનિરાજ શ્રી કંચનવિજયજી મહારાજ શ્રીના વરદ હસ્તે દીક્ષા ગ્રહણ કરી હતી. આ નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થયેલ. આઠે દિવસ પૂજા, અને રાત્રે ભાવના રહેતી. ભાવનામાં સંગીતકાર શ્રી રસિકલાલ પૂર્વ મહર્ષિઓના તથા સતીઓના કથાગીતો સાજ સાથે ગાતા જેથી લોકો સારી સંખ્યામાં લાભ લેતા હતા. શાહ રાયચંદભાઇને ત્યાંથી વર્ષીદાનનો વરઘોડો નીકળેલ. નૂતન દીક્ષીતોનાં નામ સાધ્વીજી શ્રી પૂર્ણકળાશ્રીજી તથા સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી રાખેલ, ને તેમને સાધ્વીજીશ્રી પુષ્પચૂલાશ્રીજીના શિષ્યા–પ્રશિષ્યા કરેલ.

મોરબીમાં બાલબ્રહ્મચારિણી કુ૦ લીલાવતી બ્હેનની દીક્ષા માહ વદિ બીજના પુણ્ય દિવસે પૂ૦ મુનિરાજ શ્રી રોહિતવિજયજી ગણિવરનાં વરદહસ્તે થયેલ છે. દીક્ષાનિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાયો હતો, દરરોજ પૂજા, આંગી અને ભાવનાઓનો કાર્યક્રમ રહેતો. પાંચે દિવસ વરઘોડો, અને આઠે દિવસ સાંજીઓ રહેતી, માહ વદિ ૨ ગુરૂવારના મુમુક્ષુબ્હેન લીલાવતીનો વર્ષીદાનનો ભવ્ય વરઘોડો ચઢયો હતો. પૂ૦ મહારાજશ્રીએ દીક્ષાની વિધિ કરાવી હતી, નૂતન દીક્ષિત બ્હેનનું શુભનામ સૂર્યાંશુયશાશ્રીજી રાખેલ, ને તેમને સા૦ શ્રી સરસ્વતીશ્રીજીના શિષ્યા કર્યાં છે. વદિ ૧ ની સાંજે મુમુક્ષુબેનને શ્રીસંઘ તરફથી, શ્રાવિકા વર્ગ તરફથી તથા જૈન યુવક મિત્ર મંડળ તરફથી માનપત્રો અર્પણ થયા હતા, ને તેમના મંગલમાર્ગની શુભકામના ઇચ્છી હતી સમસ્તસંઘે આ પ્રસંગે ઉત્સાહપૂર્વક ભાગ લઈ મહોત્સવને દીપાવ્યો હતો.

(૩) મુંબઈ નિવાસી શ્રી હરગોવિંદદાસ લહેરચંદના બાલબ્રહ્મચારિણી મુમુક્ષુબ્હેન શ્રી વીરબાળાની દીક્ષાનિમિત્તે મહેસાણાખાતે શ્રી હરગોવિંદદાસ તરફથી મહા વદી ૧૩ થી અઠ્ઠાઇ મહોત્સવ મંડાયો હતો. ફા સુદિ ૧ બુધવારના મંગલ દિવસે ભાગ્યશાલી કુ૦ વીરબાળાના વર્ષીદાનનો ભવ્ય

વરઘોડો ચઢયો હતો. સુદિ બીજના વિજય મુહૂર્તે પૂ૦ ઉપાધ્યાયજી મહારાજ શ્રી દેવેંદ્રસાગરજી મહારાજનાં વરદ હસ્તે દીક્ષા થઇ હતી. નૂતનદીક્ષિતા સાધ્વીજીનું શુભનામ સાધ્વીજી શ્રી વિનીતયશાશ્રીજી રાખી, તેમને પૂ૦ સાધ્વીજી શ્રી તિલકશ્રીજીના પ્રશિષ્યા પૂ૦ સાધ્વીજીશ્રી મૃગેન્દ્રશ્રીજીના શિષ્યા તરીકે સ્થાપન કરેલ. તે પ્રસંગે શેઠ હરગોવિંદદાસ તરફથી લાડુની પ્રભાવના થયેલ. આઠે દિવસ પૂજા તથા ભાવના રાખેલ. પૂજા તથા ભાવનામાં રસિકલાલ ગવૈયા આવેલ. દીક્ષાર્થી બ્હેનને ધાર્મિક શિક્ષણ આપનાર શિક્ષક શ્રી જયંતિલાલ તલકચંદનું સન્માન કરવામાં આવેલ ને રૂા. ૧૦૧, તેમને આપવામાં આવેલ.

(૪) ઝીંઝુવાડા ખાતે શા કેવળશી જેઠીદાસની બાલબ્રહ્મચારિણી સુપુત્રી કુ૦ શ્રી સુશીલા બેનની દીક્ષાનિમિત્તે માહ વદિ ૪ ના અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થયો હતો. માઘ વદિ ૧૧ ના મંગલ મુહૂર્તે પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજય-ઓંકારસૂરીશ્વરજી મ૦ શ્રીનાં વરદ હસ્તે બ્હેન સુશીલાની દીક્ષા થઈ હતી. તેઓનું શુભનામ સાધ્વીજી શ્રી સત્યરેખાશ્રીજી રાખી, તેમને સાધ્વીજી શ્રી સુવર્ણાશ્રીજીના શિષ્યા તરીકે સ્થાપન કરેલ. મુમુક્ષુ કુ૦ સુશીલાબ્હેનને જૈન શાસન મંડળ તરફથી સન્માન માટે ભવ્ય સમારંભ ઉજવી માનપત્ર અર્પણ કરેલ. દીક્ષાના દિવસે નવકારશી થઈ હતી. સન્માન સમારંભમાં 'આત્મબલિદાન' નો સંવાદ ભજવાયેલ. અને શ્રી લાલચંદભાઇ, કાંતિલાલ વૈદ્ય તથા મેજીસ્ટ્રેટ સાહેબ આદિનાં મનનીય વકતવ્યો થયેલ.

**દૈનિક ચેતના પત્રનું ઉપયોગી પ્રકાશન :** રતલામ શ્રી શાંતિનાથજીના દેરાસરને અંગેના પ્રકરણમાં ન્યાયપૂર્ણ, સ્વતંત્ર વિચારો નિર્ભીકપણે પ્રકટ કરી, સર્વ કોઇને સાચી વસ્તુસ્થિતિનું નિદર્શન કરાવવા ઉપરાંત, જૈન સમાજની શાંતિપ્રિયતા, ધૈર્ય તથા ધર્મશીલવૃત્તિનું પ્રેરક દૈનિક 'ચેતના' પત્ર નિયમિત રોજ–રોજના સમાચારો પ્રસિદ્ધ કરે છે. રાજકીય, તથા રાષ્ટ્રીય પ્રશ્નોને પણ ચર્ચે છે. અજૈનસમાજ તરફથી થતા આક્ષેપોનો ન્યાયપુરસ્સર નિડર પ્રતિકાર કરે છે. હીંદી ભાષામાં પ્રગટ થતું મધ્યભારતના જૈનોનું એકમાત્ર દૈનિક ચેતના પત્ર છે, માટે રતલામ પ્રકરણનાં સાચા સમાચારો જાણવા માટે સર્વ કોઇને ઉપયોગી છે. રતલાલ દેરાસરને અંગે ઇંદોર હાઈકોર્ટે આપેલા ચૂકાદાનું હિંદી ભાષાંતર તથા દૈનિક ચેતના પત્ર માટે નીચેના સીરનામે પત્રવ્યહાર કરવો.

'દૈનિક ચેતના' પત્ર સંપાદક : એસ. એલ. જૈન મુ. રતલામ. (મધ્ય પ્રદેશ) વાર્ષિક લવાજમ રૂા. ૧૨ ચૂકાદો મંગાવવા માટે ૪૪ નયા પૈસાની ટીકીટ બીડો.

**સૌરાષ્ટ્રમાં પરીક્ષા તથા પારિતોષિકો ;** જૈન શ્રેયસ્કર મંડળ મહેસાણા તરફથી પરીક્ષક શાહ ખીમચંદ મફતલાલભાઇએ ચાલુ વર્ષના પોષ મહિનામાં લીંબડી, ચુડા, સાયલા, મુળી, થાન, ચોટીલા–ગામોની જૈન પાઠશાળાઓની વાર્ષિક પરીક્ષા લીધેલ. પરિણામ સંતોષકારક આવેલ. શ્રુતજ્ઞાનની ભક્તિ વધે તેમ જ અભ્યાસકોનો ઉત્સાહ વધે માટે ઉપરોક્ત ગામોમાં અનુક્રમે રૂા. ૧૨૫, ૪૧, ૪૧, ૧૫, ૭૫, ૩૧, ૫૧ ના રોકડ રૂા. ના પારિતોષિકો વ્હેંચાયેલ. સદાચારી, ધર્મશીલ તથા સંસ્કારી આત્માઓ તૈયાર થાય તે માટે શ્રી સંઘોએ તથા સંતાનોના માતા–પિતાઓએ કાળજી રાખીને પાઠશાળામાં પ્રગતિ થાય તેમ કરવા આગ્રહ છે.

**મધ્યભારત જીવરક્ષાસમિતિની અપીલ :** સમિતિના માનદ મંત્રિઓ જણાવે છે કે મધ્યપ્રદેશમાં અનેક સ્થાનો પર દેવ–દેવીઓના બલિદાન માટે હજારો મૂક જીવોની હિંસા થઇ રહી છે. સમિતિએ પૂર્વે જુદા જુદા રાજ્યોના કર્મચારીઓને મલીને આ બધી હિંસા બંધ કરાવવા પ્રયત્નો કરાવેલા. દેવાસ સ્ટેટ, ઇંદોર સ્ટેટ, ગ્વાલિયર સ્ટેટ આદિમાં સમિતિએ સફલ પ્રયત્નો કરેલ. હવે એકમ થયા પછી પૂર્વના આદેશોનું પાલન ધર્મસ્થાનોના પંડ્યાઓ કરતા નથી, ને હજારો મૂક જીવોની ક્રૂર હિંસા ધર્મના નામે થઈ રહી છે. વર્તમાન મધ્યપ્રદેશના અધિકારીઓને મલીને ફરી નવેસરથી પૂર્વના આદેશોનું પાલન કરાવી દેવ–દેવીઓને અપાતા જીવોના બલિદાન અટકાવવા પ્રયત્ન કરે છે. સર્વ કોઇ અમારી સંસ્થાને તન, મન

તથા ધનથી સહાય કરી અભયદાનના ભાગી બને— ઠે. મધ્ય ભારત જીવરક્ષા સમિતિ, ૫૯, મહારાની રોડ, ઇંદોર (મધ્ય પ્રદેશ)

**મહાવીર જૈનસભાનાં પ્રકાશનો :** શ્રી મહાવીર જન્મ કલ્યાણક પ્રસંગે સભાએ ગીતોનાં પ્રકાશન પ્રસિદ્ધ કરેલ છે. ૪૦ ન૦ પૈ૦ ની ટીકીટો મોકલી મંગાવો; શ્રી મહાવીર જૈન સભા મુ. માંડવલા (રાજસ્થાન)

**વરલમાં ધર્મારાધના :** પૂ૦ મુનિરાજ શ્રી માનતુંગવિજયજી મહારાજશ્રી દીહોરથી અત્રે પોષ સુદિ ૩ ના પધાર્યા હતા. તેઓશ્રીની શુભ પ્રેરણાથી શ્રી જૈન બાળ સમાજ તથા બાળ આરાધક મંડળનો છ માસિક મેળાવડો યોજાયેલ. ચંદનબાળાના અભિગ્રહપૂર્વકના અઠ્ઠમો થયેલ અને મેરૂત્રયોદશીના દિવસે શ્રી સંઘ સહિત શ્રી સિદ્ધાચલજીની યાત્રા જુહારવા સર્વ ગયેલ. દેરાસરજીમાં ઘીના દીવા માટે બાર મહિના સુધી ઘી સંઘમાંથી સર્વેએ આપવાનું નક્કી કર્યું.

**ધરણગામમાં પ્રતિષ્ઠા મહોત્સવ :** પૂર્વ ખાનદેશમાં અમલનેર તથા જલગામની વચ્ચે આવેલા ધરણગામમાં શ્રાવકભાઇઓના થોડા ઘરો છે. તેઓની ભાવના જિનમંદિર માટે થતાં પ્રભુભક્તિથી પ્રેરાઇને તેઓએ રમણીય જિનાલય બંધાવી, પ્રભુપ્રતિષ્ઠા માટે મહોત્સવ ઉજવવાનું નક્કી કર્યું. આ માટે પૂ૦ પાદ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયયશોદેવસૂરીશ્વરજી મહારાજશ્રીને સપરિવાર વિનંતિ કરતાં તેઓશ્રી અત્રે પધાર્યા હતા. તેઓશ્રીનાં વરદ હસ્તે ભવ્ય મહોત્સવ પૂર્વક ફા. સુદિ ૯ ના શુભ મુહૂર્તે જિનાલયમાં પ્રતિષ્ઠા થઈ, પૂ૦.સાધ્વીજી શ્રી હંસાશ્રીજી આદિ ઠા. ૯ પણ આ શુભ પ્રસંગે પધાર્યા હતા. પ્રતિષ્ઠાના દિવસે નવકારશી થયેલ હજારો માણસો મહોત્સવ પ્રસંગે પધાર્યા હતા. આ પ્રસંગે દિગંબર ભાઇઓએ તથા સ્થાનકવાસી ભાઈઓએ સારો સહકાર આપ્યો હતો.

**સ્વર્ગવાસ નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ :** ઝીંઝુવાડા શ્રી સંઘના આગેવાન કાર્યકર ધર્માનુરાગી વોરા સવચંદ ઇચ્છાચંદભાઇનું દુઃખદ અવસાન માહ વદિ ૯ ના થયેલ. સદ્‌ગત ધર્મપ્રેમી તથા સંઘમાં આગળ પડતો ભાગ લેનાર ધર્મપરાયણ હતા. તેઓના અવસાન નિમિત્તે માહ વદિ ૧૦ ના શ્રી સંઘ તરફથી પાખી પાળવામાં આવેલ. તેઓના શ્રેયાર્થે તેમના સ્વજનો તરફથી અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાયેલ, ફાગણ સુદિ ૬ ની નવકારશી થઇ હતી, પૂજા, આંગી તથા પ્રભાવના થયેલ.

**શ્રી કેશરીયાજી તીર્થ માટે ક્યારે જાગીશું ? :** શ્રી ભાઈલાલ રીખવચંદ શાહ શ્રી કેશરીયાજી તીર્થની યાત્રાયે જઇને આવ્યા પછી, તેમણે જે હકીકત નજરે જોઈ છે. તે માટે જૈન સમાજને તેઓ અપીલ કરતાં જણાવે છે કે, (૧) શ્રી કેસરીયાજી તીર્થના મુખ્ય જિનાલયના શિખર પર વિધિ મુજબ ધ્વજદંડ નથી ફક્ત વાંસ પર ત્રિકોણ ધજા ચઢાવેલ છે. જૈન મંદિરના શિખર પર આ કેમ શોભે? (૨) દેરાસરમાં ૨૪ કલાક પોલીસો પડયા પાથર્યા રહે છે, ચા, બીડીનો ત્યાં ધૂમ વપરાશ કરી જિનાલયમાં ઘોર આશાતના તેઓ કરી રહ્યા છે. (૩) સંભળાય છે કે, સોનાના ૭૧૧ાા તોલાના ભગવાનના આભૂષણો સંત્રીઓના પહેરા વચ્ચે ગૂમ થયા છે, આ કેવી રીતે બન્યું ? ને આમાં કોણ જવાબદાર હશે ? (૪) આપણી આરતી આપણે બોલીએ છીએ તો પંડયા ઝુંટવી લે છે. (૫) આપણી ધર્મશાળામાં હિંદુ લોજ ચાલે છે, ને જૈન ભોજનશાળા માટે ભાડાના મકાનો શોધવા પડે છે (૬) આપણી જૈન પેઢીમાં વાસણ, ગોદડાં પેઢીના મુનિમ જૈન યાત્રાળુઓને આપે છે. તેમાં પણ પંડયાઓ હેરાનગતિ કરે છે.

સ્વતંત્ર ભારતનાં રાજ્યતંત્રમાં સોલમી સદીની ધર્માંધતાને ભરમાવે તેવા આ પ્રસંગો, આપણે માટે તો શું પણ ભારતીય પ્રજાજન માટે પણ ખરેખર શરમજનક ગણાય !

**જૈન બોર્ડીંગના વિદ્યાર્થીનું સન્માન :** વીશાશ્રીમાલી જૈન વિદ્યાર્થી ભવન—મહેસાણાના વિદ્યાર્થી ભાઇ રમણલાલ ચંદુલાલ ધોલાસણવાલા જેઓની વય ૧૩ વર્ષની છે, તેમણે લીંચ ખાતે પૂ૦ મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજશ્રીની શુભનિશ્રામાં થયેલ ઉપધાનતપમાં પ્રવેશ કરી, પૂર્ણ ઉત્સાહ વચ્ચે છઠ્ઠ અઠ્ઠમ તપશ્ચર્યા સાથે ઉપધાનતપને નિર્વિઘ્ને પાર કરીને માલા પહેરી, તે નિમિત્તે-વિદ્યાર્થીભવનના વિદ્યા-

થી એ તરફથી તા. ૧૭-૨-૫૮ ના રોજ શેઠ શ્રી કેશવલાલ કેવળદાસના અધ્યક્ષપદે તેમનું સન્માન કરવા ભવ્ય સન્માન સમારંભ ઉજવાયો હતો. પ્રમુખશ્રીના શુભ હસ્તે બાલ તપસ્વીને સુંદર ફ્રેમમાં મઢેલું અભિનંદન પત્ર સમર્પણ કરવામાં આવેલ.

**જૈન શાંતિનિકેતન-પાલીતાણાની મુલાકાતે :** શ્રી સિદ્ધગિરિજી તીર્થની તલાટીમાં ગિરિવિહાર બંગલામાં સ્થાપન થયેલી (શ્રી જૈન શ્વે૦ મૂ૦ જૈનગૃહસ્થોની આત્મ કલ્યાણ કરવા માટે) શ્રી જૈન શાંતિનીનિકેતન સંસ્થાની મુલાકાતે તા-૧૭-૨-૫૮ ના રોજ શેઠ આ૦ ક૦ પેઢીના પ્રમુખ શેઠ કસ્તૂરભાઇ લાલભાઇ, તથા અન્ય ટ્રસ્ટી મંડળ પધારેલ. ઉપરોક્ત સંસ્થાની ઉણપ જૈન સમાજમાં હતી, તે પૂરી થયેલી જોઇ સર્વેએ આનંદ વ્યક્ત કર્યો હતો.

**રતલામ પ્રકરણમાં હજુ જૈનો પ્રત્યે દ્વેષ :** એક બાજુ કોંગ્રેસ જાતિ કે ન્યાતિ, ધર્મ કે સાંપ્રદાયિકતાનો વિરોધ કરે છે, બીજી બાજુ સાંપ્રદાયિકતાની અંધતા કેળવી કેટ-કેટલો અન્ય સંપ્રદાયો પ્રત્યે દ્વેષ કેળવે છે, તેનું તાજું દૃષ્ટાંત હમણાં રતલામપ્રકરણમાં કોંગ્રેસ સંસ્થાએ ભજવેલો ભાગ પૂરે છે. શ્રી પ્રેમચંદજી રાઠોડ જૈન છે, ને આ૦ શ્રી રાજેન્દ્રસૂરિ સ્મારક સમિતિના સભ્ય છે, આ કારણે રતલામ જિલ્લા કોંગ્રેસ કમિટિએ તેમને સભ્યપદેથી દૂર કર્યા છે. શું સ્મારક સમિતિના સભ્યપદે રહેવું એ કોંગ્રેસની શિસ્તભંગ કહેવાય ? જ્યારે ચૂંટણી આવે ત્યારે ન્યાત તથા જાતના નામે ઉમેદવારોને ઉભા કરી, ન્યાત, જાતના લાગવગ બળથી ચૂંટણી જીતવા તેનો ઉપયોગ કરનાર કોંગ્રેસ આજે કયા મુખે આ પ્રેમચંદજી રાઠોડને જીલ્લાસમિતિમાંથી બરતરફ કરવાના પગલાનો બચાવ કરી શકે ? તો જૈન કોન્ફરંસ, આણંદજી કલ્યાણજીની પેઢી, કે તેવી જ ધાર્મિક સંસ્થાના સભ્યો કોંગ્રેસના સભ્યપદે રહેવા માટે પણ અધિકાર ન રાખી શકે ? આ કેવું અરાજકશાહી પગલું ?

**૧૦૦ ઓળીનું પારણું અને ભવ્ય મહોત્સવ:** પૂ૦ વયોવૃદ્ધ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજશ્રીની વરદ છત્રછાયામાં શ્રી શંખેશ્વરજી મહાતીર્થમાં તપસ્વી પૂ૦ મુનિરાજ શ્રી પ્રબોધવિજયજી મ૦ તથા પૂ૦ તપસ્વી મુનિરાજ શ્રી દર્શનવિજયજી મ૦ શ્રીને ૧૦૦ મી વર્ધમાનતપની ઓળીનું પારણું માહ વદિ ૧ ના પુણ્ય દિવસે નિર્વિઘ્ને થયું છે. દીર્ઘ તપશ્ચર્યાની નિર્વિઘ્ન પૂર્ણાહુતિનો અઠ્ઠાઇ મહોત્સવ સમી જૈનસંઘ તરફથી શરૂ થયેલ. વદિ ૧ ના શાંતિસ્નાત્ર તથા સ્વામિવાત્સલ્ય થયું હતું.

**ભારતીય જૈન સ્વયંસેવક પરિષદ :** પરિષદનું આઠમું અધિવેશન વરકાણા મુકામે તા. ૧૯ તથા ૨૦-૨-૫૮ ના મલ્યું હતું. મારવાડ, મેવાડ, ગુજરાત આદિ સ્થલોયેથી સારી સંખ્યામાં કાર્યકરો એકત્ર થયેલ. માલેગામનિવાસી શ્રી મોતીલાલ વીરચંદભાઈના અધ્યક્ષપદે પરિષદે ૧૦ ઠરાવો કરેલ. પરિષદને બોડેલી પરમાર ક્ષત્રિય જૈન સભાએ આગામી અધિવેશન માટે આમંત્રણ આપેલ છે.

**યુરોપીય મહિલાની ભારતીય જનોને ચેતવણી :** કુમારી જેટર ઈરવીન જેઓ યુરોપના વતની છે. તેમણે મુંબઈ ખાતે એક સમારંભમાં બોલતાં આપણા ભારતીય લોકોમાં માંસાહારનો જે શોખ વધી રહ્યો છે. તે માટે ચેતવણી આપતાં તેમણે જણાવ્યું હતું કે, 'મને દુઃખની વાત એ લાગે છે કે, ભારતના ઘણા યુવાન વિદ્યાર્થીઓ યૂરોપ અમેરિકા જાય છે, અને તેઓ શાકાહારી હોવા છતાં માત્ર શોખથી કે પછી દેખાદેખીથી ધીમે ધીમે માંસાહારી થતા જાય છે. અને જ્યારે તેઓ ભારત પાછા ફરે ત્યારે પૂરા માંસાહારી થઇ ગયા હોય છે.' કુમારી ઇરવીનને ખબર નહિ હોય કે, આજે અમારી એ શરમ છે કે, ખુદ ભારતમાં અહિંસાની મોટી-મોટી વાતો કરનાર કોંગ્રેસ અને તેની સરકાર માંસાહારનો ધૂમ પ્રચાર કરી રહેલ છે, ને અમારા કેટલાયે આગેવાન ગણાતા જૈન ભાઇઓ કોંગ્રેસના આ પ્રચારને નીચી મૂંડીએ સમ્મતિ આપવા જેવું મૌન સેવી રહ્યા છે.

**મુંબઇ તરફ વિહાર :** પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરશ્રી પૂ૦ મ૦ શ્રી સુબુદ્ધિવિજયજી ગણિવર આદિ ખંભાતથી માહ સુદિ ૧૩

ના સાંજે વિહાર કરી, શકરપરા પધાર્યા હતા. ખંભાતનો સમસ્ત સંઘ પૂ૦ પાદશ્રીને વળાવવા આવેલ હજારોનો જનસમૂહ ગવારા દરવાજાના નાકે આવેલ પૂ૦ શ્રીએ મંગળાચરણુ બાદ ધર્મસંદેશ ખંભાત શ્રી સંઘને આપ્યો હતો. પૂ૦ શ્રી વટાદરા, ધર્મજ થઇ બોરસદ પધાર્યા હતા. બોરસદમાં માહ વદિ ૬ ના પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજશ્રીની સ્વર્ગારોહણુ તિથિ પૂ૦ પંન્યાસજી મ૦ શ્રી પ્રવીણુવિજયજી ગણિવરશ્રીની અધ્યક્ષતામાં ઉજવાયેલ. પૂ૦ મહારાજશ્રીએ ૧ા કલાક સુધી પૂ૦ સ્વર્ગીય સૂરિદેવશ્રીના જીવન પ્રસંગો પરથી વર્તમાન સમાજને યોગ્ય માર્ગદર્શન આપવા ઉપરાંત વર્તમાન રાજકીય વાતાવરણુમાં આધ્યાત્મિક સંસ્કૃતિનો ઇરાદાપૂર્વક જે વિનાશ કરાઇ રહ્યો છે, તેને અંગે સચોટ પડકાર કરેલ. ત્યાંથી માહ વદિ ૮ ના વિહાર કરી, છાણી વડોદરા પધાર્યા હતા, પૂ૦ મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજ ઠા૦ ૨, ખંભાતના ભંડારોના કામકાજને અંગે રોકાયા હતા, તેઓ પૂ૦ શ્રીની સેવામાં આવી ગયા હતા. પૂ૦ મહારાજશ્રીએ માતર, ખેડા, નડીયાદ, રોકાઇ. પૂ૦ પાદ આચાર્યદેવશ્રીની આજ્ઞાનુસાર ફા૦ વદિ ૧૧ ના નડીયાદથી મુંબઇ બાજુ વિહાર કરેલ છે.

**ગોધરા થઇ નડીયાદ તરફ :** પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ શ્રી સપરિવાર ગોધરા ખાતે માહ વદિ ૦)) ના પધાર્યા હતા. ગોધરા સંઘમાં આબાલવૃદ્ધ સર્વકોઇનો ઉત્સાહ અમાપ હતો. સમગ્ર ગોધરા શહેરને જૈન યુવાનોએ રાતના ઉજાગરા કરીને શણુગાર્યું હતું. ભવ્ય ઠાઠમાઠથી પૂ૦ પાદશ્રીનો નગરપ્રવેશ થયો હતો. ઠેર-ઠેર ગહુંલીઓ થયેલ. વ્યાખ્યાનમાં હજારોનો માનવસમૂહ એકત્ર થયેલ. ત્રણુ દિવસની સ્થિરતા દરમ્યાન શહેરમાં વાતાવરણુ ધર્મમય બન્યું હતું. પૂ૦ પાદશ્રીએ સુદિ ૪ ના નડીયાદ તરફ વિહાર કર્યો હતો. માઇલો સુધી શ્રી સંઘ વળાવવા આવેલ. ડાકોર, ચૂણેલ આદિ થઇ પૂ૦ આચાર્ય મહારાજશ્રી નડીયાદ ફા૦ સુદિ ૭ ના પધાર્યા હતા. પૂ૦ પં. મ૦ શ્રી કનકવિજયજી ગણિવરશ્રી આદિ મુનિ પરિવાર તથા શ્રી સંઘ સામે ગએલ. ભવ્ય સામૈયા સહ પૂ૦ પાદશ્રીનો નગરપ્રવેશ થયેલો. ચોકના વિશાલ મંડપમાં વ્યાખ્યાન થયેલ. સાવરકુંડલા નિવાસી શેઠ અમરચંદ કુંવરજીભાઇ તરફથી પ્રભાવના થયેલ. એ દિવસ જાહેર પ્રવચનો થયેલ. જૈન-જૈનેતર લોકોએ સારો લાભ લીધો હતો.

## મુંબઇથી ગુજરાત તરફ :

પૂ૦પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ તથા પૂ૦ મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજ સપરિવાર મુંબઇથી વિહાર કરી અગાસી, સોફાલા થઇ પાલઘર પધારતાં વ્યાખ્યાનો થયેલ. ત્યાંથી ઢેણુ, બોરડી પધારતાં બોરડીમાં શાનદાર સામૈયું થયેલ. જાહેર વ્યાખ્યાનો થયાં, કાલુરામજી નાહરને ત્યાં તેઓશ્રીએ પગલાં કર્યાં. ઉપાશ્રયની આવશ્યકતા જણાતાં તેઓશ્રીએ પ્રેરણા કરતાં તેમના ધર્મપત્ની ભૂરીબહેને રૂ. ૧૧ હજાર આપવા જાહેરાત કરી હતી. વાપીમાં ભવ્ય સ્વાગત થયેલ. ત્યાં પૂ૦ આચાર્યદેવશ્રીએ તથા પૂ૦ મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજે પ્રભાવશાળી પ્રવચનો આપેલ. ત્યાંથી બગવાડા પધારતાં હાઇસ્કૂલના ૭૦૦ વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન કરેલ. સાંજે પ્રશ્નોત્તરી થઇ હતી. ત્યાંથી વિહાર કરતાં નવસારી પધાર્યા, નવસારીમાં પૂ૦શ્રીનું પ્રવચન થયેલ. બપોરે શ્રી અષ્ટાપદજીની પૂજા ભણાવાઇ હતી. સાંજે વ્યાખ્યાન આપેલ. ત્યાંથી સુરત પધારતાં શાનદાર સ્વાગત થયેલ, નેમુભાઇની વાડીએ પધાર્યા હતા ૧ા દિવસની સ્થિરતામાં ત્રણુ પ્રવચનો થયેલ. અને મુનિરાજશ્રીએ એની બેસંટ હોલમાં કાવ્યમય પ્રવચન આપ્યું હતું. વકીલો અને અધિકારીઓએ સારો લાભ લીધો હતો. સુરતથી વિહાર કરેલ. સાયણુ, અંકલેશ્વરમાં પ્રવચનો થયા. વડોદરા અને છાણીમાં પણુ જાહેર જનતાએ સારો લાભ લીધો હતો. ત્યાંથી આણુંદ થઇ નડીઆદ પધારતાં ભવ્ય સ્વાગત થયું હતું. ટાઉનહોલમાં પૂ૦ પં૦ શ્રી કનકવિજયજી ગણિ-

વરશ્રીની અધ્યક્ષતામાં 'સત્સંગનો મહિમા' એ વિષય પર પૂ૦ મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજશ્રીએ પોતાની કાવ્યમય શૈલીમાં મધુર કંઠે જાહેર પ્રવચન ફાગણ વદિ ૧૦ ના આપ્યું હતું. જનતાએ સારો લાભ લીધો હતો.

**માતરમાં ધર્મમહોત્સવ :**

પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ શ્રી સપરિવાર ખંભાતથી ફા૦ સુદિ ૯ ના વિહાર કરી, ફા. સુદિ ૧૦ના માતરતીર્થે પધાર્યા હતા. તે જ દિવસે પૂ૦ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરિજી મ૦ પણ પધાર્યા હતા. બંન્ને પૂ૦ આચાર્યદેવોનું ભવ્ય સામૈયું થયેલ. જીનમાં પ્રવચન ખાસ બાંધેલા વિશાલ મંડપમાં થયું હતું. શનિ રવિવાર બન્ને દિવસોમાં હજારો ભાઈબ્હેનો ખંભાત, પેટલાદ, વડોદરા, ખેડા, અમદાવાદ આદિથી પૂ૦ શ્રીનાં દર્શનાર્થે આવેલ. બન્ને દિવસોમાં ત્રણે ટંક અમદાવાદના સદ્ગૃહસ્થો તરફથી ભક્તિ થયેલ. સુદિ ૧૩ ના બન્ને પૂ૦ આચાર્યદેવો ખેડા પધારતાં ભવ્ય સ્વાગત થયેલ. હાઈસ્કુલના ચોકમાં વિશાલમંડપમાં જાહેર પ્રવચનો થયેલ. બહારગામથી આવેલ ભાઈ-બ્હેનોની ભક્તિ શ્રી સંઘ તરફથી થયેલ.

**શિવ ખાતે ઉપાશ્રય :**

પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજ તથા પૂ૦ પાદ આ૦ મ૦ શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં શિવ (મુંબઈ) ખાતે પ્લોટમાં નુતન ઉપાશ્રયનું ખાતમુહૂર્ત મૂળીવાળા શ્રી ચીમનલાલભાઈ તરફથી થયેલ. ટીપમાં સારી રકમ થઈ હતી. પૂ૦ મુનિરાજ શ્રી યશોવિજયજી મ૦ શ્રીની પ્રેરણા સારી હતી. ફા. સુદ ૧૫ ના શેઠ ધીરજલાલ નરશીદાસ તરફથી શ્રી અરિહંત ભગવંતનું મહાપૂજન થયેલ. પૂ૦ પાદ આચાર્ય દેવોએ ફા. સુદિ ત્રીજના અમદાવાદ તરફ વિહાર કર્યો છે, તેઓશ્રી અમદાવાદ ખાતે ચૈત્ર વદમાં પધારશે.

**અમદાવાદ ખાતે ભવ્ય પ્રવેશ મહોત્સવ**

પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ તથા પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ બન્ને પૂ૦ આચાર્યદેવોનો વિશાલ પરિવાર સાથે ભવ્ય પ્રવેશ ફા. વદિ ૪ ને રવિવારના અમદાવાદ ખાતે થયો હતો. રાજનગરના શ્રીસંઘે આ મહોત્સવને સુંદર રીતે ઉજવેલ. નગરશેઠના વંડેથી સામૈયું ૮-૪૫ કલાકે ચઢયું હતું. જૈન-જૈનેતર પ્રજા હજારોની સંખ્યામાં ટોળે—ટોળા ઉમટતા હતા. જીયા બેંડ, આદિ બેંડો તેમજ સાજનમાં રાજનગરના પ્રસિધ્ધ શ્રેષ્ઠીવર્યોથી સામૈયાની શોભા અદ્વિતીય બની હતી. ઠેરઠેર ગહુંલિઓ થઈ હતી. રીલીફરોડ, રતનપોળ માણેકચોક થઈ મહાવીરસ્વામીનાં દેરાસરે દર્શન કરી, વિદ્યાશાળા થઈ જૈનજ્ઞાનમંદિર ખાતે સામૈયું ઉતર્યું હતું. પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીએ મંગલાચરણ કરેલ. બાદ પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીએ ૧।। કલાક પ્રવચન આપેલ. એક વાગ્યે પ્રભાવના લઈ સર્વે વિખેરાયા હતા.

ચૈત્ર સુદિ ૧ ના મંગલ દિવસે પૂ૦ આ૦ મહારાજ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ૦ પૂ૦ આચાર્ય મહારાજ શ્રી શાંતિચંદ્રસૂરીશ્વરજી તથા પૂ૦ આ૦ મ૦ શ્રી ઓંકારસૂરશ્વરીજીનું ભવ્ય સામૈયું રાજનગર ખાતે થયું હતું. હજારોની સંખ્યામાં લોકો ઉલટયા હતા. પૂ૦ પાદ આ૦ મ૦ શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ શ્રી સપરિવાર જૈન વિદ્યાશાલામાં પધાર્યા હતા.

તેઓશ્રીનાં પ્રવચનો ચાલુ છે. ચૈત્ર સુદી ત્રીજ રવિવારના દિવસે બપોરે પૂ૦ મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજનું કાવ્યમય પ્રવચન 'નવકાર મંત્રનો મહિમા' એ વિષયપર ભવ્ય અને પ્રભાવશાલી થયેલ. ચતુર્વિધસંઘે સારો લાભ લીધેલ.

**૧૦૦મી ઓળીના પારણાનો મહોત્સવ :**

તપસ્વી પૂ૦ મુનિરાજ શ્રી મહાનંદવિજયજી મહારાજને ૧૦૦ વર્ધમાન તપની ઓળી તથા પહેલી પાંચ નવી ઓળીની નિર્વિઘ્ન પૂર્ણાહુતિના પુણ્ય પ્રસંગે અઠ્ઠાઇ મહોત્સવ-શાંતિસ્નાત્ર ભવ્ય રીતે ઉજવાયેલ. જૈન જ્ઞાનમંદિર ખાતે દરરોજ પૂજા, ભાવના રહેતી. ખારા કુવાની પોળના નાકે રીલીફરોડ પર વિશાળ મંડપમાં તપધર્મ અંગે પૂ૦ પાદ આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીનાં પ્રવચનો થતાં. ચૈત્ર સુદિ ૧ ના શાંતિસ્નાત્ર મહોત્સવપૂર્વક ભણાવાયેલ.

**શ્રી કેશરીયાજીનો સંઘ નીકળ્યો :**

પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજશ્રી સપરિવાર કાનપુરથી વિહાર કરી ઝાંસી, દેવાસ થઇ ઉજ્જૈન પધારતાં શ્રી સંઘે ભવ્ય સામૈયું કરેલ. નવા ઉપાશ્રયમાં પૂ૦પાદશ્રીનાં પ્રવચનો થતાં જનતાએ સારો લાભ લીધેલ. ફાગણ વદ ૭ ના શેઠ હસ્તીમલજીએ ઉભા થઇ શ્રી કેશરીયાજીનો સંઘ કાઢવાની પોતાની ભાવના વ્યક્ત કરી, પૂ૦ પાદશ્રીએ સંમતિ આપતાં ને પૂ૦ પાદશ્રીને તે સંઘમાં પધારવા વિનંતિ આગ્રહપૂર્વકની થતાં પૂ૦ પાદશ્રીની શુભ નિશ્રામાં શેઠ ભાનુમલજી હસ્તીમલજી તરફથી ચૈત્ર સુદિ ૭ ના શ્રી કેસરીયાજીનો સંઘ નીકળ્યો હતો. શ્રી સંઘ નવાપરા થઈ અવંતી-પાર્શ્વનાથજીની યાત્રા કરી કેસરીયાજી જશે, બાદ પૂ૦ પાદ આચાર્યદેવશ્રી સપરિવાર અમદાવાદ પધારશે.

**રતલામ પ્રકરણ કોર્ટની દેવડીયે :**

ઇંદોર હાઇકોર્ટમાં સનાતન ધર્મ સભાના મંત્રી શ્રી ભાગીરથ વેરાનો બદનક્ષી કેસ તા. ૧૭-૩-૫૮ ના ચાલતા બન્ને પક્ષના વકિલોની રજુઆત થઈ હતી, જેનો ફેંસલો મોકુફ રહ્યો હતો. રતલામના કલેકટર તથા તહસીલદાર વિરૂધ્ધ બદનક્ષી કેસ શરૂ થઇ ગયેલ છે. બન્ને પક્ષ તરફથી જવાબો થઈ ગયા છે. સંયુક્ત જૈન સંઘના કાર્યકરો ઉપર રતલામ કોર્ટમાં જે કેસ ચાલે છે, તે કેસ ઇંદોર હાઇકોર્ટમાં ફેરવવા અરજ કરેલી છે, જેનો હવે પછી ચૂકાદો આવશે. ૨૮-૩-૫૮

**રાજકોટ** શહેરમાં શ્રી કાનજીસ્વામી શાસ્ત્રોથી વિરૂધ્ધ પ્રવચનો આપતા હોવાથી તેમની સાથે ચર્ચા-વિચારણા કરવા માટે તપગચ્છ સંઘના તેમજ સ્થાનકવાસી સંઘના આગેવાનોની સહીથી એક પત્ર શ્રી રામજીભાઇને આપવામાં આવ્યો હતો પણ તેમની રીતરસમ મુજબ કશો જવાબ વાળવામાં આવ્યો નથી. નિશ્ચયનયને આગળ ધરી કાનજીસ્વામી લોકોને ભ્રમમાં નાંખે છે, તો ચેતતા રહેવાની જરૂર છે.

**ધાનેરા** : પૂ૦ પ્રવર્તક શ્રી ચંદ્રવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં શ્રી નવપદ ઓળીની આરાધના સુંદર રીતે થઇ હતી. ક્રિયા સહિતની ઓળી કરનારની સંખ્યા ૧૫૪ ની હતી. નવે દિવસ પૂજા, આંગી, પ્રભાવના વગેરે થયું હતું. ઓળી જોગાણી ચીમનલાલ લલ્લુભાઈ તરફથી થઇ હતી. નવે દિવસમાં એકંદર ૨૦૦૦ આયંબિલ થયાં હતાં.

**ખંભાત :** શ્રી તપગચ્છ અમર જૈન શાળાના તત્ત્વજ્ઞાન વર્ગના વિદ્યાર્થીઓની 'નવ તત્ત્વ સાર્થની પરીક્ષા' શ્રી વાડીલાલ મગનલાલ શેઠના પ્રશ્નપત્ર પરથી લેવામાં આવી હતી. સો ટકા પરિણામ આવ્યું હતું. શેઠ શ્રી રમણલાલ દલસુખભાઇ તરફથી ૧૨૩) રૂા. નું ઇનામ વહેંચાયું હતું.

**રહિમતપુર :** સાધ્વી શ્રી હેમશ્રીજી મહારાજના સ્વર્ગવાસ નિમિત્તે મહા શુદ ૧૩ થી મહા વદિ ૭ સુધીનો મહોત્સવ શેઠ મણીલાલ મોતીચંદ તથા શેઠ મુળચંદ તારાચંદ તરફથી ઉજવવામાં આવેલ.

**પાલીતાણા :** ચૈત્ર શુદિ ૧૩ ના રોજ શ્રી મહાવીરસ્વામી જન્મ કલ્યાણક મહોત્સવ શ્રી જૈન-પ્રગતિ મંડળની પ્રેરણાથી ચૌદ સંસ્થાઓના ઉપક્રમે યોજવામાં આવેલ સવારે આઠ વાગે રથયાત્રાનો વરઘોડો, બપોરે પૂજા, અને રાત્રે મનોરંજન કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો.

વરઘોડામાં પૂ૦ આચાર્યશ્રી વિજયદર્શનસૂરિજી મહારાજ ઉપાધ્યાય શ્રી ધર્મવિજયજી મહારાજ આદિ પધાર્યા હતા.

વરઘોડો ઉતર્યા બાદ શ્રી મોતીસુખીયાના વિશાલ હોલમાં પૂ૦ આચાર્યદેવની નિશ્રામાં શ્રી મહાવીર જીવન અંગે મહારાજ સાહેબોએ વ્યાખ્યાન આપ્યું હતું.

## જાણીતા જૈન આગેવાન કુટુંબમાં ભાગવતી પ્રવ્રજ્યા

અમને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે, મુંબઇના અગ્રગણ્ય, શાહ સોદાગર, **રાવબહાદુર શેઠ શ્રી જીવતલાલ પરતાપસી**ના ભત્રીજી બેન **મંજુલા** વૈશાખ સુદ સાતમના પુણ્ય દિને પાલીતાણા મુકામે જૈન સોસાયટીમાં બંધાયેલા ભવ્ય મંડપમાં પ્રવ્રજ્યા સ્વીકાર કરવાનાં છે.

શેઠ જીવતલાલભાઇનાં કુટુંબમાં ધર્મ-સંસ્કારો અપૂર્વ કોટિના છે. શ્રી જીવતલાલભાઈની અપૂર્વ કોટિની ધર્મશ્રદ્ધા, અને અનુષ્ઠાન તત્પરતાએ એમના આખાય કુટુંબને ધર્મવાસનાથી વાસિત કર્યું છે. સાંસારિક ભોગ-વિલાસોની સંપૂર્ણતા હોવા છતાં એમના કુટુંબમાં એ વિલાસી જીવનનો સ્પર્શ નથી. બાહ્ય જગતની સંપત્તિના છાકટા તોફાનો નથી, બલ્કે જીવનની પવિત્રતા અને ધર્મની ફોરમથી એમનું આખુંય કુટુંબ બહેકી રહ્યું છે.

શ્રાદ્ધવર્ય જીવતલાલભાઇના લઘુબંધુ કાન્તિલાલભાઇ હતા. તેમનું આજથી સાત વર્ષ પહેલાં હૃદયરોગથી એકાએક અવસાન થયું હતું, તેમનાં ધર્મપત્ની સુભદ્રાબેન હતાં. તેમનો ધર્મપ્રેમ કોઇ અપૂર્વ કોટિનો હતો આખાય જીવનમાં તેમણે જે આત્મગુણોને વિકસાવ્યા હતા એનો અનુભવ તો એમના પરિચયમાં આવેલ વ્યક્તિ જ સમજી શકે છે.

એમને બે પુત્રો અને બે પુત્રી છે. સૌથી મોટા પુત્ર શ્રી ઈંદ્રવદનભાઈ (હાલ મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી) એ પોતાના ઉપકારી માતુશ્રીએ જન્મથી માંડીને એમનામાં સીંચેલા ધર્મ સંસ્કારોથી ૬ વર્ષ પૂર્વે સંયમ જીવન સ્વીકાર્યું છે.

એમણે સંયમ જીવન લીધાને ૩ વર્ષ થયાં ત્યાં એમના માતુશ્રીને મરડો થયો અને એમાંથી કેન્સર થયું. ૪ મહિના સુધી વેદના સહી, જીવતલાલભાઈએ ઉપચારો કરાવવામાં બાકી ન રાખી, પણ કર્મસત્તાની સામે કોણ બાથ ભીડી શકે છે? લલાટના લખાયેલા લેખ કોણ મિથ્યા કરી શકે છે?

દિવસ ઉપર દિવસ જતા જાય છે. વેદના અસહ્ય બનતી ગઇ, પણ ધર્મનિષ્ઠ સુભદ્રાબેનનો પવિત્ર આત્મા એ વેદનાને સહર્ષ પચાવી ગયો. વેદનાને નીરખનારાના વજ્ર શા હૈયા ઘડીભર

ત્રાસી જાય પણ આ મહાત્માનો કોઈ આત્મપ્રદેશ પણ હાલતો નથી. એકજ અરિહંત દેવનું રટણ, નમસ્કાર મહામંત્રનું જપન અને તેના દ્વારા ઘોર કર્મોનું તપન એ જ એમનું લક્ષ્ય બને છે.

કર્મસત્તાની સામે એમણે સંગ્રામ માંડયો, ગજસુકુમાલાદિ મહર્ષિઓની સજ્ઝાયોના એમણે અમીપાન કર્યાં, પોતાના જ્યેષ્ઠ પુત્રને સંયમ દાન કર્યું, એ સુકૃતની ખૂબ ખૂબ અનુમોદના કરવા લાગ્યાં.

હવે જીવન–નૌકા તીરે પહોંચવા આવી કર્મની સત્તા સામે પડકાર ફેંકતા આ વીરાંગનાએ પોતાની બે પુત્રી અને એક પુત્રને બોલાવ્યા. તેમણે કહ્યું, "મારો અને તમારો આ ક્ષણિક સંબંધ હવે પૂરો થવા આવ્યો છે. તમારા પિતાજી થોડા વખત પહેલાં ગયા હવે હું પણ જાઉં છું પણ તમારી પાસે હું એક અંતિમ માગણી કરૂં છું. 'જે સંસારનો વિષ–વેલો મેં ઊભો કર્યો છે, એને તમે છેદી નાંખજો' મને જીવન જીવવાની આશા છે, કેમ કે મારે તમને સહુને તમારા મોટા ભાઇના પુણ્યપંથે મૂકી દેવા છે. સંસારના પ્રલોભનોની પાછળ ન પડતાં અનંત અવ્યાબાધ સુખને આપનારા એ પવિત્ર સંયમ જીવનને જીવી જીવનને મંગલમય બનાવજો.

અમર આત્માનો એ નશ્વર દેહ ઢળી પડયો. પણ પડતાં અને મરતાં એ ભાવનાએ છેલ્લા જ માસમાં કેઈ કર્મોનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો અને તે સાથે સાથે અનંત કર્મોનું ઉચ્છેદન કરતી પરમ પાવની પ્રવ્રજ્યાના પંથની પોતાની સુશીલ પુત્રીને અંતિમ ભેટ આપી.

ધન્ય હો એ માતાને અને એ મહામૂલી ભેટ સ્વીકારતી એમની પુત્રીને.

એમના એ પુત્રીનું નામ મંજુલાબેન છે. એમની ઉંમર ૨૩ વર્ષની છે. બાલ્યવયથી જ એમના માતુશ્રીએ એના જીવન–વનને ધર્મ સંસ્કારોથી સિંચિત કર્યું હતું. પૂ૦ માતુશ્રીના મૃત્યુ બાદ બહેન મંજુલાની ભાવનાએ વેગ પકડયો. પૂ૦ માતુશ્રીની ઘોરવેદના અને સામે સમત્વ ભાવતી મહાન સાધનાએ એના ભાવના-તંતુને સાધનાના અનુપમ વસ્ત્રમાં ફેરવી નાખ્યાં.

ગૃહસ્થાવાસમાં રહીને બેન મંજુલાએ પ્રકરણાદિનો સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાનો અને કાવ્યોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો છે. ઘેર શિક્ષક રાખીને તેમણે અંગ્રેજી ભાષાનું પણ જ્ઞાન મેળવી લીધું છે.

બહેન મંજુલાના ભાવના ચિત્રને શ્રાધ્ધ-વર્ય જીવતલાલભાઈએ બધી જ જાતની અનુકૂળતા આપીને સુરેખ બનાવ્યું છે, એમના જ્યેષ્ઠ બંધુ વસંતલાલ તથા ચીમનલાલ ભાઈએ અદ્‌ભૂત અનુમોદનાની પીછી ફેરવી છે. લઘુ બંધુ ચંદ્રકાન્ત, નલીનકાન્ત અને પ્રફુલે ઉલ્લસિત મનથી ચિત્રને સુંદર ઉઠાવ આપ્યો છે. નાની બહેન નીરંજના ભાવના ચિત્ર નીરખીને હરખાણી છે, એના બે ભાભી–તારાબેન અને લીલાવતીબેન એ ચિત્રને યોગ્ય સ્થાને ગોઠવી અપૂર્વ આનંદ અનુભવે છે.

આખું ય કુટુંબ અરે! સમસ્ત જૈન સમાજ આ અપૂર્વ પ્રસંગને પ્રાપ્ત કરીને કેમ જાણે કૃતકૃત્ય બની રહ્યો છે.

થોડા જ સમયમાં પાલીતાણાની પુણ્યભૂમિ ઉપર આ કુમારિકા બેન દુર્ધર એવા પંચ–મહાવ્રતોને સ્વીકારશે. આજીવન, ભોગવૈભવોના ત્યાગી બનશે. મા'ની અંતિમ વાણીને આકાર આપશે.

ધન્ય હો એ બેન મંજુલાને! પ્રવ્રજયાના પુનિત પંથની કઠોર યાત્રાને તેઓ નિર્વિઘ્ને પાર પાડે અને માનવ જીવનનું કલ્યાણ સાધે એવું અમે શાસનદેવ પાસે પ્રાર્થીએ છીએ.

# નવા સભ્યોની શુભ નામાવલિ

૨૫) ઝવેરી કાંતિલાલ મગનલાલ મુંબઇ
૨૫) તપગચ્છ જૈન પુસ્તક ભંડાર
હા. શ્રી જાદવજી વેલજી માંડવી
૨૫) ડૉ. એલ. એન. શાહ કુંદરોડી
૨૫) શ્રી રતિલાલ ચુનીલાલ પાલેજ
૨૫) શ્રી ઉમતા જૈન જ્ઞાનમંદિર
હા. શેઠ લાલચંદ છગનલાલ ઉમતા
શ્રી અંબાલાલ ચુનીલાલ શાહની પ્રેરણાથી
૧૧) શ્રી માંગીલાલ ધનાજી કર્ણાવટ ઝાલોદ
શ્રી નટવરલાલ ગુલાબચંદની શુભપ્રેરણાથી.
૧૧) શ્રી માણેકલાલ એન. મહેતા મદ્રાસ
૧૧) શ્રી એન. જે. શાહ સીબાપુર હાવરા
૧૧) શ્રી પ્રવીણચંદ્ર જેઠાલાલ કલકત્તા
૧૧) શ્રી છોટાલાલ જમનાદાસ મુંબઈ-૩
૧૧) શ્રી સમરથલાલ છગનલાલ કલકત્તા
૧૧) શાહ મણીલાલ જેચંદભાઈ વેડ
૧૧) શાહ છગનલાલ પુનમચંદ જૈન તીરૂનેલવેલી
૧૧) શ્રી પુલચંદ કે. શાહ શીવ
૧૧) શ્રી ખેતસી હીરજી માટુંગા
૧૧) શ્રી કનુભાઈ ભાઇલાલ મીયાગામ
૧૧) શ્રી લખમશી હેમરાજ ચાંગા
શ્રી ખીમજી દેવાભાઈની શુભપ્રેરણાથી.
૧૧) શ્રી સારાભાઇ દેવચંદભાઈ બારેજા
૧૧) શ્રી લાવણ્ય પુસ્તકાલય બાલી
૧૧) શ્રી છોટાલાલ ધરમચંદ દેશાઇ ઈડર
૧૧) શ્રી કાંતિલાલ શીવલાલ લુણાવાડા
૧૧) શ્રી રજનીકાંત ચીમનલાલ લુણાવાડા
૧૧) શ્રી ધીરજલાલ તારાચંદ ધારંગણી
૧૧) શ્રી છોટાલાલ અમીચંદ જયપુર
૧૧) શ્રી ખીમજીભાઈ એમ. ભુજપુરીઆ મુંબઇ
૧૧) શ્રી કરશનદાસ પુનમચંદ શાહ મુંબઇ
શ્રી કાંતિલાલ મોહનલાલની શુભપ્રેરણાથી.

૧૧) શ્રી બી. પી. શાહ અમદાવાદ
૧૧) શ્રી કુમાર એજન્સીજ (ઇન્ડીઆ) મુંબઇ
મુનિરાજશ્રી હિરણ્યપ્રભવિજયજી
મહારાજની શુભપ્રેરણાથી.
૧૧) શ્રી ભાણજીભાઈ માણેક સુજાલપુર
શ્રી કસ્તુરચંદ નાનાલાલની શુભપ્રેરણાથી.
૧૧) શ્રી રાજમલ ફોજમલજી દોશી શીરોહી
૧૧) શ્રી ગુલાબચંદ મનરૂપજી વડગામ
૧૧) શ્રી પ્રતાપરાય મારફતીયા મોરબી

પૂ૦ પંન્યાસજી કનકવિજયજી મહારાજના શિષ્યરત્ન પૂ૦ મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

૧૧) શ્રી રમણલાલ બાલુભાઈ શાહ બોરીવલી
૧૧) શ્રી ડાહ્યાભાઈ પ્રેમચંદ શાહ છાણી
૧૧) શ્રી મણીલાલ નરશીદાસ દોશી આણંદ
૧૧) શ્રી હિંમતલાલ વીરચંદભાઇ અમદાવાદ
૧૧) શ્રી ચીમનલાલ પોપટલાલ નડીઆદ
૧૧) શ્રી જયંત કાપડ ભંડાર નડીઆદ
૧૧) શ્રી રમણલાલ ડાહ્યાભાઇ નડીઆદ
૧૧) શ્રી હસમુખલાલ આર. શાહ પાડગોલ
૧૧) શ્રી ડાહ્યાભાઇ ચુનીલાલ લાલપુર
૧૧) શ્રી કપુરચંદ માધવજી મહુવા
૧૧) શ્રી છોટાલાલ દામોદરદાસ પાડગોલ
૧૧) શ્રી શાંતિલાલ મણીલાલ ઝણોર

પૂ૦ મુનિરાજ શ્રી ગુણાકરવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી થયેલા સભ્યોનાં શુભનામો નીચે મુજબ છેઃ—

૧૧) શ્રી મંગળદાસ માનચંદ શાહ મુંબઈ-૩
૧૧) શ્રી પોપટલાલ ડાહ્યાભાઇ ઈડર
શ્રી હીરાબેનના લગ્ન નિમિત્તે
૧૧) શ્રી વજેચંદ છગનલાલ મુંબઈ-૪૧
૧૧) શ્રી મણીલાલ ચુનીલાલ ઈડર
શ્રી વિનોદચંદ્રના લગ્ન નિમિત્તે

# —ઃ પંદરમા વર્ષના પ્રભાતે નમ્ર નિવેદન :—

જૈનસમાજમાં શિક્ષણ, સાહિત્ય, સંસ્કાર, શ્રદ્ધા સચ્ચારિત્ર તથા સમભાવના પ્રચાર કાજે આજથી લગભગ પંદર વર્ષ પૂર્વે શરૂ થયેલ 'કલ્યાણ' આજે પોતાનાં જીવનનાં ૧૪ વર્ષ પૂરા કરીને ગૌરવપૂર્વક પંદરમા વર્ષમાં પદાર્પણ કરે છે. સાત્ત્વિક તથા શિષ્ટ, હળવું તથા ઉચ્ચધ્યેયલક્ષી અધ્યાત્મ-પ્રધાન સાહિત્ય સામગ્રીની સમાજને રસલ્હાણ કરતાં 'કલ્યાણ' માટે જૈન સમાજના, પ્રત્યેક વર્ગને પૂર્ણ મમતા, આદર તથા આત્મીયતા છે. એ આજે અમે સ્પષ્ટ રીતે જોઇ શકીએ છીએ!

કેવલ ૧૨૫ નકલ કાઢીને સમાજમાં સાહિત્યની સેવા કાજે પ્રારંભ પામેલું 'કલ્યાણ' ૩ હજાર નકલો કાઢી, ૩૦ હજારથી અધિક હાથોમાં ફરી રહ્યું છે. તે જ 'કલ્યાણ' ની દિન-પ્રતિદિન વધતી જતી લોકપ્રિયતાનું નક્કર પ્રતીક છે, તે વિષે અમારે કશું કહેવાનું રહેતું નથી. 'કલ્યાણ' ફક્ત રૂા. પાા ના લવાજમમાં ક્રા. ૮ પેજી સાઇઝના કેટ-કેટલા પાનાઓનું સંગીન તથા રસપ્રચુર મનનીય વાંચન આપે છે, તે માટે અમે કહીએ તે કરતાં 'કલ્યાણ' નો કોઇપણ એક અંક હાથમાં લેતાં સ્પષ્ટ ખાત્રી થઈ જશે.

'કલ્યાણ' ૧૨ મા વર્ષમાં ૮૧૦ પેજ, ૧૩ મા વર્ષમાં ૮૫૦ પેજ, અને ૧૪ માં વર્ષમાં ૮૭૧—— પેજનું વિવિધ વિષયસ્પર્શી સાત્ત્વિક તથા રસદાયી મનનીય વાંચન પીરસ્યું છે. જે દર-મહિને નવ— ફર્મા ઉપરનું કહી શકાય. આ ઉપરાંત દરમહિને પૂંઠાના ૪ પેજ જુદાઃ દ્વિરંગી જેકેટ, તીર્થના ફોટા આ બધું છતાં લવાજમ ફક્ત ૫-૮-૦ અમને કઇ રીતે પોસાય? છતાં કેવલ સમાજમાં અધ્યાત્મ—લક્ષી સાત્ત્વિક, હળવું સાહિત્ય પ્રચાર પામે ને તે દ્વારા જૈન-સમાજના વિચારક વર્ગને શ્રદ્ધા સાથે સંસ્કાર, શિક્ષણ સાથે સમજણ પ્રાપ્ત થાય તે જ એક ઉદ્દેશથી અમારો પ્રયત્ન ચાલુ છે.

શ્રી બાબુલાલ જીવાભાઇ પાટણ (ઉંબરી-વાળા)ની શુભપ્રેરણાથી થયેલા સભ્યોના શુભ-નામો નીચે મુજબ છે:—

| | |
|---|---|
| ૪૦) ઉંબરી જૈન શ્વેતામ્બર સંઘના જ્ઞાનખાતા તરફથી. | ઉંબરી |
| ૧૧) શ્રી જૈન શ્વેતામ્બર સંઘ | ઉંબરી |
| ૧૧) શ્રી ફોજાલાલ કસ્તુરચંદ | ઉંબરી |
| ૧૧) શ્રી હરિલાલ બબાલાલ | પાટણ |

આજે વિશ્વની ચોમેર તેમજ ભારતમાં પણ સત્તાના રાજકારણે કારમો ભરડો લીધો છે. સાત્ત્વિક વૃત્તિ, નીતિમત્તા તેમ જ અધ્યાત્મરુચિ દિન-પ્રતિદિન રુંધાતી જાય છે. પાપભય, સંયમ, ત્યાગ કે વૈરાગ્યના સંસ્કારો લુપ્તપ્રાયઃ બની રહ્યા છે. ધર્મપ્રેમ, સચ્ચાઇ, સરલતા ભુંસાતા જાય છે; તેવા સમયે સત્તાના રાજકારણની અનેકવિધ નક્કર હકિકતો સમીક્ષા પૂર્વક રજૂ કરવાનો પણ 'કલ્યાણે' પ્રયાસ કર્યો છે. 'કલ્યાણ' રાજકારણથી માંડીને સર્વ પ્રશ્નોની તલસ્પર્શી સાત્ત્વિક મીમાંસા સરલપણે સચ્ચાઇથી ચર્ચે છે.

અમારા માટે એ ગૌરવનો વિષય છે કે, પૂ૦પાદ આચાર્યદેવાદિ વિદ્વાન સુવિહિત મહાપુરૂષોના લેખો 'કલ્યાણ' માટે પ્રાપ્ત થાય છે. તે રીતે સુપ્રસિદ્ધ સાહિત્યકાર ભાઇશ્રી મોહનલાલ ચુનીલાલ ધામી જેવા લબ્ધપ્રતિષ્ઠ લેખક મહોદયની સેવા 'કલ્યાણ' માટે નિઃસ્વાર્થભાવે પ્રાપ્ત થઇ છે. તેમજ તાત્ત્વિક તથા સાત્ત્વિક વૈજ્ઞાનિક વિચારધારાનું વાહક સાહિત્ય શ્રી કિરણ, શ્રી પથિક ઇત્યાદિ લેખકોની સિદ્ધહસ્ત લેખિની દ્વારા 'કલ્યાણ' માં પીરસાઇ રહ્યું છે, 'કલ્યાણ' માટે ખરેખર આ બધું તેની પ્રતિષ્ઠાના શિખરપર સુવર્ણ કલશરૂપ છે.

આજે અમે એ જ 'કલ્યાણ' ની પ્રતિષ્ઠાના પ્રાણને વધુ ને વધુ વિકસિત કરવાના અમારા મનોરથોનો પુનરુચ્ચાર કરી રહ્યા છીએ. એ જ કારણે તેની સાહિત્ય સામગ્રી સવિશેષ ચૈતન્યવંતી પ્રેરક, તેમજ સંસ્કૃતિ અને સંસ્કારભરી રહેશે તેનો અમે કોલ આપીએ છીએ. ફકત 'કલ્યાણ' ના શુભેચ્છક સર્વ કોઈની સેવામાં અમારૂં એ નિવેદન છે કે, 'કલ્યાણ' ના પ્રચારમાં સર્વ કોઇ રસ દાખવે, પ્રેરણા કરે, ને 'કલ્યાણ' ના ગ્રાહકો તથા સભ્યો સારી સંખ્યામાં વધતા રહે તેવી પ્રવૃત્તિ કરતા રહે! એજ એક પ્રાર્થના.

સર્વકોઇ શુભેચ્છકોને આત્મીયભાવે એટલી અમારી પ્રાર્થના છે કે, 'કલ્યાણ' આપનું છે, ને 'કલ્યાણ' ના આપ સર્વ છો!

શાસનદેવ! 'કલ્યાણ' ની પ્રગતિમાં, વિકાસમાં તથા તેની પ્રતિષ્ઠામાં અમને સહાયક બનો!

સોમચંદ ડી. શાહ સં૦ 'કલ્યાણ'